મારાં અમ્માઈની મુસાફરી

"છોટા બાબા"

મારાં મમાઈની મુસાફરી.

લખનાર

" છોટા-બાબા. "

કીંમત રૂ. ૩

ઇ. સ. ૧૯૨૩

Printed by S. T. Ajgaonkar, B. A., at Manoranjan Press, 3, Sandhurst Rd., Girgaon, Bombay, and published by N. M. Tripathi at Messrs N. M. Tripathi & Co. Kalbadevi, Bombay No. 2

પ્રસ્તાવના.

૧૯૧૦ નાં સાલમાં જ્યારે હું ચીન જાપાનની મુસાફરીએ ગયેલો ત્યારે પાછાં ફરતાં સ્તીમરમાં સોહવાયું નહી તેથી આ સ્કેચ ચીત્રી કાહાડયો હતો, અને તે જામે જમશેદમાં તે વખતે પ્રગટ થયો હતો, અને તેના મેહેરબાન અધીપતીની પરવાનગી સહીત ઘણા સુધારા વધારા સહીત ચોપડીના આકારમાં બાહાર પાડયો છે. કોણ જાણે એડીટર સાહેબને તે વખતે શું સુજ પડયું તે બીચારા નસલીને "કોરગા"ની ઉપમાં આપી, આ સ્કેચ "નસલી કોરગા"ને નામે પ્રગટ કીધો હતો. નસલી ગમે એવો ગમાર હશે, પણ તે "કોરગો" તો નથીજ. મારા હમેશનાં "છોટા બાબા"ના તખ્ખલુસ હેઠલ ચોપડીના આકારમાં તે આજે વાંચનારી આલમ હજુર રજુ કરવાની રજા લઉં છું.

કેટલાક દોસ્તોને એ સ્કેચ બહુ પસંદ પડયો હતો, અને પીકચરો સહીત તે ચોપડીના આકારમાં કાહાડવાની મને ભલામણ કીધી હતી. પણ ફરસુદની કોતાહીને લીધે વરસો થયાં તે પ્રગટ કરી શકયો નથી. જ્યારે ૧૯૨૦ માં હું ઑસ્ટ્રેલીયાની મુસાફરીએ ગયો ત્યારે સ્તીમરપર આ સ્કેચ સુધારવાની કોશેશ કીધી હતી, અને તેમાં ગમાઆનાં છબરડાઓમાં ઘણોક વધારો કીધો હતો. જ્યારે ઑસ્ટ્રેલીયાથી પાછો ફરીયો ત્યારે મારી જાણમાં આયું કે એક ચોક્કસ ચોપાનીયામાં એ સ્કેચનો થોડો ભાગ મારી રજા વગર ફરી પ્રગટ થયો હતો. આ મેં જ્યારે જાણયું ત્યારે ઘટતાં પગલાં લેવાનો ઠરાવ કીધેલો, પણ તેટલાં તો તેજ ચોપાનીયું પ્રગટ થતું બંધ પડયું. તેના અધીપતીના કહેવા પ્રમાણે કોઇ સાહેબે તે સદાબરો જામેમાંથી ઉતારી લેઇ (અને તેની ભાષામાં બહુ નજીવો ફેરફાર કરી) પોતેજ લખેલો હોય તે મુજબ છાપવા મોકલ્યો હતો. તે લખનારબી બીચારો

તેટલાં ગુજર પામ્યો હતો એટલે એ બાબદમાં મેં વધુ પગલાં લીધાં નહી, અને તે ચોપાનીયાનાં અધીપતીની અરધાં દીલની માફી મંજુર રાખી હતી. મારું થાય તે સારાનેજ કાજે, કારણકે તેમ બનવાથી મને આ સ્કેચ ચોપડીના આકારમાં જલદી છપાવવાની વધુ ઉતસાહ થઇ.

આ આખો સ્કેચ મારી કલ્પનાશક્તીનેજ આધારે મેં ચીત્રી કાહાડયો છે, અને તેમાં મમાપ્ર જેવાં દોસાં અને નસલી જેવા "ખુતારા" ને જીવતાં જીવત ઓળખવાનું મને માન નથી. વાંચનારને કદાચ તેમાં ઘણી સરાહઘાત લાગશે, પણ જેમ મીઠાં મરી વગર ગમે એવી સારી વાર્ણી ફીક્કી ફ્ચ લાગે તેમ આ જાતના સ્કેચો સરાહઘાત વગર ગલે ઉતરે નહી. સરાહઘાત એતો તેનું મીઠું મરી કેહવાય, અને તેના વગર એવાં લખાણમાં લેહઝત નહી આવે. પણ જો કંઇ અતેરૂં થઇ ગયું હોય તો વાંચનારની માફી ચાહું છું. વળી કેટલાકોને મારી "તોફા" ગુજરાતીબી કદાચ પસંદ નહી પડે તે બનવા જોગ છે. પણ હું શુદ્ધ ગુજરાતીમાં લખવાનો દાવો કરી શકતો નથી. જેમ મારાં વ્હાલાં માતપીતાએ અને શીક્ષકોએ થોડું ઘણું ગુજરાતી ભાષાનું જ્ઞાન મને આપેલું તેવીજ ભાષામાં મેં આ ચીત્રી કાહાડયું છે, અને તેથી કરી આશા રાખું છું કે વાંચક વર્ગ, અને ખસુસકરી એડીટર સાહેબો, મારાં આ લખાણપર ઘણાં ચુંથનાં પાડશે નહી. વાંચનાર જોશે તેમ એક અણુઘડ અને અસલી વીચારનાં પારસી દોસાને, અને એક અભણ ગામડયા પારસી જુવાનને તે લોકોની પોતાનીજ ભાષામાં મેં મોટે ભાગે બોલવા દીધાં છે. આ સ્કેચ લખવાની મારી મૂલ મતલબ માત્ર થોડીક ગમત આપવાની છે, અને જો કોઇને તે વાંચવાથી થોડી ઘણી ગમત મળશે તો મારી મેહનતનો બદલો મલેલો હું સમજીશ.

"છોટા બાબા."

મારાં મમાઈની મુસાફરી

પ્રકરણ ૧ લું

ઓળખાણ

મારાં મમાઇનું નામ હમબાઇજી તે આદરજી ઉક્કરજી સુમારી વાલાના વિધવા,ઉમર વરસ ૫૫. બા એ કાંઈ મારાં મમાઇની પાયદસ્તની ખબર નથી, પણ ટુંકમાં એવણની હું તમને ઓળખાણ આપું છું. મમાઇના આદરજી શેઠ સાથે બીજી વારના લગન થયલાં હતાં. પહેલાં લગન વીશે મમાઇ કાંઇ ઝાઝું બોલતાં હતાં નહી કારણ કે તે સુખી નીવડ્યાં હતાં નહી. મહને તો એટલીજ ખબર છે કે એવણના પહેલા ધણી ચીન જાપાન સાથે વેપાર કરતા હતા, પણ તેવણના કડક સ્વભાવે બીચારાં હમબાઇજી પર ઘણી જફા ગુજરેલી. એક વખત તેવણ પાસે સારી પુંજી હતી, પણ સટ્ટાના સપાટામાં આવી જવાથી જ્યારે મરણ પામ્યા ત્યારે ઘણું થોડું નાણું મુકી ગયા, જેથી બીચારાં મમાઇ સીવી સાંધીને પોતાનું ગુજરાન જેમ તેમ કરતાં હતાં. પણ સારે નસીબે એવણે લાંબો વખત દુઃખ ભોગવ્યું નહી, કારણ કે આદરજી શેઠ એવણ ઉપર મોહીત પડ્યા અને ચારેક વરસને અંતરે પોતાના ધણીયાણી બનાવ્યાં. તેવણ બે પૈસે સુખી હતા. તેવણેબી બે બાયડીઓની પાયદસ્ત ચાખેલી હતી, જો કે બચ્ચાં છોકરાં કંઇ હતાં નહી. સુંવાલી ગામમાં તેવણની તાડીની દુકાન હતી અને આગલા વખતમાં ઠીક પૈસો કમાયા હતા. તેવણ અભણ પણ ભોળા હતા અને હમબાઇજી પર જીવ કાહાડી આપતા હતા. મારાં મમાઇબી


ભોળાં ને ભલાં હતાં, અને વળી ચબરાકબી તેટલાંજ. ભાંગુ તુટું વાંચી લખી પણ જાણતાં હતાં, અને મોજીલો જીવ હોવાથી ફરવા હરવાના ઘણાંજ શોખીન હતાં. એવણુની માનીતી કેહેતી હતી કે, "મરે જીવ્યા કરતાં જોયલું ભલું." એવણુની ચબરાકીને લીધે બીચારાં ગામડ્યા આદરજી પર રાજ પણ જબરૂં ચલાવેલું જો. ચીનના ડાવેજર રાણી તો એવણુ આગલ પાંણી ભરે પાંણી! એ તો બા આઇનો ખાર બાઇ પર હોયજ તો. પહેલા મીરતરે એવણુની પર જફા પાડેલી એટલે બીજાપર મીસીસે જાસ્તી ગુજારવામાં કંઇ બાકી રાખ્યું હતું નહી. મમાઇએ ગભર-નાનું સુખ પણ ઘણો વખત નહી જોયું, કારણ પાંચજ વરસ બાદ આદરજી શેઠ ગુજર પામ્યા, અને હમાબાઇ બીજીવાર વિધવા બન્યાં. ૨૦) થી ૨૫) હજારના જીવ બેહેસ્તી મુકી ગયલા એટલે સુંવાળીમાં મમાઇ આરામમાં રહેતાં હતાં. એ ઉપરાંત આદરજી થોડાક મીલના શેરો મુકી ગયા હતા, પણ શેરના ભાવ એટલા ગગડી પડયા હતા કે વેચતે તો મોટી ખોટ આવતે અને વેચવાની તે વખતે જરૂર પણ નહી હતી, એટલે મમાઇએ તે ખોરંબે પડવા દીધેલા. મમાઇ જેમ પૈસે સુખી હતાં તેમ કુટુંબ કબીલામાં દુઃખી હતાં. એક પછી એક ભાઇ બહેન મરકીમાં સાફ થઇ ગયલાં અને તેઓની પછવાડેજ બીજાં સગાં વાહાલાં-ઓબી ચાલતાં થયલાં. જો કોઇબી અતલગના બેશી રહ્યાં હોય તો તે એવણુના નાહનાં બહેન ચાંદનબાઇ હતાં. ચાંદનબાઇ કોલંબે પર-ણેલાં એટલે વરસો થયાં ત્યાંજ વસવાટ કીધેલો. તેવણુના ધણીની ગુંજાસ ટુંક અને છોકરાં છઇયાંની તો મોટી રીજમીટ એટલે સીલોન-માંજ પડી રહેલાં અને બંને બહેનો લગભગ ૧૫ વરસ થયાં મલ્યાં હતાં નહી. મમાઇનો એ નાહની બહેન પર ઘણોજ જીવ હતો, પણ લાંબી મુસાફરી એટલે કોલંબે ગેર જવાને બનતું હતું નહી. તોબી હંમેશાં બોલતાં હતાં કે "જો પેલા કાટ ખાતા શેરોનો ભાવ વધે તો મરે મારી ચાંદનને જરૂર મળી આઉં; એના છેલ્લાં ત્રણ ચાર પોર્યાંને

મેં જોયાં વટીક નથી. પણ મુવા મીલવાળાઓ પોતાનું ઠંડું કરતા પરવારે તોજ કંઇ મારા જેવી બાઇ બાવરીઓનો ઠાગ લાગેની," અને પછી અરધો કલાક વેર મીલવાળાઓને એવી તો સફાઇથી ધોઇ નાખતાં હતાં કે જો તે લોકો બીજા છ મહીના નાહે નહી તોબી ચાલે!

હવે હું એડીટરો કહે તેમ " અમો પોતે " વીશે થોડુંક વીવેચન કરૂં છું તે ધ્યાન દઇ સમજજો. મારૂં નામ નસ્સરવાનજી પણ નસલીને નામે વધુ પંકાયલો છું. હું મમાઇના વડા ભાઇ પેસતનજીની દીકરીનો દીકરો થાઉં છું. મમાઇને બીજી વારના લગનથી બી કાંઇ સંતાન થએલાં નહી એટલે મહને પોતાનો દત્તક કરી લીધેલો, એ તો બા મારાં વડવીઓએ કાંઇ પુન કીધેલાં હશે તેથી જ મારૂં નસીબ ઉંઘડયું જો, નહી તો કે ધક્કા ખાતાં અને લાત જમતાં કોણ જાણે ક્યાં હું અટવાઇ જતે. આપણે જાણતા હતા કે મમાઇ પાસે ઠીક દલ્લો છે એટલે ચીંગા મીંગા ઘણાંજ બનતા હતા, કારણ કે એવણનો વારસ હું એટલે માલેક બી આયંદે હુંજ. મમાઇ હવે ડોસાં થયાં એટલે પાછાં કાંઇ " મગરે" સીધારે તો નહીજ, પણ તોબી ચકાસેલાં ડોસાંઓનું કંઇજ કહેવાય નહી જો બા! એમ તો અમારા મોહોલ્લામાં રેહેતી જાઇ નોરીયને ૬૦ વરસની ઉમ્મરે ચોથીવાર નાતરૂં કીધેલું તેથી મહને તો જબરી ફાળ પડતી હતી, પણે નોરીયન બાઇનો નોરીયાજી નંબર ફોરે એવો તો ખુરદો કીધેલો કે મમાઇના જબરાં લપ્પાં લેવાયલાં અને તેથી આપણને જરા નચીંતાઇ હતી, અને જ્યારે બી તક મળે ત્યારે મમાઇને જઇને બીચારી એ જાઇપર શું શું જુલમ ગુજરે છે તેનો રસ ગળે ને કડકા પડે તેવો હેવાલ હું આપતો હતો અને તેથી એ ડોસાંપર અંસરબી ઠીકજ થતી હતી. મમાઇનો મારીપર જીવ ઘણોજ એટલે લાડ લડાવવામાં કશુંજ બાકી રાખતાં હતાં નહી. ખરૂં કહું તો મારૂં બી એવણપર ઘણું જ હેત હતું ને એવણના ભોળા ને ભરભરપા ખવાસને ખાતર હું મારાં મમાઇને ખરા દીલથી ચાહતો હતો. મમાઇ કોઇથીબી

ડરી જાય તેવાં હતાં નહી અને મોહોડામાં જે આયું તે ભલઇ ધનેતરનેબી કહી સંભળાવે. કોઇ કોઇ વાર છબરડોબી તેવોજ કરતાં હતાં જો, પણ એવણના છબરડાની વાતો તો હવે પછી તમો જાણુશો.

આપણે ૨૧ વરસના થયા તોબી તદનજ બુતારા જેવા રહેલા. સુરતની હાઇસ્કુલમાં ગયા પણ એટલી ધીંગામસ્તી મચાવેલી કે મમાઇએ મુબાઇ શીખવા મોકલ્યો; આપણુને બી તેવું જ જોઇતું હતું અને વીચાર્યું કે જો એવીજ ભલાઇ ચાલુ રાખશું તો કંટાળી જરૂર વેલાત મોકલશે, પણ મમાઇ એટલાં બધાં ભોળાં નહી નીકલ્યાં અને વેલાતને બદલે પાછો મને સુંવાલી બોલાવી લીધો. એવણનો તો એટલોજ અભખરો હતો કે હું "માતી મુઇ પેલી પરક્ષામાં" પસાર થાઉં. પણ અહીં પાંચમી ચોપડીનાબી વાખા એટલે મૅત્રીક થતા તો ડોસા થયા પણ શીખ્યા બી નહી. તોબી મુંબાઈ નગરીની થોડીક રીત ભાત તો જાણી લીધી. કાળો બનાતનો વીસ રૂપ્યાનો ડગલો, કાલર, ટાઈ અને વારનીસના બુટ પેહેરી જે નસલીભાઇ સુંવાલી ગયાકની તે ત્યાં તો હોહા મચી રહી અને મમાઇ તો બધાં ઓવરઇ પોવરઇ ગયાં. "ઓ, મારો શેઠયો આયો જો, ઓ બધી મરી જાઉરે તાહરી ઉપરથી, નકરો જાણે જાંગલો." આપણેબી મલકાઇ મનમાં બોલ્યાં કે "બચ્ચા નસલી, એબી તેં ઠીક તાલ બતાવી. બુઠી ખુશી તો નસલી સુખી?" સુંવાલીના લોકો જાંણે વીકટોરીયા ગારડનમાં નવું જાનવર આવ્યું હોય તેમ મહને જોવા આપે. એક દીવસ સુનાઇ સટાક સીપલી થઇ મમાઇને પુછેચ કે "હમબાઇ, તારો નહલી હેટયો તો ખરો, પયણુ હીખ્યો કેમ નીરે?" મારૂં તો એવું પાકી આયું કે સુઇની જીભલીજ ખેંચી કાહાડું, પણ મમાઇને કાંઇ પુછવું પડે કે. "ઓવાય સુનઇ તું શું કોટક દેખાડેચ રે?" મમાઇ બોલ્યાં. (એવણ ઘણાં વરસ મુંબાઇમાં રહેલાં એટલે ગામડયન ભાષા ઘણી નહી બોલતાં હતાં.) "જો



કાળો બનાતનો વીસ રૂપ્યાનો દગલો, કૉલર ટાઇ અને વારનીસનાં બુટ પેહેરી જે નસલીભાઇ સુંવાલી ગયાકની તે ત્યાં તો હોહા મચી રહી અને મમાઇ તો બધાં પોવરઇ ઓવરઇ ગયાં. (પા. ૪.)

બધાં શીખ્યાં ભણ્યાં હતે તો તાહારા શા હાલ થતે ? એ તો હોએ, માહરો દીકરો શીખ્યો નહી પણ ભલાં શીખેલાંનેબી ટક્કર મારે જો, અને વળી થોડા વખતમાં અદરઇ પરણી સંસારમાં પડશેની ત્યારે જો જે કે કેવો ખીલી નીકળશે તે. ઓ હારે મરૂં, માહારા દીકરાને એવી પંખેરાં જેવી બધરી અપાંઉંચ કે બેઘડી ઘેર શોભી નીકલે.” આપણેબી છલકાઇ મલકાઈ ગયા. પણ છેટ નોનસન્સ ! આ એ પરણાવા અદરાવાની ડરટી જેવી વાત શું મમાઇ બોલ્યા ? સુંવાલી આવ્યો ત્યારથી મમાઇ એ વીશે મારૂં માથું ખાઇ ગયાં છે, અને વળી માહરે માટે એક પંખેરૂં શોધીબી કાહાડયું છે જો. દેખાવે સોહામણી ગામડીયણ ગોરી છે, પણ બા તમેજ બોલોની કે જે બીચારીને બુટબી. પીંધરાં પહેડતાં નહી આવડે તેને હું ટાઇ કાલરવાળો સાથે લઇ ને કેમ ફરૂં ? અને વળી ૨૧ વરસની કાચ્ચી કુમારી વયે તે કાંઇ પરણવાનું હોય વારૂ ! મુંબાઈમાં કોઇને કહીએ તો હસે. ત્યાં તો ૩૦–૩૫ ની ભરતીમાંબી જુવાનમાં ખપીયે અને ધીરે સાંસતે સંસારમાં ઝીપલાવવાનો વીચાર કરીએ. પણ આય બીચારાં અણઘડ ગામડીયાંઓ શું સમજે. આપણે તો એ વાત આવે ત્યારે સસ્સેકા તીન પાંઉંજ કરી જતા હતા.

સહવારના બજારહાથ લાવીએ તેમાંથી જયારે પાંચેક પૈસા કમીશન કાહાડીયે ત્યારેજ આપરે ઉજાંણી કરીએ—નહી તો તદન સુકકા ટાટ ! ખાલી ગજવામાં હાથ મુકી ફરયા કરવું પડે. પછી નાસ્તો ખાઇ (નાસ્તાની સીસટમ મુંબાઇથી આવ્યા પછી મેં દાખલ કીધી, જો કે મમાઇના તો જીવ પર આવે છે, પણ બા ઉધરતું બચ્ચું એટલે ખોરાક વધારે જોઇએ) ઉકરડાપર જઇએ ત્યારે ભમરડા, લખોટા, પાના વીગેરે રમી આવી જમવા આવીએ; જમીને સુઈ જઇએ કારણકે માથાંપર કામનો બોજો ઘણો એટલે આશાએશની ઘણીજ જરૂર, પછી ચાહે પી ટ્રીમટ્રાક થઇ ફરવા નીકલીએ અથવા પવનચકકીપર પતંગ ઉડાવીએ, અને રાતના જમી ખાઇ જલદી સુઇ જઇએ કે જેથી મમાઇ

કહે તેમ સહવારના દીકરો પરગરો ઉઠે. આય માહરી દરરોજની જીંદગી. અવારનવાર મુંબાઇ હદએ ચહડી આવે છે ત્યારે ફેરો મારી આવીએ છીએ—પેલા શેરોના ભાવબી પુછતા આવ્યે છીએ—પણ નફખો-ટના ગીયા જરા સસરતા કે વસરતા નથી.

પ્રકરણ ૨ જું

મુસાફરીની તઇયારી

હુરરે! પીટપીટ હુરરે!!

પ્રીય વાંચનાર, આજે કાંઇ માહારાં લગન નથી. છેટ નોનસન્સ! એ તો હમારા દલાલ તરફથી તાર આયો છે કે પેલા શેરોના ભાવોએ એકાએક ઉછાળો મારયો છે તેથી વેંચી નાખું કે? આપરેબી પલંગપરથી છલંગ મારી મમાઈ પાસ નાચતા કુદતા દોડયા. —

"ઓ વાય નસલી," મમાઇ બોલ્યા, "એમ કાય કરેચ, તીહારી મમાઇનું કાંઇ ખીસીબીસી ગયુંચ કે શું?"

મમાઇને તાર વાંચી સંભળાવ્યો ત્યારે તેવણનુંબી લગભગ ચકાસી ગયું. પણ મમાઇ મને પુછવા લાગ્યાં કે શેરો વેચીએ કે નહી.

"ઓફ કોસ, ઓફ કોસ" મેં જવાબ દીધો. જયારે બી હું ઉશ્કેરાઇ જાઉંચ ત્યારે ભાંગી તુટી અંગ્રેજીમાં કોઇવાર ફેંકુંચ.

"ઓ વાય, કોણના હોસકોસ," મામાઇએ પુછયું.

"અરે, હોસકોસ નહીંરે મમાઇ," હું બોલ્યો, "હું તો કેહુંચ કે "ઓફકોસ" એટલેકે અલબતાં શેરો જરૂર વેચી નાખવાજ જોઇએ."

મમાઇબી માહારાં મત સાથે મલતાં થયાં અને દલાલને પાછો તાર કરવા ફરમાવ્યું કે વેચવાથી કેટલો ફાયદો થશે તે તુરત જણાવો.

"જો દીકરા પાંચસો હજારનો ઉગારો થાય તો જરૂર આપરે ઢોલંબો ફેરો મારી આવીએ જો." પછી આંખમાં આંસુ સાથે મમાઇ બોલ્યાં કે "બીચારી માહારી ચાંદનની હાલ તબીયતબી ઠીક નથી ચાલતી તે મારો જીવ ઘણોજ ભરાઈ રહોચ અને આવતે મહીને વળી એના વડા દીકરાની નવજોતબી છે તે ટાંકણુંબી ઘણું સારૂં મળશે."

મમાઇને મેં તુરત કોટી કરી દીલાસો દીધોકે ગભરાવ ના, સઉ સારૂંજ થશે અને આપરે આવતે મહીને જરૂરજ કોલંબો જઇશું. હુ બીધો કે રખે મમાઇ પતરી જાય તેથી વચન લઇ લીધું કે જો પાંચસોનોબી નફો થાય તો જરૂર જ જવું. મમાઇએ હા પાડી એટલે આપરે તાર આફીસમાં તરત દોડયા અને વળતા તારની કાગને ડોળે રાહ જોઇ. આખો દહાડો જરા ચેન નહી પડે. ઉકરડો કરડવા આપે અને ભમરડો જોઇને ભમરી આવે; તાર આફીસમાં કંઇ નહી તો દજન ફેરા મારી આવ્યો પણ રાતવેર તારના જવાબનો તો કાંઇ પત્તોજ મળે નહી. સુવા ગયો પણ ઉંધ કોણુને આવે ? બસ કોલંબોનુંજ સ્વપ્નુ જોયા કરૂં. હું જાણતો હતો કે કોલંબો રેલવે મારફતે તેમજ દરીયાને રસ્તે પણ જવાય છે, પણ મેં ઠરાવ કીધો હતો કે બસ દરીયાને રસ્તે જ જવું. બધાં સ્ટીમરોનાં વખાણ કરે છે અને આપણે તો કોઇ દીવસ સ્ટીમર પર પગબી મુકયો નથી તેથી તુરત જઇ મમાઇને પસરાવી આવ્યો અને નકકી કીધું કે દરીયા મારફતે જ જવું. પાછો આવી સુતો ને વીચાર કીધો કે જવું તો બસ ફરસ્ટ કલાસમાં જ જવું, પણ મમાઇ કેમ પસરશે ? જો કે એવણનો જીવ તો ઘણો દુલ્લો હતો પણ એકદમ ફરસ્ટ કલાસમાં કદી જશે નહી. બીહીતે ધ્રુજતો પાછો મમાઇ આગળ ગયો, પણ તેવણ તો છછણી પડયાં.


"એ વાય નસલી, રાત પડી એ શાં કોટક, વરી ગવનદરનો પોરયો પડયો કની તે ફસમાં જવાનો છે ! જા, જા, માથાં વેરથી ખોયું ઓઢીને સુઇ જા, નહી તો જરા મરીની ચાહેપી કે ઉંઘ આવે."

પણ નસલી બંદો કાંઇ જેવો તેવો કાફર નથી જો ! આપણે તો બસ હઠ લઇ ઉભા રહ્યા ને મમાઇબી કંટાળી ગયાં. બીચારાં ઝોંકા-પર ઝોંકા ખાય, આખરે ઠાકી કબુલ થયાં કે જો શેરો વેચતાં પંદર-સોનો ઉગારો થાય તો જરૂર ફસમાં જઇશું. મમાઇ મરેરે ! સરત

તો એવી કીધી કે નસલી જીતતો ડોસો થયો પણ જ્યાં સુધી જરાબી આશા હોય ત્યાં તુલીક નીરાશ નહી થવું. આપણે તો અકરવકરે બીછાંણે પડયા અને જેમ તેમ રાત કાહાડી. સહવારના ઉઠતાંને વાર તાર આફીસમાં દોડયો પણ નખોદ ગીયા તારનો તો કંઇજ પત્તો મળે નહી. ચાહેબી કડવી ઝેર લાગી. આખરે નાહાવા બેઠો, ને તાર આવ્યો. નાહાતો હરવાયો, નાહાવાનું તો દરરોજ છે, કાંઇ એવા તાર દરરોજ આવેચકે? ધડકતી છાતીએ તાર ઉખેડયો અને વાંચતાં જ હું તો બસ ઘેલો દીવાનો બની ગયો. હું તો ધારૂં છું કે કોઇ હડખું કુતરૂંબી મારી માફક દોડયું નહી હશે. મમાઇ ચેતી તો ગયાં કે કંઇ સારીજ ખબર આવીચ, પણ જ્યારે મેં જણાવ્યું ત્યારે તો એવણનેબી! મારો હરખ વા ઉડયો. હમો એક બીજાંને કોટી કરીયે તેનો કંઇ પાર નહી અને મમાઇ તો મહને ઓવરણાં પર ઓવરણાં લે અને આંખમાંથી હરખના આંસુંની રેલ કહાડે. દલાલે એમ જણાવ્યું હતું કે ઓછામાં ઓછા રૂ. ૨૦૦૦ નો ફાયદો થશે, એટલે હવે નકકીજ થયું કે મમાઇ અને હું સ્ટીમરમાં ફરસ્ટ કલાસમાં કોલંબે જઇશું.

"ચાંદન તો બધી મગન મગન થઇ જશે જો" મમાઇ હરખાઇને બોલ્યાં, ને મેં ડોકું હીલાવ્યું. પણ મનમાં મકું જે ચાંદનને કયાં સેકા તાણોચ. કોલંબે જઇશું એટલે બસ. હું તો બા ફરર્ટમાં જવાનો એટલે ધડ-પર ડોક રહે નહી. ગામમાં બધે ખબર આપવા દોડયો. સામેના પેસતનદારૂ બારીમાંથી પુછેચ "કેમ નસલીશેઠ, કાંઇ ઘણાંઝ દોડ ધામમા શેઓ, કેઠે ગોઠવાયા હોશો. હવે તો મોટા થયા એટલે દાદાર ઓરમઝના શુકરાના કરો બા. આશીરવાદ શારવા મનેઝ તેરઝો જો." મહને તો એવી ચીડ લાગી કે બસ આખો ને આખો એને ખાઇ જાઉં. આપરે તો "યુ સેમ ફુલ" કહી ફેરડી ચુટકી ત્યાંથી ચાલતી પકડી. પણ પછવાડેથી પેસતન દારૂનો સાંદ આવ્યો "અરે ઓ કુરાઇ, શાભલેશકે! અરે આપરી શાભેની હમબાઇના નસલીને હરખું લાગુંઝજો, બીશારાને ખુદા

બક્ષાવે. " અરે તારૂં સત્યાનાસ થાએરે તારૂં પેસ્તનદારૂ! બચ્ચા, મમાઇ આગળ હતે તો એ હરખાંનો સવાદ તુંને બરાબર ચખાડતે. પણુ એવા મૅડ આદમીઓને ઝાઝુ કાહું આપવામાં આપણી શોભા નહી. એવી માહાભારત ખબર આ નાહના ગામમાં ફેલ્રાતાં શી વાર? અરે, કાલંબસે અમેરીકા શોધી કહાડયું ત્યારેબી એટલી દોડધામ નહી થઇ હશે? બધે હો હા થઇ રહી કે આદરજીની હમાબાઇ કાલંબે ચાલી અને તેબી વળી ઇશટીમ બોટમાં. ઘણાંઓને તો કાલંબો કયાં આવ્યું તેનું બી ભાન નહી, ને કેટલાકો પુછે કે બા મછવામાં જશો કે નાહલ્લાં કોટયાંમાં? એવાં અભણુ લોકો સાથે વાત કરતાં જ મહને તો કર્મકમાટ છુટતો હતો. મમાઇબી કાંઇ ચુપ બેસી નહી રહેલાં. રૂ. ૨૦૦૦ નો ઉગાળો થયો તે કાંઇ જેવી તેવી વાત કે? ખીચડી રાંધેલી તે કુતરાંઓને નાખી દીધી અને રાતના પોતાની સહીમીતીંઓને જમવા બોલાવ્યાં અને સગણનું ધાનદાળ, માછલીનો પાટયો, સેવ દહીં રંધાવ્યું. આસપાસના ગામડાંઓમાં તો એમજ વાત ઉડી કે " નહલી કોઇ કાલંબેવાલાની પોરી હાતે અધરાયો અને હવે જલદીજ પરણુ હે." એ લોકના બાપનું કપાળ? પણુ આપણે તો ચુપજ બેઠા. પોતાની મેળે ખરી વાત બહાર પડશે. રાતના ખાંણાં વખતે બીજા દોસ્ત આસનાઓ ઉપરાંત, મમાઇની ખાંસ સહીઓ દીની ડેરકી, નજી પોટકી, અને બાઇ નોરયન, અને તેવો સાથે પાહાલુ પેંડો, ગુસ્તાદ ગેંડો, તથા શાપુર સેંડો પણુ આવેલા હતા (હમારા ગામમાં બધાં શેઠ શેઠાણીઓ એવાં " નીકનેમ " થીજ ઓળખાય છે) હવે પાહાલુ ને ગુસતાદ વચ્ચે હમેશાં કચડાયલુંજ રહેતું હતું, અને કસબખતો એવે સપરમે દહાડેબી છરી ચુંલીએ આવી ગયા. માહાભારત સવાલ એ ઉઠયો કે હમો લોકોએ ઇસટીમ બોટ પર કાલંબે જવું કે રેલવેમાં? કહેજે ગુસ્તાદના શેઠનો ભાઇ કાવલો ગયે વરસજ જુલાઇ મહીનામાં દરીયા મારફતે કાલંબે જઇ આવ્યો તે ગુસતાદને કહેતો



પાહાલુ ને ગુસ્તાદ વચ્ચે હમેશાં કચ્ચડાયલુંજ રહેતુ હતુ, અને કમબખતે એવે સપરમે દહાડેબી છરી ચુલીએ આવી ગયા. (પા. ૧૦)

હતો કે દરીયામાં એટલું તોફાન હતું કે બધા ડુબી જતાં કોઇ અજબજ બચ્યાં. તે સાંભળી ગુસતાદની બછરી દીની ડેરકીએ તાપસી પુરી કે "એ વઇરે માય હમબઇ, ઉંતો તુને દરયામાં તીફાની જવાદું જો. એ નારે માય, ગમે તો રેંકલામાં કે તરામવેલમાં જજે, પણ મછવામાં તો પગજ ના મુકતી જો, હઉવે." હવે પાહાલુ પેંડાથી જેટલો વાર ખમાયું તેટલો વાર ખમ્યું પણ જ્યારે ઘણુંજ પાકી આવ્યું ત્યારે બરાડ મારી બોલ્યો "અરે બેહ, બેહ, અકકલની ઓઠમીર હમજેબી ઘર્ણુની, કોઇ દી ઇછટીમ બોટ દહ માઇલના સેટાથીબી જોયલી કે? ના રે હમબાઇ, કંઇ ધાહતી ના ખાતી જો, હઉવે, ગુછતાદ તો તદન જંગલી મુવેલો, દરીયામાં ઉપડતી વખતે નારીયેર ફુલ અને બે પઇહાની સાકર નાખહેની તો તોફાન હું પયણ તોફાનનો બાપબી નાહી જહે ને ગુછતાદજી છેટનું નાક કપાહે તે વરી જુદું." ગુસતાદ તો ધરયો ધરાય નહી. "જોરે પેંડાજી" તે ઉશ્કેરાઇ બોલ્યો. "તારૂં મોહોડું તપાહીયું ની તો બયરપી તો એવી જમારહ કે હવાદ ની વીહરહે, હમજેલો કે?" આપરે તો સમજ્યા કે આજે જરૂર માથાં ફુટવાના, પણ કાલર ટાઇનું હમારા ગામમાં જરા ચલણ છે તેથી હું બોલ્યો, "તમો બેઉ સાહેબો ખરા છો તેમજ ખોટા છો. એ તો દરીયો છે કોઇ વખત શાંત અને કોઇ વખત તોફાની. પણ હવે તો ગોરાઓ એવી કરામત કરે છે કે ઇસ્ટીમર કદીબી ડુબી શકે જ નહી. અરે તમે ડુબાડવા માગો તોબી નહી ડુબે." આપરેબી નાખ્યું જબરૂં ફેંકયું, કારણ કે મહને ધાસ્તી લાગી કે એ કમબખતોને લીધે રખે મમાઇ પતરી જાય. પણ મમાઇજ તેટલાં તો બોલી ઉઠયાં કે "અરે નસીબમાં ડુબવાનું જ હશે તો ડુબશું. મરે કંઇ બે વખત તો મરવાના નથીની?" "હાબાહ, હમબઇ હાબાહ, ધયનસે તારી સાતીને" પાહાલો બોલ્યો, "ગુછતાદજી છેટને હા એબજી. એ નહલીભાઇ, એવણુને જરીક બરાનદીન પાણી આપો અને પાણીના બેજ ટીપાં અંદર લાખજો જો, નીતો ભાઇનો જીવ ફરીબરી

આવહે, હઉવે !" અરે તાહારા પાહાલાનું સત્યાનાસ થાયરે ! એ તો કમબખત સલગાવવા જ આવેલો પણ સારાં નસીબે બધું સામાધાન ઉતરયું અને સરવે હશીખુશીથી ખાઇને પોતાને ઘેરેબારે સીધાર્યાં.

હવે વખત કાંઇ ઝાઝો નહી હતો. મમાઇને કહ્યું કે "તમે પેક-પુક જલદી કરી નાખો અને હું મુંબાઇ ફેરો મારી બધું નક્કી કરી આંઉં. સમજ્યાં ? બનતાં સુધી થોડો જ સામાન લેજો નહી તો આપણુનેજ હલામણુ પડશે."

"અરે હારે દીકરા," મમાઇ બોલ્યાં. "બનતાં સુધી તો થોડોજ લેઇશ. પણ બા લામે વેર જવાનું અને વરી બાઇ મનીખ પરસું એટલે બધુ સાથે લેવુંજ પરશે તો."

હું પછી મુબાઈ ગયો અને ચાર પાંચ દીવસમાં ગોઠવણુ કરી પાછો ફર્યો ને જોઉં છું તો સામાનનો જબરદસ્ત ડુંગર પડેલો. હું તો સમજ્યો કે કોઇ પહરોણાંઓ આવ્યાં હશે. પણ નહી, આતો બધો મમાઇ-નોજ સામાન હતો. ૬) મોટી કીટાયલી ત્રંકો, ૩) લાકડાંની હાથીઓ સમાય તેવી પેટીઓ, ૨) મોટા બીસ્તરા, ૧) ગંજાવર ગુણુ, ૨) માટેલા બાટલાઓ, ૧) પોપટનુ પીંજરૂં અને બીજી નહાની મોટી ચીજો સાથે બધા મળી ૧૭ દાગીનાઓ !! ઓ અરંવાં ઇજતમાએ ! આ શુ મારી-પર આફત ! મમાઇને પુછયું કે "આએ શુ બધું ? " તો કેહેજે "દીકરા એટલું બી નહી લઇ જાઉં તો ગામમાં માહરી હસી થાય." મેં તો સાફ કહ્યુ કે એમાંના અરધા સામાનથી વધારે લેશો તો હું કદીબી નહી આવશ. ડોસાંએ તો બધી જુન્ની ખખ ટૂંકો વ્હોરાને ત્યાં મોકલી રેગન દેવરાવેલી અને સામાન ભરી રસીથી બંધાવેલી. મેં પુછ્યું કે " નવી ટ્રંકો કાંય નહી લીધી ?" તો મમાઇ છછની પડી બોલ્યાં કે " ઓવાય તે એને શું થયુચ ? મરે હજુર તો ૧૦-૧૫ વરસબી નથી થયાં-તેટલાં તો શેઠ કહે જે નવી લેવો. વાહ, વાહ, જીભરૂં બાર લાખને ચાલીસ હજારના ધણી પરયાની તે બધી જુન્ની નાખી દેવો ને નવી લેઓ. એ



સુંવાળી જઇને જોઉંચ તો સામાનનો ડુંગર પડેલો. ઓ આંવાં ઇજતમાએ ! આ શું મારીપર આફત. (પા. ૧૨)

તો બા જુન્નું તેજ સુન્નું સમજ્યા કે?" અરે તમારી કેહેતીને આગ લાગેરે મમાઇ. પાહાલુ પેંડો તે વખતે પાસે જ ઉભેલો હતો તે હું જાણું કે ગુસતાદની હોજાતોજી વખતે મેં એની તરફેણ ખેંચેલી તેથી આ વખતે એ માહરી ખેંચશે. તેથી મેં પુછ્યું "પાહલા, એવી જુન્ની ટ્રંકો ચાલેબી વારૂ?"

"તો છને હું ધાડે ખાધી જે?" પાહાલો બોલ્યો.

"અરે પણ હમે તો ફ્રસતમાં જવાના છઇએની, ફ્રસતમાં" મેં જણાવ્યું.

"ઓ લીઓરે", પાહાલો ટણકો કરી બોલ્યો "તે હું ફ્છમાં મ ખ જતાં સે કે ઘોડાં ગધેડાં."

અને એનુ નખ્ખાદે જાયરે એનું, કેઠાં એજ કમબખતના બધાં કારસતાન! મેંબી પુરોજ મુકયો પણ તોબી હું તો હઠ લઇનેજ બેઠો ને ઘણીજ મુશ્કેલીથી બે ટ્રંક ઓછી કરાવી, એક બીસતરો કાહાડી નખાવ્યો, અને પોપટનું પીંજરૂં પાહાલાને રાખવા આપ્યું. મમાઇને ઘણુંબી સમજાવ્યું કે બીછાનાંની જરાએ અગત નથી કારણકે બધું સ્ટીમરપર મળશે પણ મમાઈ એકના બે નહી થયાં "મુવાં એ લોકના ગંધ મારતાં બીછાણાં કોણ વાપરે." પછી મેં પુછ્યું કે "આ ગુણમાં શું છે?" તો કહે જે કે "ચોખાદાર લીધાચ ને થોડાંક રાંધવાના વાસણ છે કે પછી આપુને અગવડ નહી પડે." અરે તમારૂં અત્યાપાત થાએરે તમારૂં મમાઇ! "તમે એમ શું ચેડાં કાહાડોચ જો", મેં ચીરડાઇને કહ્યું, "શું કાંઈ સ્ટીમરપરૂ ભુખે મરવાના છેઓ કે? અરે ત્યાં તો એટલું ખાવાનું મળશે કે તમે ઓચઇ જશો ઓચઇ." "અરે પણ લેવામાં ગેરફાયદો શું છે દીકરા?" મમાઇ બોલ્યાં "હેલપાંટી થશે તે હું આપશ અને જો હલાંમણ કરવી પડશે તો તેબી હુંજ કરશ, તમે મરૂં ગજવામાં હાથ નાખીને જાંગલાંની કાની ફર્યા કરજોની." હુ જવાબ વાલું તેટલામાં પાહાલાએ તાપસી પુરી. "અરે નહલી છેટ, એતો

ચોખા દાર ને તીને રાંધવા વાછતે બે ચયાર તપેલાં સે ! જીવારે ઇછટીમ બોટ લાથી જાહેતી તીવારેજ પાહાલા પેંડાને તમે યાદ કરહો યાદ, હઉવે". પાછાં કેઠાં એનાજ કારસ્તાન. હવે બાટલાને માટે પુછ્યું કે બા એમાં શું છે? એકમાં હું ને બીજામાં મમાઈ સમાઇ જાય તેવા મોટા બાટલા શું કામ લીધા હશે તેની મને સમજ જ નહી પડે. તો કેહેજે એકમાં એલચી લવંગ છે ને બીજાંમાં તરો. તરાનું નામ સાંભળીનેજ માહરી તો છાતી બેસી ગઇ—યા ખુદા, ગોરાઓની ઇશટીમરપર ગંધાતો તરો? મેં તો ભવાં ચહડાવ્યાં પણ મમાઇને ખોરદેહ અવરતા હઇએ ચહડી આવી. "મરે આય કાતક પાહાલા જોયાં કે! કેહે જે તરો તો ગંધારો તે ફસમાં નહી લેવાય. મરે હવે તો નસલી કહેશે કે મમાઇ સદરા કસ્તીબી ના લેઓ ને ભણવાની ચોપડીબી રહેવા દેઓ! જોવો બા નસલી શેઠ, તમારે નહી આવવું હોય તો જીભરૂં ના આવો પણ તરાની બાટલી તો સાથે આવશે ને ફર આવશે." જો કમબખત પાહાલો નહી બોલે તો એનું કાળું મોહડું ગંધ નહી મારી આવે કે? તેથી સીપલો થઇ મમાઇને કેહેચ કે "અમબઇમાય અરે અવે તરાનો બાટલો રેવા દીઓરે. તારા પોયરા થતાને કેહ કે તીને બદલે એક ગાય હાથે બાંધી લીએ અને ઇને ગમેતો તેતી ઉપર બેહીને કોલંબો જાય!" મહને તો એ સાંભળી એવી ચીડ લાગી કે જો ઇંગ્રેજીમાં બરાબર ગાળ દેતાં આવડતી હતે તો જરૂરજ દેતે, પણ માત્ર બબડીને ત્યાંથી ચાલીજ ગયો નહી તો કાંઇ ઓરતું દોર થઇ જતે.

હવે મુંબાઇ જવાનો વખત આવી લાગ્યો. મમાઇના સખી જીવનો એકજ દાખલો આપવો બસ થશે. જેવા પેલા રૂ. ૨૦૦૦) મળ્યા કે તેમાંથી ઉદવાડે સુખડ ચહડાવ્યું અને ગરીબોમાં થોડાક પઇસા વેહેંચ્યા. જવાની બે ચાર દીવસ અગાઉ એવણની સહીઓ મળવા આવી તે હસવામાં નજી પોટકી બોલી કે "મરે અમબઇ, તું તો તારા પોયરા હાથે બતંબે ચાલી..." અરતો એમ બોલે છે તેટલાંજ મમાઇ તો તેને

આખીને આખી ખાઇજ ગયાં. "ઓ તું ધરી પરેરે નજઇ, જાઓની તું ને તારો કોઇ સગો થતો બતંબે ! માહારા અસીલ દીકરાને વાસતે એમ ફરીથી બોલીચ તો તાહારી જીભજ ખેંચી કાહરસજો." આપરે તો તે વખતે ઘણુંજ મલકાયા, કે મમાઇએ મહને અસીલનો એલકાબ આપ્યો. પણ માહરીપર શું શું હદિસાઓ પડવાના છે તે જો હું તે વખતે જાણતે તો નજી પોટકીની સલાહ માની કોલંબેને બદલે ખુશીથી બતંબેજ જતે, પણ માહરાં નસીબમાંજ એ મુસાફરી અને તેને લગતી બધી મુશકલીઓ ખમવાની જ હશે તે શું કર્યે ? બીચારી બોલી નજી તો દધાઇને જોયાજ કરે. તેટલાં જાઇ નોરીયને ભુલ ભાંજી કે એ લોક બતંબે નહી પણ કોલંબે જવાના છે. ત્યારે નજી બોલી ઉઠી કે, "અરે હારે મરે, હું કોલમબે બોલવા ગઇ તેટલાં 'બતમબે બોલઇ ગીયુ"—પછી મને ઓવરણાં લઇને કહ્યું, "ઓ તારી પરથી બધી ઓવરઇ જાંઉ'રે નહલી દીકરા, તારો દુશ્મન બતમબે જાય જો. તુંને તો બધા મારા જી"—પછી મમાઇ તરફ ફરી નજીએ આગળ ચલાવ્યું "મકું અમબઇ, હું એમ કેહેતીતી કે તું તો હવે બ—અરે નહીરે મરે, મકુંજે તું તો હવે કોલંબો વેર જશે પણ અમે તો પુરૂં પાધરૂં મમભઇ બી જોયું નથી અને બીચારી દીની ડેરકી તો રેલવેલ વટીકમાંબી બેઠી નથી" ત્યારે દીની ડેરકીએ તાપસી પુરી કે, "હારે મરે રેલવેલ જોઇચિ પણ કોઇ દી બેઠી નથી. અમબઇમાય, ખોદાએ તારાં ધનમાં ઉમેરો કીધોચ (અને ખુદાતાલા અમેશાં કરતો રેહે) તો અમે થોડાંકને તું મમભઇ નહી લઇ જાએ ? મરે જીવશું જાગશું ત્યાં સુધી તુંને ને નહલીને દુવાં દેસું જો". "તો મારે ક્યાં ના છે", મમાઇ તુરત બોલ્યા. "ચાલો, દસ બાર જણાં મારી સાથે, આપરે ધરમશાળામાં ઉતરશું તો ઘણો ખરચબી નહી થશે." હજી તો મમાઇએ બોલવું પુરૂં નહી કીધું તેટલાં તો કોઇ એવણુને કોટી કરે ને કોઇ મહને ઓવરણાં લે અને બધાં સાથે મમાઇને પગે પડયાં.

આપરેઅી બેન કોટક જેયાજ કીધાં અને મમાઇના દીલગુરદાપર આફ્રીન કીધી.

મુબાઇ જવાનો દીવસ નક્કી કીધો અને ટીકીટ બીકીટ સઉ લઇ આવી એક આખો કલાસ રીઝર્વ કીધો. શું તે દીવસે હમારે ત્યાં ધમાલ! બેંડ તો નહી મળ્યું પણ બરી બામદાદથી ઢોલતાસા ને નગારાં શરૂ થયાં. સહવારથી મમાઇએ ગીત ગાવા માંડયા અને બપોર પડતાં તો કાનના બેહેર ફાડી નાખે એવા અવાજો નીકળ્યા. ચોક ચાંદનથી આખું ઘેર ભરાઇ ગયું અને જાંણે ભલો ધનેતર પરણે તેવી ધમાલ ચાલી રહી. પરણવાની વાત તો પહેલે આવવીજ જોઇએ. "ચાલો અમબાઇ માય, હવે વાજતે ગાજતે આવીને તારા દીકરાનાં લગન અમુને ખવારજે મરૂ." "નહલી, પાછો આવી જલદી વીવાહ કરજે અને બઇરી છોકરાંનું ઘણું હુખ જોજે મરૂ—નહલી હેત, અવે તો જલદીથી ભાયગણ લાવોબા ભાયગણ અને મમાઇનું ઘેર અહતું રમતું બનાવી લાખો જો," એવું એવું નોનસન્સ સાંભળતાં તો માહારા કાનબી પાકી ગયા પણ જાણે બેહેરા હોઇએ તેમ ચીંગામીંગા થઇ ફરયા કીધા. ટ્રેનને હજી વખત હતો પણ મમાઇ કહેજે દુરનો મામલો પડયો તેથી બે ત્રણ કલાક અગાઉથી ગમલાં સારાં. અમદાવાદના વાણીયા બી હઠયા–પણ મમાઇને ખુશી રાખવા જલદીથીજ ઘેરથી ઉપડયાં. બબે ગાલ્લાં ભરીને તો હમારોજ સામાન થયો. સાથે બીજાં દશ જણાં હતાં જેમાં છ બઇરાં ને ચાર માટીડા. બઇરાંઓમાં જાઇ નોરયન, નજી પોટકી, દીની દેરકી, સુનઇ સટાક, કુમબઇ કાંણી, અને પીલઇ પેંગી હતી. અને માટીડાઓમાં પાહાલુ પેંડો, ગુસતાદ ગેંડો, શાપુર સેંડો અને નવલ નકટો હતો. લાઉ લશકર સાથે બધાં સ્ટેશનપર ગયાં. ટ્રેન ઉપડે તેની એક કલાક અગાઉ તો હમારા કલાસમાં ગોઠવાઇબી ગયાં. તોરા હારના તો બસ ડુંગરજ બનેલા. બા કંઇ જેવી તેવી વાત હતી? સુંવાલીથી કોઇ દીવસ પારસી બાઇ આજવેર દરીયાને રસ્તે



લાઉ લશકર સાથે બધાં સ્ટેશનપર ગયાં (પા. ૧૬)

કોલંબો વેર ગયલાં નહી, એટલે મુંવાલીની તવારીખમાં એ દહાડો ઇંગ્રેજીમાં કહું તો "રેડ લેટર ડે" (એ બોલ મેં તફરમચીમ કીધો છે) કેહેવાય. હું તો તદન થાકી ગયલો અને ટ્રેન ઉપડવાની કાગને ડોળે વાર જોતો બેઠો. આખરે ડીંગડોંગ થયું, ગારડે સીપટી ફોડી અને ટ્રેન ચાલી. ચાલવા સમેત રડારડ થઇ. "અરે ઓ તપાહજેજો, હંભાલીને ઉતરી મરજો, કાગદ લખજોરે એ એ એ એ અરે ઓ, નહલી હેત, બાપા બધાં તમારે આધારે હેજો, અરે ઓ આવજો હો ઓ ઓ ઓ ઓ!" હું ડોકુ કાહાડી હસી હસીને બધાંને સલામ કરતો હતો તેટલાં મમાઇએ બુમ પાડી "અરે કોઇ પકરોરે!" હું હજીતો પાછળ ફરૂં છું તેટલા તો કાંઈ ધપ દઇને પડયું ને જોઉંચ તો દીન્નીડેરકી ફેન્ટ થઇ ગઇ. આહ! કેવા સારા સગત! સત્યાનાસ ગીયાંઓ આવી કાંય મુંવાં હશે? પછી કાંદો સુંઘારી હુશીયાર કીધી તેટલાં કમબખતે ઓકવા માંડયું ને કેહેજે "રેલવેલ મને લાગેચ તેથી એકદમ ઉભી રખાવો નહી તો ઉ નખાતી દેઉંચ." અરરર! આય કયાં પંચાત! સારૂં થયું કે નાપાક કોલંબો વેર હમો સાથે નથી આવવાની નહીં તો ઓકી ઓકીને આખી સ્ટીમર ડુબાડી મુકતે! પછી બધાંએ સમજાવી પટાવી સુવાડી દીધી. એટલી જંજાલ છતાંબી મહને તો જવાની ખુશાલી ઉપજતી હતી કારણ જે બધાંનાજ નસીબમાં કંઇ કોલબો જવાનુ હોયચ કે? અને તેબી વળી ફરસ્ટમાં! અરે પણ નસલી નસલી! તાહારાંબી દીકરા શું ફુટેલાં નસીબ! જો બચ્ચા તું જાંણતે કે એટલી બધી હાડમારી તાહરી પર પડવાની છે તો જરૂરજ તુ ૬૦ મહીના પેલી નજી પોટકી કહે તેમ બતંબે જવાને વધારે ખુશી દેખાડતે. પણ એ તો દીકરા તાહારા કરમના લેખ તે કોઇ કોઇથી મીટાડાય!!

પ્રકરણ ૩ જું

મુંબાઇ નગરીમાં

હાઉસન જાઉસન સાથે સહવારના પોહોરમાં ચરનીરોડ સ્ટેશનપર ઉતર્યાં કારણકે પાંડેની ધરમશાળામાં બધાં ધામો નાખનાર હતાં. રાતના હું તો જરાબી સુતો હતો નહી કાંયકે એક દજન અણુ-ઘડોને તપાસવાનું કાંઇ ખાવાનું કામ નથી. સઉથી વધુ તકલીફ પેલી મુઇ દીની ડેરકીએ આપીચ. જરા જરામાં એનો મુપનો જીવ ફરે ને છાતી બેસી જાય! કંઇ નહી તો અરધી બાટલી બ્રાંડીની પી ગઇ હશે અને તેને પીતાં જોઇને કારે કરકાનું નાક સુકાયું ને તેબી અવાર-નવાર ફેન્ટ થવા લાગ્યો. પેહેલ્લાં તો મેં તેને દારૂ પાયા કીધો પણ પછી પાહાલાએ મારા કાનમાં ફુંક મારી કે "એ તો હહરીનો ઢોંગ કરે–ઢોંગ", ત્યારેજ મહનેબી સહમજ પડી અને તે પછી જ્યારે એ અગ્યારમી વખત ફેન્ટ થયો ત્યારે મેં તો તેને પરવાજ દીધો. "અરે એ તો હુઈ ગીઓરે હુઇ. ફેન્ટ તે હાનો થાતો સેરે," ગુસ્તાદ બોલ્યો. કાઉએ હાથ પગ ઘણાંબી અફાળ્યા, પણ કોઇએ કોડું નહી આપ્યું એટલે આપોઆપ હુશ્યાર થઇ ગયો. કેહેજે મુંબાઇ નગરી સાહુ સોદાગરોથી ભરપુર છે. પણ બા હમારૂં ગરીબડું સુંવાલીગ્રી કોઇ વખત એવો હીરો ખણી કાહાડેચ કે તમારાં મુંબાઇના ભલા સોદા-ગરનેબી ટક્કર મારે જો!

જુલાઇ મહીનાની અધવચ્ચે મેસાજરીની એક સ્ટીમર જાપાન જવાની હતી, તેમાં હમારી પેસેજ લેવાનું નકકી કીધું. સ્ટીમર ઉપડવાને ચારજ દીવસ બાકી હતા એટલે મેં મમાઇને કહ્યું કે આપરે સ્ટીમર જોઇ આવીએ અને કેબીન નકકી કરયે. "હા દીકરા ચાલ," મમાઈ બોલ્યાં. "ઇસ્ટીમર તો કોઇએ જોઇ નથી તેથી બપોરથી જઇએ ને સાથે થોડું ભાતુંબી લેતાં જઇએ. પણ દીકરા આપરે માય દીકરાં એકજ ઓરડામાં,

રહીશું જો બા. મને તો ઇસ્ટીમરપર એખલું રેહેતાં બીહીક લાગે. એ મુવાં ગોરાંઓનું કાંઇજ કહેવાય નહી." "અરે નહીરે મમાઇ", મેં કહ્યું. "સાથે તો કદી રેહેવાયજ નહી, એ ગોરાંઓની ઇસ્ટીમર પર એવો રેવાજજ નહી. પણ હું તો તમારી પાસેનીજ કેબીનમાં સુવસ એટલે પછી તમને ધાસ્તી શાંની ?" "એ લેઓ રે માય" મમાઇ ઉખડયાં. "નસવાનજી શેઠે તો અત્યારથીજ જાત બતાવવા માંડીચ ! નજી તેં સમજ્યું કે ? દીકરો કેહેજે મમાઇ સાથે ઇસ્ટીમરપર એક ઓરડામાં નહી રેહું કારણકે એનાને તો સુગ લાગેચ ને લોકોમાં એવ-ણુની હસી થાયચ." "તો હાછતો વરી, " નાપાક નજીએ તાપસી પુરી. "એ તો હવે ઝાંમશે કેવાએ ઝંગલો, ને બતં–અરે નહીરે મકુંજે કોલં-બેથી પાછો આવે તીરે મધમ લઇ આવશે, હવે." આપરે તો ચુપજ બેઠા. જે થવાનું હશે તે થશે. પછી બધાંને લઇને ટ્રામવેમાં પ્રીનસેસ ડૉક ગયાં. ટ્રામવેમાંબી દીની બેસુધ થઇ ગઇ અને વળી ઓ–ઓ–ઓ કરવા શુરૂ કીધું. મને એવી તો ચીડ લાગી કે ઉંચકીને રસ્તાપર ફેંકી દેઉં અથવા તો ટ્રામવેની પછવાડે બાંધીને દોડાઉં.

સ્ટીમર જોતાંને વાર બધાં મોહીજ પડયાં. "મરે નકરૂં જાણે રમકડું" મમાઇ હરખાઇને બોલ્યાં, ને બધાં ફરી ફરી જોયાજ કરે, ને મારી સાથવાલાં ઓલ્યાંઓ સવાલ પર સવાલ કરે કે "ઇના પગ કીકા આયા ?" "ઇને કેટલા ઘોરા જોરહે ?" વીગેરે. સારૂં થયું કે આસેપાસે કોઇ હતું નહી પણ તેટલાં સાંમેથી સ્ટુવર્ડને આવતાં જોયો તેને પુછી બધાંને અંદર લઇ ગયો. સ્ટુવર્ડને જોઇ બધાં તરખાયાં પણ મમા-ઇએ તો હીંમ્મતથી પાસે જઇને પુછ્યું, "બાવા તુમ કેસા છે. જરા ઇસ્ટીમ બોટ તપાસકે ચલાવજે જો મરૂં." સ્ટુવર્ડબી થોડો થોડો થઇ ગયો ને સમજ્યા વગર "બીયાં માડામ–ત્રે બીયાં" કરયા કરે. તે સમજી મમાઇ મને પુછવા લાગ્યાં કે "બાવા સાનાં બીયાંને વાસ્તે એ પુછેચ ?" મેં હસીને કહ્યું કે "ખાવાના બીયાં નહી જો મમાઇ. એ

લોકની ભાષામાં "બીયાં" એટલ "વાકંજી" ને મમાઇ હું તમુને થોડા બોલો ફ્રેંચમાં તેમજ અંગ્રેજીમાં લખી આપશ તે મોહોડે કરજો કે તમને સ્ટીમર પર એવાઓ સાથે વાત કરવાને ઘણાં કામ લાગશે."

"અરે પણ દીકરા તું તો મારી સાથેજ છે કની તું કાંય ઘરડે ઘડપણ મારી પાસે એવા ઢોંગ કરાવેચ." મમાઇ બોલ્યાં.

"પણુ મમાઇ ધારો કે હું નાહાવા બેઠેલો હોઉ ને તમુને કાંઈ જરૂરનું જોઇએ તો તે વખતે તમે શું કરો ? હું તમુને ફકત એક દજન બોલોજ મોહોડે કરવા આપશ", મેં સમજાવ્યું.

"એક દરજન બોલ મોહોડે હલાવવામાં હું વાર લાગહેરે, અમબઇ" પાહલો બોલ્યો. "ને વરી ફરનચ બોલતાં હીખહે તે જુદુ"

"ઓ ઉં બધી મરી જાઉરે તારી પરથી", સુનઇ મમાઇને ઓવ-રણાં લઇ બોલી, "અવે તો તું તયદનજ મધમ થહે જો. પંણ વારૂં અમબાઇ, પાછી આવે લારે કાંઇ ફરન બરન રખે બોલતી જો, બા આપરી બાપદાદાની બોલી કયદીબી વીહરતી ના જો."

જાંણે ત્રણ ચાર દીવસની આ મુસાફરીમાં મમાઇ ફ્રેંન્ચ સ્કૉલર થઇ જવાના હોયની તેમ આ અભણ ગામડયાંઓ વાત કરવા લાગ્યાં— પણ સ્ટુવર્ડ તો નમતો નમતો મરવા પડયો ને જાતે ફ્રેન્ચમેન એટલે ખભાંપર ખભાં ચહડાવે.

"ઓ વઇરેમાય," નજીએ બુમ પાડી, "ઇને તો બચારાને લખ લખું ભરાયું સેજો."

જેમ તેમ હસવાનું દબાવી હું બધાને ડૅકપર લઇ ગયો અને એક કેબીન ખોલાવી. બધું બંધ બસ રાખેલું એટલે બફારોબી જબરો નીકલ્યો તેથી મેં કહ્યું કે બધાં સામટાં અંદર ના જતાં પણ જોવાની ઉલટમા બધાંજ ધીમરાં જેવાં સાથેજ કેબીનમાં ઘુસ્યાં. એક મીનીટબી થઇ નહી હશે તેટલાં તો સાંના વાસથી દીની ડેરકીએ ખુબ કાહારવાં માંડયું ને તેને જોઇને જાઇ, સુનઇ ને નજીએબી ખુબ કહાડયું. હું તો

ધભરાઇ ગયો ને સ્ટુવર્ડ તો સુગઇને ભવાં પર ભવાં ચહડાવે, મેં તો "પારડોં મોસીયર, પારડોં મોસીયર" કર્યાં કીધું ને તેના હાથમાં ચાર ચાટલા સેરવી દીધા. જાણે રમકડાંને ચાવી આપી હોય તેમ સ્ટુવર્ડ પાછો થોડો થોડો થઇ ગયો અને પાણી લાવી બધાંને પાછાં સજીવન કીધાં. થોડી વાર રહી બધાંને ખાવાનો ઓરડો બતાવવા લઇ ગયો તે જોતાંને વાર મમાઇ બોલ્યાં, "દીકરા નસલી, એક માહારૂં કહ્યું કરશે ?" મેં કહ્યું "હા મમાઇજી, બોલોની." તે કેહેવા લાગ્યાં કે "જીતો તુંને બધા મમાઇના, પણ મકુંજે દીકરા માહારૂં બીછાણું અહીંયાજ કરાવજે" વાહ, વાહ, મમાઇને તો કંઇ ભાવતુંજ નહી. "તે કેમ બને મમાઇ ?" મેં કહ્યું "અહીંયાં તો બધાં જમવા બેસશે." બસ તે સાંભળી મમાઇ છેડાયાં. "તે તું મને છેકજ અજાડી સમજેચ કે ? જો ગોતી નીકલ્યો મમાઇને શીખવવા આયોચ તે? મેં કયાં કહ્યું કે જમતી વખતે અહીંઆ બીછાંનું કરાવજે પણ બધાં જમી રહ્યા પછી આસતે રહીને દસ વાગે પંથરાવશે તો જરા કરારે કાર વલાશે. મરે કેબીનમાં તો કાર તો શું વરાય પણ અરધી અરધ બાહાર પડશ," મમાઇ બોલ્યાં.

"અને તોબી મમાઇ તમે મને તમારી સાથે એકજ કેબીનમાં રેહેવા કેહેતાં હતાંની ? હવે જોયું કેટલી સાંકડી કેબીન છે તે ?"

મમાઇએ તે કબુલ તો કીધું પણ હજીબી જો બની શકતું હોય તો જીભરાયાં ડાઇનીંગ સેલુનમાંજ સુવા માગતાં હતાં, ને મારૂં માથું ખાઇ ગયાં કે "જોની દીકરા ત્યાં સુવાના એ પાંચ આના વધારે માંગે તો આપજે પણ બનતાં સુધી ત્યાંજ મારી સુવાની ગોઠવણ કરજે."

લેઓ, એવણ ચણાના ઝાડપરથી તુટી પડયાં ! સારૂં થયું કે બધો ખરચ કરવા રૂ. ૨૦૦૦ એવણે માહારાજ હાથમાં આપ્યા, નહી તો કોણ જાંણે મને કેવા વાખા પડતે.

હમો ડાઇનીંગ સૅલુનમાંથી બાહાર નીકલીએ છીએ તેટલાં તો મોટે મોટે બરાડા સંભલાયા. પહેલો આવાજ પાહાલુનો આવ્યો. "તો તારા બાપદાદા ઇહટીમરપર કચરાપટી ઓહેની તેથી તું બધું જાંણુતો ઓહે; હુપરાં તરે નાક કાપી મરી કાંની રેતો." તેના જવાબમા ગુસ્તાદ ઉખડયો. "જોરે પેંડાજી, વધારે ચેંચી બેંચી કીધીચ કની તો કચરાપટીનો હવાદ અહીઆજ તુંને બરાબર ચખાડહજો." હું તુરતજ ત્યાં દોડયો, નહી તો પોલીસનોજ સામાન હતો. ત્યાં જઇ તપાસ કરતાં મને માલમ પડયું કે એવો ઉભા હતા ત્યાં એક બંધ ઓરડો હતો અને તે શું વપડાસ માટે હશે તેની ગુસ્તાદ અને પાહાલા વચ્ચે હોજાતોજી થઇ. તે કેબીનને મથાળે કાંઇ ફ્રેન્ચમાં લખેલું હતું જે બન્ને સમજી નહી મુવા. ગુસ્તાદ કહેકે એ તો કપટાનની કેબીન છે અને પાહાલો કહે કે એ તો "દરારીન રૂમ"છે. આપરાબી અંગ્રેજીના વાખા ત્યારે ફ્રેન્ચ તે શું સમજી મરતાતા. તોબી તાપમાં વાંચ્યું તો ખરું પણ તેનો મીનીંગ તો અલ્લાહજ જાંણે. પેલા બન્નેએ પાંચ રૂપીયાની સરત બકેલી (જો કે બંનેના ગજવામાં કાણાં પડેલાં) તેથી સ્ટુવર્ડને ફડચો કરવા મેં બોલાવ્યો. સ્ટુર્ડ તો પહેલ્લે હસ્યો. પછી કહે જે "આહ, નોં નોં" અને પછી ધમધુકાર ફ્રેન્ચમાં કંઇ બકી ગયો. હમે બારણું ઉઘાડના કહ્યું તો ઉઘાડેજ નહી, તેમ તેમ પાહાલુ ને ગુસ્તાદ ઉશ્કેરાઇ જાય. મહનેબી હવે તો શક ઉપજ્યો કે એ ઉઘાડતો નહી ત્યારે તો અંદર કાંઇ જોવા લાયક હશેજ, તેથી મેંબી ઘણીજ બોંહોંસ કીધી. સ્ટુવર્ડ જાંણુતો હતો કે હું બી મમાઇ સાથે જવાનો છું અને વળી તેવણુનો ભાજાનચીબી હુંજ, એટલે મારી પરથી ઓવરઇ પોવરઇ જતો હતો. અરે જો આખી સ્ટીમર હું ખરીદવા માંગતે તો તેબી એ મને વેચાતી આપતે. હું "પારડોં પારડોં" કરયા કરતો હતો. તેથી એ એમજ સમજ્યો કે હુંબી કોઇ જબરો ફ્રેન્ચ સ્કૉલર હોઇશ, તેથી મને જરા દુર લઇ જઇ કાનમાં કંઇ બબડયો અને પછી પેટ પકડી ખુબ કલવઇને હસવા લાગ્યો, ને

હુંબી સાથે સાથે ખુબ હસ્યો, જો કે માહરી બલા જાંણે કે એ શું કામ હસી મરેચ. તોબી મેં તો વગર સમજવે બારણું ખોલવાને માટે જીત ચાલુજ રાખી અને એના હાથની હથેલીપર જરા વધુ ચરબી ચોપડી. ચરબીના ચીકાસથી આ નાનકડા ઓરડાના દરવાજા તુરતજ પેલા સ્ટુવર્ડે "ઉઇ મોસ્યોર" કરી ધરરર દઇને ખોલી નાખ્યા. જોતાંને વાર હમોએ તો નાક પકડી ત્યાંથી નાહાસવા માંડ્યું. હમને શું ખબર કે તે સંડાસ હશે?

"અરે આ પેંડાજીનો "ડરારીન રૂમ" જોયો કે?" ગુસ્તાદ ટનકો કરી બોલ્યો. હવે ત્યારે પાહલો કંઇ ચુપ બેસે કે? "હઉવે, ભાઇ હઉવે," તે બોલ્યો, "આપરા ગેંડાંજી છેટના બાપબનાવા અસલ કેપી. તન ઉતા કની તીવારે તેવન જાજરૂમાંજ રહેતા એછે."

આ બન્નેની તકરારથી માફંબી ખુબ પાકી આવ્યું હતું તે બન્નેને ખુબ ખખરાવી કાહાડયા કે બચ્ચાંની કાની જરાજરામાં મરઇ શાના મરોચ. કમબખત એ બે ગધેડાઓની મોહોકાણમાંજ હું બી ગધેડો બન્યો ને એ અણઘડોને લીધેજ સ્ટુવડની સામે મનેબી કેવું ખરાબ લાગ્યું. પણ હમો ત્રણમાંથી સૌથી મોહોટો ગધેડો કોણ બન્યો તે તો વાંચનારનીજ મુનસફી પર છોડું છું.

હમો બરાબર દોઢ કલાક ફરર્યા પણ એવા ગામડયાઓના અણ-ઘડપણાને લીધે કાંઇ બરાબર જોયું નહી. મમાઇ તો કહેજે કે આપરૂ હવે તો ઘેરબારજ થવાનું એટલે જરાકે જરાક જોઇ લેવું જોઇએ. પેલો લાંચ્યો સ્ટુવર્ડ બધો વલી વલી જાય, તેમ તેમ મમાઇ હરખાઇ જાય, ત્યાર પછી હમે બધાં ડેક પર કહરાયાં. ત્યાં કાઉ કરકો બોલ્યો કે "બધું તો જોયું, પણ જીને પેહલે મચસવું જોઇએ તીનેજ મચલાં નહી." મેં પુછ્યું કે "આ તે કોણ?" તો કેહે જે "કેપટીન, તીને ઠંડો મીઠો રાયખો કે અમણપનો બેરો પાર થહે." ખરેખર કોઇબી દીવસ જો કાઉએ ડાહાપણ વાપડયું હોય તો તે આજે. મમાઇતો સ્ટુવર્ડને વળગીજ પડયાં

કે કપટાનને તુરતજ બોલાવ. "આહ નોં નોં માદામ. મી૦ કેપટન નો કોમ નાઉ." તે મેં મમાઇને સમજાવ્યું કે કેપટન હમણાં આવી નહી શકશે. "અરે જારે મુવા લુચ્ચા!" મમાઇએ સ્ટુવર્ડને ધક્કો મારી કહ્યું, "હું તો કપટાનને મલવાનીને ફર મલવાની", એમ બોલતાં સાથે મમાઇએ તો કેપટનની કેબીનપર હલ્લો કીધો. સ્ટુવર્ડ બુમે બુમ પાડે કે "મી૦ કેપટન કેબીન નો અલાઉ" (કેપટનની કેબીનમાં કોઇથી બી જવાય નહી) પણ આ તરફ આદરજીના વીરવા હમબાઇજી હતાં. તેવણ તો ધર્યાં ધરાય નહી. ઘોંઘાટ તો એવો કરી દીધો કે કેપટન પોતેજ બાહાર દોડી આવ્યો. હું તો જબરો તરખાયો કે નસલી બચ્ચા હવે તારૂં આવી બન્યું, પણ કપટાનનું હસતું મોહોડું જોઇનેજ આપણુને તો જરા સધયારો મલ્યો. તેબી હમુને જોઇ એટલો વલી વલી જાય કે મને તો લાગ્યું કે જે વખત જાયચ તેમાં તેની કમ્મરનો કાંઠો જરૂર તુટી જવાનો.

કેપટન, અધીર વચનો, બટકો, અંગે ભરેલો, ને લાલ તુટી જેવો હતો. તે કેથો હિન્દુસ્તાન પહેલ વેહેલોજ આવેલો એટલે બધું જોઇને ખુશ ખુશ થએલો અને તેમાં બસ પારસીઓપર તો મરી ફીટતો, કારણકે (હમને પાછલથી માલમ પડયું તેમ) એના બાપને કોઇ મુંબાઇના પારસીએ જરૂરની વખતે ઘણી મદદ કીધી હતી.

કેપટન પટક પટક નીચે ઉતરી હમો આગલ આવ્યો અને મમાઇને ભાંગી તુટી અંગ્રેજીમાં કેહેલા લાગો કે "આઈ ઇઝ ત્રે પલેઝીર તુ ઝી યુ, મધામ." (તમુને જોઇને હું ઘણોજ ખુશી છેઉં મેડમ) એમ કહી સેકીન કરવા હાથ લાંબો કીધો તે મમાઇ તો ખસી ગયાં.

"એ મુવો તો કેથો બેઅદબ નીકલ્યો! બઇરાં મનીખકુ એસા અરકીએ નહીં", મમાઇએ બાફ્યું. તેટલાં કાઉએજાઈ તેવણુનાં કાનમાં ફુંક મારી કે "અમબાઇ, એને હેકીન નહી કીધી તો કુવારીજ મુકહેંસે", ને મેંબી ઇસારત કીધી ત્યારે મમાઇએ બીહીધુજી હાથ આપ્યો ને મેંબી;



મમાઇએ ઘોંઘાટ તો એવો કરી દીધો કે કેપ્ટન પોતેજ બાહાર દોડી આવ્યો. (પા. ૨૪)

સારી તરકીબ્ર કૅપ કાહાડી નમીને સલામ કીધી અને મહને જોઇ બધા માટી ડાઓ પાઘડી કાહાડી પગે પડયા અને બઇરાંઓ તો ઓવરણા પર ઓવરણાં લેવા પડી ગયાં. કપટાન તો આ ફારસ જોઇ ઘભરાઇ ગયો કારણ કે તેને એટલાં પારસીઓના બઇરાઓને સામટાં નહી જોયલાં. આહા! શું પારસી બઇરાંઓના મારી સાથે નમુના હતા! વરસ ૪૫ ની અંદરના તો કોઇ હતાં જ નહી, અને વળી ખુબસુરતીમાં તો—યા—ખુદા! એવી કોઇ નવજુવાન નાજનીન સાથે મને ના વળગાવી આપતો જો! તેના કરતાં તો તારી હજુરમાં મને જલદી બોલાવી લેજે, બાપા!

સુંવાળીની એવી તોફો ખુબસુરતી જોવા છતાં કેપટન તો મગન મગન હતો અને બધાંની સાડીઓ ટીકીટીકી જોયા કરે. પછી બરાબર મમાઇની સાંમે જઈ અદબવારી ઉભો રહયો અને બે ત્રણ મીનીટ વેર તેવણુનાં મોહોડાં સાંમે ટીક્યા કીધું. મમાઇ મુવાં ૬૦) વરસની ભરતીમાં આવેલાં તે છતાં તેવણુના મોહોડાં પર રતાસ ચહડી આવ્યો, અને કાઉ તરફ ફરી બોલ્યાં "જો મુવા આય તાહારાંજ કારસ્તાન. એ કાળે મોહોડેનો કુંઆરી મુકતે તે પરવડતે. આએ નફટની માફક મારી સાંમબે ટીકેચ તે બધાંના દેખતાં મારૂં તો મોહોત થઇ જાયચ મોહોત!" હજી તો મમાઇ એમ બોલી રેહેચ તેટલાં કપટાનના ગાલ પરથી આંસુંના ટીપાં ટપકયાં. બચ્ચા નસલી, આય શું તાહરી પર નવો ગજબ!

"ઓવાય, આજે સપરમે દાહારે એ મુવો આંખ પાંણી કાંય કરી મરેચ" મમાઇ સુગાઈ બોલ્યાં.

"ઇને તો માતા ભરાયલી માતા, ઇતો અવે ચપ દેતો કે ઘુનછેબી," નજીએ હુશયારી દેખાડી.

"એ તો તદન્ ધીચેલો ને ચીકાર લાગેચ," કાઉએ પોતાના અંગત અનુભવ પરથી હમને ખાતરી આપી. તેટલાં તો કપટાન એક ડુચકું ખાઇ બોલ્યો, "Ah (આહ), Mon (મોં), Mere

(મેર), Mon (મોં) Chere (ચેર) Mere (મેર), Elle (એલ) est (એ) Morte (મોરત)" (ઓ મારી માય, મારી પ્યારી માય, તે તો મરી ગઇ છે) તે વખતે તો મને બીલકુલજ સહમજ નહી પડે કે એ શું બકી મરેચ. "મેર મેર" કરી મરે તે હું તો ઘેડી સમજ્યો, પણ મમાઇ સાથ ઘોડીને શું સંબંધ હોય ? હું બીહીતો ધ્રુજતો તેની આગળ ગયો કે બા જરા ઇંગ્રેજીમાં મને સમજાવ તો કેહેવા લાગ્યો કે "માઇ મઝર ઇઝ યોર મઝર, શી ડૅડ "(માહરી માય તે તાહારી માય, પણ તે મરી ગઇ છે !) અરે તાહરૂં ખાનું ખરાબ થાય રે તારૂં ! જો સપરમે દહાડે સારી વાણી બોલ્યો તે ! મારીબી હવે તો ખાતરી થઇ કે કમબખતે ધીચેલોજ છે. હું તુરત જઇને સ્ટુવર્ડને બોલાવી લાવ્યો તે પુછ્યું કે બા તાહરો કેપટન શું બકી મરેચ તે જરા હમોને સમજાવ. હવે એવો બન્ને થોડાવાર શુરૂ તેઓમાં ઉભા. એક ભવાં ચહડાવે ત્યારે બીજો ખભાં, એક ડચકું ખાય ત્યારે બીજો કપાળ કુટે. થોડો વાર એ બન્નેનો રકાસ મેં જોયા કીધો પછી તો મારૂંબી ઘણુંજ ગળી ગયું, તેથી સ્ટુવર્ડને કહ્યું કે એકદમ ખુલાસો કર. હમારૂં બન્નેનું અંગ્રેજી તોફો એટલે ખુલાસો કરતાં વાર લાગો પણ આખરે માલમ પડ્યું કે કપટાનની માય આબેહુબ મારાં મમાઇના જેવાજ દેખાવની હતી. હવે મમાઇને તે બધું મેં સમજાવ્યું ત્યારે તેવણ બોલ્યાં કે "હા, હા, હવે હું સમજી, પણ તેથી એ હરવાયો રરેચ શાનો !" સ્ટુવર્ડે સમજાવ્યું કે કપટાનની માય માત્ર એજ મહીનાની વાતપર ગુજરી ગઇય સેથી મમાઇને જોઇને એનું હૈયું ભરાઇ આયુંચ. જેવું મમાઇને મેં ઉપલું સમજાવ્યું તેવાંજ એવણ તો કપટાનની પાસે ધસી ગયાં અને તેના બરડાપર હાથ ફેરવી: બોલ્યાં કે "ઓ નોરે મરૂં, ના રર, હું તારી કોલંબોવેર માય થઇને રેહેવશ." મેં તે બધું અંગ્રેજીમાં સ્ટુવર્ડને સમજાવ્યું ને તેને કપટાનને ફ્રેન્ચમાં કહ્યું. સાંભળતાંને વારજ કપટાન સાહેબ તો જાણે પોતાનાં,

બુટને કીસી કરતા હોય તેમ ડબલ થઇ ગયા અને "મેરસી બોકુ, મેરસી બોકુ, માદામ" બોલ્યા કરે. મમાઇ ગભરાઇને પુછેચ કે "મરે બકરૂં મરસે, બકરૂં મરસે, એમ શાનો બકયા કરેચ, મુવાને મરવાની સીવાય બીજી કંઇ વાત આવડેચ કે નહી!" ત્યારે મેં સમજાવ્યું કે બકરૂં બી નથી મરતું ને ભેંસબી નથી મરતી પણ એ તો તમે કાલંબોવેર એની માય થઈ રહેવા કબુલ્યુંચ તેથી એ તમારો ઘણો ઘણો ઉપકાર માનેચ. એ સાંભળી મમાઇએ તો પાછા ઓવરણાં લેવા માંડ્યા અને હમારી સાથવાલાંબી બધાં ખુશ ખુશ થયાં. પાહાલો તો કહેજે "જારે અમબઇ, તારી તો ફતેહ હે જો, હવે તો આખી ઇહતીમ બોટ તારીજ હે, તે હવે તો ચીન વેલાત બધે ફરી આવજે હો."

કેપટન સાહેબનો મોટો આભાર માની હમો નીચે ઉતરર્યાં અને એવણબી હમને બારણાં વેર મુકવા આવ્યા. ચાલો એ તો સત્તાણાનું સુન્નું થયું કે કેપટન સાથ હમને ઓળખાણ પડી; તે વખતે તો મહને ખ્યાલબી નહી કે એની ઓળખાણ એટલી બધી કામ લાગશે, નહી તો તેજ વખતે ઉદવાડે માચી ચહડાવતે.

બીજે દીવસે મમાઇ મને પુછેચ કે "દીકરા ટીકીટ લેવા કેરે જશે?" તે મેં કહ્યું કે બપોરના ત્રણેક વાગે જવશ કારણજે સહવારના તો મારકીટમાં ખરીદી કરવા જવાનું છે. એવણ શું કારણથી ટીકીટ માટે પુછેચ તે પેહેલ્લાં તો મને સમજ પડી નહી પણ પાછળથી માલમ પડયું કે માહરી અલ્લકસે તેજ દીને સવારના એવણ મેસાજરી કંપનીની ઓફીસમાં ગયાં હુતાં. (દીલનાં તો ઘણાંજ દુલ્લાં પણ કોઇ કોઇ વખત મખીચુસબી જબરાં બની જતાં હતાં) ત્યાં જઇને એજંટને મળ્યાં ને રડી તતરીને ગુજરાતી હીંદુસ્તાની ને મરાઠી ભાષાનું ઇસ્ટુ કરી કહ્યું કે "મરી જાંઉ બધી બાવા, હમ તો વીધવા આદમી છે, તેથી કંઇ ટીકીટ મદી કમતી કરો તો બોહોત ઓવરણ જવશ." પેલા એજંટને તો કંઇ સહમજ પડી નહી, તેથી તેને કોઈ

પારસી કલારકને સોંપી આપ્યાં પણ તેવણુ સાહેબે તો દમમાંજ કહ્યું કે "ડોસાં, એ કંઇ ફ્રાફ્રડ મારકીટ બારકીટ નથી તેથી એક પઇબી ઓછી થઇ શકશે નહી", ને મમાઇએ તે પારસીને બરાબર શાલ પામરી ઓઢાડી ફફડતાં ચટકતાં ઘરે આવ્યાં મારાં મમાઇ બીચારાં ભોલાં ને ભરભરયાં તો ખરાં કારણજે પોતેજ રાતના બધું મને કહી દીધું જો કે તે અગાઉનો હું તો એ વાત જાંણુવા પામ્યો હતો. મેં એવણુને ખુબ ખખરાવ્યાં કે ફરીથી એમ રકાસ કરેજ નહી.

સ્ટીમર પર જવા અગાઉ થોડીક જરૂરની ચીજો મમાઇને ખરીદવાની હતી તે મેં જોયું કે એવણુને વાહીટવે લેડલોના સેલમાં લઇ જાઉં કે. જેથી જોઇતી દરેક ચીજ ને વળી ધરખમ માલ મલે. સારૂંજ થયું કે બધું સરઘસ હમો સાથે આવ્યું નહી, નહીંતો હું મરવાજ પડતે. દુકાનમાં જઇ એક નાહનો ચાંમડાંનો બૅગ માંગ્યો કારણ જે મમાઇને દરરોજ વપરાસમાં આવે તેવી ચીજો મુકવાની ઘણી અડચણ પડતી હતી. બૅગ ઘણોજ ફાંકડો હતો પણ કીમ્મતબી તેવીજ ફાંકડી કહી સંભળાવી, પણ કીંમ્મત જાંણુવા અગાઉજ મમાઇતો તે હાથમાં લઇ હરખઈહરખઇને ફેરવી જોયા કરે, પણ જ્યારે મેં કહ્યું કે એની કીંમત રૂપ્યા ૨૨ કેહેચ ત્યારે જાંણે એવણુ દાઝી ગયાં હોયની તેમ બૅગ ફેંકી દઇ છછની પડયાં.

"કયા તુમ લોક મુવા કુચ લુટારા બુટારા છેઓ કે, બસ હમ ગામરીયાકુ દેખા કે એકદમ કીંમત ચહડાવ્યા જાતા? જાઓ જાઓ મુવા જરા શરમાવ."

મેં મમાઇને ઠંડા પાડી કાનમાં ફુંક મારી કે આ કંઇ સુંવાલીની હોરાજીની દુકાન નથી પણ અંગ્રેજોની સઉથી મોટી દુકાન છે તેથી જે ભાવ માગે તેજ અહીંઆ તો આપવા પડશે. હું જાણું કે મમાઇને કાનમાં આસ્તેથી કેહેવશ તો વધુ ફેરતો નહી કરશે, પણ એવણુને ફેરતા વગર કંઇ સોહોવાય?



" કયા તુમ લોક મુવા કુચ લુટારા ઝુટારા છેઓકે. બસ હમ ગામરીયાકુ દેખા કે એકદમ કીંમત ચહડાવ્યા જાતા ? જાઓ, જાઓ, મુવા જરા શરમાવ. " (પા. ૨૮)

"એ તો તો," મમાઈ બાંગ મારી ઉઠયાં, "તું તો ગવનડરનો દીકરો પરયો કની તે જે ભાવ માગે તે આપશે, એમબી ને એમબી તાહારી મમાઈને નાહારી કોરટમાંજ કાંય નહી લઈ જતો કે એક વખતનો નીકાલ આવી જાય."

હું તો મમાઈના બુમ બરાડાથી એવો ચાટ પડી ગયો કે માહારે બરડે પાણી ઉતરયું. તેબી મેં ધીરજથી સમજાવા માડયું કે ચાલો બા, ત્યારે બજારમાં જઇએ કારણ ત્યાં ઘણું સસ્તું મળશે, તો તેપરબી છેડાઇ પડયાં ને કેહેજે, "જરા થોબી જા; હું મડમને ડાબી જોઉં" એમ બોલી રૂ. ૩ થી એવણે શુરૂ કીધું ને તે સાંભળી પેલી ગોવેગરીના તો ભવાંજ ચહડી ગયાં અને ફફડી ચટકીને ત્યાંથી ચાલી ગઇ. "ચોટલા બરીનો ધટરાટ જોયો કે?" મમાઈ બોલ્યાં, "મને તો જાણે એવું થાયચ કે એની મુઇની ગરદન ધરીને મરડી નાખું. ગોવેની માછલીનું અચાર ઘણું ખાધેલું હોશે તેથી મુઇમાં રાઇબી ઘણીજ ભરાઈ ગેઇચ." ડોસાં ઘણાંજ તપી ગયલાં હતાં એટલે પટાવી સમજાવી ક્રાફરડ મારકીટમાં લઇ ગયો અને ત્યાંથી જરૂર જોગું ખરીદયું ને ત્યારપછી કાંન ચીમટયો કે નસલી બચ્ચા, ફરીથી એવાં ગામડાંઓને અંગ્રેજી દુકાનપર કદી લઇ જવાં નહી.

વાહીટવે લેડલોની દુકાનમાંનો રકાસ જોઇને મને તો ઘણીજ ધાસ્તી લાગ્યા કીધી કે રખે મમાઇ સ્ટીમરમાંબી મારી હસી કરાવે મુવાં અણુધડ એટલે થોડો ઘણો ફજેતો તો જરૂર કરાવશે, પણ એટલું બધું અતેરૂં કરશે એવો તો મહને સ્વપનેબી ખ્યાલ હતો નહી.

સ્ટીમરપર ઉપડવાની બે દાહાડા અગાઉથીજ મેં તો મમાઇના કાંન ખોલ્યા કે "ત્યાં જરા તપાસીને ફરજો હં. એ કંઇ આપરૂં સુંવાલી નથી. ગોરાંઓનું રાજ ને સ્ટીમર પરબી એ લોક જ બધાં, એટલે જેમ એ લોક કરે તેમજ આપણેબી કરવું જોઇએ. ખાતી વખતેબી ઘણુંજ તપાસજો જેમ એ લોક ખાય તેમ ખાજો અને મડમની કાનીજ

રહેજો." હું જાંણું કે મમાઇને થોડાક શીખાંમણના બોલો કેહેવશ તો એવણનેજ ઠીક પડશે પણ માહારા એ બોલોથી તો ડોસાને અપમાન લાગી ગયું. "એ વાય, ગોતી નીકરયો જો પોતાનીજ મમાઇને શીખામણ દેવા આયોચ તે," મમાઇ બખાલ્યાં, "અરે જા જા, તું મને સમજેચ શું? ભલી મડમનેબી બાજુએ બેસાડું, સમજયો કે? એમ તો મારા પેહેલ્લાએ (બીચારાં મમાઇએ પોતાના પેહેલ્લાને હાથની એટલી મેથી જમેલી કે તેવણનું નામ ઝાઝું મોહ પર નહી લેતાં હતાં) એક દહાડો કોઇ સોજરડાને જમવા બોલાવેલો ત્યારે મેં તેની એવી તો મેનીજ કીધેલી કે તેબી બધો ખુશ ખુશ થઇ ગયો હતો ને મહને "થેંકુ, થેંકુ," કરયા કરે, અને તેનાનબી પછી મહને કેહે જે 'હમબઇ, તેં તો આજે ખુબ બજાવી જો. કોઇ મધમબી એટલું ની કરે.' તો આજે આય મારાં ગુઠણ જેટલો ટુકતો મહને શીખવવા આયોચ? તારા જેવા સત્તરસો જાંગલાને મારાં ખીસાંમાં મુકી દેઉં તો માલમબી નહી પડે, સમજયો કે?"

હું તો આ લેકચરથી જબરો ખસીયાંણો પડી ગયો ને ચીડબી ઘણીજ લાગી. માહારો કાંદો ખીલી ગયલો જોઇ મમાઇ તુરત પતરી ગયાં ને કેહેવા લાગ્યાં કે "દીકરા મને પેલું લીસ આપની કે હમણાથી ગોખી રાખું, કારણજે હવે તો બેજ દહાડા ઉપડવાને બાકી રહયાય ને મુવું મારૂં મગજ તો જેવું જોઇએ તેવું." આપરેબી ઠંડા પજ્ઞાને જાંણે કંઇ બન્યું જ નહી હોય તેમ તુરત લીસ્ટ બનાવવા બેઠા. ફ્રેંન્ચ તો હું એવુ તોફો જાંણું કે કોઇ ફ્રેન્ચમેન સાંભળે તો બેસુધજ થઇ જાય તેથી એક ફ્રેન્ડને પુછી જેમ તેમ તે લીસ્ટ ઘડી કહાડયું. તેના ત્રણ કોલમ બનાવ્યા. પહેલાંમાં ગુજરાતી, બીજામાં અંગ્રેજી ને ત્રીજામાં ફ્રેંચ લખ્યું. તે હું સદાબરૂં નીચે આપું છું:—

ગુજરાતી	અંગ્રેજી	ફ્રેંન્ચ
સાહેબજી (સહવારના)	ગુડ મૉરનીંગ	બોં ઝુર

સાહેબજી (રાતના)	ગુડ નાઇટ	બોંસ્વા
શેઠ સાહેબ	સર	મોસ્યું
બાઇ સાહેબ	મેડમ	માડામ
મેહેરબાની કરી	ઈફ યુ પ્લીઝ	સી વુ પ્લે
માફ કરો	ઍક્સક્યુઝ મી	પારડોં
નોકર	બૉય	ગારસોં
ગરમ પાણી	હૉટ વૉટર	દ લો શો
ઠંડું પાણી	કોલ્ડ વૉટર	દ લો ફ્રેઆ
નાહાવાનું પાણી	બાથ	લ બેં
પાંઉ	બ્રેડ	લ પેં.
ચાહે	ટી	લ તે
કાફી	કૉફી	કાફે
છરી	નાઇફ	કુતો
હા	યસ	ઉઇ
નહી	નો	નોં
મોટો ઉપકાર થયો	થેંક્યુ વૅરી મચ	મેરસી બોંકું

મમાઇ તો લીસ્ટ જોઇને પેહેલાં ડઘાઇજ ગયાં પણ જેમ તેમ સમજાવી લીધાં કે એ દેખાયચ તેટલું અઘરું નથી. પણ છબરડા તો પેહેલ્લેથીજ શુરૂ થયા. "મેડમ" ને બદલે "સર" બોલે ને ફ્રેન્ચને બદલે અંગ્રેજીમાંજ ફેંકે. મેં તો ધાર્યુંજ હતું કે એવણુ ઘોટાલો જરૂર કરવાના, પણ મુવાના મગજના એટલા બધા વાધાં હશે તે તો મે·સ્ટીમરપરજ જાંણ્યું.

"ઓ વાય નસલી," મમાઇ લીસ્ટ વાંચી બોલ્યાં, "તું કંઇ તારી મમાઇને કુતરૂં બુતરૂં સમજેચ શું, કે "બોંસના"ને "મોસ્યું" મારી પાસે બોલાવેચ ?"

"અરે મમાઇ, મમાઇ," મેં હસીને સમજાવ્યું, "એ કંઇ "ભોંસવા" નથી પણ "બોસવા" એટલે રાતની સલામ ને "ભોંસ્યું" નહી પણ "મોસ્યું" એટલે સાહેબ"

મમાઇની તોબી ખાતરી નહી થઇ. "આવારૂં મારી પરથી ભોંસવાનું, ને આય વરી ગાંસરો (જોકે મેં તો ગારસોં લખેલું હતું) શાનો? ધોબીનો કે? ને મરે આય "પેં" કેહેતાં તો મને હસવુજ આવશે, જાંણે કોઇની ખીચ પાડતી હોઉં તેવું લાગેચ. ને વરી આય બોલ શું છે—કુટો? જો ગોતી નીકરયો પોતાનીજ મમાઇને કુટવા કેહેચ તે! બરી ગીયું રે મારી પરથી કુટવાનું." બોલો વાંચનાર, હવે એવણને હું શું સમજાઉં? મારૂં કપાળ! મેં તો પુરોજ મુકયો કે જે થવાનું હશે તે થશે ને લોકો એવણપરજ હસશે. મેં એવણના મગજપર એટલું તો ઠસાવ્યું કે એ લીસ્ટ સ્ટીમરપર હંમેશાં સાથેજ રાખવું ને ખાવાની ટેબલપરબી દરરોજ લાવવું. હું સમજયો કે એમ કરવાથી એવણ છબરડો કમતી કરશે. પણ જયાં એવણના ભેજાંનાજ વાંધા ત્યાં બીચારાં એવણબી શું કરે?

ભેસ્પતવારે સ્ટીમર ઉપડવાની હતી એટલે મમાઇ ઘણાંજ ખુશમાં હતાં, કે ચાલો સપરમે દાહાડે કોલંબો જવા ઉપડશું. જાણે માહારાં લગન હોય તેમ તે દીવસે ધરમશાળામાં ધમાલ ચાલી રહી. વાજાંબાજાં તો નહી હતાં પણ સહવારથી ચૉક ચાંદન ને બપોરના સેવ દહીં સાથનું ખાવાનું તો હતુંજ. ધરમશાળાની પાસે રહેતા એક મોબેદ બાદશાહ પુછવા લાગ્યા કે "બા આજે શું છે? કોઇની શેહાદી બેહાદી શે કે?" મારૂંબી ઘણુંજ ગરી ગયું તે જવાબ આપ્યો કે "હા, બાદશાહ, આજે મારાં મમાઇ પાછાં ગગરે સીધારેચ." મોબેદ ટચાકડી ફોડી બોલ્યા, "અરે, તોબાહ તોબાહ, નોશરૂવાનજી શેઠ, એમ કોઇ ભુંડાં મનીખને વાશતે બોલે કે વારૂં?" પણ તે બાદશાહને કયાં ખબર હતી કે તેને ત્યાંથી ખેરવવાજ હું એમ બોલ્યો. જરા તોરણ બાંધી, પા

ચોક પુરયા યા સેવ રંધાવી તો બસ કેહે જે નસલી શેઠ અદરાયા. માહારા અદરાવાની વારજ જોય કે પટ દઇને બાદશાહની આશોદાદ પાકે.

હમારી સ્ટીમર પાંચ વાગે ઉપડવાની હતી એટલે બે વાગામાં આપણે તો ધરમશાળામાંથી ઉઠાંગરી કીધી. હમારી સાથે સુંવાલીની આખી પલટનજ આવવાની એટલે સકાળેથીજ ગયલું સારૂં. મમાઈ તો જાણે કમાનડર-ઇન-ચીફ ! ઘણાંજ ખુશ ખુશ હતાં કે હવે ચાર દીવસમાં તો ચાંદનને મળશું.

હમારો બધો સામાન એક દીવસ અગાઉનો સ્ટીમરપર મોકલી આપેલો, પણ નીકલતી વખતે જોઉંચ તો મસ મોહોટા બે કરંડયા. વળી આય નવાં બોચકાં શાના ! મે તુરત પુછ્યું કે "બા એમાં શું છે ?" તો જવાબ મલ્યો કે. એકમાં સેવ, ગાંઠયા, ગુંડી, હલવો, ફ્રુટ, વીગેરે ને બીજામાં થોડા પરેથા, પોરા, બાફેલા ઇડાં, મરઘી, કટલેસ, ભુમલાનો પાટયો વીગેરે ભાત્યાંનો સામાન હતો. મારાં તો નેણુજ ફરી ગયાં. ધુળ નાખી ફ્રુટને મીઠાઇ લીધી તો, પણ આય ભાત્યું શાનું બળયુંચ ! શું કંઈ ભાઠે કે હજીરે જઇએચ કે ? મેં તો અંગ્રેજીમાંજ ખુબ બબરવા માંડયું ને પછી ભવાં ચહડાવી બોલ્યો કે, "જોવરે બાઇ હમબાઇજી, મેહેરબાની કરીને આ ભાત્યાંનો કરંડયો ઘેરેજ રેહેવા દેજો, અને નહીં તો તમે એખલાંજ કોલંબે સીધારજોજી." જયારે મમાઇને હું "બાઇ હમબાઇજી" કરી બોલાઉં ત્યારે સમજવું કે સાહેબનું "અન્યન" છેકજ ખીસી નીકલ્યુંચ ! મમાઇબી તે જાણુતાં હતાં એટલે સમજી ગયાં કે જાંગલાનો મીજાસ બહુજ તપી ગયોચ એટલે ભાત્યાંનો કરંડયો ઘરેજ રહેવા દીધો.

"ચાલો, એ થોડું બગડવાનુ છે જે તેની વાત, કાલે એ લોક બધા પાછાં સુમારી જશે ત્યારે એ લોકનેજ કામ લાગશે," મમાઇ બોલ્યાં. "કેમ બોલી નહી, નજઇ ?"

નજીજ નહી, પણ દીની, જાઈ, પાહાલો, કાઉ બધાંજ એ વાતને મલતાં થયાં. તે કાંય નહી થાય ? સત્યાનાસ ગીયાંઓને હરામનું ખાવાનું મલ્યું તે ના શા સારૂ કેહે ?

હમો બધાં ત્રણ વાગે સ્ટીમરપર જઇ પોહોંચ્યાં. હમો જોવા ગયલાં ત્યારે તો કેબીનો હાલ હવાલ હતી, પણ આજે તો એવી સરસ સણુ-ગારી દીધી હતી કે મમાઇ તો બધાં ખુશ ખુશ થઇ ગયાં. ડાઇનીંગ સલુનબી ઘણોજ ફાંકડો લાગતો હતો, ને બધાં ડાચાં વકાસી જોયાજ કરે ને દીની તો જીતજ કરે કે "એ ઇહટીમ બોટ આપરે ની જોયલી." એના બાપનું કપાળ ! સ્ટીમર વીશે સમજીબી ઘણું મરેની તે વળી મત આપવા બેઠી.

ત્યાં પુગતાંને વાર આપણે તો કેપટનને શોધ્યો. જો કે ઘણોજ કામમાં હતો તોબી બીચારો તુરતજ આવ્યો, અને મમાઇને હસી હસીને સલામ કરે. મને ધાસતી લાગી કે રખે આગાઉની માફક પાછું છોડે. પણ નહી, આજે તો હસતોજ રહયો. મમાઇએ તેને દીકરો કરી લીધેલો તે કંઇ જેવી તેવી વાત હતી વારૂ ?

તે દીવસે ફુલતોરાનો તો શું વરસાદ ! મમાઇતો જીવતાં જીવત જાણે ફુલમાંજ દટાઇ ગયલાં. તુરતજ એવણે એક મોટો હારડો કપ-ટાનના ગળાંમાં નાખ્યો અને એક ગંજાવર તુરો તેના હાથમાં આપ્યો. કપટાનતો હરખથી ગાંડો જેવો થઇ ગયો અને શું કરવું તેબી બીચા-રાને સમજ નહી પડે, ને "મેરસી બોકું, માડામ, મેરસી બોકું" કરયા કરે. એટલે મમાઇએ ચપક દઇને પેલું લીસ્ટ પોતાના ગજવામાંથી કહાડયું અને ડીક્ષનરી જોતાં હોય તેમ તપાસવા માંડયું, પણ કપટા-નના ફ્રેન્ચમાં ને આપણાં તોફા ફ્રેન્ચમાં એટલો ફરક હતો કે પેહેલ્લાં તો મનેબી સહમજ પડી નહી કે એ શું બકી મરેચ. પછી કપટાન સાહેબે તુરત સ્ટુવર્ડને બોલાવ્યો ને હુકમ આપ્યો કે હમો બન્નેને દરેક રીતની સગવડ કરી આપવી ને કશી વાતે હમને હલાકી પડે નહી.

વાહવાહજી વાહવાહ ! ચાલ દીકરા નસલી, હવે તું કોલંબો વેર સુખમાં દાહાડા કાઢશે. પણ બીચારા નસલીએ એવું તો સુખ જોયું કે પોતાની જીંદગી વેર વીસરશે નહી.

મમાઇ કેપટનને હારતોરો આપીનેજ મુગાં બેસતે તો કંઇ નહી, પણ કમબખ્ત કાઉનું સત્યાનાસ થાય તે તેને ઉંધું સુજ્યું ને મમાઇના કાનમાં કંઇ ફુંકી આયો તે મમાઇએ તો તુરતજ પોતાના ગજવાંમાંથી એક કાગળનો ટુકડો કાહાડયોને મહને પુછ્યા વગર કેપટનના હાથમાં હરૂસેથી સેરવી દીધો. મને તો ખ્યાલબી નહી ગયો કે તે શું હશે પણ જ્યારે કેપટને તે ખોલીને જોયું ત્યારે તો પાંચ રૂપ્પાની નોટ નીકલી ! યા ખુદા ! એ મુવાં મમાઇએ શું બાફ્યું ! કેપટનતો બધો લાલને પીળો થઇ ગયો અને હાથને પગ અફાળે ને ખભાંબી એવાં જોરમાં ચહડાવે કે હું તો જાણું કે બન્ને ખભાં લચકાઇ જશે. પછી ઘણાંજ નેણ ચહડાવી તે નોટનો ડુચો કરી દરીયામાં ફેંકી દીધી ને હમારી આગળથી ફફડી ચટકી ચાલી ગયો. ચાલો સગનતો ઘણાં સારા થયા.

"એ મુવાએ નોટ નાખી કાંય દીધી ?" હજી તો મમાઇ ઠંડે કલેજે પુછેચ. "કેવો કોરોને કોરો પાંચનો કટકો આપ્યો તે મુવાને દુખ્યો કાંય ? મરે કાઉએ મહને કહ્યું કે કપટાનની હઠેલીમાં જરા કંઇ લગાડો કે તમને બધી વાતની સગવડ મળે તે મેં મોટું દીલ કરી જોંસ્યો. એ મુવો એમ ફેંકી દેવાનો છે એમ જાણતે તો એક દમડીબી નહી આપતે."

જો તે વખતે કાઉ માહારી આગળ હતે તો જરૂર એને હું ચીરીજ નાખતે એટલો મને ગુસ્સો આવ્યો હતો. પણ આ ફારસ જોઇ એ મવાલી ત્યાંથી સટકીજ ગયો. મમાઇને મેં બાજુએ લઇ જઇ સમાજાવ્યાં કે એ તો કપટાનને લાંચ આપ્યા બરાબર થયું અને એતો ઘણોજ મોટો અપરાધ કીધેલો કહેવાય, ને એને તમે ઘણુંજ મોટું અપમાન કીધેલું કહેવાય, તેથી તમે એક ઠાલીમાં સેવ, ગાંઠયા, મીઠાઇ બધું એની આગળ લઇ જાવ અને એની માફી માગો, નહીતો આપ-

ણુને દરીયામાં ઘણીજ હલાકી ખમવી પડશે. મમાઇના ભેજામાં એ વાત ઉતરી તે તુરત ગયાં ને હું બી તેવણુની પછવાડે બીહીનો ધ્રુજતો ઘસડાયો. મારાં મમાઇમાં કોણુ જાણે શું જાદુ હશે તે કેપટન તો તેવણુને જોતાંને વાર તુરત પીગળી ગયો. પછી મેં સ્ટુવર્ડની મદદ લઇ તેને સમજાવ્યું કે બા હમારામાં એવો રીવાજ છે કે સ્ટીમરમાં જઇએ ત્યારે માત્ર સગન તરીકે ત્યાંના વડાને પાંચ રૂપ્યા આપે કે તે ગરીબોમાં વેંહેંચી આપે. આયબી તોલ્લો આપરે ઠીક ફેંકયો અને એ વાત કેપટનના ધ્યાનમાં ઉતરી ને ઉલટો બીચારો હમારી માફ માગવા લાગ્યો, અને જ્યારે મમાઇએ મીઠાઇની ઠાળી આપી ત્યારે તો પાછું જાણે હડખું લાગ્યું હોય તેમ મમાઇનો હાથ ધરી ધરીને "મેરસી, મેરસી" કરયા કરે. મમાઇને સમજ નહી પડે કે એટલા વારમાં કેમ પસરી ગયો. હું તો ખુશી થતો નીચે ઉતર્યો પણ મમાઇ ઘણાંજ નીરાશ થયલાં દેખાયાં તે મેં સવાલ કીધો કે "કેમ મમાઈ શું છે?" તે બોલ્યાં કે, "મારી કાચ્ચી કોરી પાંચ રૂપ્યાની નોટ એ કારમખા કાઉની મોહોકાંણુમાં જતી રહી, એ મુવાનુ તો મોહોડુંજ કાળું કરવું જોઇએ." દીલના તો મમાઇ મોટાં પણ કોઇ કોઇ વાર કેવાં મખ્ખીચુસ!

હવે સ્ટીમરનો ઉપડવાનો વખત થયો કે કોટાકોટી શુરૂ થઈ. પણ તે અગાઉ ડાકટરની તપાસ ચાલુ થઇ. મમાઇને જનમથીજ ડાકટરને નામની જબરી સુગ હતી. ડાકટરનું નામ દીધું કે બસ છછણીજ પડે પણ આજે તે કંઇ જવા વગર ચાલે?

"પેલી મડમ ડાકટર બેઠેલી છે તેની પાસે તમે જઇ આવો ને હું બીજા ડાકટરને માહારી નાડ દેખાડી આઉંચ," મેં મમાઇને કહ્યું.

"શું બોલ્યો?" મમાઇએ બુમ પાડી. "ડાકટર શું ને ફાકટર શું? મહને શું ધારે ખાધીચ કે તુ મને ડાકટર આગળ મોકલેચ? તારે ગમે તો તું જા, હું મરતાંબી જવાની નથી."



પેલી મડમેઓ ઘણાં હેતથી હમોને "ગુડ બાય" કીધી અને તેનાં પોરયાંઓ તો બસ આનીને વળગીજ પડ્યાં. (પા. ૧૬૭)



"ટેંકયુ વેરી મોચ ફોર ઝી ઇનફોરમેશયો; ઝીસ ઇઝ મેંઇન કારન", એમ બોલી પોતાનો કાર્ડ મને આપ્યો. (પા. ૧૬૬)

આએ વળી નવી પીડા કેમ પતશે ? બધાંએ સમજાવ્યાં કે એ તો અમથી નામની તપાસ છે અને સરકારનો હુકમ છે કે ડાકટરની તપાસ વગર કોઇથીબી સ્ટીમરમાં જઇ શકાય નહી.

"હું સરકોબી જાણુતી ને તારીબી નહી. જો નસલી હું તુને કહી મુકુંચ કે પેલી હાડપીંજર દાકણુની પાસે હું કદી નથી જવાની," મમાઇ જીતે પડ્યાં.

હું તો એવણુને સમજાવતાં પાણી પાણી થઇ ગયો. કોનસ્ટેબલ નીચેથી બુમો પાડે ને મમાઇ તો જરા સયરે વસરે નહી. જ્યારે મેં ઘણાંજ કાલાવાલા કીધા ત્યારે કેહેજે કપટાનને બોલાવી લાવ ને જો કપટાન કેહેશે તો જવશ. કપટાનને ભાઇ બાપા કરી તેડી લોગ્યો ને તેનેબી ભાર મુકીને કહ્યું કે ડાકટર પાસે તો જરૂરજ જવું જોઇએ, નહીતો પોતાની સ્ટીમરમાં એવણુને લઇ જઇ શકશે નહી.

"અરે વારે વા," મમાઇ બોલ્યાં, "તુમ તો મુવા અમેરા બોત અછા બેટા હોયા હં. તુમેરી માયકુ ડાકટર પાસે મરવા મોકલતા કે ! તુમેરા જેવા દીકરા મુવા મારી પરથી ઓવારયા."

મમાઇએ કબુલ કીધું હતુ કે કપટાન કેહેશે તો જવશ તેથી ફડફડી ચટકી ડાકટર પાસે ગયાં અને કમ્મરે હાથ દઈ તેને ટગર ટગર જોઈ બોલ્યાં, "ઓ તું ધરી પરેરે મને તપાસતી ! મુઇ તુમજ ખહીકી ભરેલી છે તો તુમ ક્યા તપાસતાતા ? લાવની તુમેરી તપાસ હુંજ લઉં."

તે ગોવેગરી ડાકટર તો ઘણીજ છોડાઇ.

"મુઇ મુઇ કરકે કાયકુ હમકુ ગાલી દેતા !" તે છછણી બોલી.

"તો મુઇકુ કીયા ગાલી દેયા !" મમાઇએ ઠંડે કલેજે જવાબ દીધો, "મુઇ કહ્યું તેમાં ક્યા ગાલી આયા ? એમ તો મેરા જીભરાયા નસલી દીકરાકુ દાહરામાં દોઢસોવાર મુવા કેહેતા તે ક્યા મરી ગયા ? એ તો મરે

સો વરસ જીવેગા ને તુમેરા જી લઇને જીવેગા. જો વાહાલાં ખાઇ મહને તતરાવા આવીચ તે. ચોટલાબરીની જીભ ધરકર ખેંચી કાહારેગા."

લેવો, મમાઇએ તો કંઈ ગાળો દીધીજ નહી. પેલી ગોવેગરીનેજ નહી પણુ તેના વાહાલાંઓનેબી ચોપડી કાહાડી! એટલે મને લાગ્યું કે આજે કંઇ કોલંબો જવા ઉપડી શકાય નહી. તેટલાં પાહાલું પેંડાએ સારી અકકલ વાપડીને મમાઇની પછવાડે ઉભો રહી પોતાના કપાળ પર આંગળી કરી ડાકટરનીને ઇશારતથી કહ્યું કે "બુઢાં ચકાસેલાં છે તેથી તારે કંઈ મનમાં લાવવું નહી," ને મેંબી ડોકું ધુણાવ્યું એટલે પેલી જરા ઠંડી પડી ને મમાઇને ફુસલાવીને નાડ જોવડાવીને મેં ગોવેગરી પાસે માફ માગી ને પાછાં હમો સ્ટીમરપર આવ્યાં.

હવે સ્ટીમર ચાલવા માંડીને બંદરપર બધી રડારડ થઇ રહી.

"ઓ અમબઇ હમાલજે જો," દીની બોલી, "દયરો તુફાની ઓએ તો ઉતરીજ પયરજે જો."

અરે અફસોસ! કેવા બીચારીના અકકલના વાંધા હતા. જાણે સ્ટીમર કાંઠે કાંઠે ચાલવાની હોયની તેમ બીચારીએ ભમરડો ઘુમાવ્યો. નજી, જાઇ, પાહાલો, ગુસ્તાદ વીગેરે બધાં જણાં જાતજાતની શીખાંમણો દે, તે બધું સાંભળતાં સાંભળતાં માહારા તો નાકમાં દમ આવ્યો. તેટલા પાહાલાની બાંગ સંભળાઇ "અરે ઓ ડોહી, રહતામાંજ જેબી પોહતનો પેલ્લો થાંબલો આવે કની તેમાં એકુ કયાત જરૂરથા જરૂર લાખજે. જો ભુલતી રખે હો?"

શું એ ગામડયાંઓનું અણુઘડપણું હશે? જાણે એના બાપ બપાવાએ ભર દરીયામાં પોસ્ટનો થાંબલો ઉભો કીધો હોયની તેવી એ અગરગચ્ચાએ વાત કીધી. મમાઇએબી બધાંને રડતાં જોઈ ખુબ છોડયું, અને શું એક દેશવટો ભોગવવા જતાં હોય તેમ ડુસકે ડુસકે રડયાં. બધાં લોક હમારો રકાસ જોઇને હસે અને આપરા દેશના સાહેબ મડમો તો ટીચકું ચહડાવી હમો આગળથી ચાલીજ ગયાં. જયાં સુધી હમારી સ્ટીમર



તેટલાં પાહાલ્ પેંડાએ સારી અક્કલ વાપરીને મમાજીની પછવાડે ઉભો રહી પોતાના કપાળપર આંગળી કરી



"અરે ઓ અમબાઈ આવજે ઓ ઓ ઓ" (પા. ૩૯)

કીનારાની નજદીક હતી ત્યાં સુધી "અરે ઓ અમબધ આવકે ઓ ઓ ઓ ઓ" ના અવાજો હમારે કાને આવ્યાજ કીધા, અને ગુસ્તાદ ગેંડાએ સાથે દીલ લુછનું લેઇ આવેલો તે ઉડારીયા કીધું. આખરે હમો જ્યારે ગોદીમાંથી બહાર પડયાં ત્યારે માહારા જીવને કરાર થયો. ગમાઇ તો ખરેખર કોલંબો ચાલ્યાં, પણ મુસાફરી પુરી થયા પછી મને લાગ્યું કે દીની ડેરકીએ મારે માટે જે બતંબેની આગાહી કીધેલી તે ખરીજ પડી જો !

પ્રકરણ ૪ થું

મુસાફરીની શરૂઆત.

હમારી સ્ટીમરે જેવું પ્રીન્સેસ ડૉક છોડયું કે મમાઇ પોતાની કેબીનમાં દોડયાં. મેં પેહેલ્લેથીજ એવણુની કેબીન બતાવી રાખેલીને મનપર ખાસ ઠસાવેલું કે કદીબી કોઇની કેબીનમાં ચાલી ના જતાં નહી તો ઘણુંજ ખોટું લાગશે, પણ મુવાંને સુધલોજ કયાં ? પોતાની કેબીન ભુલી જઇ કોઈ જરમનની કેબીનમાં ઘુસી ગયાં ને તે તો જીવે જીવ કાહાડે. "ઓ વાય મરે," મમાઇએ તેને ઉલટો દમ કરી કહ્યું, "તુમ કંઇ મુવા મને ચોરબોર સમજતા કે ? હમતો તુમારા માય મમાઇ જેવા લાગતા." સમજાવી પટાવી ત્યાંથી બહાર કાહાડયાં ને જરમન સાહેબની માફ માગી તેવણુને ઠંડા પાડયા. સમજુ આદમીં હતા એટલે હસીને માફ કબુલ કીધી. પછી મેં બહાર આવી ડોસાંને ખુબ ખખરાવ્યાં કે "જો ફરીથી એમ કરશો તો તમુને જરૂર દંડ થશે." પણ ખરેખર બીચારાં એવણબી શું કરે ? મેં ધમકાવ્યાં ત્યારે મને બીચારાંની દયાબી લાગી કારણજે બધીજ કેબીન એકસરખી, જો કે ઉપર નંબર જુદા, પણ મમાઇ નંબર વાંચતાં ડોસાં થયાં. એમ તો હું શીખેલો ભણેલો ને નંબરબી પરપર વાંચતાં આવડે તોબી બીજે દીને મારી પાસેની કેબીનમાં ઘુસી ગયો. ત્યાં કોઇ ફ્રેંચ બાઇ રેહેતી હતી, અને ભોગ ચોલ્લડયે તે ડ્રેસ કરતી હતી એટલે મહને જોઇને તે તો બેહોશ થઇ ગઈ. મારે તો બરડે પાણી ઉતર્યું તેથી "પારડોં માદામ, ઓકુ પારડોં," કરતો બહાર નાહાઠો. સારૂંજ થયું કે તેનો માટી મુવો તે વખતે ત્યાં નહી હતો, નહી તો મહને ગલચીમાંથીજ પકડતે. પણ તે બાઇએ ત્યાર પછીથી પોતાના ધણી આગળ મારી રાત્ર કીધેલી લાગતી હતી કારણ જે તેવણુ આપરીપર ઘણુંજ ખફા લાગતા હતા. એ મુવાં બઇરાંઓના પેટમાં તે કંઈ વાત રહેબી ? તે ધણી થતાની,

લાંબી મુછને લાલ મોહોડું જોઇને મહનેબી એવી તો બીહીક પેસી ગયલી કે હું તેની અરાસેબી જતો હતો નહી.

મમાઇને આખરે હું તેવણુની કેબીનમાં પોહોંચાડી પાછો ડેક પર ગયો તેવાંજ જરાવારમાં મમાઈ હાથમાં એક કોપર બ્રાસની કઠલીને દોરી લઇને ડેક પર આવ્યાં. તે જોઈ હું મનમાંજ બબડયો કે વળી કંઈ નવો રકાસ જોવાનો છે.

"મમાઈજી," મેં પુછયું, "બા શુ કરોચ?"

"ઓવાય," મમાઈ બોલ્યાં, "વળી શું કરે? કસતી પાયજા. તમે તો જંગલા એટલે તમુને તો એવાની સુગ. કોણ જાણે કેઇ જહાનમમાં તાહારો તો થાગ લાગશે."

મમાઇને તપી ગયલાં જોઈ આપરે તો અસમખારા કરી ગયા અને બાજુએ ઉભા રહી મુંગા મુંગા નાટક જોયા કીધો. મમાઇએ પેહેલે નારીયેળ, સાકર, ફુલ વીગેરે દરયામાં હોમાવ્યું અને નમી નમીને પગે પડયાં, પછી કઠલીને રસી બાંધી દરીયામાં ઉતારી પણ રસી ટુકી પડી એટલે ફફડીને પાછી ઉપર ખેંચી લીધી. બધાં રકાસ જોયા કરે ને આપરેબી જાણે મમાઇને બીલકુલ ઓળખતા નહી હોઇએ તેમ પાટલુનના ગજવામાં હાથ નાખી તાપમાં ઉભા રહ્યા. મમાઈ તુરત કેબીનમાં દોડયાં ને એક પતલી રસી લઈ બીજી જાડી સાથે બાંધી પાછી કઠલી દરીયામાં હોમાવી તોબી મુવાંને ટીંગાનું પડયું એટલે માહારા તો હોસ કોસ ઉડી ગયા.

"મમાઇ, કાંઇ જુરી જુરી ભરાવવાના થયાંચ વારૂં," મેં બુમ પાડી, "લાવોની હું તમને જેટલું જોઇએ તેટલું દરીયાનું પાણી મંગાવી આપું."

"ઓ તો તો," મમાઇએ ટણુકો કીધો, "સાહેબ દરીયાનું પાણી મંગાવી આપવા આયાચ? બા દરંદને હાથનું તમો નાકટાઇ કાલરવાલાનેજ ચાલે, પણ હમો અભણોને નહી ખપે."

આપણેબી ચાટ પડી ગયા એટલે પાછા મુંગા ઉભા. મમાઇએ પાછી કડલી દરીયામાં નાખીને ખેંચી, આખરે પાણી ભરાયું ખરૂં, પણ ઉપર વેર ખેંચે તેટલાં એક પવનનો સપાટો આવ્યો કે જેથી તે ઉપરની પતલી દોરી તુટી ગઇ અને કડલી દરયાના પેટામાં ગરક થઇ.

"ઓ કોઈ આવોરે," મમાઇએ બુમ પાડી કીલ્યાંણ કરી મુક્યું, "ઓ નસલી દીકરા, દોડરે જરા ઇસ્ટીમર ઉભી રાખવા કહે તો. માહરી સુન્ના મોહર જેવી કડલી જશે તો મારો જીવજ કાહાડી નાખશ જો."

અરરર! હવે શું કરૂં! મેં તણાઇ તણાઇને જોયું પણ કડલીનો પત્તો કયાંથી મળે? તે તો પાણીથી ભરાયલી હતી એટલે તુરતજ ડુબી ગઇ.

"સુવરની કાની મુવો જોયા શું કરેચ?" મમાઇ ચીરડાઇ બોલ્યાં, "એકદમ દોડ ને કપટાનને કેહે કે ઇસ્ટીમર જરા પાછી ફેરવે નેં કોઇને બે પાંચ પઇસા આપીને દરીયામાં ઉતરાવે."

વાહ! એવણેબી શું નરમ ઘી જેવી વાત કીધી? આપણે તો ચોખ્ખો જવાબ આપ્યો કે હવે કંઇજ થઇ શકશે નહી ને કડલી તો હવે સદા-નીજ ગઇ.

"અરે મરેરે, આય ઉખરા જેવાને સાથે લઇ આવી કે કામ લાગે. જા, જા, સાડી ચીતલ પેહેડીને બેસી રેહ. મરેરે મરે, મારી સુન્ના મોહર જેવી કડલી ઉતીજો. મારાં પેહેલ્લે સાસરેથી વાસણ થયલાં તેમાં એ આવેલી. બીજાં બધાં વાસણોનો તો દારવાટલો થઇ ગયો, પણ એક આયજ સાચવી સાચવીને મેં રાખેલી તેબી આજે ચાલી ગઇ.

"ધોરીઇઇરેએએ" મમાઇ તો મુવાં કુટવા લાગ્યાં અને અપસગન થયા તેથી બકવા લાગ્યાં કે કોલંબે જાય તેની અગાઉ સ્ટીમર જરૂર ડુબી જશે અને મોટે મોટે ફોક મુકી રડવા લાગ્યાં. બધાં પુછે કે શું થયું? જેવો નહી જાણુતાં હતાં તેવોને મેં ઉડાવ્યાં કે સગાં વાહાલાંઓને પાછળ છોડી આવ્યાં તેથી એવણુને ઘણુંજ લાગી આવ્યું છે. એક.



"ઓ કોઇ આવો રે," મમાઇએ બુમ પાડી કીલ્યાંણ કરી મુકયું, "ઓ નસલી દીકરા, દોડરે, જરા ઇસ્ટીમર ઉભી રાખવા કહે તો. માહરી સુન્ના મોહર જેવી કહલી જશે તો મારો જીવજ કાહાડી નાખશ જો."

(પા. ૪૨)

કહલીને માટે રડેચ એમ કહું તો ઉલટી મારી હસી થાય. પછી એવ-ણુને જેમ તેમ સમજાવી પટાવી કેબીનમાં લઇ ગયો અને ઠંડા પાણી. તુરત માહરેજ હાથે પાણી કાહાડી લઇ આવ્યો અને કસ્તી કરાવી, અને મેં બી સાથે સાથે ઘણે દીવસે કીધા, જેથી એવણુ જરા ખુશી થયાં. પણ બા અરધા કલાકમાં આટલો રકાસ થયો તો ચાર દાહાડામાં કોણુ જાણે કેટલો? આ દાખલાનો જવાબ, પ્રીય વાંચનાર, આ હેવાલની આખેરીએ સંપુર્ણ મળશે.

૬ વાગી ગયા અને ૭ વાગે ખાવાનો વખત હતો એટલે મેં મમા-ઇને કહ્યું કે જલદી તૈયાર થાઓ.

“ ઓવાય, નસલી, ” મમાઇ બોલ્યાં, “ સાત વાગામાં જમવાનું શું બરયુંચ? કપટાનને કેહે કે આઠ વાગે ભોણું કહરાવે. ”

“ અરે નહીરે મમાઇ, એમ કંઇ બને નહી, અહીંયાં તો બસ ચોકકસ વખતેજ બધાને સામટું ખાવાનું, ને તે વખતે જો તમો નહી જાઓ તો પછી ભોણું મળે નહી, ” મેં સમજાવ્યું.

મમાઇને ગળે એ કાયદો કંઇ ઉતરયો નહીં, તોબી ભોણું જાય ને ભુખે ઠોકાય તે કંઇ પરવડે? તેથી તુરત તૈયાર થવા ગયાં. હવે મમા-ઇને ઘડી ઘડી કામ પડશે એમ ધારી મેં સ્ટૂવરડેસને બોલાવી. મમાઇ સાથ ઓળખાણુ કરાવી. મુઇ ગોરી ગોરીને ઘણીજ સોહામણી પોરી હતી જો! મમાઇબી જોઇને ઘણુાંજ ખુશી થઇ ગયાં ને મહને કેહેવા લાગ્યાં કે “ નસલી, આએ મડમ કેવી મજેહની છે! મુવાં પેલાં બીજાં મડમો જેવી ટીચકું જરાબી નથી લાગતી. ” પછી પેલી “ મેડ ”ની તરફ ફરી તેને પુછયું કે “ ઢીકરી તુમ કીદર જાવાવાલી? ” પણુ મમા-ઇની મેં તુરત ભુલ ભાંજી કે આ છોકરી કંઇ પેસેનજર નથી પણ સ્ટીમર પરના બઇરાંઓની સગવડને માટે એ નોકર રાખેલી છે. આ સાંભળતાં મમાઇની તો છાતીજ બેસી ગઇ. “ ઓ વાય, મરે આ શાં કોતક! આપણાં દેશમાં તો ગોરાંઓને મનસે આપણે ચાકર

નપ્રર, અને અહીંયાં તો તદન ઉલટોજ મામલો છે. એખી મરે કળ-જુગની જ વાત તો!" "અરે અહીંયાં તો આપણાં બધાંજ નોકરો ગોરાં ગોરાં છે મમાઇ," મેં કહ્યું, "તમારો ઘોબીખી જાંગલો હશે, જાંગલો" મમાઇએ તો ડોળા ફાડી જોયાજ કીધું. "મેડ"બી હસી હસી ડોકયાં કરે. કેહું કેપટને એનેબી કહી રાખેલું કે મમાઇની બરાબર આગતા સ્વાગતા કરે, તેથી જ્યારે મે ઓળખાંણુ કરાવી ત્યારે "મેડ" એક પગવાંકો કરી નમ્યા કરે. તે જોઇ મમાઇ બોલ્યાં કે "મરે બીચારી ખોડી છે જો. કેવી સોહામણી પુતલી ને બીચારીમાં એકજ ખોડ!" મને પોતાનેબી તે વખતે સમજ નહી પડી કે એ શા માટે જરાં જરામાં પેંગી થતી હશે, પછી ખબર કાહાડતાં માલમ પડયું કે એ તો મમાઇને "કરટસી" કરતી હતી. આપણે રાજવંશીમાં ફરેલા ઘણાં, એટલે બલા જાણે કે એ "કરટસી" શું હશે તે! પહેલાંથી જ મેં તો એ "મેડ"ને ભણાવી રાખેલી કે મારાં મમાઇની બરાબર બરદાસ્ત કરજે અને કંઇબી ઘોંટાળો કરે તો મનમાં કંઇ લાવતી ના, ને તેજ વખતે એક નાહાનો સોનાનો સીકકો હથેલીમાં મુકેલો, એટલે ઘણીજ રાજી રાજી થઇ ગઇ. ખરેખર જાણે પરસ્તાનની પરી! જ્યારે એવીઓ જો નોકરડી હોય તો વેલાતના મોટે ઘેરના ગોરાં બઇરાંઓ કેવાંએક હશે? અરે નસલી, નસલી, તારા બાપદાદાઓએ એવાં તે શું પાપ કીધાં હશે કે તારો ભવ બધો સુંવાલી જેવાં કંગાળ અને અણુઘડ ગામડાંમાં કાહાડવો પડે છે!

૬ વાગા કે બતીઓ થઇ અને એક રાજાનો મેહેલ દીપે તેમ હમારી સ્ટીમર દીપી નીકળી. મમાઇ તો જોયાજ કર કે આય શું જાદુ થયું!

"બાવા આય બધી લેંઇટ કોણુ કરી ગીયું?" મમાઇ પુછવા લાગ્યાં. "મરે કેવા ચપલ નોકરો હોશે કે બોલબોલતાંમાં તો આખી ઇસ્ટીમરપર રોશની કીધી. ખરેખર એનું નામ તે નોકર."

"અરે નહી રે મમાઇ, એ લાઇટ કંઇ નોકરોએ નથી કીધી," મેં હસીને સમજાવ્યું, "એ તો વીજળીની રોશની છે, એટલે એમ કે એક ચાવી ફેરવે કે બધે સામટી લાઇટ થાય. આવો હું તમને દેખાડું" એમ કહી એવણનીજ કેબીનમાં હું લઇ ગયો અને એક બટન ડાબ્યું કે ત્યાં ફકકડ લાઇત થઇ. મમાઇ તો ડધાઇને જોયા જ કરે. "મરે મારા આદરજીને બેહેસ તે તેવણ મને એક દહાડો મમબઇ નાટક દેખારવા લઇ ગયલા," મમાઇ બોલ્યાં, "મને યાદ તો બરાબર નથી પણ તેનું નામ કંઇ અલીમહમદ કે બાલીબાબા એવુંજ કંઇ ઉતું. તેમાં એવુંજ કંઇ જાદુ થતું તું. પણ એમ આંખના પલકારામાં પરેસતાન બની જાય તે તો મેં આજેજ જોયું જો. સારૂં થયું દીકરા, કે આપરે ઇસ્ટીમરમાંજ આર્યા. ખરેખર મરે જીવર્યાં કરતાં જોયલું ભલું જો. અરે પણ બાવા આએ શું," કરી મમાઇએ બાજુનું બીજું બટન ડાબ્યું. "અરરર મમાઇ રહેવા દેઓ, એ તો નોકરોને બોલાવવાના હોય ત્યારેજ ડાબવાનું." હજીતો એમ બોલુંચ તેટલા તો "ગારસોં" આવીને ઉભોબી. મેં તેને સમજાવ્યું કે બા ભુલ થઇચ તુ પાછો જા. મમાઇ તો હેબતાઇજ ગયાં! અને નવું નવું લાગું તે બતી કરે ને બુજવે. મેં તો ધારયું કે બટન જરૂર ઢીલું કરી નાખવાના પણ એવણબી એવી બાબદમાં બચ્ચાં જેવાં બચ્ચાં અને વલી મગજનું બતનબી જરા ઢીલું પડેલું એટલે રમકડાં સાથે રમવાજ દીધાં. સારૂં થયું કે બન્ને બટનોનો ભેદ મમાઇને બતાવી દીધો, નહી તો કદી જાંણતેજ નહી ને છબરડા કરયાજ કરતે.

બરાબર સાડા છ વાગે ખાવાનો ગૉંગ વાગ્યો, તે સાંભળી મમાઇ મને પુછવા લાગ્યાં કે "જોની દીકરા નસલી, એ ઠારી શાની પીટઇ મરેચ? વરી કોઇ મરી બરી ગીયું કે?" મમાઇ તો હજી એમજ સમજેચ કે એવણ સુંવાલીમાંજ છે. મેં હસીને સમજાવ્યું કે એમ જ્યારે ઘંટ વાગે ત્યારે જાંણવું કે ખાવાને હજી અરધો કલાક છે. "તે મરે બરધો

કલાક અગાઉથી જઇને ટેબલ પર તપવાનું કે ?" મમાઇએ પુછયું. "અરે નહીંરે મમાઇ," મેં કહ્યું, "એમ ઘંટ વાગે ત્યારે લોકો તૈયાર થવા જાય, તેથી હવે તમેબી મોહોડું હાથ ધોઇ તૈઆર થાઓ. ઘણો ભપકો કરજોજો મમાઇ," મેં હસીને ઉમેરયું. તેટલાતો સ્ટુવર્ડ દોડતો કે આયો અને મહને કહ્યું કે જમવાની ટેબલપર મમાઇ કેપટાનના જમણાં હાથપર બેસશે. વાહ ! શું હમુનેબી માન છે ? ખરેખર કેપટન તો એક હીરોજ નીકલ્યો જો. મેં મમાઇને કહ્યું કે "તમુને કેપટન મોટું માન આપવાનો છે ને પોતાની પાસેનીજ ખુરસી પર તમને જગ્યા આપશે તેથી તમારી સઉથી કીમતી સાડી પેહેડજો કે બધાં લોક જોયાજ કરે, ને હુંબી હવે ડ્રેસ કરવા જાંઉંચ." એમ બોલી હું મારી કેબીનમાં ગયો. માહારા મુંબાઇના દોસ્તોએ મહને કહેલું કે સ્ટીમરપર અંગ્રેજી કપડાંજ પેહડજે તોજ તુંને માન મળશેં, નહીતો ભાચાજીની કાની ફરશે તો ધપ્પા ખાઇ આંધળો બનશે.

હવે માહરાં મમાઇને અંગ્રેજી કપડાંને નામની ઘણીજ સુગ હતી. તડકાંમાંબી કોઇ વખત હું સોલાહૅટ પેહેડી જાંઉં તો ચીરડાઇ જાય, તોબી મમાઇની છુપીથી મેં એક અંગ્રેજી ડ્રેસ સુટ વાહીટવેને ત્યાં સીવડાવી લીધેલો કે સ્ટીમરપર ભપકો કરવા કામ લાગે. આપણેબી તેજ લટકાવ્યો ને ધાર્યું કે તે પેહેડીને જો છેલ્લી ઘડીએ મમાઇ પાસે જવશ તો એવણ કાંઇ બોલશે નહી. ઘણું થશે તો જરા ચીરડાશે. પણ એવણના એવાં ચીરડાવાની આપણને શું નવાઇ ! એટલે આપણે તો તેજ લટકાવ્યો. ઘડી ઘડી આરસી આગળ જઇ જોયા કરૂં ને મનમાં મલકાયા કરૂં કે આજે હું કેવો એસકી જાંગલો લાગુંચ ! સેંટોબી ફાંકડો પાડેલો, અને મુછના આંકડા તો જાંણે સોય નંબર વન ! પોમેટમબી ખુબ ચોપડેલું અને રૂમાલ પર કોલનવાટરની તો અરધી અરધ બાટલી હોમાવી દીધેલી. ભપકો સપકો કરી ખુબ મધમધતા થઇ આપણે તો મમાઈ પાસે ગયા અને બાહારથીજ બારણું ઠોકી

જાંણે કોઇ પારકો આદમી હોય તેમ અવાજ બદલી "બોંસવા માડામ" કરી બોલ્યો.

"એ મુવો કપડાં બદલતી વખત કોણ નફ્ફટ ને બેઅદબ જેવો આવી ઉભોચ," મમાઇએ બુમ પાડી. રખે મમાઇ ધભરાઇ જઇ કીલ્યાન કરી મુકે તેથી હું જ મલકાતો છલકાતો અંદર ગયો અને કમ્મરે હાથ દઇ તેવણુની સામે ઉભો. મને જોઇ મમાઈ બેસીજ ગયાં.

"તારી મકદુર શું કે ઉઘાડે માથે આવી તારી મમાઇની સામે ઉભો રેહે?" મમાઇ બખાળ્યાં." જો એવો ધેરીયાઓનો ડરેસ પેહેરવો હોય તો માહારા ઓરડામાં પગ ના મુકતો, મુવાના ગુરે ગુરા ભાંગી નાખશ !"

"અરે પણ મમાઇ–" પણ મમાઈ મુવાં મને બોલવા શાનાં દે?

"જોરે ગોતી નીકરયા," પાછાં મને ખાઇજ ગયાં, "ખાવાની ટેબલ-પર તારો રકાસ કરવાનો હોય તો ફરંગ ગોટલો બનીને આવજે. પછી વરી એમ ના કેહેતો કે મમાઇએ મારી હસી કરાવી. મુંગા મુગા જાવો ને શાન સોભતના થઇને આપરાં બાપદાદાના કપડાં પેહેરી આવો અને ટોપીબી નીચે વેર ડાબીને પેહેરજો-સમજ્યા કે નસવાનજીશેઠ."

આપણેબી જોયું કે વધારે તકરાર કરવામાં ફાયદો નથી અને બોહોંસ કરશું તો જમવાની ટેબલપર ફેસતો કરશે તેથી મુંડી નીચી કરી કપડાં બદલી નાખવા ગયો. તેટલાં તો ખાંણુંનો ઘંટ વાગ્યો એટલે દોડા દોડી કરવી પડી. બે વખત સ્ટુવર્ડ કેહેવા આવ્યો કે કેપટન બોટી થાયચ. માહારા તો મુછના આંકડાબી પડી ગયા ને સેંટોબી સાફ થઇ ગયો. મમાઇને સેસ ભરતો તેવણુની કેબીનમાં ગયો તો ડોસાં તો મુવાં ખુબ ઠઠેરો કરીને બેઠલાં.

"ઓ મારો પંચાતનો શેઠયો આયો જો," મમાઇ ઓવરણાં લઇ બોલ્યાં, "જો હવે કેવો મજેનો લાગેચ! કોઇબી બઇરી આપવા હવે ખુશી થાય."

છેટ નોનસન્સ! વળી પાછી બ્હેરીની નજીસ વાત આવી! આપણે તો જરા ઘુખરાયલાજ રહ્યા. મમાઇએબી ભપકો જબરો કીધેલો જો. એવણુ નાહની ઉમરે ઘણુંાજ શોભઇતાં હશે, તેથી આ મોટી ઉમ્મરેબી કોરી કકડતી કાંદાભાતી સાડીમાં ઘણાંજ સોહામણાં લાગતાં હતાં.

ડાઇનીંગ સલુનના દરવાજા આગળ કેપટન સાહેબ ઉભેલા હતા તેવણુ જરા ખફા દીસતા હતા કારણુ કે હમો પાંચ મીનીટ લેટ હતાં, ને બધાં બેસી રહેલાં. તોબી કેપટન તો માહારાં મમાઇ (પોતાનાં કરી લીધેલાં માય) ને જોઈ હસ્યો અને એવણુનો ભપકો જોઇને તો ખુબ હરખાઇ ગયો.


મેં મમાઇને શીખવી રાખેલાં કે ત્યાં જતાં ને વાર કેપટનને સાહેબજી કરજો તેથી દપ દેતું કે ગજવાંમાંથી પેલું લીસ્ટ કાહાડી "ભોંસવા ભોંસ્યું, ભોંસવા ભોંસ્યું," બોલતાં જાય ને પેટ પકડી હસતાં જાય.

"મરે હવે તો વધારે નહી ભોંસાતું જો નસલી," મમાઇ બોલ્યાં. કપટાનતો કોડું જોયા કરે તોબી તુરત પોતાનો હાથ મમાઇને ઑફર કીધો. પણુ મમાઈની જાંણે બલા. તે ચીરડાઇને મહને કેહેવા લાગ્યાં કે "નસલી જોરે, હવે તો એ મુવો છેકજ બેઅદબ થતો જાયચ." પછી કેપટન તરફ ફરી બોલ્યાં, "અમતો તમુને ઘરસ આદમી સમજતાતા પણુ મુવા તુમ તો હવે છેકજ ફાસ જાતા જો."

હું તુરત મમાઇની પાસે ગયો ને તેવણુના કાનમાં કહ્યું કે "એ તો તમારો હાથ પોતાની બગલમાં માગેચ. ઈંગ્રેજોમાં ખાવાની ટેબલ પર જતી વખતે એમ કરવાનો રીવાજ છે."

"એની બગલમાં મારો હાથ!" મમાઇએ બાંગ પાડી, "શું તું કંઇ ચરી બરી ગીચોચ કે ? એવા મુવા બેઅદબને તો હું માઇ ખાસડુંબી નહી આપું, ખાસડું."

ચાલો, અંગ્રેજી સ્ટીમરપર સુખ જોવા આયા! કપટાન બધું ચેતી ગયો તેથી અદબવારી ઉભો ને મમાઇને ઇશારત કીધી કે તમે પેહેલ્લે



દાખલ થાય. માકૂબી ઘણુંજ પાકી ગયલું તે મેં પછવાડેથી મમાઇને સેહેજ ધક્કો મારી કહ્યું, "ડોસાં હવે તો ગગરો, બધાં તમારે લીધે ખોટી થાયચ અને ઘણું જ ખરાબ લાગેચ," ત્યારે મમાઇ ખસર ખસર કરતાં અંદર ગયાં અને ભટ દઇને કપટાનનીજ ખુરસીપર બેસી ગયાં. બધાં મુછમાં હસવા લાગ્યાં ને મારે બરડે તો અત્યારથીજ કીશ્ણા, જમના ને કાવેરીની નદીઓ વેહેવા લાગી! સ્ટુવર્ડે આવી મમાઇને તેવણુની ખુરસી દેખાડી ને મેંબી ઇશારત કીધી ત્યારે મુવાં પોતાની ખુરસીમાં જઇ ગગડયાં.

હવે કોણ કોણ સ્ટીમરમાં છે તેની મેં તપાસ લેવાની શરૂ કીધી. બે મોટી ટેબલો મંડાયલી. હમારી ટેબલની બરાબર વચમાં કપટાન સાહેબ બેઠેલા અને તેવણુના જમના હાથપર, બેહેસ્તી આદરજી ઉકકરજી સુમારીવાળાના વીધવા, બાઇ હમબાઇજી, બીરાજેલાં હતાં. તેવણુની પાસે એક જરમન બાઇ બેઠી હતી અને તેની પાસે તેણીનો ધણી હતો. મને તો પહેલ્લે તે લોક માય દીકરા જેવાં લાગાં, પણ પછી માલમ પડયું કે તેવો તો મી૦ અને મીસીસ હતાં. એ કોનટીનેનટલ લોકોમાં કેટું માય અને બઇરીની ઉમ્મર ઘણી વખત એક સરખી આવે છે. એ તો બા જેવો જેનો ટેસ્ટ! તે જરમન બાઇ એટલી તો જાડી હતી કે મને અજાયબી લાગી કે ખુરસીમાં કેમ સમાઇ હશે? તેની મોહકાણે એની પાસેની થોડીક જગા ખાલી રાખવી પડેલી. તેના તોટા તો ગણતાં ગણાય નહી; એક એક પર જાંણે જેલીના પફના પડ હોય તેમ ઝુંલી પડેલા અને એટલા તો લબડતા હતા કે થોડા વખતમા પાટાએ બાંધવા પડશે એમ મને લાગું. બાધરીબી આંગ પ્રમાણે ઘણી હતી ને પીવેબી બાહાદર!

"મરે મને કોણ પાસે બેસાડી? મુઇ તો જાંણે હાથ્થીનું બચ્ચું!" મમાઇ બોલ્યાં.

સારૂંજ થયું કે ત્યાં કોઇ ગુજરાતી સમજતું હતું નહી. જ્યારે તે બાઇએ લાલ દારૂની બાટલી મંગાવી ત્યારે તો મમાઇ જબરાં ચોંકયાં.

"ઓ મરેરે, મુછતો તદનજ છાકટ દેખું. હું તો એ ડાકણુ પાસે કદીબી બેસું નહી." જેમ તેમ સમજાવી પટાવી બેસાડયાં.

તે બાઇનેબી મમાઈ જરા ભાવ્યાં નહી તેથી બીજેજ દીવસે પોતાના ધણી સાથે જગ્યા અદલ બદલ કીધી. તેવણુના ધણીજી તદન ઉલ-ટીજ કીસમના હતા. જાણે દીવાસલીની સલી! પણ ખાવા પીવામાં તો બઇરીનેબી ટકકર મારેજે! હસમુખોબી ઘણો હતો એટલે મમાઇ-નેબી પસંદ આવ્યો. અંગ્રેજીનું તો બીચારામાં માહારા જેટલુંબી જ્ઞાન નહી, તોબી જરા જરામાં મમાઈ સાથે વાત કરવા જાય અને મમાઈ જયારે જવાબ આપે ત્યારે મહને પુછે કે "વાટ ડી સે?" (એવણ શું કેહેચ?) એકજ આ સવાલ પુછી તે એટલો તો કોઇ વખત મને કંટાલો આપતો હતો કે "તાહારા બાપનું કપાળ" કરી હું બુમ પાડતો.

મમાઇ એક વખત મહને કેહેચ, "મરે જોની, એ તો પોતાની બઇરી કરતાં તો માહારી સાથે વધારે વાત કરેચ, તે એની બઇરીનું તો ગરી ગરી જતું હોશે જો." એવણ મુવાં ૬૦ વરસની ભરતીમાં આર્યા તોબી જુવાન છોકરીની માફક કોઇબી એવણની ખુશામદ કરે તે એવણને ઘણું ગમતું હતું. પણ પેલા જરમનની બઇરીને પોતાના માટીના ભલ દરકાર હતી. તે તો સ્ટીમરનાં બધા આફીસરો સાથે ખુબ ખીખી ખાખા કરતી હતી. તેણી જ્યારે પોતાની જરમન ભાશામાં વાત કરતી હતી ત્યારે એટલું ઝડપથી બોલતી હતી કે મમાઇએ તેને "લાલ તરકી" નો એલકાબ આપ્યો હતો, અને જ્યારેબી તેણી વાત કરે ત્યારે મમાઇ મને કહે કે "જોયું• કે નસલી, વરી પાછી પેલી છાકટ તરકી કલુક કલુક કરેચ તે? એની જીભ છેકે બલા!"

મારી પાસે એક ફ્રેન્ચ બાઇ બેઠેલી હતી. તેવણ ઘણુંજ એસ્કી હતાં. ઉમ્મરબી ઠીકજ હશે, તોબી એવી ક્રફાઇથી બાલ કરતાં હતાં, અને મોહોડાંપર પાઉદર ને રંગના એવા લેપડા લગાડતાં હતાં કે ઉમ્મરમાં ૩૦ થી ૩૫ ના હોય તેવાં લાગતાં હતાં, જોકે

નાખી દેતાં ૫૦ ની ભરતીમાં તો હશેજ. તોબી ઘણીજ ફાંકડી લાગતી હતી. હમારાં સુંવાલીનાં ૪૦ વરસનાબી પરીયાંઓના કોઠાં જો પાંચજ મીનીટ ટગર ટગર જોઇએ તો જરૂર ફીક આવે. ચીમરાઇ ગયલું મોહોડું, બાલ જોઇએ તો સફેદ, આંખ અંદર ચાલી ગયલી અને ઘણાં ખરાં હાડપીંજર જેવાં. ખરેખર મારાંબી શુ નસીબ કે એવાં મકાઇ બાહુઓ સાથે મારા જેવા શોભઇતા જવાનને વસવાટ કરવો પડેચ! બા, ખરૂં કહું તો મને એ ફ્રેંચ બાનું ઘણીજ પસંદ પડી અને આપણે તો મગન મગન થયા કે મને પેલાં સામેના લાલ જરમન ખોરયાં પાસે નહી બેસાડયો. પણ કમનસીબે મારો હરખ ઝાઝો વાર ટકયો નહી, કારણ જે મમાઇએ તરારો મુકયો, "જોરે નસલી, હું તુને પેહેલ્લેથીજ કહી મુકુંચ કે તારી પાસેની ભાભરા ભુતણી સાથે તારે જાજી વાત કરવી નહી, એ આપરે લાયકનું મનીખ દીસતુ નથી." "તે મમાઈ આટલા વારમાં તમે એની પરીક્ષાબી કરી લીધી કે?" મેં આસતેથી પુછ્યુ. "તો શું હરવાયો તું કંઇ આંધરો બાંધરો છે," મમાઇએ બાંગ મારી. "એનો મુઇનો દરેસ તો જરા જો. ચોટલાખરી અરધી તો નાગી આવીચ, ને મોહોનાપરતો મુઇએ એક મન ગલાલ છાંટયુચ! ખબરદાર જો એની સાથે દોસ્તી બોસ્તી બાંધીચ તો, નહીંતો તારોને એનો બેઉનો ફેસ્તો ફજેતો કરી નાંખસ."

ચાલો! જેટલા આપણે હરખાયલા તેટલા હવે તરખાયલા રહ્યા! આપરે તો આ તોપનો ગોલો છુટેલો સાંભળી ચુપચાપ બેસીજ રહ્યા કારણ જે સામે બોલી કંઇ તકરાર કરતે તો મમાઇ છાલછોરાં કાહાડી જ નાખતે. પણ કંઇ નહી, ધીરજ! હજી તો ત્રણ ચાર દાહાડા સ્ટીમર પર કાહાડવાના છે તેટલાં તો મમાઈની અલ્લકસે એ પેરીસની પરી સાથે ઘણી વાત કરશું. પણ હમારી વાતપરથી પેલીબી જાંણે ચેતી ગઈ હોય તેમ લાગતુ હતું, કારણકે મમાઇ સામે તેણીએ એવા તો કકડાવીને ડોલા કાહાડયા કે મમાઇબી થોડીવાર ચુપજ થઇ ગયાં.

પેલી બાઇની પાસે તેણીનો ધણી બેઠો હતો. હવે મેં ઉપર જણાવ્યા પ્રમાણે એની સાથે તો પહેલે દીવસથીજ મને અણબનાવ હતો (કારણ કે એજ આદમીની બાઇરીની કેબીનમાં હું પહેલેજ દીવસે ભુલમાં ઘુસી ગયો હતો) અને દીનપરદીન ઘુરકા ઘુરકી એટલી વધી ગઇ હતી કે મને તો લાગું કે એકાદ દીવસ જરૂર હાથો હાથ થઇ જશું. તે આદમીની પાસે કોઇ બીચારો ઘુખરાયલો જરમન બેઠો હતો. તદન એકલો અટુલો હતો, અને આય ચાર દીનમાં એકબી વખત તેને હસતાં જોયો હોય હતો નહી. મમાઇ કેહ તેમ "મુવાને સહવારના પોહોરમાં જોયો તો આખો દહાડો રડતો બરતોજ જાય." તે કોઇબી સાથે ભેળાતો હતો નહી, અને બઇરાંઓને નામે તો કેથી તેને જબરી સુગ. ડૅકપર આવે ત્યારેબી કપાળે હાથ દઇ હંમેશાં વીચારમાં મશગુલ બેસે. એવા આદમીઓ યાતો મહાન ફીલસુફ હોય અથવા તો પેહેલ્લે નંબરના ઇડીયટ! એમ તો જો કે હુંબી અવાર નવાર વીચારના વમળમાં વીટલાઇ જાંઉં છું તોબી મને તો કોઇ દહાડો કોઇએ ફીલસુફ કહયો નથી. મારા જમણા હાથ ઉપર એક નવજુવાન ઓસ્ત્રીયન જોડું હતું. દુકતો હશે આસર ૨૫) એક વરસનો અને દુકતી ૧૬–૧૭ ની લાગતી હતી, તોબી બેઉ ગોધા જેવાં વધી ગયલાં અને ઘણાં આસુદાં હતાં. બન્ને તવંગર દેખાતાં હતાં કારણકે પુષકલ ભપકો કરતાં હતાં અને મેમસાબની સાથે તેવણુની એક "મેડ" પણ હતી. તુરતનાં પરણેલાં હતાં અને હનીમુન કરવા સારી દુન્યાં ફરવા નીકલેલાં. વરસ દહાડો ફરયાં અને હજી બીજું વરસબી એવીજ દુઃખી હાલતે કાહાડવાના હતાં. જો એવું હનીમુન મને ગુજારવાનું મળે તો હું તો તમો કહો, તેટલી વાર પરણું! નખોદ ગયાં સુંવાલીના લોક હનીમુન કરવા એકજ દહાડો 'હજીરે' જાય, અને તેબી એખલાં. નહી જો! ધણી અને ધણીયાણીનું આખું કુટુંબ કબીલો અને ચાકર નફરો અને મરઘાં બટકાં બધાં સાથે જાય! વાહવાહ! શું આપણા દેશમાંબી હનીમુન ગુજારવાની રીત છે!

અરે નસલી, નસલી, એમ હાયસોસારા કરવામાં કશો ફાયદો નથી. એ તો આ કાળા દેશમાં જનમ્યા એટલે કાળે મોહોડે ફરવાની આપણી સરજતજ હશે !

પેલી ઑસ્ત્રીયન દુકતી ખરેખર ઘણીજ મહજેની હતી જો ! અને પોરયોબી ફાંકડાં કપડાં પેહેડતો હતો તે અતીશય સોહામણો લાગતો હતો. મમાઇબી તેવોપર ફીદા થયલાં.

" મરે, નસલી," પેહેલ્લેજ દીને મમાઇ બોલ્યાં. " બેઉને એક-સરખાં કપડાં પેહેરાવ્યાં હોય તો છોકરો કીયો ને છોકરી કેઇ તે પારખી નહી શકાય જો ! શું ચોટયા જેવો પોરયો છે, મને તો પોરયો ઘણોજ ગમેચ. અખઇ રહ્યો જેનો હોય તેનો જીવતો રહે. પણ બેઉ ચીબાવલાં ઘણાં દીસેચ. "

ચાલો, એબી ઠીક થયું. મમાઇને છોકરો પસંદ પડયો એટલે મેં છોકરીને પસંદે કરદમ કીધી. પણ મારાં ફુટેલાં નસીબ એવાં કે તે છોકરો છોકરી એક પલવારબી એકમેકને વીહીલાં નહી મુકતાં હતાં, ને કાંઇ પ્યાર કરે તેનો તો છેડોજ નહી. અને નફટબી જબરાં ! કોટાકોટી અને ચુમાચુમી કંઇ છુપાઇને નહી કરતાં હતાં જો. ખુશ ખુશાલ બધાંના દેખતાં ! અને જો આપણે શરમાઇ મોહોડું ફેરવ્યે તો ઉલટાં આપણી પરજ હસે ! અરે ખોદા ! પુર્વ અને પશ્ચીમમાં તેં આટલો બધો ફરક કાંય રાખ્યો હશે વારૂં ? સુવાલીમાં તો ધણી ધણીયાણી જો એકમેકની પાંખડી પકડીને ચાલે તો બધી હો હા થઇ જાય અને તે બીચારી છોકરી નાહકની ચુંઠાઇ પીખાઇ જાય. મમા-ઇનુંબી એ બધા ફારસ જોઇ ઘણુંજ ગરી તો જતું હતું પણ નાદાન છે કરી નાખતી કરતાં હતાં. ખાતી વખતબી પેલો પોરયો જરા-જરામાં પેલી પોરીને " મો શેરી, " " મોં પીટીટ " એમ કરયા કરે. મહને સમજ નહી પડે કે એ શું બકી મરેચ, કારણ જે આપણુંબી ફ્રેન્ચ ભાશાનું ગ્નાન મમાઇને આપેલાં લીસ્ટમાંજ સમાઇ રહેલું !

"મરે નસલી," મમાઇ બોલ્યાં, "શેરીને વીસ્કી શાનો પેલો કરેચ? અને એ દુકતી શું પીટીટના ખાનદાનની છે કે !"

"હું શું જાણું મમાઈ," મેં કહ્યું, "કદાચ એ છોકરી આખો વખત બીર પીયા કરેચ તેથી એનો વર એને શેરીની બોહોસ કરતો હશે, અને એ લોકના ગામમાંબી કોઈ પીટીટ હોશેજ તો !"

પેલા કહે તેમ "દોનોકી મીલી જોડી, એક અંધી અઉર દુસરી ખોડી" ! મમાઈ મહને સવાલો પુછે ને જવાબમાં હું વધારેને વધારે આટો બાફું ! !

હમારી ટેબલ પરની ઉપલી ઓળખાંણ પુરી થઈ. હવે જરા પડોસની ટેબલપર નજર ફેંકયે. ત્યાં જોઉંચ તો બધાં આપણા દેશના સાહેબ મડમો ! કેથી એ લોકને આપણીજ સુગ તેથી જુદી ટેબલપર જમવા બેઠેલાં.

"પેલાં મુવાં નીચકાંઓ જોયાં કે, નસલી," મમાઇ જોતાંને વાર બોલ્યાં, "એ ‑વાંઓના ટીચકાંનો તો કંઇ સુમારજ નથી."

સારૂંજ થયુ કે મમાઇ આસ્તેથી બોલ્યાં નહીંતો એ લોકોમાં કોઇ થોડું ઘણુંબી ગુજરાતી સમજે તો હમુને ભારી પડે. જોકે માહરાં મમાઇની ગુજરાતી એવી હતી કે ભલો ગુજરાતી સ્કોલર એવણ આગળ પાણી ભરે. દેશીઓના જેટલી તો સાહેબોને એ કોનટીનેનટલ લોકો તરફ સુગ નહી હોય કારણજે તેવોની ચાંમડીનો રંગ તો એકજ સરખો તેથી પોતાની મેળે તે લોક સાથ તો ભેલાયાં, નહી તો વાત કોણ સાથ કર ? એવી રેંહેંચકાન કોનટીનેનટલ બોટમાં તો કદીબી તેવો મુસાફરી નહી કરતે, પણ શું કરે બા ? પી. એન્ડ ઓ કંપનીના ભાવ આકરા, અને તેમાં વળી આપણો ગરીબડો દેશ એ બીચારાં ગરીબ ગાય જેવાઓને બરાબર પગાર નહી આપે એટલે એમ કરકસર કરવીજ પડેતો. અમુને બન્નેને જોઇને એ લોક જબરા ડોળા કાહાડે અને મેમસાહેબોનો તો બસ જીવજ ગુંગલાઇ જાય. આપણે તો પૃહેલ્લે

થીજ એ બધું નોટીસ કરતા આવેલા અને મમાઇ તો વળી એવી બાબ-દમાં મારાં કરતાંબી ઘણાં વધારે 'ઇનડીપેનડન્ટ.' મેં પહેલાંથીજ મમાઇને સમજાવ્યું હતું કે તે લોકની અરાસે જવું નહી, નહીં તો હડ-ધુત કરશે.

"અરે હારે દીકરા, એ મુવાંઓને તો મારી જુતીએ બાંધ્યાં," મમાઇ બોલ્યાં "જો કોઇ વખત માહરી સાથે વાત કરવા આવશે તો હું તો મારૂં ખાસરૂંજ દેખારશ."

"અરરર, મમાઇ'તમે એમ બેમ ના કરતાં જો." મેં ઘભરાઇને કહ્યું.

"ઓ તો તો", મમાઇ બખાલ્યાં. "મુવાં દેવના ડોકાં આંચાં કુની તે એ લોકને ખાસડું નહી દેખરાવાય. તુંજ જોની કે આપરે આંયાં તારે આએ બધાંઓએ કેવી નમી નમીને સલામ કીધી ને પેલાં સુગા-તરાંઓએ તો મોહોડાંજ ફેરવ્યાં. તું જોજે તો ખરો કે તક મલશે તો હું એવાં મીજાસનાં ખેરીયાંઓને બરાબર સવાદ ચખાડશ !"

અરે નસલી બચ્ચા, હું મનમાંજ બબડયો, રખે એ બેની વચમાં તું ને જ સવાદ ચાખવો પડે! સારૂં થયું કે કપટાન હમારી સાઇડપર હતો નહીંતો મરોજ થતે જો. પેલી બીજી સામેવાલી ટેબલના હેડપર સ્ટીમરનો ચીફ ઓફીસર બેઠેલો હતો અને તેની આજુબાજુ બે તીસ-મારખાં મડમો અને ત્રણ સાહેબો હતા. સાહેબો ઘણાંજ એસકી હતા પણ ખબર કાહાડતાં મને માલમ પડયું કે એક તો મુંબાઇનીજ કોઇ કાપડની દુકાનમાં નોકરી હતો; બીજો બહારગામ મીલમાં હતો; અને ત્રીજો તો લશકરી અમલદાર એટલે તે તો નાકપર માખબી નહી બેસવા દે ને તેવણની મોહરદાર ધણી કરતાંબી ઓર ટીચકું હતી. તેના બે બચ્ચાંઓ હતાં તેમાં મોટી દુકતી ઘણીજ ખુબસુરત હતી, સોનેરી અને કરલી બાલ,અને અતીશે માજરી આંખો સહીત તે હદથી જયાદા સુંદર લાગતી હતી. વળી માબાપના જેવી ટીચકુંબી નહી હતી, જો કે તેણીની મ

ધમકાવીને પાસેની પાસેજ રાખતી હતી, કેમ જે રખેને હમોને અરકે તો છેક જેરૂસલેમ નાહાન નહવડાવવા લઇ જવી પડે !

"મરે એ છોકરીને જોઇને મહને તો કંઇ એવું થાયચ કે મુઇને ડાબીને કોટી કરૂં," મમાઈ હરખાઇ બોલ્યાં.

"અરે નહીરે મમાઈ," મેં કહ્યું. "એવી કંઇ અસનઇ કરતાં નાજો. હા, જરા ઓળખાણ પડે તો કરજો, પણ તે અગઉ તો અડકતાંબી ના."

"ઓ મરે, તે કાંય નહી?" મમાઇ બાંગ મારી ઉઠયાં. "શું આપનને કંઇ ઘેર ચમાર સમજેચ કે! એ મુવાંઓનાં કરતાં તો આપરે નેરીયોસીંગ ધવલની ઓલાદથી ઉતરી આવેલાં ને ઉંચ તોખમના છઇયે. હું તો કાલે સહવારે જરૂર એ દુકતીને કોટી કરશ."

મમાઈ જયારેબી કંઇ ઠરાવ કરે છે ત્યારે તે અમલમાં મુકયા વગર રેહેતાં નથી, અને તેની પરથી હાથ ઉઠાવવા એવણને કેહેવું તે તદનજ વ્યર્થ જાણવું. જો તે અપમાન કરશે તો એવણને– માહારા બાપનું શું ગયુ ? પણ આઇનો ખાર જો તે દુકતીનો બાપ બાઇપર કાહાડશે તો, નસલી દીકરા, કાલંબે પુગતાંજ તાહારૂં ચાહારમ થશે જો ! આપણે તો મુગાજ મરી રહયા.

હવે જમવાનું શુરૂ થયું. કપટાને બેસવા પહેલાં ઉભો રહી કપાળ અને છાતીપર આંગળી ફેરવી કંઇ બબડયો. હમારી ટેબલપરના બીજાં તો કોઇ ઉઠયાં નહી. પણ મેં મમાઇને કહી રાખેલું કે જેમ કેપટન કરે તેમજ તમેબી કરજો તેથી તેવણબી ઉભાં થયાં અને મમાઈ સાથે હુબી ઉભો થયો અને હમો બન્નેએ જેમ કેપટનેજાદુમંતર કીધું તેમજ કીધું. તે જોઇને હમારી પાસેની ટેબલપરના સાહેબ મડમો મોટેથી હસી પડયાં, જો કે હમારી સાથનાઓએ તો ડયાઇને જોયાજ કીધું. મને તો કંઈ સમજ નહી પડે કે હવે શું કરવું ? પણ તેજ વખતે મને લાગું કે કંઇ કચુબર થઇ ગઇચ ખરી. તેટલાં મારી પાસેની મડમ પુછેચ કે "આર યુ કાથલીકસ ?" તેમજ વળી મમાઇની પાસેવાલી

મડમ તેવણુને પુછેચ "ક્રીશ્ચ્યન, માધામ ?" હવે મને સમજ પડી કે ધરમ સંબંધી કાંઇ છબરડો થયોચ–અને પાછળથી ખબર કાહાડતાં માલમ પડયું કે કેપટન સાહેબ તો "ગ્રેસ" બોલેલા અને તે હમુને બોલવાની જરાબી જરૂર હતી નહી. બાપ બપાવા યુરોપ અમેરીકા ઘણાં ફરેલાની તે હમુને ગ્રેસ વીશે ખબર હોય ! મમાઇ પુછેચ કે "નસલી, માહારી પાસેની છાકટી શું બકી મરેચ ?" પણ તે વખતે મારોજ સુધલો નહી તે કહુંબી શું, તેટલાં તો કપટાન સાહેબે મમાઇના હાથમાં "મીનું" મુકયું. મમાઇ ટગર ટગર જોઇ "બોહોત મેહેરબાની" કહી વાલીને ગજવામાં મુકયું. ચાલો હવે છબરડા ખરેખર શુરૂ થયા અને હમારી ટેબલપરથી ખડખડ હસવાના અવાજો નીકળ્યા.

"મમાંઇ, એ શું કરોચ," મેં કહ્યું, "એ તો આજે શું શું ખાવાનું છે તેનું લીસ્ટ છે, એ વાંચીને તમને જે પસંદ પડે તે મંગાવો."

"ઓ વાય એમ કે ?" મમાઇ બોલ્યાં, "તે મુવો કપટાન એમ ભસી કાંય નહી મરતો કે આપુને સમજ પડે. મરે કેવું મજેનું રંગીન પીચ્ચરનું કાગજ છે. પણ હું વાચી તે શું મરૂં ?"

"અરે કંઇ નહીરે, અમથા વાંચવાના ઢોંગ કરો કે આપુને સારૂં લાગે," મેં સમજાવ્યું.

મમાઇએ મીનું ગજવામાંથી પાછું બાહાર કાહાડયું ને ભેંસ્યો ચહડાવી વાંચવા માંડયું ને ૨ થી ૩ મીનીટ ટગર ટગર જોયા કીધું, તેટલાં કેપટન હસીને બોલ્યો કે "આહ નો, નો, માડામ, ઝીસવે, ઝીસવે", એમ કહીને કેપટને મીનું ફેરવ્યું. બધાં ખડખડ હસવા લાગ્યાં અને મહનેબી હવે તો હસવું આયું. મમાઈ મરેરે, મુવાંતો કેહું મીનું ઉંધું વાંચતાં હતાં !

"ઓ વાય, ગધેરાની કાંની તુંબી શાને હસેચ ?" મમાઇ છેડાયાં "લે તુંજ વાંચ," એમ કહી મીનું માહારાં મોહોડાંપર ફેંકયું. આપણે

તો અખાડા બેહેદીન કાઉસજ કરી ગયા નહીં તો મામલો બગડતે. તેટલાં મમાઇ બોલ્યાં કે "જોરે નસલી, જેબી કંઇ ખાવાનું હોય તે બધું જ મંગાવજે કારણ કે આપરે ખોબા ભરીને રૂપ્પા આપ્યાય, કંઇ કાંકરાં નથી આપ્યા."

મેં મનમાંજ ધાર્યું કે જો બધી વાંણીઓ ખાઇશું તો એકતો હમારી હસી થશે ને બીજું તો મમાઇને દીવસના બે વખત સખત જોલાબ લેવા પડશે પણ એમ જો હું એવણને કેહેવશ તો ભાણતિ બદલે મહનેજ આખો ખાઇ જશે. તેથી ગુપચુપ બેસીજ રહ્યો. મને પોતાનેજ ખબર નહી કે શું શું વાણીઓ છે તો એવણને શું માલમ પડે? તેથી મેં ઠરાવ કીધો કે જેબી વાંણી મહને ગમશે તે મંગાવશ. પહેલીજ વાંણી કંઇ Horse d' Ouvres કરી હતી. બલા જાંણે માહારી કે તે શું હશે પણ Horse વાંચ્યો તે મહને તો સુગ લાગી તેથી મમાઇને મેં કહ્યું કે તે ના લેતાં, કારણ કે ઘોડાનું ગોસ્ત છે.

"ઓ તમે ખવારતાં પીવારતાં મરોરે," મમાઇ બોલ્યાં, "મુવાંઓને કોઇ બીજી જાતનુ ગોસ મહયુંજ નહી કે સપરમે દાહારે ઘોરો કપાવ્યો."

પછી તે વંણી આવી, તેમાં તો કંઇ ઝીની ઝીની માછલી, કાચ્ચાં બોર અને બીજું કંઇ હતું. મમાઇબી સમજી ગયાં કે મેં છબરડો કીધોચ તે ટણકો કરી કેહેવા લાગ્યાં કે "બાવા નસવાનજી, ઘોરા જેવું તો આય વાણીમાં કંઇ જણાતું નથી પણ મારી સાંમેજ (મારી તરફ આંગલી કરીને) એક ગધેડો તો બેઠેલો છે." આપણે તો ઘણાંજ ચાંઇ પડી ગયા તે ચુપ બેસીજ રહ્યા. પછી મમાઇએ તે ડીશ મંગાવી ને પેલાં કાચ્ચાં બોર થોડાંક લીધાં. "મરે જરા બોર તો વગોલું," મમાઇ બોલ્યાં અને એમ કહી એક મોહોડાંમાં મુકર્યું, પણ તુરત થુકી નાખ્યું અને બાકીના સ્ટુવર્ડ પર રેંક્યાં. "મુવા તુમ લોકકુ સોજના બોરબી

નહીં મીલતા? મને માલુમ હોતા તો સુમારીથી થોડા લાવતા. તુમ લોક તો ભીખારી હય, ભીખારી." ચાલો, પહેલી ડીશ ખતમ શુદ!

હું મીનું વાંચતો હતો તેટલાં જોઉંચ તો મમાઇ ખુરસી પર ચકરી ખાયચ (કારણ ખુરસી ગોલ ગોલ ફરતી હતી, અને પછી કેપટન તરફ ફરી બોલ્યાં, "મરે, કેસા અચ્છા ખુરસી હય, નકરી જાને ચકરડી. અમેરા ગામમે મેલામેબી એસી ચકરડી હોતા જે, પણ તેતો બોહોત બોહોત મોટી." કપટાન ફરીને મહને પુછવા લાગ્યો કે "વાટ હી સે, વાટ.હી સે?" (ઘણાં ખરાં કોનટીનેનટલ લોકો ભાંગી તુટી અંગ્રેજીમાં બોલે ત્યારે "શી" ને બદલે "હી" જ બોલે! જાણે એ લોકની ભાશામાં નારી જાતી હોયજ નહી તેમ.) હવે હું એને સમજાઉંબી શું? તેટલાં તો સુપ આયો અને તે વાત ત્યાંજ અટકી પડી, પણ સુપ સુપને ઠેકાણે અને મમાઇ તો "સરવીયેટ" ફેરવી ફેરવાને જોયા કરે.

"મરે નસલી, એ શું કરવા મુકયો હશે?"

"એ તો ખાતી વખતે આપરા ખોળાપર પાંથરવા કે જેથી કાંઇબી ખાવાનું પડે તો આપણાં કપડાં ખરાબ નહી થાય," મેં સમજાવ્યું.

"ઓ વાય, તુંબી મને કાંય બનાવેચ વારૂ," મમાઇ બોલ્યાં. "એવા સાટીનના કટકાને તે કંઇ ખરાબ કરવાનો હોય વારૂ? એ તો ઉંચો મુકવો જોઇએ." એમ કહી એવણે તો તેની ઘડી વાળવા માંડી.

"મમાઇ," હું જરા ચીરડાઇને બોલ્યો, "તમને મેં કહેલુંની કે જેમ બીજાં કરે તેમજ તમેબી કેરજો. જોયા બધાંએ એ હુવાલ પોતાના ખોળાપર પાંથરેલા છે તે તેમજ તમેબી કરો, અને હવે વેકો, બધાં તમારા જમવાની વાટ જુએચ."

મમાઇએ પોતાની ખાતરી કીધા પછી પોતાનો સરવીયેટ ખોળા પર પાથરયો. પણ કમબખત એટલો લીસો કે સરી સરી જાય. એક વખત મમાઇનો સરવીયેટ એવણના ખોળા પરથી સરી નીચે પડયો,

પણ એવણુને તેની ખબર પડી નહી; એમ જોય તેમ જોય પણ તેનો પત્તો લાગ્યો નહી, પછી કેપટનના ખોળાપર જે સરવીયેટ હતો તેની પર એવણુની નજર પડી અને તેવોજ તે ખુંચવી લીધો.

"મુવા કયા તુમ ચોર બોર હય? હમેરા તુવાલબી તફરમચીમ કરતા," મમાઇ ભવાં ચહડાવી બોલ્યાં.

બધાંના સરવીયેટ એકજ કીસમના હોવાથી મમાઇ સમજ્યાં કે એવણુનો સરવીયેટ કેપટને લઇ લીધો હતો. કેપટન તો બીચારો ઘભરાઇ ગયો અને "પારડોં માદામ, પારડોં માદામ" કરયા કરે, તેટલાં સ્ટુવરડે ટેબલની નીચેથી મમાઇનો સરવીયેટ ઉંચકી આપ્યો.

"મુવા તુમ કુચ અંધાબંધા હય," મમાઈ કેપટનને કેહેવા લાગ્યાં, "હમારા તુવાલ પરી ગીયા તે તુમ આપતા કાયકુ નહી?".

મનમાં કેહું જે બધા એવણુના બાવાના નોકરો પડયા કની તે એવણુને ઘડી ઘડી સરવીયેટ ઉંચકી આપ્યા કરે. મેં એવણુને સુચવ્યું કે "મમાઇ, તમે ટુવાલનો એક છેડો ગલાં આગળ ખોસો કે ઘડી ઘડી સરી નહી જાય."

"તો તો," એવણ છછણી પડયાં, "તું કંઇ તારી મમાઇને દુધ પીતું બાલક સમજેચ કે એમ હોજયું બંધાવેચ? શું બધાંની સામે તારી મમાઇની હસી કરાવવા માંગેચ કે?"

ચાલો, ડોસાને મુવાને સારી શીખામણ આપી તો તેબી ભાવી નહી.

હવે સુપને માટે મોટો ચમચો મુકેલો તે મમાઇને હલુસે કહ્યું કે એનેથીજ સુપ પીવાનો.

"ઓ વાય નસલી, તું કંઈ ઘેલો બેલો થઈ ગીયોચકે? એવો મોટો ચમચો મોઢામાં મુકું તો મોઢુંબી ચીરઇ જાય."

"અરે નહીરે મમાઈ, એ કંઈ આખો મોઢામાં મુકવાની જરૂર નથી. એમાં સુપ લઇ જરા જરા સીપ કરવાનો."

બલા જાંણે એવણુની કે "સીપ" કરવાનું તે શું હશે? તોબી ચમચામાં સુપ લઇ પીવા ગયાં તેટલાં સ્ટીમરે એતું તો હેરચું લીધું કે તેના આંચકાથી સુપ નાકમાં ચાલી ગયો અને ચમચો હાથમાંથી પડી ગયો.

"ઓ તમે મરોરે તમે રકાસના કરાવતા," મમાઇ એ બાંગ મારી. "મારી સુન્ના મોહોર જેવી સારી ખરાબ કીધી." પછી કપટાન તરફ ફરી તેને કેહેવા લાગ્યાં કે "તુમ બેઠા બેઠા કયા કરતા? ઇસ્ટીમરવાલાકુ બોલો કે જરા રેન ટાઇટ રાખી આસતે ચલાવેગા, નહી તો તુમકુ હમારી સારી ભરી આપવા પરેગા. સમજ્યા કે?"

"વાટ હી ઝે?" કેપટન સાહેબે મને સવાલ કીધો.

મારૂંબી ઘણુજ પાકી આવેલું તે "નથીંગ સર" બોલી ચુપજ બેઠો. ત્યારે પછી મમાઇએ ચમચી મંગાવી ને પાંઉ સુપમાં બોળી ખાઇ ગયાં. બધાં ફરી ફરીને જોયા કરે, પણ આપણે તો જાંણે આંધળા હોઇએ તેમ તે તરફ નજર કીધીજ નહી.

હવે મમાઇની નજર વેટરોના હાથપર પડી. તે જોઇ મને પુછવા લાગ્યાં કે "મરે નસલી, એ બધા ગાંસરાઓના હાથપર સફેદ કપડું કાંય લપેટયું હોસે! રખે એ બધાઓ કોહેલા ને રગતપીતના ભરેલા હોય."

"મમાઇ, એ તો ખવાડતી વખતે બધા વેટરો હાથે મોજાં પેહેરે," મેં ટુકમાંજ પતાવ્યું.

"બરયારે એ લોકના સક્કર, નકરા જાંણે નસેસાલાર."

હું મનમાંજ બબડયો કે ધુર નાખી નસેસાલારજ હતે તો મને ઉંચકી જતે, અને જીવતાં જીવત હું મારૂં મોહોત તો નહી જોતે, પણ કીસમતની વાત ઓરજ છે.

ત્યારપછી માછલીની વાંણી આવી, પણ તે એવી રીતે રાંધેલી કે માછલી છે કે ગોસ્ત યા મરઘી તે માલમ નહી પડે. તેની

સાથે પતલી કાપેલી લીંબુની ચીર અને બાફેલાં બોખારી આલુ હતાં. મેં એવી રીતે રાંધેલી માછલી સુંવાલીમાં તો નહીજ, પણ કોઇ દહાડો મુંબઇમાંબી નહી ખાધેલી. મમાઇ તે જોઈ ગારસોંને પુછવા લાગ્યાં કે "બા ગાંસરા, એ કયા છે મરૂ?" તેને ચેતી જઇને જવાબ આપ્યો "પુઆસોં માદામ." મમાઇએ ચપ દઇને પેલું લીસ્ટ કાહાડયું પણ તેમા એ નામ નહી માલમ પડવાથી મારી પર ખભરયાં, પણ એમ બધુ જ જો હું લખવા બેસું તો તો એક ડીક્ષનરીજ ભરાય.

"એ તો માછલી છે, મમાઇ ' મેં સમજાવ્યું.

"ઓ વાય, ત્યારે એ ગાંસરો એમ ભસી કયિં નહી મરતો? મુવો "પાંસો પાંસો" શાનો બકયા કરેચ?"

એ હમારો વેટર બીજા બધાંઓ કરતાં ઘણોજ જાડો હતો તેથી મમાઇ હસીને મહને કહેચ કે, "જોયું કે નસલી, આપણો નોકર તો ખરેખર એક ઘોબીનો ગાંસરોજ લાગેચ જો." અને ત્યાર પછીથી એવણુ તેને "ઓ મુવા ઘોબીના ગાંસરા" કરીનેજ હંમેશ બોલાવતાં હતાં.

માછલી પલેટમાં લઇ મમાઇ બેસી રહ્યાં. એવણુ ટેબલ પર વડાં એટલે અંગ્રેજી તભાત પ્રમાણે એવણુના શરૂ કરવા અગાઉ બીજાંઓથી શરૂ કરાય નહી તેથી મેં કહ્યું કે "મમાઇ ચલાવો," તો કહેજે "ઓવાય" આટલી સરખી માછલીની ટુકરી તે શું ખાઉ? બીજું બધું આવવા દે કે સામટું ખાધામાં સવાદ આપે." પછી મેં સમજાવ્યું કે "અહીંયા તો એક એક વાણી જુદી જુદી ખાવાની, એ કંઈ તમારૂં સુમારી નથી," ત્યારે મમાઇએ ખાવાનુ શરૂ કીધું. બીચારાંએ છરી કાંટાએ કોઇ પણ દીવસ ખાધેલું નહી એટલે ખાતાં બહુજ અડચણુ પડી. માછલી ખાવા માટે કેપટન એક ચોકકસ જાતની છરી ને કાંટો ઉંચકયો ને તેને જોઇને મેંબી તેમજ કીધું. પણ મમાઇને સુધલો કયાંથી હોય? તેથી મેં ઈશારત કીધી ત્યારે સમજયાં, પણ કાંટો છરી બન્ને જમણાં હાથમાંજ પકડયો!

"અંહંહંહં, મમાઇ, એમ નહી રે," મેં બુમ પાડી, "કાંટો ડાબા હાથમાં પકડો."

"એ વાય, ઘરડે ઘરપણ તું શું નવાં નવાં કોટક દેખારેચ નસલી!" મમાઈ બોલ્યાં, "એ અઇીતે હાથે તે બરચું ખાવાનું હોસે કે? ને ડાબે હાથે મુવું ખવાયબી તે કમ?"

"મમાઈ માહારાં," મેં પટાવીને કહ્યું, "ગોરાંઓના રાજમાં જેમ ગોરાંઓ કરે તેમજ આપણેબી બધું કરવાનું ને તેમ નહીં કરયે તો હસી થાય, તેથી મેહેરબાની કરી કાંટો ડાબા હાથમા લેવો; બધાં તમારો ફેસ્તો જોયા કરેચ તે ઘણુંજ ખરાબ લાગેચ."

મમાઇએ જોયુ કે બધાં બેસી રહ્યાંચ એટલે મેં કહ્યું તેમ કીધું. પણ પહેલોજ બુક મોઢાંમાં મૂકવા ગયાં કે એક મસ મોટી ચીસ પાડી. સ્ટીમરનુ સત્યાનાસ થાય તે જ્યારે બીચારાં મમાઈ કાંઇ ખાવા જાય ત્યારેજ તેનેબી હેરચુ લેવાનુ સુજ પડતું હતુ. કેઠો કાંટો ભચ દેતો કે એવણુના જીભમાં ભોકાઈ ગયો અને થોડું લોહીબી નીકલ્યુ. ડાકટર હમારી સાથે જમતો હતો તે તુરતજ ઉઠી આવ્યો અને આઇસનું પાણી પાઇ મમાઇને તાઢાં કીધાં. પણ મમાઇની જીભ આખીને આખીબી કપાઈ જાય તોબી એવણ બંદાં કંઈ બોલ્યા વગર રેહેવાના હતાં!

"દીકરા થાઓ તો બધાંના એવાજ થજો," અને પછી કપટાન તરફ ફરી કેહેવા લાગ્યાં, "દેખા અમેરા બેટાકુ? કેસા અમેરા એ દુસમન હય. મુવા બોલતા કે ડાબે હાથસે ખાવ કે મમાઇકા જીભ કપઇ જાય અને મમાઈ મર જાય ને બેટ્ટા અમેરા પૈસા લઇને મજાહ કરેગા. થુ પરી એવા મુવા બેટાકી ઉપર."

હું તો એ સાંભળી પાણી પાણી થઇ ગયો. જો મુવાંની મેં દયા ખાઇ સારૂં સુચવ્યુ તેનો આ બદલો મલ્યો તે? તેટલાં વલી ધારાપ્રમાણે કપટાને પાછો મને સવાલ કીધો કે "વાટ હી ઝે?" મારૂં તો એવું ગરી ગયુ હતું કે ટેબલ છોડી ચાલી જાઉં, પણ જેમ તેમ ઉચો દમ રાખી

બેસી રહયો. તેટલાં વરી મમાઇએ થુકઉ કરીને કપટાનના પગ આગળજ માછલી થુકી નાખી. "મુવારે તમે માછલીના બનાવતા," મમાઈ બખાલ્યાં, " મુવા બબરચીને મીઠું નાખવાનોબી સુધલો નથી તો બીજું તે શું રાંધી મરતો તો." પછી કપટાન તરફ ફરી પુછેચ કે " તુમારા મીસતરીકુ કેટલા પગાર દેતા ?" તે વલી પાછું કેપટને "વાટ હી ઝે " નો કોરસ ચલાવ્યો. અરે તારૂં "વાટ હી ઝે" બજેરે!

થોડોક વખત બધાંએ ચુપચુપ જોભરયા કીધું. પછી મને ખબર પડી હતી તેમ મેં મમાઇને કહ્યું કે એ " શેફ " એટલે સ્ટીમરના બબરચીને એ લોક દર મહીને રૂ ૧૦૦) નો પગાર આપે છે, સાંભળતાંને વાર તેવણુની તો છાતીજ બેસી ગઈ ને મને લાગ્યું કે એવણુને જરૂર એક મોટું રાઇનું પ્લાસટર મારવું પડશે.

" ૧૦૦ રૂપ્યા ?" મમાઇએ ધભરાઇને પુછ્યું "કેહેતાં દીવાના પણુ સુનતા બી દીવાના? અરે જારે જા નસલી, એ તો તું નાદાન છે કરી તુને બધાં બનાવેચ. એ તુને કોણે કહ્યું? કપટાને કે ? અરે એને તો ટંપાલ ચહડાવ્યોચ તેની બાહારમાં એમ બકતો હોશે."

" અરે નહીરે મમાઇ, " મેં કહ્યું, "અંગ્રેજી બબરચીઓના પગાર એથીબી વધારે હોયચ."

" અરે જા, જા, " મમાઇ બોલ્યાં, "માહારા બેહેસ્તી આદરજીએ રાંધવાવાલો એક રામલો રાખેલો તેને બસ મહીનાના ત્રણુ રૂપ્યા આપતા હતા, અને એવું મજેહનું તે રાંધતો તો કે જાંને બે ઘડી ખાયાજ કરયે. આએ તો બબરચી નથી પણુ હજાંમ છે હજામ."

પછી વેટર તરફ ફરી કહ્યું "લાવરે ધોબીના ગાંસરા, જરા મને સાસ તો આપ કે ખાઇને થોડુંક પેટ ભરૂં."

હવે સાસ મેં ચાખ્યો હતો તે એટલો તો ફીકો ફચ ને કસી તરાંહનો બનાવ્યો હતો કે મેં મમાઇને સલાહ આપી કે " એ ના લેતાં,"

કારણ જે એ અંગ્રેજી સોસ જો મારે ગળે નહી ઉતર્યો તો માહારાં મમાઇના સુંવાલાં ગલાંમાં કેમ ઉતરવાનો હતો.

"ઓ વાય, એ ના લેવ પેલું ના લેવ, ત્યારે શું તારૂં ધેહ્ર ખાંઉં?" મમાઇ છેડાયાં. "તું જ ઘેરે બોલતોતોની કે ઇસ્ટીમરપર એટલું સરસ ખાવાનું આપસે કે તમેં બધાં ઓચઇ જશો. અરે તમારી પરથી બધી ઓવરઇ જાંઉં રે, નસવાનજી બાવા, તમે સારી દુન્યાંની મુસાફ્રીબી ઘણી કીધેલી કની તે તમે મરૂં બધું જાંણો."

મમાઇનો ગુસ્સો ક્યારેથી ખમાય પણ એવણના એવા તાંણાં ટપલાથી હું તદ્દન આજેજ થઇ ગયો, પણ કરૂં બી શું? જેમ તેમ દાંતાં પીસીને મુંગો બેઠો.

આખરે પેલા ધોબીના ગાંસડાએ એવણને સોસ દેખાડયો ને કડછો મારી મમાઇએ ઘણો સરખો લીધો અને તેમાં અરધું એક પાંઉં નાખ્યું અને ચમચો ભરી મોઢાંમાં મુકયો. મારી તો ખાતરીજ હતી કે મમાઇ જરૂર ઓકવાના, અને તેમજ થયું. જો કે ઓકયાં તો નહી પણ એવું ગળું તાંણ્યું કે આખી ટેબલ સુગાઇ અને પાસેના સાહેબ મડમો તો નાકે રૂમાલ ડાબી બેઠાં.

"તમો બાઇને મેં પેહેલેથીજ ચેતવણી આપેલી કે એવા સોસ તમને કદીબી ગમશે નહી તોબી તમે બોહોંસ કરીને લીધો ને હવે વળી ગલાં શાના તાણવા બેઠાં?" મેં સેજ ઠડડાવ્યાં.

મમાઇ તો હવે જંગલી ભુંડની માફ્ક છેડાયાં. "અરે ઓ ચેતવણી આપવાવાલા મકોરી પેહેલવાન! મુગો મુગો મરી રેહેની, નહી તો હમણાં ખુરસી પરથી આખોને આખો ઉઠલાવી નાખશ. ગરબ્યા, તારી સલાહ માની નહીજ હોતે તો આજ્રે મને એટલું દુઃખ નહી ખમવું પડતે. કેવું મજેનુ ભાતું સાથે લાવી હોતે તો મારી કેબીનમાંજ બે બુક ખાઇને સુઇ જતે. હવે તો ત્રણ ચાર દાહારા ભુખે મરી જવશ, અને

કદાચ મારી (ડચકું ખાઇને) ચાંદનનેબી નહી મલસ." એમ કહી મમાઇ તો મોહોટે મોહોટે બે'કરો તાણુવા લાગ્યાં અને બધાંને ધભરાવી નાખ્યાં. "વાટ હી કાઇ, વાટ હી કાઇ?" કેપટન પુછવા લાગ્યો, તેટલાં વલી પાસેની ટેબલપરથી કોઈ લોક એ બુમ પાડી કે "પુટ ધી બીગ બેબી ટુ બેડ" (આય મોટાં બચ્ચાંને સુવડાવી દેઓ). હું મમાઇ પાસે દોડયો ને બરડાપર હાથ ફેરવી પટાવ્યાં અને કહ્યું કે તમે ભુખે નહીં રેહેશો, હજી તો બીજું ઘણું ખાવાનું આવશે. પછી મેં તે સોસની અંદર થોડો સરકો નાખ્યો ને થોડું અચાર આપ્યું ત્યારે બુચીમાએ પાછું જોભરવા માંડયું. પણ છેડાયલાં હતાં એટલે છીટાં કાહાડયાજ કરે. ખાતી વખતે એવણુની પછવાડે રીવાજ મુજબ ઘોભીનો ગાંસડો ઉભો રહેલો હતો, તો હવે તે બીચારા ઉપર ધાડ આવી.

"કયા તુમ અમેરા બુક બુક ગણુતા કે?" તેંને પુછેચ.

"નહીરે મમાઇ," મેં કહ્યુ, "એ તો એમ આપણી પછવાડે ઉભો રેહે કે જેથી આપણુને કંઇબી જોઇતું કરતું હોય તો તે તુરત લાવી આપે."

"મને કંઇ જોઇતું બોઇતું નથી," મમાઈ ફફડયાં, "મુવો ઉભો રહી તગરતગર જોયા કરેચ તે મારા પેટમાંબી દુખશે. એને એકદમ અહીંથી ખસી જવા કેહે.'

મેં ગારસોને ઇશારત કીધી કે બાપુ જરા બાજુએ ઉભો રહી મર, અને ડોસી તરફ ના જો.

મમાઈ સાસ ખાઈ રહ્યાં કે ગારસોં એવણુની પ્લેટ ઉંચકવા આવ્યો. "મુવો કંઇ ચરીબરી ગીગેચ કે?" મમાઇએ બાંગ મારી. "હજુર તો પેટમાં કંઇ ગીયું નથી તેટલાં રકાબી શાની ઉંચકી મરેચ? કંઈ દુસરા ખાનેકા હય કે નહી? ભસ્તે ગીયા અમ ખોબે ખોબે પઇસા દીયા તે કયા ભુખે મરવા કે વાસતે કે?'

મમાઈ જબરાં તપી ગયલાં અને તેથી છબરડા પર છબરડા કરયાજ જતાં હતાં.

"એ તો તમુને બીજી સોહોજી પ્લેટ આપેચ મમાઇ," મેં સમજાવ્યાં. "દર નવી વાણીએ નવી પ્લેટ બદલાય. એ લોક કંઇ આપણાં જેવાં નજીસ નથી."

અરે મારા ક્યાં ભોગ લાગ્યા કે હું છેલ્લો વાકય બોલ્યો!

"ઓ તો તો, હું તો નજીસ છેઉં," મમાઇ બાંગ મારી ઉઠયાં, "પણ તમે કેવા છેઓ? મુવાં જરા ગોરાં લોકની સાથે એક ટેબલે બેસીને ખાધું કે બસ તમારૂ માથું ફરીજ ગીયુ! કોલંબો નજદીક આવતાં તો તમે મરૂં વટલીબી જશો અને ગોટપીટ–સોટપીટ કરતી બઇરીબી લાવશો. તુટી પરો તુટી," એમ કહી મમાઇએ કરરર દેતા કે કટકા ફોડ્યા.

"વાટ હી ડુ?" કેપટને પાછો સવાલ કીધો. હું મનમાંજ બોલ્યો કે "તારૂં ઘેફ્ડ, મુઓ મરી રેહેની."

"મમાઇ પ્લેટ એકદમ આપી દેવ," મેંબી જરા નેણુ ફેરવીનેજ કહ્યું, "બધાં તમારે વાસ્તે બેસી રહ્યાંચ."

"ઓવાય, તે પલેટમાં મારૂં અચાર રહ્યુંચ તેબી મુવો ઘસડી જશે કે?" મમાઇ બોલ્યાં.

આખી અચારની બાટલી મેં મમાઇની પાસે મુકી ત્યારે એવણે પોતાની પ્લેટ બદલવા દીધી.

હવે બીજી વાંણી આવી જે ગોશ્તની હતી. કેહેવાની જરૂર નથી કે મમાઇને ગાય ડુક્કરના ગોશ્તની ઘણીજ છીંટ છે–જો કે મારો તો જીવ તપુ તપુ થાય કે ક્યારે બધું ચાખું. મેં તો ઠરાવ કીધેલો કે જેબી આવે તે બધું ખાવું, પેટમાંબી દુઃખે તો કંઇ નહી! કોલંબે જઇને ખખડાવીને એક જમાલ ગોટાનો જોલાબ લઇશું, પણ આંણી તરફ

ઠમબાઇજી હતાં. મેં મમાઇને કહ્યું કે આ "બીફ" એટલે ગાયનું ગોશ્ત છે. તે નાં લેતાં. જેવું ધોબીના ગાંસડાએ "બીફ માદામ" કરી કહ્યું કે મમાઇતો ખુરસી પરથી ઉછળ્યાં "નીકલ મુવા નીકલ, અરે એકદમ મારી આગલથી તારૂં મોઢું કાળું કર. અરે અહીંયાંથી જાયચ કે નહી. મુવો અભેખરનો કરતો તું ભસ્તે જાયરે ! મુવા તારો તો ઢાગ કોણ જાંણે કીયાં દોજખમાં થશે."

ગરીબ બીચારો ધોબીનો ગાંસડો ! તેની જાંણે બલા કે મમાઇ શું બકી મરેચ. તે પછી મેંજ હાથની ઇશારત કીધી તે ત્યાંથી ચાલી ગયો. હું તો જાંણું કે ચાલો એટલામાંજ પત્યું, પણ નહી, મમાઇ તો કેપટન તરફ ફરી પાછું ભાષાણ શુરૂ કીધું.

"અમેરા ધરમમાં સાફ લખ્યા છે કે પાટેલી ખરીના જનાવરકા ગોસ કબી મો પર નહી મુકના, તે મરૂં તુમેરા બબરચીકુ કહી રાખજો કે આટલા બે ચાર દીવસ ડુક્કર બલદકા ગોસ નહી રાધના, નહીતો અમકુને અમેરા દીકરાકુ ઉદવારે જરૂર જાવયા પરેગા." પછી મારી તરફ ફરીને ડોસાંએ ઉમેરયું, "નસલી, કપટાન સાહેબને મેં કહ્યું તે પાછું બધું એવણને બરાબર સમજાવ. અને તુંબી એવાં નરકના ગોસને જરાબી અરકતો ના જો. ખબરદાર તેની અરાસેબી ગીયોચ તો."

ચાલ નસલી દીકરા! 'બીફ' ને 'હેમ' ખાતો તું ડોસો થયો. મારૂં તો પાકીને પલેડર થઇ ગયલું કે ડોસી પોતે ખાતીબી નથી ને મને ખાવા દેતીબી નથી. તેથી મેં વીચાર કીધો કે ગારસોંને કહીને ચોરી છુપીથી કેબીનમાં મંગાવીને ખાઇશું. વળી ડુક્કરને ગાયનું ગોસ્ત નહી કાંય ખવાય? છેટ નોનસન્સ! તેબી બકરાં મેઢાંની માફક ખોદાનુંજ બનાવેલું જાનવર. આપણે શીખેલા નહી પણ ખાધરા મુવેલા, એટલે ખાવાની બાબદમાં ઘણુંજ 'ઑડ માઇનડેડ' છઇએ જો! મમાઇને તો તે વખતે "વારૂંજી" કહી જુઠું સાચ્ચું સમજાવ્યું એટલે

ડોસાં ખુશી થઇ ગયાં, ને "હવે કેવો માહારો ડાહયો દીકરો" કરી ઓવરણાં લીધા.

અરે હરિ, એવો તો ડાહયો કે કેબીનમાંજ અભેખર કરશે. સારૂંજ થયું કે ગોસ્તની સાથેજ તરકારી રાંધેલી હતી નહી, નહી તો તેબી ખાવા નહીં દેતે અને એવણુની સાથે મનેબી ભુખમરો વેઠવો પડતે. દરીયાની ખારી હવાથી મહને તો એવી ભુખ છુટેલી કે બળદ તો શું પણ કાચ્ચો હાથ્થીબી ખાઇ જતે! જેમ તેમ તરકારી લીધી પણ તેબી બાફેલી એટલે મમાઇને ગળે તે કંઇ ઉતરે? તેવણે તો ફફડી ચટકીને પ્લેટ બાજુએ મુકી દીધી અને કેપટન સાથ હીંદુસ્તાની જબાનમાં વાત કરવા મંડી ગયાં. એવણે આટલા બધા છબરડા કીધા પણ એટલાં ભોળાં કે એવણુના મનમાં કંઇજ નહી. બધાંની વાત કાન દઇને સાંભળ્યા કરે અને શું એક ફ્રેન્ચ ને જરમન ભાશા સમજતાં હોય તેમ ડોકાં હલાવે ને તે લોક હસે ત્યારે પોતેબી પેટ ધરીને હસે. ધુળ નાખી મુગાં મુગાં સમજ્યા કરતે તો, પણ જરા જરામાં કપટાન સાથ વાત કરવા જાય. કેપટનબી હવે તો કંટાલી ગયલો લાગતો હતો તેથી મમાઇને મેં કહ્યું કે "ગોરાંઓની સાથે ખાતી વખત ઘણી વાતચીત નહી થાય." હું જાંણું કે એમ કેહેવાથી જરા મુગાં મરે તો મને નીરાંત થાય, કારણ કે એવણુના બોલવાથી કપટાન ઘડી ઘડી મને "વાટ હી ઝે, વાટ હી ઝે" પુછી માહારૂં માથું ખાયા કરે ને તેથી મારૂં પાકી જાય.

"બોવાય," મમાઇ પાછાં છેડાયાં, "કંઇ અંબ્યારૂ બંધયારૂ છઇએ કે બાજ ધરીને ખાઇએ? વાતચીત કરતાં કરતાં ખાઇએ તો મજેનું જરપત થાય જરપત."

મનમાં મકુંજે તમારી સોફ્રા વાતચીતથી તો હાથ્થીના પેટમાંબી ચુંકો થઇ આવે! પણ આપણે તો "હા, તમારૂં કેહેવુંબી ખરૂં છે" બોલી તરકારી ખાવા મંડી ગયા.

હવે મારૂં નાક સુકાવા લાગ્યું. રાતના ખાતી વખત હંમેશાં બે ચાર આંગળ ટંપાલ લેવાની આદત હતી એટલે સાથે એક વીહીસ્કીની બાટલી લાવેલા પણુ વીહીસ્કી પાણી સાથે કંઇ આપણે ગળે ઉતરે નહી તેથી એક સોડાની બાટલી મંગાવી. પણુ મમાઇનો કરકસરયો જીવ પાછો ઉભરી આવ્યો.

"બાવા જરા એ બાટલીનો ભાવ પહેલ્સે પુછીને પછી ખોલાવજે. કોણુ જાણે વરી બે એક આના માગશે તો આપુને આપવા ભારી પરસે."

માહારા ભોગ લાગ્યા તે મેં સ્ટુવર્ડને ભાવ પુછ્યો ને તેને કમબખતે મમાઇને ૬ આંગળાં દેખાડયાં. બસ ત્યાં થઇજ ચુકયું.

"કયા ૬ આના? અરે મુવા એક સોલાવાટરકા બાટલીકા ૬ આના! તુમ લોક કયા લુટારા બુટારા છેઓ કે? મરે મમભઇ શેહેરમેં ઇરાંનીકી દુકાનપરથી ત્રણુ પેસે જેવી મંગતા તેવી ઠંડી બાટલી મલતા, અને અમારે સુમારીમે તો ફુડીયે સોડા, લેમલીટ! અરે મુવા બેહેરા, તુમ સાંભલતા કે? ફુડીયે મીલતા ફુડીયે!"

ચાલ દીકરા નસલી, સોડાને વીહીસ્કી પી ચુકો. પણુ બા મારો તો જીવ ફરે એટલે આપણે તો બાટલી ખોલાવી, જે જોઇ મમાઇ તો લાલને પીળાં થઇ ગયાં.

"જોરે દુકતા, અત્તર ઘડી મારા બધા પૈસા જે તારા હાથમાં આપેલા છે તે પઇએ પઇના હીસાબ સાથે મને પાછા આપી દે. સમજયો કે? જો મુવો બાપ લાખ ચાલીસનો દીકરો પડયો તે ૬ આનાની એક બાટલી સોડા પીયેચ! ૬ આનામાં તો એક ડરજન સોડા આવે—એક દરજન."

મનમાં કહ્યું જે એ દરજનને દરજીને તમારી પાસે રાખો. એક તો નાક સુકાતું હતું તે પીવા વગર કાંઇ ચાલે. તેથી પટાવી લીધાં કે "મમાઈ, જરા ધીરાં પડો, એ લોક તો એમ બોલે તેથી શું આપણે કાહાડીને આપી દેવાના છઇએ? આસ્તે ધીરે પઢીને આપશું." પડવાની

વાત આવી એટલે મમાઇ ઠંડા. પણ સોડાનો છબરડો કંઇ અહીંયાજ નહી પુરો થયો. જમવાનું પુરૂં થયું કે સ્ટુવર્ડ બધાંની આગળ એક ચોપડી મુકી જાય જેની પર આપણુને લખવાનું કે પીવાનું શું શું લીધું છે, પછી તે બીલ બધાં સ્ટુવર્ડ એકઠાં કરે અને સ્ટીમર પરથી ઉતરની વખત આપણુને બધા પઇસા સામટા આપવાના. તે મુજબ સ્ટુવર્ડ મારી પાસેબી બુક લાવ્યો જે જોઇ મમાઇએ પુછયું કે "એ શું છે બાવા" તે મેં કહ્યું કે મેં સોડા લીધો તે લખાવી લેય અને મારી નીચે સહી માંગેચ. બસ થઇજ ચુકયું. આદરજી સુમારીવાલાના વીધવાને માફ નહી થઇ શકે તેવું મોટું અપમાન લાગ્યું.

"અરે ઓ ઇસટુસાબ (મમાઇ નામ આપવે બહાદર હતાં) ઇદર આવ ઇદર ! કીયા અમકુ કુચ ચોરબોર તુમ સમજતા કે ભીખારી ? અરે અમેરી પાસ ઇતના (હાથ પોહોલા કરી બતાવ્યું) પઇસા છે કે તુમેરી આખી ઇસ્ટીમબોટ તેમાં દાટી નાખેગા દાટી. ભસ્તેગીયા હમ કુચ તુમેરા પઇસા ખાઇ જાતાતા. જરા તો આંખમાં શરમ રખના." ઇસ્ટુ સાહેબ તો ખભાં ચહડાવે ને કપટાન ભવાં ઉંચકે, મમાઇને સમજાવીનેબી હું શું કરૂં ? આટલી વખત સમજાવી વળી હું શું સુખી થયો કે પાછો બોલી નાહક હાડમાર થાંઉં, તેથી એવણુને બોલવાજ દીધાં.

હવે બીજી નવી વાંણી આવી ને મમાઇની પ્લેટ બદલાઇ. પ્લેટપર સ્ટીમરની કંપનીનો સુંદર મોનોગ્રામ પાડેલો હતો તે મમાઇને ઘણોજ પસંદ પડયો તેથી પ્લેટ ઉંચકી ધ્યાનથી જોવા ગયાં, પણ તેજ ઘડીએ પ્લેટ ધરરર દેતી કે ટેબલપર નાખી દીધી ને બખાલ્યાં, "કયા તુમ લોક મુવા કુચ દેવાના બેવાના છેઓ કે ? મરે પલેટ તે કુચ એટલી ગરમ લાવનેકી ? અમેરા હાથ બધા દાજી ચાલ્યા ને મુવા હજી તો નફ્ટની ફાની ઉભા રહી હસતા." •

અરે પણ નોકરોબી બીચારા હસે નહી તો શું કરે ? ઉપરા સાપરી મુવાંએ એવા છબરડા કીધેલા કે કોઇને બી હસવું આવે. પણ તેમાં

બીચારાં એવણુનો કંઇ વાંક કહડાય નહી. એવણુને શું ખબર કે કેટલીક વાંણીઓ ખાવા માટે એમ ખખળતી પ્લેટો મુકાય છે કે જેથી ખાણું ઠંડુ નહી થાય. પણુ મુવાં ધીરજથી કોઇને પુછે તો ખુલાસો થાય કની ?

"બાવા નસલી, જરા વાચીને મરી જાઉં કેહેનીક બીજી વાંણી શું છે, કંઇ ગળે ઉતરે તેવી હોય તો સારૂં. મરે પાંઉના કુચા ખાતાં હવે તો તદ્દન ઓચઇ ગેઇચજો," મમાઈ કંટાલી બોલ્યાં.

આપણેબી ભપકામા મીનુ લીધું ને ટગર ટગર જોયા કીધું. કમબખતો અંગ્રેજીમાં લખી મરે તો જરાબી સમજ પડે, બધુંજ ફ્રેન્ચમાં તે માહરી જાંણે બલા, અને વળી વાંણીઓના નામબી કેવાં ફરમાસુ! એકપર લખેલું " Rebons a la graten. " ભોણુપર રીબન ને ગારટર શાના હોય? પણ એ ફ્રેન્ચ બબરચીઓ એટલા હુસ્યાર હોયચ કે રીબનને ગારટર તો શું પણ બુટના સોલબી પકાવીને આપે તો તેબી માલમ નહી પડે!

" મરે ધુરૂડની કાની જોયા શું કરેચ?" મમાઇ બોલ્યાં, "દોઢ કલાક થયો વાંચ્યા જ કરેચ કે?"

વલી આ નવી આફત! વાચ્યાં નહી કરૂં તો શું કરૂં? જો એમ કેહુંચ કે મને સમજ નહી પડતી તો મમાઇ બધાંના દેખતાં મને પાંણી ઉતાર કરે તેથી આપણે તો નસકોરૂં ચહડાવી અખ્ખર છાંટયું કે " અંહં, મમાઇ, ના લેતાં જો. કંઇ મુવેલાં બીલાડાંનું ગોસ્ત હોય તમ લાગેચ."

"બેએએએ, કુઉઉઉ," મમાઇએ ગળું તાંણ્યું. "તમે ખાતાં ને ખવારતાંબી મરો! શું હરામજાદો ઇસ્ટીમ બોટમાં સુખ દેખારવા લઇ આયો. હજી તેના કરતાં ઘેરનું બનાવેલું ભાત્યું લઇને રેલવેલમાંજ ગગડી હોતે તો સુખથી જતે."

ઉપલી વાત થાય છે તેટલાં તો ગારસો ઠાલી ભરી મરઘી લઇ આવ્યો. અરરર, મમાઇ તો જરૂરજ મારો ફજેતો કરશે એમ વીચા-

રૂંચ તેટલાં તો "નસવાનજી બાવા," મમાઇ ટણકો કરી બોલ્યાં, "આય બે પગના બીલારાં જોયાં કે! તમુને વાંણીઓના નામ વાંચતાં નહી આવરતુંતું તોં તેમ ભોંસ્યા કાંય નહી? એવી હુશીયારી બતાવવાની કંઈ જરૂર ઉતી? હું તો એ વાંણી લેવશ ને તમેબી પેટ ભરીને જમજો મરૂં."

આપણે તો આ તાંણું સાંભળી જાંણે બેહેરા હોઇએ તેમ બેસી રહ્યા. મરઘીની પછવાડે હવે સેલેડ આવી તે જોઇ મમાઇ કેહે જે, "એ કયા, મુવા તુમ ઝારકા પાતરા ખવારતા કે? એ તો બકરાંકુ ડાલો બકરાંકુ." પણ બધાંજ ચમચો ભરી ભરીને તે પાતડાં લે તે મમાઇને તો ઘણું જ અજબ લાગ્યું.

"જો મુવાં આય સુધરેલાં લોક! મુવાં તો જાનવર કરતાંબી નપેતર છે," મમાઈ ખખડયાં.


મરઘી ચડેલી તો નરમ ઘી જેવી પણ છરીકાંટા વડે ખાવાની જરા કુનેહ જોઇએ. મમાઇ તો કાપવા જાય ને છટકી જયા કરે. મમાઇને કહ્યું કે પેહેલ્લાં કાંટો મરઘીમાં ભોંકો અને પછી છરી મજબુત પકડી કાપો તો સેહેલથી કપાશે. તેમ બીચારાં કરવાં ગયાં, પણ તેનું પરીણામ ઘણુંજ જોવા લાયક થયું. કાંટો ઉડી કપટાનની છાતીપર ગયો, છરી મારી પર આવી, અને મરઘીની ટાંગ એક ફ્રેન્ચ બાઇના ખોળામાં આબાદ જઇ પડી, ને ગ્રેવીને તો જાંણે આપ્પી ટેબલપર વરસાદ વરસ્યો. મમાઇબી આ રકાસથી ખરેખર ઘણાંજ ઘભરાઇ ગયાં, તેથી "મરસી, મરસી" (ઉપકાર થયો) કહ્યા કરે. મુવાં તો ઘભરાટમાં પડેલાં હોવાથી વધારે કચુંબર કરે, ને "પારડાં" ને બદલે "મરસી" બોલી મરે તેમ તેમ આસપાસનાઓનું વધારે કોહી જાય. બધાં ખરડાઇ લચરાઇ ગયાં તે જોઇ મમાઇનું કોડું જોવા લાયક થયું ને તેથી બધાં ખડખડ હસી પડ્યાં ને મારેથીબી મોટે હસી પડાયું

"અરે તું મરેરે મારા રકાસનો કરતો", મમાઇ છેડાયાં, "તારી મમાઇનો ફજેતો કરવા તું મને અહીંયાં લાયોચ કે? બીજાંઓની સાથે સાથે તુંને હસતાં લાજ નહી આવતી, ને તારા દાંત ભાંગી નહી જતા? જો મારી આગલ હમણાં તું હોતેની તો તારી મુવાની બત્રીસીજ આખી ને આખી ખેંચી કાહારતે."

મમાઇ તો મુવાં જબરાં છેડાયાં પણ તેવણુના કરતાંબી વધારે પેલી ફ્રેન્ચ બાઇ છેડાયલી હતી કારણ કે તેનો નવો ને નવો રેશમી ડ્રેસ તદ્દન ખરડાઇ ગયો હતો અને તે તો ગુસ્સામાં ઉઠી ટેબલ છોડી ચાલી ગઇ અને તેની પછવાડે તેવણુના ધણીજી મારી પર ડોળા ઘુરકતા દોડયા. ખરેખર મમાઇની મોહોકાંણુમાં હું જરૂર એક દીન એને હાથનો મેઠીપાક જમવાનો! સારાં ભાયગે કપટાન સાહેબે નાખુતી કીધી એટલે બીજાં કોઇ ઝાઝું બોલી શકયાં નહીં. મમાઇ જો કે ધણાંજ ચાંઇ પડી ગયલાં તોબી એવાં હીંમ્મતવાલાં કે પાછી મરઘીની વાંણી મંગાવી ને હાથે સોરી સોરીને ખાધી.

આસપાસનાઓ ધણાંજ સુગાયાં કે હાથે ખાયચ—પણ કાંટા છરીએ મમાઇને ધણું સુખ દેખાડેલું તેથી હુબી મુગો ગગડીજ રહ્યો, ને મનમાં 'યથા અહુ વેરીઓ' ભણ્યા કીધો કે જલદી ભોણું પુરું થાય તો આ આફતમાંથી છુટી કેબીનમાં જઇ પડું—પણ નસલી દીકરા, તારૂં નસીબજ ફુટેલું તે!

છેલ્લી ડીશ આઇસક્રીમની આવી. મમાઇને આઇસક્રીમનો ધણોજ શોખ હતો. આખું મોહડ ખાઇ જાય તોબી ધરાય નહી. આઇસક્રીમ બનાવેલુંબી ધણુંજ ફાંકડું,જાતજાતના આકાર આપેલા.એક ડીશમાં હાથી તો બીજીમાં કુતરૂં, ને ત્રીજીમાં ઉંટ વીગેરે. મમાઇબી તે જોઇ ખુશ ખુશ થઇ ગયાં ને જેવું હાથીનું જબરદસ્ત ડીશ આવ્યું કે આખું ને આખું પોતાની પ્લેટમાં હોમાવી દીધું અને પાંચ છ જીના જીના કેકબી તેની



મારી તો ખાતરીજ હતી કે હમબાઈજીએ વળી પાછો કાંઇ ઘોંટાળો કીધેલો છે, અને ડોકું ઉંચું કરી જોતુચ તો, ‍તેમજ બનેલુ. એવણુને મુવાંને કાંસ્યામાં હાથ ધોવાનું પાણી આપ્યું તે ધસધસ પી ગયાં !!! (પા. ૭૫)

સાથે હતાં તે પણ સઘળાં લઇ લીધાં. બત્રાં ડોળા ફાડી જોયાજ કરે, પણ કપટાન જાંણતો હતો કે બીચારાંએ ભોણું તો કંઇજ બરાબર ખાધું નથી તેથી સ્ટુવર્ડને બીજાું લાવવાની ઇશારત કીધી. મમાઇતો જાંને ઘરાંનીને ત્યાં બેસી ખાતાં હોય તેમ સવાદ લઇ લઇને ખાય. તે દીને મહને જરા સરદી જેવું હતું તેથી મેં આઈસક્રીમ લેવાનું અખાડાજ કીધું કારણ જે "મીનુ"માં "ગલાસે" (આઈસક્રીમ)ની નીચે મે "પાતીસેરી" કરી વાચ્યું હતું એટલે હું સમજ્યો કે તે કંઇ નવી જાતનું ગરમ પુડીંગ હશે તે ખાવશ તો જરા સરદીબી નરમ પડશે. પણ આઇસક્રીમની પ્લેટ ઉંચકાયા છતાં "પાતીસેરી"નો તો પત્તો મલે નહી તે હું તો વીચારમાં પડયો ને સ્ટુવર્ડને બોલાવી પુછ્યું ત્યારે માલમ પડયું કે "પાતીસેરી" એટલે પેસ્ત્રી અને તે તો આઇસક્રીમની સાથે જ પીરસેલી! આપણે તો સજ્જડ ચાટ પડયા તેથી અસમખારા કરી બેસી રહ્યા. હું લટકી ગયો ને મમાઇ મુવાં ખાટી ગયાં. ચાલો, એક રીતે તો સારૂંજ થયું, કારણ કે હું બી જો મમાઇની માફક આખી પ્લેટ હોમાવી દેતે તો બીજાંઓ બીચારાં હાથ જોડી બેસી રેહેતે.

છેલ્લે આવ્યું "ચીઝ". મમાઇ આગળ ગયું તો કપટાનને કેહેવા લાગ્યાં કે "બરયું રે, નકરો વાસ મારતો લાકડાંનો તુકરો! અમેરા સુરતમે એસા નરમ માખન જેવા પનીર આતા કે બે ઘડી ખાતા જ રેવે." આપણે તો મમાઇના ભાગનુંબી લીધું. મમાઇએ પુછ્યું કે "એ શાનું બનાવતા હોસે?" "ઘઉંના દુધનું", મેં ઠોકયું. ખરૂં કેહેતે તો ડોસા અડકવાબી નહી દેતે. મને તો "ચીઝ" એટલું ગમ્યું કે નીચી મુંડીએ ડણુસા મારયા. હજી તો હું 'ચીઝ' પુરૂં કરૂં તેટલાં તો આખી ટેબલ ખડખડ હસી પડી. મારી તો ખાતરીજ હતી કે હમબાઇજીએ વળી પાછો કંઇ લોટાળો કીધેલો છે, અને ડોકું ઉંચું કરી જોવુંય તો તેમજ બનેલું. એવણુને સુવાને કાસ્યામાં હાથ ધોવાનું પાણી આપ્યું તે ઘસઘસ પી ગયાં!!!

એવણે પીવાનું પાંણી મંગાવ્યું હતું તે આપે તે પહેલાં ગારસોં હાથ ધોવાનું પાંણી મુકી ગયો અને તે મમાઇ એક ટાંસે પી ગયાં. બધા છબરડા ખમી શકાયા પણ આ વખતે તો એવું લાગ્યું કે સ્ટીમર દરીયામાં ગરક થઇ જાય તો સારૂં. એવાં જનાવર જેવાંને ધમકાઉંમી તે શું ? તોબી મેં તો ડોળા ઘુરકયા.

"અરે એઇ કાકા ગંદેરી," મમાઇ ઉખડયાં; "એવી રીતે મારી તરફ જોયુંચ કની તો બેઉ ડોરા ખેંચી કાહારસ ! જો મુવો છેકજ ક્લાસ ચાલ્યો તે ! આય લોકો બધાં પેટ પકડીને હસેચ તે જરા મને તેનું કારણ સમજાવ તો હું બી સાથે સાથે હસીને ગમત મેળવું ! અને પેલા મુવા ધોબીના ગાંસડાને જરા પુછની કે આઇસનું પાંણી ગલાસમાં લાવવાને બદલે મુવો આટલા સરખા કાંસ્યામાં શાંનું લઇ આયો ? અને તેબી વરી ફુકકું કૃચ ?"

મેં તો દાંતો પીસ્યાં ને કપાળ કુટી ચુપ બેસી રહ્યો. લેવો, વળી મમાઇબી પોતાનીજ મુરખાઇ પર હસી ગમત મેળવવા માંગેચ ! મુવાં મુવાં નાક દાબી બેસી નહી મરતાં. શુકરાના દાદાર હોરમઝદના કે આખરે ખાવાનું ખતમ થયું. પણ હજી કાફી આવવાની બાકી હતી તેથી બધાં ટેબલપર બેસી રહેલાં. કાફીનું કપ મમાઇ આગળ મુકાયું કે એવણના નેણ ફરી ગયાં.

"અરે એઇ મુવા ધોબીના ગાંસડા, તારી માય મમાઇના ડોરા કાંય બાર તો હોસે ? આટલું સમકડું જેવું પીયાલું શાનું મુકયું ! મરે ગરી બરી જવાસે તો ભરી આપવું પરસે. મુવા મજેનું મોટું લઇ આવ કે તરસબી છીમાય."

"હમબઇજી", મેં તાપમાંજ કહ્યું, "આય તો કાફી પીવાનું કપ છે, ને તે એવાં નહાનાજ આવે, તેથી મેહેરબાની કરી જેમ કેપટન પીએ તેમ પી જાવ."

એવણ મુવાં જ્યારથી હાથ ધોવાનું પાણી પી ગયલાં ત્યારથી મારો જીવ ઘણોજ ખાટોબત થએલો. એવણુને લીધે લોકો મારા જેવા "એજ્યુકેટેડ" માણુસનેબી કેવો જંગલી સમજતાં હશે! અને પેલાં પાસેની ટેબલપરના સાહેબ મડમો તો તદનજ "ડીસગસ્ટ" થઇ ગયલાં. એ તો ખોદાએ હમારે માથે ઘી પુરયું કે હમે તે લોકની સાથે એકજ ટેબલ પર નહીં હતાં, નહી તો જરૂર એવા રકાસો જોઈ હમુને ઉઠલાવીજ નાખતે જો!

મમાઇએ જોયું કે મ્હારૂં ઘણુંજ ધુખરઇ ગીયુંચ તેથી મુંગાંમુગાંએ કપમાં કાફી નખાવી. કેપટન સાહેબે તો કાફી, દુધ અને ખાંડ વગર લેહેઝત લઈ લઇને પીવા માંડી. મમાઇબી તેમ કરવા ગયાં અને પેહેલ્લોજ ઘ઼ોટ પાછો કપમાં કહાડયો.

"ઓઓઓ, ઓઓઓ," મમાઇએ ગળું તાંણ્યું, "ઓ કોઇ પાંણી આપોરે માય. ઓ કાફીનો પાતો મરેરે તું! આપરો કાહાવો જરાબી મીઠો હોયચ પણ આય તો તદન જાંને ઝેર! ઓ નસલી, તું તો બસ મારો દુશ્મનજ થઇ લાગોચ જો. જયારેબી તારી સલાહ મેં માનીચ ત્યારે મને હંમેશાં વેઠવું પડયુંચ જો. ઓ માયજીઇઇઇ રેએએએ!"

મમાઇએ એમ બોલી મોટે મોટે બરાડવા માંડયું. મારીબી ધીરજની હવે તો હદ આવી ગયલી તોબી મુવાંને પટાવી સમજાવી ચુપ કીધાં. આખરે પહેલી રાતનું ડીનર ખલાસ થયું ને મેં ખુદાના શુકરાના કીધા. બધાં ટેબલપરથી ઉઠયાં ને મમાઇબી ઉઠયાં. પણ ખાવાનું પુરૂં થયા પછી દુવા માંગવાનું વીસરી ગયાં તેથી ઉભાં ઉભાં શુકર ગુજારી કરી હંમેશ માફક મોટથી બોલ્યાં, "દાદાર ઓરમજ, ખવારતાપરથી બધી મરી જાંઉં તે જેવું આજે અનપાંની આપ્યુંચ તેવું મરૂં હંમેશાં આપતા રેહેજો," વગેરે, મમાઇએ લાંબું લચ ગુલેરતાને દાસ્તાન ચલાવ્યું.

બધાંને સમજ નહી પડી તોબી તે લોકબી ઉભાંજ રહ્યાં ને મને ઘણીજ ગમત પડી, કારણકે પ્રેસ વખતેતો હમે બેજ જણાંએ રકાસ કીધેલો પણ હમણાંતો કેપટન સુદ્ધાં બધાંજ ગધેડાં બન્યાં!

હવે મમાઇ પાધરાં પોતાની કેબીનમાં ગયાં અને તેવણના હાથમાં જોઉંચ તો એક પોતરડું! મેં ઉઘાડીને જોયું તો પોતાના સરવીયેટમાં પાંઉને લીંબુ બાંધી લાવેલાં.

"મમાઇ આય શું?" મેં તાપમાં જ પુછયું.

"બા જરા પાંઉં વધેલું તે બાંધી લાવી કે રાતના ભુખ લાગે તો કામ આવે, અને લીંબુ તો મહને સહવારના પોહોરમાં ભગુતી વખતે જોઇશે, ને તુવાલબી મારોજ છે. તું કેહેતોતોની કે દરરોજ તુવાલ તો ટેબલપર નવા આવશે એટલે મેં જોયુ કે આય મને ઘેરે વાપરવા કામ લાગશે," મમાઇ ઠંડે કલેજે બોલ્યાં.

હું તે વખતે તો ચુપજ રહ્યો પણ મમાઇ ઘોંટાવા ગયાં પછી થોડે વારે પેલુ પોતરડું ખોલી પાંઉં ને લીંબુ ફેંકી દીધાં ને તુવાલ પાછો ખાવાની ટેબલપર મુકી આવ્યો. એવણ તો મુવાં કંઇ એમજ સમજતાં લાગેચ કે સ્ટીમરપર જેબી કંઇ ચીજ હોય તે બધી આપણાં બાવાની!

પા એક કલાક થયો કે મમાઇનો જીવ કેબીનમાં ધભરાઈ આવ્યો તેથી જરા ખુલ્લી હવામાં ડેકપર લઈ ગયો. પણ ફીકર લાગ્યા કરે કે રખે વળી કાંઇ છબરડો કરે. સારૂંજ થયું કે થોડાવારમાંજ મહને કેહેવા લાગ્યાં કે "દીકરા, હું તો આજે ઘણી ઠાકી ગઇચ તે જલદીજ સુઈ જવા માંગુંચ." મનેબી જેવું જોઇતું હતું તેવુંજ મલ્યું એટલે "હારે મમાઈ, હું બી આજે જલદીજ બીછાંણે જવા ધારૂંચ," કરી કાસર પટાવી. કારણ જે હું વારજ જોતો હતો કે ડોસાં કયારે ઘોંટાય કે તુરત ડ્રોઇંગ રૂમમાં જઇ મડમોનું મધુર ગાંણું ચાલતું હતું તે સાંભળું. તેથી એવણને પાછો કેબીનમાં લઇ

ગયો અને 'મેડ'ને બોલાવી કહ્યું કે એવણને બાથ રૂમમાં લઇ જા ને મમાઇને કહ્યું કે ફસ્તી પાયદાબ કહી પોહોડી ઉઠો. પેલી " મેડ " હવે "ત્રે બીયાં" (વારૂજી) કરી મમાઈને નીચે લઇ ગઇ ને હું પાછો ડૅકપર આવી જરા થાક ખાવા બેઠો અને હજીતો વીચાર કરતો હતો કે આ રીતે બીજા ત્રણ દીવસ કોણ જાંણે કેમ પસાર થશે. કારણકે એકજ રાતમાં મારી તો ખાતર જમા થઇ ગઇ! હજી તો હું એ બધા ખ્યાલો કરૂં છું તેટલાં 'મેડ' હાંફતી હુંફતી કેહેવા આવી કે "વોર મઝર નો ગો." ચાલો, વળી શું નવી આફત! તુરત હું નીચે ગયો અને જોઉંચ તો બાથરૂમના બારણાં આગળ મમાઇ ફસડાઈ પડેલાં. દુરથીજ હું તો સમજી ગયો કે વાદળ પાછું ઘેરાઇ આવ્યું છે, અને જે વખત જાયચ તેમાં મોટું તોફાન તુટી પડવાનું, અને તેમજ થયું!

"તું શું એમ સમજેચ કે આય ઓરડામાં હું અબેખર કરૂં?" મમાઇ મને જોઇ બોલ્યાં. "મરતાંબી હું એમાં નથી જવાની. જા, એકદમ જઇને કપટાનને કેહે કે આપરા ઘેરના જેવો કંઇબી બંદોબસ્ત તુરત કરાવે ને નહી તો મહને પાછી મમબઇ લઇ જાય."

વાહ, શું નરમ ઘી જેવી વાત કીધી! એવણ તપી ગયલાં તેથી હું ઢોંગ કરતો ઉપર ગયો અને પાછો આવી કહ્યું કે "કપટાન ઘણો દલગીર છે ને એ બાબદમાં કંઇજ કરી શકતો નથી." મારો એવો રોકડો જવાબ સાંભળી એવણ તો વધુ લાલ ને પીળાં થય. મેં જોયું કે બચ્ચા નસલી, તોફાન તો ઘણું સજજડ તુટી પડવાનું તેથી પટાવી લેવામાંજ ફાયદો છે.

"મમાઇ માહારાં, વરી તમે એમ ચેડાં કાહાડવા માંડયાં. મેં તમુને નહી કહેલું કે સ્ટીમરપર જેમ બધાં ચાલે તેમ તમારેબી ચાલતું. તમે તો મારાં ઘણાંજ વાહલાં ને ડાહ્યાં મમાઇ છેવો જો," એમ કહી મેં ક્રાટી કીધી, તે એવણુબી પીગલ્યાં, ને 'મેડ' રકાસ જેયાજ કરે.

"ખોદાતાલા મારો ગુનાહ માફ કરે! મરેરે મરે, કેવું બધું અબે-બર થાયચ જો. આપરા ધરમમાં તો દરીયો કેવો પાક કેહેવાય ને તોબી તેને આપરે અપવીતર બનાવીયેચ." એમ બબડી, ટચાકડી ફોડી, અવાખશે પશેમાન ભણુતાં ભણુતાં આખરે અંદર ગયાં અને હું મલકાતો પાછો ડેકપર ગયો.

ખરેખર મારાં તકદીરમાં કોણ જાંણે એવા ધક્કેલા ખાવાનું લખ્યુંજ હશે તે હજી તો મને ઉપર આવ્યાને પાંચ મીનીટબી નહી થઇ તેટલાં વળી પેલી મેડ દોડતી પાછી આવી કે "ચોર મઝર નો કમ." અરે મઝરનેબી શું કેહુ ને તુંનેબી સાથે! પણ જવા વગર છુટકો નહી. પેલીએ "મઝર નો કમ" કહ્યું તે મને તો ધાસ્તી લાગી કે રખેને મમાઇ અંદરજ પોંહોતાં થઇ ગયાં હોય. બીહીતો ધ્રુજતો હું બારણાં આગળ ગયો અને "મમાઇ, મમાઇ" કરી મોટેથી બુમ પાડી.

"મુવો મમાઇ મમાઇ કરી બાંગ શાની પાડેચ? શું તારી મમાઇ મરી બરી ગેઇચ કે? બાહારથી બારણું બંધ શાનું કરી મુવાંચ? તારી મમાઇને શું કેદમાં પુરીચ કે? બોલ એકદમ." "મમાઈ ઘાંટો પાડી બોલ્યાં.

હવે મને સહમજ પડી કે ડોસાંથી બારણું ઉઘડતું નથી. બારણાંની સ્ટોપર ને બે ચાંપ હતી તે એવણુ મુવાં એકજ ફેરવ્યા કરે.

"અરે મમાઇ, બાહારથી બારણું કોઇએ બંધ કીધું નથી, એતો અંદરની ઇસ્ટાપરી તમેજ બરાબર બોલી નથી, તેથી બેઉ ફેરવો," મેં સમજાવ્યું.

મમાઇએ ઉઘાડવાની કોશેશ તો ઘણી કીધી પણ કાંઈ વલ્યું નહી, તેથી પાછી બુમ પાડી કે "હવે તો હું ગુંગલાઇને મરી જવશ જો. એકદમ બારણું ભાંજી નખાવ."

હું તો જબરો તરખાયો. મેડને કહ્યું કે તું પાછલે રસ્તે અંદર જા તો તેને ખભાં ચહડાવ્યાં, સ્ટુવર્ડને કહ્યું કે તું બારી વાટેથી અંદર જા તો

કેહેજે કોઇબી મરદથી અંદર જવાય નહી. આખરે મનેજ બારીને રસ્તે અંદર જવું પડયું, જો કે મારા પેટમાં તો જરા જીવ નહી હતો. એક પગલું જો ચુકયો તો નસલી દીકરા, તારી ઘોર દરયામાંજ જો! ખુદાની મેહેરબાનીથી સહીસલામત અંદર ગયો અને બારણું ઉઘાડી ડોસાંને બાહાર કાહાડયાં. બારણાંની સામેજ બધાં નોકરો જાંણે રાજા રાણીને મેહેલમાંથી નીકલતાં એસ્તેકબાલ લેવા ઉભાં હોય તેમ એકઠાં થયલાં, ને હમને સાથે બાહાર નીકલતાં જોઈ બધાં હસવા લાગ્યાં. મહને તો એવું ભારી પડયું કે કંઈ દરશાવી શકતો નથી.

"બરયોરે તારો વારો," મમાઇએ બખાળવા માંડયું. "હું તો મુઈ અંદર ધકકા મુકકીમાં પડી, ઇસ્ટીમબોટ ઘડીકમાં એનીગમ તો ઘડીકમાં પેલી ગમ ડોલે. કોણ જાંણે ત્રણ ચાર દાહાડા કેમ જશે."

હુંબી તેજ વીચાર કરતો હતો કે એક રાતમાંજ જો આટલી જફા પડીચ તો ચાર દીવસમાં કેટલી પડશે? પણ તેનો ખ્યાલ કરતાંજ મને તો ચીત્રી આવવા લાગી. મમાઇને પાછો કેબીનમાં લઇ ગયો ને બીછાંણું ઠીક કરી આપી સમજાવ્યાં કે હવે જલદી ઘોંટાઇ જાવ, કારણજે અણજાંણી જગ્યા છે તે કદાચ રાતના ઉંઘ નહી આવશે.

"મરે હું તો જરૂર એની પરથી પરી જવાની, મુઇ કોર વારવા જેટલીબી જગા નથી," મમાઇ બોલ્યાં.

"એ તો બા ઘેરના જેટલી સગવડ તમે માગો તે કયાંથી મળે? જેમ તેમ બે ત્રણ રાત ખેંચી કાહાડવાનીજ તો," મેં સમજાવ્યાં.

"વારૂ દીકરા, તુંબી હવે જા ને પોહોરી ઉઠ ને સહવારે હસતો રમતો ઉઠજે."

હારે, કેવો હસતો રમતો? એકતો હમણાંથીજ કાલને માટે ફાળ પડેચ. હુંબી હવે તો કંટાલેલો ને ઠાકી ગયલો તે બીછાંણેજ પડયો. પા એક કલાક પછી મમાઇના બારણાંપર કોઇ ટકોરા મારતું હોય

તેમ મને સંભળાયું અને મમાઇ ઘંટી મારતાં હોય તેવોબી મને અવાજ આવ્યો. હું જાંણું હશે કરી કોર વાલી તેટલાં મેડે મારા બારણુંપર ટકોરા માર્યા ને બોલી કે "માદામ રીંગ, આઇગો, હી સે નોં કમ" (બાઇ ઘંટી મારયા કરેચ અને હું જાઉંચ ત્યારે મને કેહેચ કે ના આવ) હું તુરત ત્યાં જવા ઉઠયો તેટલાં મમાઇની કેબીનમાંથી કંઈ ધરાક દઇ પડવાનો મોટો અવાજ આવ્યો. નખ્ખોદ ! હું સપાટ વગરજ દોડયો અને કેબીન ઉંઘાડી જોતુંચ તો મમાઇ કાંસતાં કરાજતાં ભોંયપર ચટ્ટાંપાટ પડેલાં. તેવણુના હાથમાં પંખો હતો ને પાસે એક સ્ટુલ ઉઠલાઇ પડેલું.

"એ કોઇ આવોરે માય," મમાઇ કમર પકડી બોલ્યાં, "હવે તો નહીં ખમાતુ જો"

"પણ તમે કેમ કરતાં પડી ગયાં ?" મેં પુછયું.

"મેં બતી બુજવવા આય બટન ડાબ્યું ને આય (મેડ તરફ આંગલી કરીને) વાઉ જેવી ઘરી ઘરી બોલાવ્યા વગર આવ્યા કીધી તે મેં વીચાર કીધો કે ઇસ્ટાનપર ચહરી પંખો લઇ બતી બુજબી નાખું (ડચકું નંબર વન) તેટલાં વાહાલાં સુઇ ઙસ્ટીમબોટ ખસી ગેઇ. (ડચકું નંબર ટુ) તે ઇસ્ટાન સરી પરયું ને હું પરી ગેઇ (ડચકુ નંબર થ્રી) હવે તો માય જલદી તેરોરેએએએ !" મમાઇ એ પાછું ખુબ જોરમાં છોડી મુકયું.

દોસાંને ઉંચકીને મેં બીછાણાંમાં નાખ્યાં ને બરડાપર જરા ચંપી કરી સુવાડયાં. બીચારાંને ખ્યાલ નહી રહેલો તેથી પેલાં બે બટનોમાંથી બતીનું બટન ડાબવાને બદલે પેલું બીજું મેડને બોલાવવાનું બટનજ ડાબ્યા કરે અને જયારે નહી બુજાઇ ત્યારે સુંવાલીમાં કરે તેમ પંખો લેઇ વીજલીક બતી બુજાવાં ગયાં ! મેં પુછયું • કે "મને કાંય નહી ઉઠાડયો ?" તો કેહેવા લાગ્યાં કે "તારી કહાચ આંખ લાગી હોસે તેથી પોહોરવા દીધો." "વારૂ ચાલો, હવે કંઇબી જોઇએ તો મને જરૂર



હું સપાટ વગરજ દોડ્યો અને કેબીન ઉઘાડી જોયું તો મમાઇ કાસતા કરાજતાં ભોંયપર ચટ્ટાંપાટ પડેલાં. (પા. ૮૨.)

ઉઠાડજો," મેં કહયું, "એ તો તમારાં સારાં નસીબ કે કંઇ માથું મોહોડું નહી ભાગ્યું," એમ કહી પાછો મારી કેબીનમાં ગયો અને બીછાંણે ગગડયો. ઇલેકટ્રીક ફૅન ચાલતો હતો એટલે ઠંડક ઠીક હતી અને પવનની લેહેકીબી ઠીક હોવાથી ઝોકા આવવા લાગ્યા. હુ તો ધારૂંચ કે પાંચં મીનીટબી મારી આંખ લાગી નહી હશે તેટલાં તો મમાઇની કેબીનમાંથી બીજો ધડાકો સંભળાયો. "ઓ ઓ ઓ," મમાઇનો કાંસવાનો અવાજ સંભળાયો. પાછો ઉઘાડેજ પગે દોડયો ને જોવુંચ તો આદરજી સુમારીવાળાના વીધવા પાછાં ભોંયપર ચટ્ટાપાટ! મેં તો વીચાર કીધો કે હવે તો જરા બરાબર ખખડાઉં, પણ હું બોલું તેટલાં તો એવણજ મને ખાઇ ગયાં.

"મારી ચાંદન કંઇ મહને જીવતી જાગતી નહી જોવાની જો, ઓ માયરે, હવે તો નહીંજ ખમાતું જો. અરે તારૂં અત્યાપાત થાયરે તારૂં નસલી, મુવાને મેં કહ્યું તું કે મારેથી આટલાં સાંકરાં બીછાનાપર નહી સુવાશે તોબી મને બોહોસ કરીને સુવરાવી. મારૂં તો તું ખુનજ કરવા માંગેચ, મુવા કસઇ! હવે તો હું કદી આય બીછાનાપર નથી ગગરવાની. તું તારો જીવ પતકી નાખે તોબી નહી."

હું તો માથું ધવડતો ઉભો તેટલાં મને એક વીચાર સુજ પડયો. એવણ પોતાનો જે બીસતરો સાથે લાવેલાં તે મેં ભોંયપર ફરાગાત પાથરયો ને "લેવો હવે અહીંયાં ગગડોને ખોદાને ખાતર હવે વધારે કંટાળો ના આપતાં," એમ કહી ફફડીને જોરથી બારણું બંધ કરી મારી કેબીનમાં ગયો અને કાનપર જાડો પાટો વીંટાળી સુતો કે કંઇબી અવાજ સંભળાયજ નહી ને પાંચ મીનીટમાં તો ઘોરવાબી માંડયું ને બીજી બેત્રણ મીનીટમાં ચીકાર ઘોંતાઇ ગયો.

પ્રકરણ પાંચમું.

મુસાફરીનો પહેલો દીવસ.

"ક્ષનોથરો અહુરેમજદાઉ! ક્ષનોથરો અહુરેમજદાઉ!" એ બંદગીના અવાજ શાના? હું તુરતનો ઉંઘમાંથી જાગરૂત થયલો અને ઘડીયાળ જોવુંચ તો હજી તો સાડા ચારબી નહી થયલા; કાનધરી સાંભાળ્યું તો ડૅકપરથી મમાઇનો સાદ આવતો હતો? બારી ખોલી તો—ઓ પાક પરવરદેગાર! મમાઇ તો મુવાં સદરાપરજ ડૅકપર ફરતાં હતાં ને મોટે મોટે બંદગી કરતાં હતાં. સારૂંજ થયું કે કોઇ હજી ઉઠેલું નહી. બીચારા નોકરોબી હજી ઢોરની માફક ઉંઘાતા હતા.

"મમાઇ, મમાઇ," 'મેં બુમ પાડી, "બા એમ સદરાપર સહવારના પોહોરમાં ઠંડકમાં શું ફરોચ જો; સરદી બરદી લાગશેની?"

મારી એમ એવણુને કેહેવાની ખરી મતલબ તો એ હતી કે, અલાપાત થાય તમારૂં, એમ સદરાપર ગોરાંઓની સ્ટીમરમાં નહી ફરાય. પણ જો એમ બોલતે તો મને આખોને આખો ખાઇજ જતે ને એવું બુમરાણ કરી મુકતે કે ઉલટાં બધાં એ રકાસ જોવા જાગી ઉઠતે, તેથી સમજાવી પટાવી કામ લીધું.

"ઓ વાય, તે પાંચ વાગવા આયાની," મમાઇ બોલ્યાં, "જા, મારૂં નાહાવાનું પાંણી કહરાવ ને પેલી પોરીને કેહેજે કે મોરી મજેની ચોખ્ખી બીલોર જેવી સાફ કરે."

લેઓ, પાંચ વાગામાં એવણુને નાહાવાનું પાંણી જોઇએચ! મેં ઇશારત કરીને મારી કેબીનમાં બોલાવ્યાં ને સમજાવ્યું કે સ્ટીમરપર ૭ વાગાની અગાઉ કોઇને નાહાવાનો હુકમ નથી, તેથી હાલ તુરત તો જરા લેટી ઉઠો. તમુને હું સઉથી પેહેલ્લાં નાહાવાનું પાંણી અપાવશ. એમ કહી જરા બરડા પર હાથ પસવાર્યો તે મમાઇ મસકો બન્યાં ને પાછાં પોતાની કેબીનમાં ગયાં, ને આપણે તો ફોર મંડી જીઓ કરી ગયા.



"ક્ષનોથરો અહુરેમજદાઉ ! ક્ષનોથરો અહુરેમજદાઉ !"........ઓ પાક પરવરદેગાર ! મમાઇ તો મુંવા સદરાપરજ ડૅકપર ફરતાં હતાં ને મોટે મોટે બંદગી કરતાં હતાં. (પા. ૮૪.)

પણ અરધો કલાકબી નહી થયો હશે તેટલાં તો બેહેસ્તી આદરજી શેઠનેબી પેલી દુન્યાંમાં ભડકાવી ઉઠાડે એવો મોટો કાન ફાડી નાખે તેવો અવાજ બાહાર ડૅકપર થયો ને તે સાથે એવી તો બદબો નીકલી કે તેના વાસથી નાક ફાટી જાય. હું તો સમજીજ ગયો કે વળી કંઇ મમાઇનીજ મોહોકાંણુ છે. પાસેની કેબીનમાંથી ફ્રેન્ચમેન બુમેબુમ પાડે ને તેની પાસેનો સાહેબ "ડેમ ધીસ નીગર્સ" કહી હાથનેપગ અફાળે. મેં તુરત કીમોનો ઓળવી લીધો—કારણ ગોરાઓના રાજમાં કંઈ સદરા લેંઘાપર બાહાર નહી જવાય. બીહીતો ધ્રુજતો જઇ કેબીનનું બારણું ઉંઘાડયું કે રખે કોઇ બહાર કેસરી ઝીન્નાવવા ઉભો હોય. પછી હળવેથી ડૅકપર ગયો. મને લાગ્યું કે મમાઇએ કંઇબી ભાગ્યુંચ તો ખરૂં પણ એ ગંધારો શાનો નીકલ્યો તે મને બીલકુલ સમજ પડી નહી. હું થોકરાતો થોકરાતો ડાઇનીંગ સલુનમાં ગયો તો ઉંબરબરજ મમાઇ પડેલાં અને કપાલ કુટતાં હતાં.

"ઓ નસલી, નસલી," મને જોઇ તેવણ બોલ્યાં, "હવે તો ખરેજ મારૂં આવી બન્યુંચ જો—અરે હવે હું શું કરશ."

હવે મને એ ગંધારાની સમજ પડી. એવણ સુવાં કેઠાં તરાનો બાટલો લઇ મારી હરૂસે ડૅકપર પાછાં કસતી કરવા જતાં હતાં તેટલાં ઉંબરની ઠોકડ લાગી પડી ગયાં અને બાટલો ભાંગી ગયો. હું તો તે જોઇ ઘણોજ ખુશી થયો કે ગંધમારતો તરો ઘોળાઇ ગયો તે સારૂંજ થયું. પણ મમાઇને કંઈ એમ કેહેવાય કે? તેથી પાસે બેસી દીલાસો દીધો અને પાછાં જેમતેમ ઉભાં કીધાં. ત્યાં પુષ્કલ બદબો ફેલાઈ ગયો હતી તેથી સ્ટુવર્ડને બોલાવી પાંણી નખાવ્યું. તેબી કંઇ ફ્રેન્ચમાં બબડવા લાગ્યો તેથી તેના હાથની હથેલી પાછી જરા ચીકણી કરવી પડી.

"અરે હવે હું એના વગર કેમ કરશ નસલી," મમાઇએ બગાપો કીધો. "અનપાંણી વગર ચાલે પણ તરા વગર તો મને જરાબી નહી


ચાલે જો. તું કંઇબી કરીને એનો બંદોબસ્ત કરશે તો બધી તારી પરથી ઓવરઈ જવશજો, દીકરા."

મેંબી ડોકું ધુણાવી ખાતરી આપી કે કાલને કાલ તરો મંગાવી આપશ. મનમાં મકૂંજે દરીયામાં ગાય ગોધાનો શું ટોટો છે જે! તરો તો શું પણ એવણુને જોઇશે તો ખાતરબી મંગાવી આપશ!!

પટાવી સટાવી પાછો કેબીનમાં લઇ ગયો ને કહ્યું કે હવે ફરીથી મારા વગર બાહાર ના જતાં ને ભણવું હોય તો કેબીનમાંજ ભણ્યા કરજો. હવે હુંબી પાછો મારી કેબીનમાં ગયો અને વીચાર કરતો પડયો કે સહવારના પોહોરથીજ એવી શુરૂઆત થઇ છે તો આખા દીવસનો અંત કોણ જાંણે કેવો આવશે. તેટલાં તો કોઇએ આવી બારણું ઠોકયું ને જોઉંચ તો મોટા ડોળાવાલો કોઇ સૅલરબાવો! તે તો આવતાની સાથેજ હાથને પગ અફાળે ને ધરયો ધરાય નહી, ને મમાઇ કેહે તેમ ટરકીની માફક "કલુક, કલુક" કંઇ બકી ગયો, પણ મને તો તેનો એક બોલબી સમજ નહી પડયો. પછી ઇશારતથી માલમ પડયું કે મને પોતાની સાથે આવવા કહે છે. અરે ખુદા, વળી આય નવી આફત કોણ જાંણે શું હશે? બીહીતો ધુજતો મમાઇની કેબીન તરફ ગયો તો મમાઇતો ગેપ! ત્યાં હતાં નહી.

"આહ નોં નોં મોસ્યું," સેલરબાવા બોલ્યા, "હી યોર મઝર અપ."

મને તુરત લાગ્યું કે વળી કંઈ મમાઇએ ધોંટાળો કીધોચ, તેથી સેલરબાવા સાથે ઉપર ગયો તો બીજા બધા ખલાસીઓ મારી તરફ ધસી આવ્યા, અને ભુમરાણ કરી મેળયું. પણ મમાઇ તો બંદાં કમ્મરે હાથ દઇ ઉભાંજ રહ્યાં. જાણે ખલાસીઓ બધા એવણુને મનથી કુતરા, તેમ તે લોક તરફ ટચાકડી ફોડી દુરના દુર રાખતાં હતાં. તેટલાં ત્યાં એક જણ પાંણીની મોટી નળી લઇ ઉભેલો જણાયો, ત્યારેજ મને સમજ



"અરે હવે હું એના વગર કેમ કરશ નસલી," મમાઇએ બળાપો કીધો. "અનપાણી વગર ચાલે પણ તરા વગર તો મને જરાબી નહી ચાલે જો."
(પા. ૮૫-૮૬.)

પડીકે એ લોક ડેંક ધોવા માંગતા હતા ને મમાઇ ત્યાં ઉભેલાં હોવાથી ખોટી થતા હતા.

"મમાઇ," મેં કહ્યું, "બા નીચે ચાલો. એ લોક હમેશના રીવાજ મુજબ ડેંક ધોવા ખોટી થાયચ."

"ઓ વાય એમ કે ?" મમાઇ ઠંડે કલેજે બોલ્યાં," તે મુવાઓ એમ ભસી કાંય નહી મરતા ? ત્યારના કુતરાંની માફક "હાઉ, હાઉ, હાઉ હાઉ" કરયા કરેચ તે મને સમજબી તે શું પડે ! એ લોક જાંણે કે હું બીહ ધભરાઇ જવશ પણ મારૂં જુતુંબી એ લોકથી ધભરાય નહી."

હવે જેમ તેમ સમજાવીને એવણુને નીચે લઇ ગયો. એવણુનો સ્વભાવ એવો ચટપટયો કે મેં ના કહેલું તોબી મુવાં પાછાં મારી અલકસે ડેંક પર ગયાં અને ત્યાં ઉપલો ઘોટાળો થવા પામ્યો.

"નસલી દીકરા, હવે તો મારો જીવ ધભરાયચ તેથી જલદી નાહાવાનું પાણી મુકાવ. અદીબેસ રોજ જેવે દાહાડે ૬ વાગી ગીયા તોબી નાહાવાનું ઠેકાણું નહી મલે. મુવાં આય લોકો તો જેટલાં બાહારથી ગોરાં ને સફાઇવાલાં માલમ પરેચ તેટલાં મુવાં અંદરથી ફુવર હોશે જો."

"અરે હારે મમઇ," મેં કહ્યું, "ધણાંજ ડરટી લોક ! ને તોબી આપણને ડરટી કેહેચ. ચાલો, તમારે વાસતે એક અરધા કલાકમાં નાહાવાનું પાણી મુકાઉંચ. તમે તમારાં કપડાં સાબુ કાહાડી તૈયાર રેહેજો."

ઉપલું કહી હું તો મારી કેબીનમાં ગયો, કારણકે હજી તો ખલાસીઓ સીવાય કોઇ ઉઠેલું નહી. તૈથી પાછો જરા લેટયો તેટલાં આંખ લાગી ગઇ. વીસેક મીનીટ બાદ "બેંએંએંએં, બેંએંએંએં" કરી મમાઇનો અવાજ કાને પડયો, અને બીજાં બે ચાર જણાં ધમકાવતાં હોય તેમ લાગ્યું. આય વળી નવું બેન કોટક શું હશે ! બારણું ખોલી જોઉંચ તો મમાઇ બકરાંની માફક "બેંએંએંએં, બેંએંએંએં" કરી બુમ પાડે ને પોતેજ પેટ પકડી હસે ! તેથી આસપાસનાઓ બુમ પાડી ધમકાવે,

પણ મમાઇને તેવોની ભલ દરકાર! એવણુતે લીધે મનેબી સુવાનો કરાર નહી મલેલો તેથી મારૂં ઘણુંજ પાકી આવ્યું હતું.

"એ શું હમબઇજી, કંઇ સારૂં લાગેચ કે?" મેં ખુબ ખખડાવ્યાં. "કોઇ બે પાંચ વરસનું નાહાનું બચ્ચું હોય તો સમજ્યા પણ તમારઇ જેવાં ૫૫, ૬૦, ની ભરતીમાં આવેલાં એક બાઇ માણસ એમ ઘેલા ગાંડા કાહાડે તે લોક શું સમજે ને કેવું ખરાબ લાગેચ."

"ઓ આવોરે કોઇ," મમાઇ બોલ્યાં. "આએ અકકલનો સમુનદર મને શીખામન દેવા નીકલ્યોચ તે કોઇ જોવોરે! બા, નસવાનજી, એ તો તમેજ મને એમ બોલવા શીખવેલું મરૂં, હવે પતરી શાના જાવોચ?"

"મેં તમુને બકરીની કાની બોલતાં શીખવ્યું?" મેં અજબ થઇ પુછ્યું.

"તો હાસતો વરી, તમેજ જીભરાયા બોલોની કે નાહાવાના પાંણીને ફ્રેંચમાં શું કેહે? બેં બેં કેહે કની? બોલોની હવે, કેમ તમારૂં મોનું સીવઇ ગીયું?" મમાઇ ખુબ હસીને બોલ્યાં.

ખરેખર તકરાર એવી હાસ્યકારક હતી કે મનેબી હસવું આવ્યું. નાહાવાના પાણીને ફ્રેંચમાં "લ બેં" કહેવાય.

"અરે તમે હરવાયાંરે મમાઇ. ચાલો ચાલો, હું તમુને નાહાવાનો ઓરડો બતાઉં," એમ કહી હું એવણુને 'બાથરૂમ' આગળ લઇ ગયો. અને "મેડ" પાસે ટબમાં ગરમ પાંણી ભરાવ્યું.

"દીકરા, જરા મને મોરી તો જોવા દે," એમ બોલી મમાઇ બાથ આગળ ગયાં અને જોઇને એવણુની છાતીજ બેસી ગઈ. "શું આય વાસણમાં નાહાવાનું કે?"

"હા મમાઇ, એને અંગ્રેજીમાં 'ટબ' કેહેચ," મેં કહ્યું.

"અરે જારે જા," મમાઇ છેડાયાં, "હું અંગ્રેજીબી નથી સમજતી ને ફારસીબી નથી સમજતી. મને તો મજેની સોહોજી મોરીમાં બે હાંડ પાંણી મુકાવી આપ ને દોરતો કે જઇ મારા ઓરડામાંથી કરસ્યો ને મારો ખીસો લઈ આવ."

ખાસ્સી વાત ! મમાઇને વાસતે નવી મોરી બંધાવવા બેસું ! બીચારાં તદ્દન અગરગર્ચ્યાં નીકલ્યાં.

"જેવ મમાઇ, બઇરાંઓનો નાહાવાનો ઓરડો આય એકજ છે ને તમે જો એમ ટાહેલાં કરવા ઉભાં રેહેશો તો ધરાધર બીજાં બઇરાંઓ હમણાં નાહાવા ઉતરશે ને તમે રહી જશો. મેં તમુને કેટલી વખત સમજાવ્યું કે સ્ટીમરપર જેમ બધાં વરતે તેમ આપણેબી વરતવું. બધાંને ટબમાંજ નાહાવાનું ને તેબી વળી ખારાંજ પાણીએ."

"ખારાં પાંણીએ ?" મમાઇ બબડયાં, "મારી જાંણે બલા—મરે ખારાં પાણીએ આંગ તે કેમ સફા થાય. અને તેબી વરી બધું અભેખર કીધેલું તેજ પાંણી આપરે દીલપર વાપરયે કે ? ખરેખર હું તો પઇસા ખરચીને દુખ જેવા આવીચ જો ! આય બધાં મુવા તારાં કારસતાન, સમજયો કે ?"

ફફડી ચટકીને આખરે મમાઇ અંદર ગયાં કારણકે નાહાયા વગર કંઇ ચાલે ? અરધું ટબ ભરીને પાંણી કહડાવી આપ્યું, અને કહ્યું કે બા જલદી ઉઠજો કારણ બીજાં બઇરાંઓ નાહાવાના છે અને તે લોકને માટેબી એજ બાથરૂમ છે. ફરી ફરી એમ કહી ભેજાંમાં ઉતારયું. ખીસો, આટો, વીગેરે પોતાનો બધો સામન એવણે બાથરૂમમાં મુકાવેલો જેથી મેં ધારયું કે એવણને નાહાતાં કંઇ નહી તો અરધો કલાક કલાક તો જરૂરજ લાગશે. પણ હજી ઘણું સકાળું હતું એટલે અડચણ નહીં. બરાબર સમજાવીને હું ડેકપર ગયો, અને ચાહે મંગાવી. હજીતો ચાહેનો પેહેલ્લો ગોટ પીઉંચ કે "મેડ" હાંફતી હુંફતી આવી લાગી.

"ચોર મુઝર, હી કાઇ મચ," મેડે કહ્યું. હું દોડતો કે મમાઇ આગળ ગયોને પુછયું કે "બા શું છે ? શું છે ?"

"તારૂં મુવાનું તોડું ને ઘેફર ! ભાગેલાં વાસણમાં તે કંઇ નાહાવાનું પાણી કાહાડવાનું હોશે કે !"

"ભાંગેલું વાસણ શાનું ?" મેં પુછ્યું. હું તો ધબરાયોકે રખેને ટબ ભાંગી નાખ્યું હોય; તો દંડ ભરતાં મરવા પડશું. મમાઈ તો અંદરથી જીવે જીવ પટકે ને સાબુ લગાડીને બેસી રહેલાં, કારણ જે એવણના કેહેવા પ્રમાણે ટબમાં એક ટીપું પાંણી હતું નહી.

"અરે, પણ વીસ હાંડા જેટલું પાંણી ભરી આપેલું તે બધું ક્યાં ગયું ?" મેં ચીરડાઇને પુછ્યું.

"પી ગેઇ," મમાઇએ અણકો કીધો, "તું તો હંમેશ નો આંધરોજ છે તો આય વાસણમાં મોટું બુરાક છે તે તુંને ક્યાંથી દીસે ?"

મને તો કંઇજ સમજ નહી પડી કે ટબમાં બુરાક ક્યાંથી આવ્યું. કહ્યું કે બા બારણું ખોલો તો "મેડ" ને અંદર મોકલાઉં. મમાઇ ઉઠવા ગયાં પણ સાબુએ દીલ ચીકણું થયલું ને વળી ટબબી લીસું એટલે સરી પડયાં અને ધરાક દઇ પડી ગયાં. તે સાંભળી બાહાર ઉભેલાં "મેડ" ને બાથબોય બન્ને હસી પડયાં તે મમાઇ સમજ્યાં કે હું હસ્યો, એટલે વળી પાછું એવણનું દાસતાન શરૂ થયું.

"અરે તારા મોહોરાંમાં કીરા પરેરે તારા," મમાઈ બખાલ્યાં, "મુવા તારી બુઢી મમાઇના હારકાં પાસરાં ભાંગી ગીયાં તેથી તુને મુવાને હસવું આવેચ કે ? જરા સબુર કર, જોજે કે મમભઇ જઇને દાંતના ડાકટર પાસે તારી આખી બત્રીસી કઢરાવી નખાઉં તો મારૂં નામ અમબઇજી નહી."

"અરે પણ મમાઇ, મારી પર કાંય ખાલી ગુસ્સે થાવોચ ?" મેં કહ્યું, "એ કંઇ હું નથી હસ્યો પણ આંય નફ્ટ નોકરો હસ્યાં. ચાલો વારૂ, તમુને બહાર આવવાની જરૂર નથી. તમારા જમના હાથપરનો નળ ખોલો તો જેટલું જોઇએ એટલું પાંણી મળશે."

મમાઇએ મારી સલાહ માની નળ ખોલ્યો, પણ ખોલતાંને વાર ચીચ્યારી સંભળાઈ, "ઓ બધી દાજી ગેઇરે, બધી દાજી ગેઇ! અરે ઓ નાપાક દેવ! તારી મમાઇને મારીજ નાખવા માગતો હોય, તો

ઉંચકીને દરીયામાંજ ફેંકી કાંય નહીં દેતા કે એક વખતનો નીકાલ આવી જાય."

અરરર ! મેં જબરો ઘોટાળો કીધો, પણ મને શું ખબર કે જમના હાથપરનો નળ ખળખળતાં પાણીનો હશે ! હવે તો મનેબી એવણુની ઘણીજ દયા લાગી અને આગળ હતે તો જરૂર કોટી કરી ઠંડા પાડતે. પણ હાલ વધુ બોલવામાં સાર નહી, કરી મુગોજ રહ્યો. પછી મમાઈ પોતેજ સમજી ગયાં અને જેમ તેમ કરી સ્ટૉપર ઉંઘાડી અને મેં મેડને અંદર મોકલાવી. તેને પાછું પાણી ભેલસેલ કરી બધું ઠીકઠાક કીધું.

"હવે બધું બરાબર છે કે મમાઇ?" મેં પુછ્યું. પણ મમાઇએ જવાબ નહી આપ્યો એટલે હું સમજી ગયો કે એવણુની "ટેમ્પરેચર" એકદમ વધી ગ્રઇ છે તેથી ચુપચાપ પાછો ડૅકપર આવ્યો. ત્યાર પછી મેં મેડને પુછ્યું કે ટબ કેમ કરતાં ભાંગી ગયું? તો તે મુઇ પેટ ધરી હસવા પડી, અને મને ઇશારત કરી બધું સમજાવ્યું ત્યારે માલમ પડયું કે મમાઇએ ભુલમાં ટબનો "પ્લગ" (બુચ) કાહાડી નાખેલો તેથી પાણી બધું દરીયામાં ઉતરી પડયું.હવે મને બુરાકની બરાબર સમજ પડી.બીચારાં મમાઇને બી શું કહીએ? અજ્ઞાનપણાનો એકજ ઇલાજ છે અને તે માત્ર કેળવણી—પણ મમાઇ હવે તો પેલી દુન્યામાં કેળવણી લે તેજતો.

મે ચાહે મંગાવી પણ તે દીવસે ચાહે પીવાનું મારી સરજતમાં હશે જ નહી, કારણ કે "બાથબોય" દોડતો કે આવ્યો કે બુઢાંબાઇ તમને તુરતજ નીચે બોલાવેચ. વળી એ નવી આફ્ત શું હશે? દાદરપરથી ઉતરતાંજ મમાઇનો અવાજ મારે કાને પડયો.

"અરે એ મુવાં પેહેલ્લે મારથી કોણ પાંણી નાખેચ, મારા બધા બાલ ભીંગઈ જાયચની."

મને કંઇ સમજ પડી નંહી કે એવણુ પેહેલ્લો માળ શું બકેચ ને ઉપરથી પાણી કોણુ નાખે. તેથી મુવાંને જેમ તેમ સમજાવી બારણું બોલાવી "મેડ"ને એક વખત પાછી અંદર મોકલી ને તેને પાછી

આવી હસતાં હસતાં ખુલાસો કીધો ત્યારે મને સમજ પડી કે મમા-ઇએ "શાવર બાથ" નો નળ ભુલમાં ખોલી નાખેલો તેથી ઠંડું પાણી ઉપરથી પડયા કીધું.

ઘણોજ કંટાલેલો હું ઉપર ગયો ને મારી કેબીનમાં ગગડયો. મમાઇના એવા ફેરતા ફજેતાથી હું ઘણોજ આજેઝ થઇ ગયો હતો અને કોઇ વાર તો એમબી વીચાર કરૂં કે દરીયામાં કુદકો મારૂં. પણ આપરે મકોરી પહેલવાન એવા પડયા કે દરીયામાં તો શું પણ પાંણીના ટબમાંબી કુદકો મારતાં ધ્રુજરી છુટે. વીચાર કરતો પાછો બીછાનામાં પડયો. અરધો કલાક થયો, કલાક થયો, સવા કલાક થયો પણ મમાઇની તો ધનનસલ મળે નહી. દર પાંચ દસ મીનીટે બાથબોય અને "મેડ" ઉપર આવી કેહે કે "બાઇને કહો કે જલદી બહાર આવે કારણ કે મેમસાહેબો નાહાવાના ખોટી થાયચ. એક મેમસાહેબ તો કેહેચ કે હાથણુને નાહાતાંબી એટલો વખત નહી લાગે."

આપણે તો મમાઇનો સ્વભાવ જાંણતા હતા એટલે તે લોકને કાંકું આપ્યુંજ નહી, પણ જ્યારે ચીફ સ્ટુવર્ડ મારી આગળ ફરીયાદ કરતો આવ્યો ત્યારે તો મને જવુંજ પડયું.

"મમાઇ ક્યારે ઉઠશો?" મેં ઘણાજ મીઠાસથી પુછયું.

"મને ગમશે ત્યારે," રોકડો જવાબ મલ્યો.

"કંઇ નહી, ઉતાવળ નથી," મેં પતાવી કહ્યું. "પણ મકુજે બધ્ધ નાહાવાના ખોટી થાયચ."

"તો મારી કેઇ જુતીને?" મમાઇએ બાંગ મારી. "તું ને જોઇએ તો બધાંને દરીયામાં નાખી નહવાર ને તુંબી સાથેજ પર."

બધાં મને પુછવા લાગ્યાં કે મમાઇએ શું જવાબ આપ્યો. તે મેં હસીનેજ કહ્યું કે અબધડી ઉઠશે. એમ કહી હું તો છેક ઉપલા ડૅકપર ચાલી ગયો અને ખુંણે ખંટોલે ભરઇ રહ્યો. બાથરૂમનાં બારણાં ગગડા-વવાનો મને અવાજ આવ્યો અને મને લાગ્યું કે જે વખત જાયચ

તેમાં બારણું જરૂર ભંજાવાનું. મને ભલ દરકાર પડી, અને મારી તેઃ પુર ખાતરી હતી કે મમાઇ ઉલટાં બધાંને ખાઇ જશે, એટલે આપરે તો ખુશખુશાલ બેસીજ રહ્યા.

અરધા કલાક પછી હું નીચલી ડૅકપર આવ્યો ને જોઉંચ તો મમાઈ કોઇની ડૅક ચૅર પર કરારે બેઠેલાં અને જે બાઇનીં તે ખુરસી હતી, તે બાઇને ઘણી એવણપર ડોળા કાહાડે તોબી ઉઠે નહી. હમો કાંઈ હમારી ડૅકચૅર લાવેલાં નહી, તેથી હું તેઃ ઘણું ખરૂં બાંકપરજ બેસતો હતો, પણ મમાઇ તો જેની ખુરસી મલી તેનીપર આરામ કરતાં હતાં. કોઈ વખત તો આપણાજ દેશના પેલઃ અરધ્યાં સાહેબોની ખુરસીપર એવણ બેસતાં હતાં, ત્યારે મને ઘણીજ ગમ્મત લાગતી હતી. તે લોકોતો દાત્યાં પાસે, ને હમો જેવાં " નીગર " સાથે વાત કરતાં સુગાય તેથી સ્ટુવર્ડને બોલાવી કેહે કે પેલી ડોસીને ત્યાંથી એકદમ ઉઠી જવા કેહે, અને જયારે સ્ટુવર્ડ તે મુજબ મમાઇને કેહેવા જાય ત્યારે તેવણ તે બીચારાપર ડોળા તો એવા કકડાવે કે ઉલટો તેજ "પારડોં માદામ" બોલી ત્યાંથી ચાલતો થાય. બઇરાં આદમી પડયાં એટલે સ્ટુવર્ડ બોલેબી શું? અને તેથી એવણ મુવાં પારકાંની ખુરસી-પર મજેહથી ઍશ મારે.

એક દીવસ મમાઇ કોઇ મેમસાહેબની ડૅકચૅરપર બેઠાં હતાં તેટલાં તે મેમસાહેબ આવી લાગ્યાં ને ડોસાંને ત્યાં બેઠેલાં જોઇ ઘુરકવા લાગ્યાં, પણ મમાઇએ તેને કોઠું આપ્યુંજ નહી. તે ઘણીજ ફ્ફડીને ડૅકપર ફેરાં ખાવા લાગી, પણ જયારેં ઘણુંજ પાકી ગયું ને મમાઇ ઉઠયાંજ નહી ત્યારે તેવણની બરાબર સામે આવી ઉભી. હું પાસેજ એક બાંકપર બેઠો બેઠો આ રકાસ જોયા કરતો હતો અને મને લાગ્યું કે થોડાજ વારમાં વાદલ તુટી પડવાનું, અને તેમજ થયું. પેલી બાઇએ આખરે મમાઇને સવાલ કીધો કે "Where is your etiquette?" હવે મમાઇ એટીકેટને બદલે પેટીકોટ સમજ્યાં ને પેટી-કોટને નામે એવણને જબરી ચીંટ હતી.

"ક્યા બોલ્યા ?" મમાઈ છેડાયાં. "પેટીકોટ ક્યા ? મુવા તુમકુ સરમ નહી આવતા કે અમેરા પેટીકોટને વાસતે પુછતા ? અમ બુઢા મનીખ ક્યા પેટીકોટ પેહનતા ? અમ કુચ મુમબઇકી ચીબાવલી છોકરી બોકરી હય ? તે ચોટલાબરીઓ એસા પેટીકોટ પેહરતા ને પોતીકા રકાસ દેખારતા. અરે અમ તો સુમારીસે આયા, સુમારીસે, ને તાંહાં જો કોઇ પેટીકોટ પેહેરેગા તો તીસકા લેવરી કરેગા લેવરી. જો રાંન છેકજ ફાસ ચાલી તે."

મેમસાહેબ તો આ લાંબા લૅકચરથી ડઘાઇજ ગયાં અને ડોકું ધુણાવ્યા કરે.

"ક્યા તુમકો દીલમે દાકન આયા કે ? એસા ડોકા કાયકુ ધુનવતા ? જો તુમ અમેરા નહી માનતા તો લેવ દેખો," કરી મમાઇ ખુરસીપરથી ઉઠ્યાં ને સાડી છેક ઉંચી કરી પોતાની ઇજાર દેખાડી બોલ્યાં "દેખા, અબી કીદર હય અમેરા પેટીકોટ ?"

ડેંકપરતો બધી દોડાદોડી થઇ ગઇ ને સાહેબો ઉઠી નાહાઠા ને પેલી બાઇબી ફ્રકડી ચટકી ત્યાંથી ચાલી ગઇ ને હુંબી ત્યાંથી સસેકા તીન પાઉં કરી ગયો કારણ કે મહને ઘુમ હસવું આવ્યું. અરે મમાઇ છબરડાના કરતાં મરેરે !

ત્યાર પછી થોડે વારે હું બીહીતો ધ્રુજતો એવણ આગળ ગયો ને દુરથીજ મને માલમ પડયું કે વાદળ હજી ઘેરાયલુંજ છે તોબી જવા વગર કંઇ ચાલે ?

"કેમ આટલે વારે કાંહાંથી આયા ? કોણ તમારી સગી વાહાલી સાથે ઠીઠી ઠાઠા કરતાતા ?" મમાઇએ તાપમાંજ પુછ્યું. "ભલ તમુને દરકાર કે મમાઇ તરસથી જીવેચ કે મરેચ ! તમે તો મરૂં તાહારૂં કીધું હોસે, એટલે બસ."

હું તુરત ચેતી ગયો અને સ્ટુવર્ડને હોકમ કીધો કે ચાહે પાઉં ઉપર મોકલાવ. ચાહે મેં મારે હાથેજ બનાવી આપી, પણ મમાઇએ પેહેલ્લોજ ગોટ પીતાં તુરત પાછો બાહાર કાહાડયો.



"જો તુમ અમેરા નહી માનતા તો લેવ દેખો," કરી મમાઇ ખુરસીપરથી ઉઠયાં ને સાડી છેક ઉંચી કરી પોતાની ઇજાર દેખાડી બોલ્યાં, "દેખો, અભી કીદર હય અમેરા પેટીકોટ ?" (પાન. ૯૪.)

" ઓ તમે ધરી પરોરે ચાહેના પાતાં, " મમાઇ બખાળ્યાં, " મુવું જરા પાણીબી ધારૂં હોય. ઉંચક અહીંથી ને એકદમ જઇને કેહે કે મારે વાસતે મજેની ઇસતરાંગ ચાહે લાવે. "

મમાઈના એ મત સાથે હું મલતો થાઉંચ કારણ જે સ્ટીમરપર ચાહે ઘણીજ રેચકાન આપતા હતા ને મારે ગળે પણ ઉતરતી હતી નહી.

" મમાઇ તમને ચાહે તો અહીયાં એવીજ મળશે, તેથી તમે ગરમ ગરમ કારી લેઓ, તે ઘણીજ મજેહની આપશે," મેં સમજાવ્યાં.

" જા, જા, ચીતલ, પેહેરી સુઇજા, " મમાઇ છેડાયાં, " સહવારે તે કંઇ મુઇ કારી પીવાની હોય ? મરેરે, કાંહને કાંહ તારા જેવા ઉખરાને મારી સાથે લાવી, ગુસતાદ કે પાહાલો યા કાઉને લાવી હોતે તો કેવી સુખી થતે."

ખરેખર, મમાઇ, તમેજ નહી પણ નસલીબી સુખીજ થતે જો! અરે ખોદા! મનેબી શું ઊંધું સુજ પડયું કે સ્ટીમરમાં અને તેબી વળી ફરસ્ટ કલાસમાં મમાઇ સાથે કોલંબે જવા નીકલ્યો! જો કોઇ કેહે કે ટ્રેનમાં ને તેબી વળી થર્ડ કલાસમાં પાછો જા તો અબ ઘડી આખુ-શીથી જાઉં! અરે સત્યાનાસ થાય પેલા શેરોનું! તેને જો ઉછાળો નહી મારયો હતે તો હુ કોલંબો આવવા ઉછાલો નહી મારતે અને એવો મુરખ નહી બનતે. પ્રીય વાંચનાર! જો તારીબી કોઇ મમાઇ બપાઇ પાસે એવા શેરો હોય અને જો તે કુદકો કુદકો મારે તો તુંબી મારી કાની ભુસકો ભુસકોના મારતો નહીતો જરૂર ખાડામાં પડશે અને મારા જેવો દુખી બનશે. કંઇ નહીં દીકરા, ધુળ નાખી મીલવાલાઓને ખાટવા દેજે ને તું મુગોજ મરી રેહેજે, તેમાંજ તાહારી શોભા રેહેશે.

નાસ્તાનો વખત થયો, અને બરાબર નવને ટકારે ઘંટો વાગ્યો. મમાઇતો તૈયારજ હતાં. સહવારની ચાહેબી એવણે પીધેલી નહી ને રાતેબી હલકાંજ રહેલાં એટલે મુવાંને કકડીને ભુખ લાગી હતી તેથી કેપટન આવે તે પેહેલ્લાં જ જઇ પોતાની ખુરસીપર ગોઠવાઇ ગયાં ને

હુંબી સામેજ ડાહયો ડોહોરો થઇ ગોઠવાયો. ગઇ રાતનો બધો ફારસ યાદ આવવાથી પેટમાં ફાળ પડી, પણ હવે તો જે થાય તે ખરૂં, ખાધા વગર કંઇ ચાલે? તેટલાં કેપટન સાહેબ આવ્યા ને હસીને " બોંઝુર " કીધું ને મમાઇ પોતાની લાએકી પ્રમાણે " ભોંસ્યાં. " બધાં જમવા આવ્યાં ત્યારે નમી નમીને કાયદા પ્રમાણે સલામ કરે તે મુજબ મેંબી ઉઠીને સલામ કીધી.

" ચાલો નસવાનજી, " મમાઇ બોલ્યાં, "હવે ઘણાં ડાહ્યા ના બનો ને બેસી જાઓ, કંઇ સોભતા નથી. વરી સુમારીમાં બધાંને નમીને તુટી મરતતાની તે અહીં શાના એવાં ખેનકોટક કરોચ? ગોરીગોરી ઘાઘરાવાલીઓને જોઇને તમારૂં માથું ટણકેલું લાગેચ, પણ મરૂં તપાસીને ચાલજો હં, નહી તો બધાંના દેખતાં ફજેતો કરશ, સમજયા કે ?".

ચાલો ! પ્રોફેસર હમબઇજી આદરજી સુમારીવાળાંનું લૅકચર નંબર વન શરૂ થયું ! આપણે તો ચુપચાપ મરીજ રહયા કારણ કે હજી મમાઇની દાળ બળેલી હતી તેથી જો કંઇ જવાબ આપતે કે "એ તો એવી ઍટીકેટ " છે તો પેલું પેટીકોટનું દાસ્તાને દીલપઝીર પાછું શરૂ થતે.

પહેલે હાફ્ બૉઇલ્ડ ઇંડાં આવ્યાં અને દરેક આગળ ઍગ કપ્સ મુકેલાં હતાં, પણ મમાઇએ એવાં કપ્સ કોઇ દહાડો જોયલાં નહી. તેથી પેલા ધોબીના ગાંસદાને ફરીને કેહેચ કે " એઈ ઇદર આવ ! તુમ કેસા તુમારી આઇબાઇકા દોરા બારતા. ભસતે ગીયા, ઇસમે કેટલી ચાહે પીએગા ?

" નહીરે મમાઇ," મેં તુરત સમજાવ્યું, " એમાં કંઇ ચાહે નહી પીવાની, પણ ઇંડાં. "

" એવુવાય, એમાં ઇડાં તે કેમ પીવાંય વાઈ ? તુંબી પાછો મારો રકાસ કરવા માંગેચની કે જેથી બધાં હસે ને તુનેબી મમાઇની મુરખઇપર હસવું આવે."

"મમાઇ, તમે તો મારૂં કંઇજ માનતાં નથી. મેહેરબાની કરીને જરા જોવ કે કેપટન કેમ ઈંડાં પીએચ."

મમાઇએ તુરત કેપટન તરફ નજર કીધી અને બન્ને ઇડાં સાથેજ ઍગકપમાં મુકવા ગયાં પણ ઘણો ભાર પડવાથી તે કપ ઉંધુ વળી ગયું ને ઇડાં સાથેજ જમીનપર પડયું. ચાલો ! પડદો ખુલ્યો, અને હામાન–બકાવલીનો નાટક શુરૂ થયો. ઇડાં પડવા સમેત જાંણે પહેલો ઍક્ટ પુરો થયો. મમાઇએ ફરીથી ચટકી બીજાં ઇડાં મંગાવ્યાં અને ઍગકપ બાજુ મુકી રકાબીમાં ઇડાંભાંજી સુરૂપ સુરૂપ પી ગયાં ને વળી અઘુરાંમાં પુરૂં સફેદીબી બધીઅ ગોઠાએ ઓખ્ખવી સાફ કરી ગયાં. બધાં ડોળા ફાડી જોયા કરે પણ આપરે તો હવે એવણના નામપર પુરોજ મુકેલો એટલે તે તરફ નજર કીધીજ નહી.

મમાઇને સ્ટીમરપરના પાંઉં ઘણુંજ પસંદ પડયાં. જાતજાતના તેની પર આકાર આપેલા અને કકડાં કકડાંબી ઘણુંજ તેથી બહુ મજેહના લાગતાં હતાં.

"મરે નસલી, જરૂર એક પાંઉં સાથે લઈ લેજે કે આપરા પાંઉં-વાલાને એનો નમુનો દેખારયે તો એવાંજ મજેના કકરાં બનાવે" મમાઇએ કહ્યું.

મેંબી જોયું કે હમણાં જરા ઠંડાં પડેલાં છે તેથી "હા જરૂર લઇશું" કરી ઠંડાં મીઠ્ઠાંજ રાખ્યાં, જોકે મનમાં તો બબડયો કે તમારી અક્કલ-પર સદ હજાર આફ્રીન ! છ મહીને પાછાં મુબાઇ જઇશુ ત્યાં સુધી એ પાંઉં તદ્દન તાજુંને કડકજ રેહેશે !

ઇડાં પછી ગોસ્તની વાણી આવી. સારૂં જ થયું કે બકરાંનું ગોસ્ત હતું, નહી તો વળી ડોસાંની મોહોકાંણમાં હું ભુખે ઠોકરાતે. મેંબી તેથી ડાબીને લીધું અને ગઈ રાતનો ખંગ ઉતારયો. મમાઇએબી ખાસ્સું લીધું પણ બાફેલું એટલે કંઈ ગળે ઉતરયું નહી.

" ખેએએએ, " મમાઈ થુકી નાખી બોલ્યાં, " બરાબર એમાં મીઠું બી નહી મલે. ધરટીમરના મુવા બબરચીને મહીને ૧૦૦ રૂપ્યા તો શું પણ રોજના ૧૦૦ ખાસરાં આપવાં જોઇએ."

ચાલો ! કેપટનનું "વાટ હી સે" પાછું શરૂ થયું એટલે મેં તુરત સમજાવ્યું કે "ગોશ્ત ફીકકું લાગેચ તેથી બાઇને ગમતું નથી."

" ઉઇ–ઉઇ, મસતર, મસતર, માદામ" એમ બોલી કેપટને મમાઇની પ્લેટમાં વેલાતી રાઇનો લપકો મુકયો.

હું "મસટર્ડ "ને ગુજરાતીમાં શું કેહેચ તે વીસરી ગયલો અને રાઇ એવી રીતે બનાવેલી કે મમાઇબી પારખી નહી શકયાં. પેહેલ્લે તો જરા મચકાયાં પણ પછી મેંબી ઓહિંસ કીધી કે એની સાથે ગોશ્ત ઘણું મજેહનું લાગશે એટલે લીધી. મનેબી ગોશ્ત એટલું ભાવ્યુ કે નીચી મુંડીએ ખાયાજ કીધું, પણ તેટલાં તો મમાઇએ એવી મોટી ચીચયારી પાડી કે બધાં ચોંકયાં. મુવાં તો આખોને આખો રાઇનો લપકો પાંઉ સાથે ખાઇ ગયાં તેથી જબરી જેહેન ચહડી ગઈ ને જોઉંચ તો આંખ- માંથી આંસુ ને નાકમાંથી પાણી ગળે! બધાં હસી પડ્યાં પણ મેં તો જેમ તેમ હસવાનું ડબાવી ઠંડું પાણી પાયું. જયારે એવણની જેહેન ઉતરી ત્યારે મારી તરફ ફરી બોલ્યાં.

" નસવાનજી શેઠ, તમારો મોટો ઉપકાર થયો. એમબી ને એમબી ઝેરજ કાંય નહી આપતા કે સદાની કાસર પતે ! "

આપણે તો ચુપજ બેસી રહ્યા કારણ કે જરાબી ચું કે ચાં કરતે તો રાઇના લપકાની માફક મનેબી આખો ને આખો ગળી જતે. કપટાન પરબી એવા ડોળા ઘુરકયા કે તે બાપડોબી ચાંઇ પડી ગયો.

ચાલો, ફારસનો બીજો ઍકટ પુરો થયો ! પછી સમજાવી પટાવી ખાંખણ ને જામ આપી, તે એવણને ઘણીજ ભાવી, ને જાણે ધાનસાખ ખાતાં હોય તેમ ડચુસા મારયા. મેં જોયું કે જયા ત્યાંથી એવણનું પેટ

ટાઢું રહે એટલે બસ, કારણ કે ભુખે પેટે તો વીકાલ વાઘણની માફક છેડાયલાં રહેતાં હતાં.

હવે છેલ્લે આવી ફ્રુટ. ફ્રુટ તો એવી તોફા કે જોઇનેજ તાપ ચહડી આવે.

" એ કયા સંતરા કે ? " મમાઇ કેપટન તરફ ફરયાં, "અરે, જાત જાત, મુવા તુમ લોક તો જબરા લુચા નીકરા. અમેરા ગામમે લીંબુ મી જાસથી મોટા હોસે. તુમ અમેરી પાસ પઇસા લેયાય કે કાંકરા? મુવા તુમકુ હરામકા પઇસા બધા ફુટી નીકરેગા. " એમ બોલી મમાઇએ કરાર દઇને કટકા ફોડયા.

કેપટને ઓવરણાંનો સવાદ ચાખેલો એટલે આયબી ઓવરણાં સમજી હસીને નમ્યો. પણ એ બીચારાને શું ખબર કે અવળે હાથના ઓવરણાં કેવાં હોય !

હવે કેપટને એક આંગલ્યાં જેટલું પીળી છાલનું કેળું છરીવડે છોલી તેના જીના જીના કટકા કરી એક એક કટકો કાંટાએ ખાધો. જાણે શું એક કઠણ ચીજ ખાતો હોય તેમ ચાવી ચાવીને ખાય, તે જોઇ મમાઇનું ઘણુંજ ગળી ગયું.

"એ કયા કેલા ખાતા કે વાલકેસરકા પથરા ?" મમાઇએ પુછયું, "મુવા તુમ હરીમ ધરીમ જેવા છેઓ તોબી એટલા કાંગલા કુંગલા કાયકુ બનતા ? દેખો અમ તુમકુ દેખારતા કે કેલા કેસા ગરવાના. " એમ બોલી મમાઇએ કેળાંની આખી પલેટ પોતાની પાસે મંગાવી ને તેમાંથી ૬ કેળાં લઇ પોતાની પ્લેટમાં મુકયાં, અને એક એક પછી છોલી ગપોગપ આખાંને આખાં ગળી ગયાં ! કેપટન એક કેળું ખાઇ રહે તેટલાં તો મમાઇ ૬ સાફ કરી ગયાં. આખી ટેબલપર હેહા થઇ રહી અને કેવો એક જાદુગર આવ્યો હોય તેમ બધાં દઘાઇને જોયા કરે. કપટાન તો રડવા જેવો થઇ ગયો, અને કહે કહે ને એમજ કહે કે મમાઇને જરૂર ચુંકો થશે ને કદીબી જીવી શકશે નહી. સ્ટીમ-

રનો ડાકટરબી તદન ફીકકો ફચ મારી ગયો ને ધારયું કે મમાઇને જરૂર કૉલેરા થશે અને આખી સ્ટીમરમાં એ રોગ ફેલાશે. સારૂં જ થયું કે મમાઇ કંઇ સમજ્યાં નહી કે એ બધાંઓ શું વાત કરેચ ને શાના ડોળા ફાડેચ, જો સમજ્યાં હતે તો બધાંને ગાળે ગાળે ધોઇ નાખતે !

ફ્રુટનો ફારસ કાંઈ હયાંજ ખતમ થયો નહી. ધૂળ નાખી એટલાંમાંજ પુરૂં થતે તો પણ વાત તો પછી એટલી બેહેકી ગઇ કે આપણે તો જાંણ્યું કે સ્ટીમરપરજ પોહિંતા થવાના.

જોવ, હવે સાંભળો. વાત એમ બની કે મારી પાસેવાલી ફ્રેંચ મડમે ત્રણ નારંગી સામટી લીધી, તેમાની એક ખાધીને બાકીની બે પોતાના રૂમાલમાં બાંધી જાંણે હરૂસેથી ચોરી લઇ જવાની હોય તેમ વીટાળી મને આય ઘણુંજ શકમંદ લાગ્યું, અને કપટાનને કેહેવાનો મારો ઘણો જીવ થયો પણ તોબી મુંગો બેઠો. મમાઇબી સાંમેથી ટગર ટગર જોયા કરે, અને મને આંખના પલકારાથી ઇશારત કરે. પછી બધાં ઉઠયાં અને પેલી ફ્રેંચબાઇબી રૂમાલનુ પોટલું લઇ ઉઠી. હવે મમાઇથી વધુવાર ખમી શકાયુ નહી તેથી "ચોર, ચોર," કરી મોહતેથી બુમો પાડી. બધાં ડધાઇને જોયા કરે અને પેલી બાઇબી ટીકયા કરે. તેટલાં કપટાને મને પુછ્યું કે "વાત હી ઝે ?" ને મનેબી મડમપર ખાર લેવાનો હતો એટલે મેં સમજાવ્યું કે "એને બે સંતરા ચોરી કીધાચ. શી ઇઝ એ થીફ." મેં વળી અંગ્રેજીમાં ફેંકી આગમાં તેલ હોમાવ્યું. "થીફ" બોલ સાંભળતાંને વાર પેલી મડમનો માટી ભુંડની કાની મારી તરફ ધસી આવ્યો અને મને પુછેચ કે "વાત, વાત ? તીફ ? મેઇન વાઇફ તીફ ?" હું તો ફગલાઇ ગયો પણ મમાઇ ગભરાય એવાં આસામી નહી હતાં.

"અરે એ મુવા મોટી મુછવાલા મક્કારી પેલવાન !" મમાઇ તુરત મારી મદદે દોડી આવી બોલ્યાં, "કયા તુંમ મેરા ગાય જેવા દીકરાકુ મારનેકુ આયાચ કે ? અરે ભસ્તે ગીયા, એને હાથબી લગારયોચ તો હારકે હારકાં ભાંગી નાખશ. તારી બઈરી ચોર ને ફર ચોર છે," એમ



હવે મમાઇથી વધુવાર ખમી શકાયું નહી તેથી " ચોર, ચોર " કરી મોહનેથી બુમો પાડી (પા. ૧૦૦)

કહી મમાઇએ તુરત પેલી મડમના રૂમાલનો એક છેડો ખેંચ્યો અને તે બે નારંગી ભોંયપર ગબડી પડી.

હવે મનેબી મમાઇની કુમકપર જોર આવ્યું તે હું પાછો બોલ્યો, "સી, સી, ધોર વાઇફ ઇઝ એ થીફ." હજીતો મોઢાંમાંથી એ બોલો બાહાર નહી પડ્યા તેટલાં તો પેલી બાઇ "ફેન્ટ" થઇ ગઇ અને તેણીનો ધણી તો જાણે મેંડ હાઉસમાંથી છુટી આવેલો હોય તેવોજ લાગ્યો. તેના મોહોડાંપર ગુસ્સાથી બધું શીન આવી ગયું અને ફ્રેન્ચમાં કંઇ મોટે મોટે બબડે' ને હાથ ને પગ અફાળે. પછી મારી પાસે આવ્યો અને પોતાનો કાર્ડ કાહાડી ઉપર કાંઇ લખી માહારાં મોહોડાંપર જોરમાં ફેંક્યો. આ બધું એટલું ઝડપથી બન્યું કે મને તો કાંઇ સમજબી નહી પડે ને મમાઇબી ડાચું વકાસીને જોયાજ કરે. ત્યાર પછી પેલાં ઝનુની ધણી ધણીયાણી ત્યાંથી ચાલી ગયાં. કેપટનબી હમોપર બહુજ ખફા લાગતો હતો, કારણજે મમાઇ જ્યારે તેની આગળ ખુલાસો કરવા ગયાં ત્યારે ડોળા ઘુરકતો પીઠ ફેરવીને ચાલતો થયો. કોઇ સમજાવવા વાલુંબી ત્યાં મલે નહી કે કંઇ ધડ પુછડું સમજ પડે.

બીહીતાં ધ્રુજતા હમો બન્ને કેબીનમાં ગયાં. પેલા કાર્ડપર મેં નામ વાંચ્યું તો તેબી પેલા કમબખતની મુછના જેટલુંજ લાંબું લચક ! એ કાર્ડપર શું લખ્યુચ તે તો અલ્લાહજ જાંણે. આખરે ચીફ સ્ટુવર્ડ જેને બધો તમાશો જોયલો તેને બોલાવ્યો. તેને બીચારાએ બધું બેસીને સમજ પાડી, ત્યારે સમજ પડી કે હમો બન્ને જણાંએ જબરી મોહોકાંણુ વાળેલી ! સ્ટુવર્ડના કહેવાપરથી એમ માલમ પડયું કે સ્ટીમરપર રીવાજ છે કે પેસેનજરને જો ગમે તો પોતાની કેબીનમાં ફ્રુટ લઇ જઇ ખાય, અને તે પ્રમાણે પેલી ફ્રેન્ચમાઇએ કીધું, અને હમે અગરગચ્ચાં જેવાંઓએ તેની પર ચોરીનું તોહોમત મુકયું અને તેથી કુદરતી તેનો ધણી હમોપર બહુજ ખફા થયો.

થાય તેમાં નવાઇ શી ? જો કપટાન આગળ નહી હતે તો જરૂર પેલો મને મારી પડતે. પાછુ મેં પેલા સ્ટુવર્ડને પુછ્યું કે બા આ કાર્ડપર શું લખ્યુંચ ? કંઇ મને ચાહે પીવા તો નથી બોલાવ્યો ? ત્યારે તેને કહ્યું કે તમે એની ધણીયાણીને અપમાન કીધું તેથી તમારી સાથે આજે બપોરે ત્રણ વાગે એ "ડયુએલ" રમવા માંગેચ. ડયુએલનું નામ સાંભળતાંજ હું તો ફસડાઇ પડયો, અને પાંણી પાંણી થઇ ગયો, ને તે જોઇ મમાઇ ધભરાઇ ગયાં.

"ઓ તુંને જીરે મારા બધા, શું છે દીકરા ? તારો જીવ બીવ ફરેચ કે ?" મમાઇએ પુછ્યું.

"મુગાં મરી રેહેવોની," મેં મોહતેથી બાંગ મારી, ને પછી આઇસનું પાંણી પીધુ કે જરા મારો જીવ ઠરયો.

"ડયુએલ"નો દેવ મારી આંખોની સાંમેનો સાંમેજ ! આખરે મમાઇને બધું સમજાવવાની મે જરૂર જોઇ, ને આંખમાં આંસું સાથે બોલ્યો, "મ–મ–મમાઇ, હવે તો મ–મ–મારૂ આવીજ બન્યું જો. તતત ત્રણ વાગે મ–મ–મારૂં મો–મો–મોહોત આવશે."

"ઓવારૂં રે તારી પરથી," મમાઇ મને પેટમાં ચાંપી બોલ્યાં, "કોણની મકદુર કે તુંને આંગળીબી લગારે !"

"અરે આંગળી લગાડે તો કંઈ નહી," મેં ડચકાં ખાઇને કહ્યું. "પણ આય તો ત–ત–તલવારથીજ મ–મ–મારૂં ડો–ડો ડોકું છ–છ–છ છટકાવશે ! ઓ મારા બાપજી ઇ ઇ ઇ રે એ એ એ."

"ડયુએલ" વીશે મેં ચોપડીઓમાં ઘણું વાંચેલું અને પોતાની ઓરતની આબરૂને ખાતર ફ્રેન્ચ લોકો કેટલા ઝનુની બનેચ.તે હું બધું જાંણુતો હતો. જેમ જેમ એવા વીચારો કરૂં તેમ તેમ મને લખ-લખાં ભરાય. જે માણસ લાકડીથી બીહે તે તલવાર શું પકડી મરતો તો ! યા ખુદા, હવે શું કરવું તે સમજબી નહી પડે.

"અરે પણ તું એટલો બધો ગભરાયચ શાનો? એ તો મુવો અમથો ડર્પાસ મારતો હોસે," મમાઇએ મને ધીરજ આપી. "લાવ, હું જઇને તેને મુવાને સમજાવી આઉં." એમ બોલી મમાઇ તુરત કેબીન તરફ દોડયાં. ઘણુબી બારણાં ઠોકયાં પણ પેલો કમબખત ઉઘાડેજ નહી, અને મમાઇ ઠાકી પાછાં આવ્યાં.

"એ મુવો જયારે મારા જેવીથી બીહેચ ને બારણું નથી ઉંઘાડતો," મમાઇ બોલ્યાં, "ત્યારે તારા જેવા સાથે પટાબાજી તે શું ખેલતે તો?"

"પણ મમાઇ, એ પોતાના ઓરડામાં શું કરતો તો? તમે કંઇ જોયું હશેની?" મે પુછયું.

"તે દીકરા હું શું જાણું? મુવો બારણું ઉંધાડે તો દીસે કની? પણ અંદરથી મારે કાને કંઇ ખણખણાતનો અવાજ આવ્યા કીધો."

ખણખણાત સાંભળીને મારી તો છાતીજ બેસી ગઇ. મને ચટપટ થયાજ કરે કે એ શાનો અવાજ હશે, તેથી જાતે જઇને ખાતરી કરવા બીહીતો ધુજતો તેની કેબીન આગળ ગયો, ને બારી ઉંઘાડી હતી તેમાંથી અંદર નજર કીધી.ઓ ખોદાત લા! શું દેખાવ મે ત્યાં જોયો? પેલો કમબખત તો તેલ લગાડીને પોતાની તલવાર સાફ કરતો હતો અને તેની બઇરી તેલની બાટલી લઇને તેની પાસે ઉભેલી અને બંન્ને જણાં ઘણાંજ ઉશકેરાઇને વાત કરતાં હતાં. પેલાની મુછબી જાણે એકદમ લંબાઇમાં વધી ગઈ હોય તેમ લાગતું હતું અને તેનો ચેહેરો એટલો વીકાલ બની ગેંયો હતો કે જો રૂસ્તમ પેહેલવાનબી તેને તે વખતે જોતે તો તેબી જરા ચોંકતે. હું તો એ દેખાવ જોતાંની સાથેજ ઉભી•પુછડીએ નાહાઠો, અને મારી કેબીનમાં ઘુસી અંદરથી બારણાંને ચાવી દીધી. મને લખલખું ભરાઈ આવ્યું ને તુરત તાપ ચહડી. મબાઇબી ત્યાંજ હતાં ને મને ભખી ખાધેલો જેવો જોઈ પુછવા પડયાં કે "કેમ બાવા શું છે?" પણ મેં એટલોજ જવાબ

આપ્યો કે "ત–ત–ત તલવાર." મમાઈ સમજી ગયાં અને ફીકકાં ફ્ચ બન્યાં. હમણાં ૧૧ વાગ્યા હતા ને ચપ કરતા કે ત્રણ વાગશે ને ચાર વાગતાંની અગાઉ તો નસલીની લાસ દરીયાની તલેટીએ જઈ પડશે. મમાઇ તો "ખોરદેહ અવસ્તા" કાહાડી ભણવા બેઠાં. મને તો એવી ચીડ ચહડી કે મમાઇ ને તે ચોપડી સાથેજ દરીયામાં હોમાવી દેઉં.

"ધુવરની કાની ભણવા શાનાં બેઠાં?" મેં બરાડ મારી, "ચપ દેતો કે મારો જવાન જીવ નીકલી જવાનો છે તેનો કંઇ વીચાર કીધો કે?"

"જીવ જાય તારી મમાઇનો. પણ દીકરા તું જે કેહે તે કરૂં," મમાઇ ઠંડાંગાર થઈ જઇ આંખમાં આંસું સાથે બોલ્યાં.

"જાઓ, જઇને કેપટનને પસરાવો કે કાંઇબી સમજુતી કરે," મેં કહ્યું.

મમાઇ બીચારાં તુરત ઉઠયાં ને કેપટનની કેબીન તરફ દોડયાં ને હું તો માથાવેર બંદુસ ઓઢી સુઈ ગયો. એવા ખરાબ વીચારો આવે કે બોલવાની વાત નહી. હજી તો વીચાર કરૂંચ કે મારી લાશને એ લોકો બાળશે કે એમની એમ દરીયામાં ડુબાડશે તેટલાં સ્ટુવર્ડ દોડતો આવી કેહેવા લાગ્યો કે કેપટન સાહેબ તમને તુરતજ બોલાવેચ. પણ કેબીનની બહાર જવાની મારી તો હીંમ્મતજ નહી થાય, તેથી સ્ટુવર્ડનો હાથ પકડી દોડયો. કેપટન સાહેબ ઘણાંજ ઠસ્સામાં ત્યાં ફરતા હતા ને મમાઇ બીચારાં કપાળે હાથ મુકી રડતાં હતાં. દેખાવ તો ઘણોજ દીલપઝીર લાગ્યો! હીંમ્મત કરી અંદર ગયો અને સ્ટુવર્ડની મદદથી લાંબી ગુફતેગો ચાલી, અને પરીણામ એ આવ્યું કે મારે ને મમાઇએ પેલાં ધણી ધણીયાણીની ઘણીજ ફગલીને માફી માંગવી, અને તેવોને હમોએ કરેલાં અપમાનના બદલામાં કાંઇ પરજેટ આપવી. મેં તો એ શરત તુરતજ કબુલ કીધી, પણ મમાઇને પરજેટ ખુંચી. મેં તો એવા ડોળા કકડાવ્યા કે મમાઇબી ટાઇટજ થઇ ગયાં.



આખરે મમાઇએ પેલો રેશમી કપડાંનો ટુકડો સુલેહના વાવટા તરીકે દેખાડયો ત્યારે મડમ સાહેબ પીગળ્યાં (પા. ૧૦૫)

હમો બન્ને હવે કેબીનમાં આવ્યાં અને મમાઇએ ચાંદન માટે એક રેશમી કટકો ભેટ આપવા સાથે લીધો હતો તે મેં પેતીમાંથી કહાડયો. તે જોઇ મમાઇ રડી તતરી બોલ્યાં, "મરેરે, એ તો મેં મારી ચાંદનને વાસતે લીધેલો, તે કેવી હરખાઇ જતે." આ સાંભળી મારૂં ઘણુંજ પાકી આવ્યું તે મેં છેડાઇને કહ્યું કે, "જોવ હમબઇજી, તમે જો તમારી બેહેનને ખુશી કરવા માગતાં હોવ તો ભલે તેમ કરો, પણ મારૂં મોહોત નજદીક આવેલું છે. ગમે આય રેશમી કટકાને છોડો યા હુંમેશનો મને છોડો." એ સાંભળી મમાઇ તદન ચુપ થઇ ગયાં ને હમો બન્ને કેપટન અને સ્ટુવર્ડની સાથે પેલા કમબખતની કેબીનમાં ગયાં. હું તો કેપટનની પાછળ ભરાઇને ઉભો. પેહેલે તો સાહેબે વાત કરવાનીબી ના પાડી, અને કેપટનનેબી કાહું નહી આપ્યું, મડમ્બી ધરી ધરાયં નહી. જયારે આખરે મમાઇએ પેલોરેશમી કપડાંનો ટુકડો સુલેહના વાવટા તરીકે દેખાડ્યો, ત્યારે મડમ સાહેબ પીગલ્યાં. તે ચીનાઇ રેશમનો બનાવેલો હતો અને તેની પર ભરતકામબી ઘણુંજ ઉમદા હતું એટલે એવાં ટીનપાટ્યાંઓને પીગલતાં વાર કેટલી ? કેપટને પેલા સાહેબને સમજાવા માડયું ને મમાઇને મે ઇશારત કીધી તે તેવણે તુરત ઓવરણાં લેવા માંડ્યા, અને પગે પડતાં મારી કમ્મરબી દુઃખી આવી. પેલાં બન્ને ધણી ધણીયાંણીને જરા તરા ઠંડાં પડેલાં જોઇ મમાઇએ ચલાવ્યું, "મરી જાઉં બાવા, અમતો ગામરયા ગમાર, તે અમ કયા સમજતા કે તમારી જીભરઇ બઇરીએ નારંગીં કાયકુ લેયા તે ? તેથી તુમ કુચ મનમાં નહી રાખના, ને તુમકુ અપમાન થાયા તે તુછવા આય રેશમી કટકો કબુલના, તો હું બધી મરી જવશ." પછી મારી તરફ ફરી ધીમે સાહાદે બોલ્યાં "મુવાં તમુ લોકને મારી ચાંદનની હાય જરૂર લાગસે, તમે લેતાંના હાથ ભાગે ને એ પેહેરતાંબી મરો." સારૂંજ થયું કે ત્યાં ગુજરાતી કોઇજ સમજતુ હતું નહી, નહી તો તલવાર તો શું પણ બંદુકથીજ કામ ચાલતે જો ! આખરે

હમો બન્નેએ પેલાંઓને હસી હસી શેકહૅન્ડ કીધી અને કપટાનબી પાછો ખુશ મીજાજ દેખાડવા લાગ્યો. સ્ટુવર્ડનું બી નાક સુકાવા લાગ્યું તે મારા કાનમાં ફુંક મારી ને મેં જેવું ડોકું ધુણાવ્યું કે દોડતો કે જઇ એક ચમપીનની બાટલી લઇ આવ્યો, અને હમે બધાંએ હશીખુશીથી સલામતી લઇ પીધો. કોણુના બાપની દીવાલી! મમાઇએ છમરડો કીધો એટલે મમાઇનેજ દંડ! પણ સ્ટુવર્ડથી કેપટનની સાંમે પીવાય નહી તેથી પોતાની હંમેશની લાયકી મુજબ અરધી અરધ બાટલી પોતાની કેબીનમાં ઉંચકી ગયો.

ચાલો, હવે બધાં હસતાં રમતાં સઉ સઉને વગે સગે થઈ ગયાં. પેલાં ઉશ્કેરાયલાં ધણી ધણીયાંણીબી હમને નમી નમીને "બોંઝુર, બોંઝુર" કરે ને મેંબી તેમજ પાછો હસીને જવાબ વાળ્યો. પણ મમાઇતો "શુ પરી તમારાં કાળાં મોહોડાંપર" એમ બોલી પેલા રેશમી કટકા માટે બળાપો કરતાં ફફડતાં ચટકતાં પોતાની કેબીનમાં જઇ ગગડયાં.

એક વાગે ટીફીનનો ઘંટ વાગ્યો, પણ ઉપલા ખેદકારક બનાવ પછી ખાવા કોણને ગમે? મમાઇ કેબીનમાં જઇ સુઇ ગયાં અને હુંબી મારી કેબીનમાં જઇ પડયો, અને વીચાર કરવા લાગ્યો કે જો સમાધાની નહી થઇ હતે તો મારૂં શું થતે. ખરેખર જબરી ઘાતમાંથી હું બચ્યો. તેથી ખોદાતાલાનો ઉપકાર માનવા "ખોરદેહ અવસતા" લઇ મોટે મોટે ભણવા બેઠો. પણ નાહાનપણથીજ ભણતર તરફ એટલું દીલ કે ઝોકા આવવા માંડયા ને ચોપડી સાથેજ ઘોંટાઇ ગયો, તે છેક પાંચ વાગે ઉઠયો. ઉઠતાંને વાર મમાઇનો અવાજ કાને પડયો ને કોઇ સાથે ડેકપર ઝગડો કરતાં હોય તેમ લાગ્યું. વળી કંઇ નવું રમખાંન જાગ્યું છે કે શું? પણ મને એવો તો અનુભવ મલી ચુકેલો કે મેં કસમ ખાધેલા કે એવણુ બીજાં સાથે માથું ફોડીને મરીબી જાય તો મારે હવે વચમાં પડવું નહી. એવણુ તો ખમતાં

આસામી છે તે પુરાં પડી શકે ને સાથે વળી બાઇ માણસ પડયાં એટલે કોઇ એવણને હાથબી લગાડી શકે નહી.

હું તો બીછાણુાંમાં પડયો પડયો મમાઇ જોબી કાંઇ બોલતાં હતાં તે સમજયા કીધું. એ પંચાત શાની છે તે કંઇ મને માલમ પડયું નહીં, પણ એમ લાગ્યું કે કોઈ મેમસાહેબ સાથે મારામારી ચાલી રહી છે. મેં કાન દઇ સાંભળયું તો નીચે પ્રમાણે મમાઇને બખાળતાં સાંભર્યાં:—

"કયા અમકુ તુમ કઈ દરવન બરવન સમજતા કે ? અરે અમતો બરી ઉંચા તોખમના હય. અમતો છેક નેરીયોસોગ ધવલથી ઉતરેલા છે. સમજા કે મુઇ ? તુમ લોક તો બેલાતમે કોઇ રેંચી પેંચીથી ઉતરી આવેલા હોયગા. અમેરા દેશકા તુમ અનપાણી ખાતા ને તોબી વરી અમકુજ ધીકારતા. શુ પડી તુમેરા એવા જીવતરપર. અમ કયા મોટા ગુનાહ કરયા કે તુમ અમેરીપર એસા ગુસ્સા કરયા ? મુઇ તુમેરી છોકરીકુ જરા પેટમે ચાપ્યા તેમાં કયાં હોવા ? અમેરા છોકરા જીભરૂ અમેરી સાથે છે તે જો ઉમરમા આકર પનતાતા તો તીસકાબી એવીજ મોટી છોકરી આજે હમકુ રમારવાકુ મીલતા, સમજ્યા કે ? પણ એ મુવાકા સુધજ નહી ખોલતા તેમાં અમ કયા કરેગા. તુમેરી છોકરીકુ અમ અરકા તીસમે તે દરવન થઇ ગીયા કયા ? જાવ, ઉદવારે જાકર નવારી લાવ."

ઉપલાં દાસતાનથી પેલી મડમે ડોળા કાહાડયા હશે એટલે પાછું લૅકચર ગુજરાતીમાં શુરૂ થયલું મ્હારે કાને પડયું.

"અરે જારે મુઇ, ડોરા શાંના કાહારેચ ? એ બધી પતરાજી હીંદુસતાનમાં ચાલે. અહીંયાં એવી ચેંચી કરવા જશેની તો ડોળા ધરી ખેંચી કાહારશ. વાહાલાં ખાઇ જો છેકુજ પ્રાસ જાએચ તે !"

મેં જોયું કે વાત ઘણી બેહેકી ગઇચ તેથી "મેડ" ને બોલાવી ને કહ્યું કે મમાઇને સમજાવી પટાવી મારી કેબીનમાં લાવે. હું

તો જરાબી સસરયો નહી, કારણજે અપોરની એવી ધાસતી પેસી ગયલી કે કોઈબી ગોરી ચામડીવાલાંને જોઉં કે તુરત લખલખું ભરાઇ આવે. પેલી મડમનો અવાર નવાર અવાજ આવતો હતો કે " ગૅટ અવે, યુ ડરટી ઓલ્ડ વુમન. "

આખરે હમબઇજી મારી કેબીનમાં આવ્યાં અને બધો ખુલ્લાસો કીધો. તે પરથી એમ માલમ પડયું કે એવણ પોતાની સાડી લઈ ડૅકપર સીવવા બેઠેલાં, તેટલાં પેલી મડમની પોરી એવણ આગળ રમતી રમતી આવી. તે ઘણીજ ખુબસુરતને હમેશની હસતી, તે મમાઇને ઘણીજ ગમી, ને એવણનો બચ્ચાંપર પ્યારબી ઘણોજ એટલે પોતાની પાસે બોલાવી પેટમાં દાબી. તેટલાંમાં તે પોરીની બીજાસી માય આવી ને પોતાની છોકરીને " ડરટી નીગર "ના પાસાંમાં જોઇ ઘણી ગુસ્સે થઇ ને છોકરીને ખુબ ખખડાવી, અને મમાઇ સાથેબી કંઇ ગોટપીટ સોટપીટ કરી ત્યાંથી ઠસ્સામાં ચાલી ગઇ. પણ એનીગમ આદરજીના વીધવા હમબાઇજી હતાં, તેવણને કાંઈ પુછવું પડે ? તલમાં તસુ ઓછું પડયું કે ભલા ગવરનરની બઈરી કાંય નહી હોય તો તેનેબી આખીને આખી ખાઇ જાય ! ચાલો, હમબઇજીએ ઠીક બજાવી !

હવે જમવાનો વખત નજદીક આવ્યો એટલે હું ડ્રેસ કરવા ગયો. મમાઇએ તો ઠેઠેરો કરીજ રાખેલો એટલે " જરા ડૅકપર ફરૂંચ " એમ કહી એવણ ચાલી ગયાં. હુંબી તૈયાર થઈ એવણની શોધમાં ડૅકપર ગયો તો વળી મમાઇ ગૅપ ! મને તો જબરી ફાળ પડી કે વળી કેઠે કંઇ છબરડો કરતાં હશે, અને તેમજ બન્યું. " મેડ " દોડતી આવી મને કહેવા લાગી કે કેપટન સાહેબ તમને સ્મોકીંગ રૂમમાં બોલાવેચ, કારણકે મમાઈની વાત એવણને સમજ નથી પડતી. તુરતજ હું ત્યાં ગયો અને જરાવાર બારણાં બાહાર ઉભો રહી મમાઇ કેપટનને શું કેહેતાં હતાં તે સમજવા લાગ્યો.

"અરે અમતો મરૂં તમોને એમ કેહુંચ કે એસા ખરાબ પીચ્ચર આબરૂ દરકારવાલા ઘેરમે નહી મુકના. તુમજ દેખોની કે એ ઓરત કેસા બેઅદબ છે તો મુઇકુ જરાબી સરમ છે? ચોટલા બરી ભાભરા ભુતકા જેવી કમ્મર વેર તો નાગી હય ને વરી નફ્ટની કાની હસતા તેથી કરીને બચ્ચાં છોકરાંકી ઇસ્ટીમબોટમેં એસા મુવા બેઅદસા જેવા પીચ્ચર કદીબી નહી ટાંગના. કેપટન સાબ, તુમ અમેરા સમજતા કે?"

મને તો કાંઇ સમજ નહી પડી કે મમાઇ શાને માટે માથું ફોડેચ, તેથી અંદર ગયો ને પુછયું જે "મમાઇ, એ તમે શાની તકરાર કરોચ?" "તરકારીબી નથી ને ભાજીબી નથી. હું તો આય બેહેરાને કેહુંચ કે એવાં નાગાં પીચ્ચરો બધાંની નજર પરે તેમ નહી મુકવાં જોઇએ."

અરે મમાઇનુ અત્યાપાત થાય રે! મુર્વાની ચગોર નજર કર્યા કર્યા ફરી વળેચ! "સ્મોકીંગ રૂમ" મા બધી જાત જાતની જાહેર ખબરો મુકેલી તે મમાઇ સમજ્યાં કે પીકચરો છે! તેમાં એક જાતના "હૅર ઓઇલ"ની જાહેર ખબર હતી, અને તેમાં એક ખુબસુરત છોકરી પાડેલી હતી કે જે ડ્રેસ કરતી વખતે પોતાના બાલ હોરતી હતી.

"અરે એતો ખાલી જાહેર ખબર છે મમાઇ," મેં કહ્યું, "એ કંઈ કોઇનું પીકચર નથી."

"તો તારી આંખ ફુટેલી છે કે?" મમાઈ બબડયાં, "આય પીચ્ચર નહી ત્રો શું છે? જોતો નહી કે આય કોઇ નાપાક દુકતીએ એવા સકારે સબી પડાવીચ તે? એ ખાલી હોય કે ચોપરેલી, પણ જ્યાં હું હોઉં ત્યાં એવાં બેઅદબ પીચ્ચરો નહી જોઇએ."

"ખાલી શું બકબકારો લઇ બેઠાંચ?" મેં ચીરડાઇને કહ્યું, "એક વખત સમજાવ્યું કે એ કંઈ કોઇની ખાસ સબી નથી પણ તેલની જાહેર ખબર છે. એ તેલ લગાડવાથી જોવ એ છોકરીના બાલ કેટલા લાંબા થયાચ ને એ કેવી ખુબસુરત લાગેચ."

"એ લેઓ રે," મમાઇ બોલ્યાં, "નસવાનજી તો આય નફટ પોરીપર મોહી પરયા દેખું! તે બા માંગું મોકલાવોની કે જનમના સુખી થઈ જાઓ! ધુર પરી એવી ખુબસુરતીપર! એ ચોટલા બરીના બાલ વરી એટલા તે શું લાંબા છે જે? એની ઉમ્મરે મારા બાલ એથીબી વધારે લાંબા હતા ને તેબી માતર ઘુપરૂં લગારયાથી. મારા પેહેલ્લા હમેશાં મને ચીડવતાતા કે "અમબઇ, તારા બાલના દોરડાં વયના હોય તો બાર માણુસોને ફાંસી દેવાય." એવણુનેજ મુવાને જલદી ફાંસી દીધા હોતે તો હું એટલી હારમાર નહી થતે જો. પણ બા નસવાનજી, પીચ્ચર કે નહી પીચ્ચર, આય ઉખરા જેવો કપતાન ઉભોચ તેને કેહે કે એ ભાભરા ભુતરીને દરીયામાં ફેંકી દે."

આપરેબી "વારૂજી" કરી જવાબ આપ્યો ને કેપટને ધારા મુજબ "વાત હી ઝે" શરૂ કીધું ને મેં વળતા જવાબમાં ઘોંસ મારી કે "મારા ગ્રાન્ડ મધર કહેચ કે આય જાહેરખબર ઘણીજ મજેહની ને ઍટ્રેક્ટીવ છે." એને બીજું કહું બી શું? મારૂં તોડું સમજાઉં?

ખાવાનો ઘંટ વાગ્યો ને મારા પેટમાં ફાળ પડી. વળી કોણ જાણે મારી સરજતમાં શું વેઠવાનું હશે. જે હોય તે, કંઇ ખાધા વગર ચાલે? મમાઇને ગેઈ રાતનો અનુભવ મલેલો તેથી ઘણા છબરડા નહી કીધા. સુપ પછી માછલી આવી તે સારડીન હતી એટલે મમાઇને ગળે કંઇ ઉતરી નહી અને ગંધબીએવી મારે કે નાક ફાટી જાય.

"એ કયા નરખકી માછલી કે?", મમાઇએ કપટાનને પુછયું. તુરત કપટાને મને વળતો સવાલ પુછયો ને મારૂંબી ઘણુંજ પાકી ગયલું ને કેપટનના એ ભેજાંદુખન એકનાએક સવાલથી કંટાળી ગયલો તેથી કાસર કાહાડવા કહયું કે "મારાં મમાઇ પુછેચ કે આય માછલી બાથ-રૂમમાંથી પકડેલી કે?" આ સાંભળી કેપટન ઘણોજ સુગાયો અને ત્યાર પછી બનતાં સુધી મને સવાલ કરવાનુ મોકુફજ કીધું. ને મનેબી તેવુજ જોઇતું હતું.

હવે ગોશ્તની એક વાંણી સાથે "વરમીસલી" આવી ને મેં ધારયુંજ હતું કે મમાઇ તરફથી જરૂર કંઇ સવાલ પુછાવાનો.

"દીકરા નસલી, આય સફેદ લેવટા છે કે?"

"નહીરે મમાઇ, એ તો સેવ છે." મેં કહ્યું.

"સેવ! કંઇ ચરીઝરી ગીયોચ?" મમાઇ બોલ્યાં. પછી ખાઇને પોતાની ખાતરી કરી કપટાનને કેહેવા લાગ્યાં, "કયા અમ લોકકુ તુમ હાથી બાથી સમજતા કે? સુવા અમેરા દેસકા હાથીબી એસી જાડી સેવ નહી ખાતા. સેવં તો તદન રેસમકા દોરા જેસા જોઇએ. બરયા તુમ ખાતા ને ખવારતા સાથે!" ને કેપટન જેમ લેહેઝત લઈ વરમીસલી ખાતો ગયો તેમ મમાઇ તેનુ કોહું ભોપ્યાજ કરે.

ચાલો, મમાઇએ હવે મારી ખનખોદ કરવાનું શરૂ કીધું, કારણજે મારી પાસેવાલી ફ્રેન્ચ બાઇ આજે કંઇ ઓરજ મીઠાસથી મારી સાથે હસી હસીને વાત કરતી હતી, તે એવણથી સાંખી શકાયું નહી.

"એ જાહાનમની ખાધી આજે કાંય નહી હસે? ધણીમુઇને સુના જેવો રેશમી કટકો મફતનો મલ્યોચ એટલે ગીલગીલયાં છુટેજ તો! એવું થાયચ કે બત્રીસીજ એની મુઇની તોરી નાખું. ને વરી તું સાનો એ વાહાલાં મુઈની સાથે હસેચ? એને મુઇને ઝાઝું કોહું ના આપ."

પણ મડમ સાથે વાત કરયા વગર કંઇ ચાલે? એને તો મારે ટાઢી મીઠી રાખવીજ જોઇએ, નહી તો વરી એનો ધણી તલવાર કાહાડે તો હું કયાં જાઉં? એ બાઇ ભાંગુ તુટું અંગ્રેજી બોલતી હતી એટલે હું સમજયો કે કંઇ ઝાઝું જ્ઞાન હશે નહી, પણ હવે પછીથી વાંચનાર જોશે તેમ તેમાંબી એ નાપાકે મને બનાવેલો! ખરેખર ફ્રેન્ચ લોકો ઘણાંજ પાહાવરડાં હોયચ જો!

ખોદાની મેહેરબાનીથી આજનું "ડીનર" ઠીક પસાર થયું, ને છેક કોફી આપી ત્યાંસુધી મમાઇએ કંઇ ઝાઝો છબરડો કીધો નહી, જો કે,

થોડો ઘણો તો ચાલુજ હતો. આજે જરા ભેજાંને શાંતી હતી તેથી હુંબી ખુશ ખુશ હતો.


"મમાઇ, આજે તો તમે ભલી મડમનેબી હઠાડે તેવી સીફતથી ખાધુંચ જો." મેં ઘણુંજ હરખથી કહ્યું.

"તો તું તારે મનથી સમજેચ શું?" મમાઇએ રોબમાંજ જવાબ આપ્યો, "અરે, હરવાયા, તું જયારે મડમ લઇ આવશે (મડમની આવતી ઘરી પરેરે) ત્યારે તેનેબી હું તો ટક્કર મારસ ટક્કર." એમ કેહેતાં સમેતજ મુવાંએ એવો તો જોરમાં ગરરર દઇને અંટકાર ખાધો કે બધાં સુગાઈ ઉઠ્યાં ને ત્યાંથી ચાલતી પકડી. અરે તમે મડમના થતાં તુટી પડો રે તમે! મુવાંએ દરીયો તરી આવી આખરે ખારીમાં નખાવ્યું. પણ બા એમ નહીં કરે તો આદરજીના વીધવા હમબઇજી કેમ કેહેવાય? એવણે પોતાનું નામ તો રાખવુંજ જોઇએ.

જમીને "સ્મોકીંગ રૂમ"માં ગયાં કારણ જે ત્યાં ગાંનું ચાલતું હતું. મેમસાહેબો પ્યાનો વજાડતી હતી અને સાહેબો ગાતા હતા. મમાઇએ બેસી થોડો વાર તમાશો જોયા કીધો ને પછી એવણને અકરવકર થવા માંડી. કેપટન એવણની પાસેજ બેઠેલો હતો. તેને એવણે હીંદુ સતાની ગાયણની થોડીક સમજ આપી, જો કે સમજતો તો દોસો થયો, તોબી ડાહ્યો ડેહેરો થઈ માથું ધુણાવે ને આંખ ફફડાવી ખભાં ચહડાવે.

"અમેરે દેસમેં તો એસા અછા ગાના," મમાઇએ દાસતાન શરૂ કીધું, "કે સાંભલકે જીવ બેહેસમે જાયે. એ કયા મુવા પેંદાફાત પર તામ તામ કરીયા કરતા, એ તુમ લોકકા ગાવાના બરયારે! મુવા જાંને કુતરા બીલારા મરાતા."

આપણે તો બેસી સમજયાજ કીધું અને કેપટનબી તેમજ કરતે તો વધુ સારૂં થતે, પણ એનો કીડો એકાએક ચવડી આવ્યો ને કમ- બખતે મમાઇને ગાવાની ઑફર કીધી.



મમાઇ એ તો "સાસુ લેજેએએ રે સોપારીઓઓ," કરી જે રાગડો તાણ્યો કની તે ત્યાં તો બધી દોડાદોડી થઇ રહી. (પા. ૧૧૩)

" અરે અમતો અબી બુઢા હોયા, અમ કોઈ કોઈ દીવસ લગન વીહા હોતા તેરેજ ગાતા. અબી તો અમેરા જી ભરાયા નસલી દીકરા જયારે પરણેગા ત્યારે અમ તુમકુ જરૂર ગીત સમજાવેગા. તેથી બધી મરી જાઉં તે હવરે તો અમકુ માફ કરો, " મમાઇએ મચકઇને કહ્યું.

કોઇ પણ દીવસ જો મારાં મમાઇએ અકકલનો સારો ઉપયોગ કીધો હોય તો તે આજે ! મને તો ધાસતી હતી કે રખે આટો બાફે. એવણુના ના કેહેવા છતાં કેપટને બોહોસ કરયાજ કીધી, તે મમાઇએ મારી તરફ જોયું. તુરત મેં કહ્યું કે " કંઇ રકાસ ના કરતાં. એક તો તમારો અવાજ ઘણો મધુર તે બધા કાગડાઓ બીચારા ઉંઘમાંથી જાગશે. " મારા ભોગ લાગ્યા કે હું એમ બોલ્યો. બસ થઇજ ચુંકયું.

" કંઇ નહી મરૂં, " મમાઇએ ટણુકો કીધો. " બધા કાગરાઓબી જાગતા છે ને તમે કાગરાના સરદારબી જાગતા છેઓ, એટલે ઉંઘમાંથી કોઇ નહી ઉઠસે ને મારાં ગાયનની પરીક્ષા તો આય લોકજ કરશે ને તમારા બોલ તમુનેજ ભારી પરસે. "

ઉપલું બોલી મમાઇએ તો " સાસુ લેજેએએ રે સોપારોઓઓ " કરી જે રાગડો તાંણ્યો કની તે ત્યાં તો બધી દોડાદોડી થઈ રહી ને કેપટન પ્યાનો પજાડવા દોડયો કે તેની પર રાહ લે, પણ મમાઇએજ તેને ઇશારત કરી પોતાની પાસે પાછો બોલાવ્યો. અગ્રેજ સાહેબ મડમો તો ફફડીને ત્યાંથી ચાલી ગયાં, પણ કોનટીનેનટલ લોકોને તો આ ગાયણુ નવાઈ જેવું લાગ્યું તેથી બેસી રહયાં. કેપટન તો ખુશ ખુશ થઇ ડોકાંપર ડોકાં હીળવે અને " બ્રે બીયાં, બ્રે બીયાં, " કરી વચમાં તાપસી પુરે. મારૂં તો ત્યાંથી સટકી જવાનું ઘણું મન થયું પણ મેં ધાર્યું કે જરાબી હયાંથી સસરશ તો મમાઇ જરૂર બધાંના દેખતાં પાણી ઉતાર કરશે તેથી હાય મારી મુગોજ બેઠો, અને સાસુને

તેમજ જમાઇને જેટલી દેવાય તેટલી ગાલો દીધી. આસ્તે આસ્તે લોકોએ ખરવા માંડયું અને કેપટનબી પોતે કીધેલી ઑફર માટે હવે પસતાતો હોય તેમ મને લાગ્યું. જેવું એ સાસુનું ગીત પુરૂં થયું કે મમાઇએ તુરતજ "પાવરે રે પગ દઇ, ઘોડે ચહડો, નસવાનજી ભાઇ" નું બીજું ગીત ચલાવ્યું. એ લોકોને ખબર નહી કે આય નવું ગીત છે, તેથી કંટાળી ચાલવાજ માંડયું. તે જોઇ મમાઇને મેં કહ્યું કે "એ હવે કાલને વાસતે રાખો," પણ ડોસાંએ તો એવા ડોળા કકડાવ્યા કે મારે બરડે પાણી ઉતરયું. કેપટનેબી હવે તો અવાચી ખાવાની શરૂ કીધી અને એ સુક્યાંણાં ગાયન સાંભલવા એ ને હું સીવાય હવે ઓરડામાં કોઇ રહ્યું નહી. સત્યાનાસ થાય તે નસવાનજી શેઠનું ઘોડે ચહડવાનું પુરૂં જ નહી થાય. હું ઇચ્છુંચ કે નસવાનજી શેઠ ખરેખરાજ ઘોડે ચહડયા હતે તોજ હુમબાઇજીની ખાતરંજમા થતે. આખરે કેપટને પોતાનું ઘડીયાળ કાહાડયું, અને જાણે શું એક અગતનું કામ યાદ આવ્યું હોય તેમ "પારડો" બોલી ત્યાંથી ચાલતીજ પકડી એટલે મેં ધારયું કે હવે મમાઇ જરૂર ડપટ પડશે, કારણ એવણ અને મારા સીવાય હવે બીજું કોઇબી તે ઓરડામાં રહ્યુંજ નહી. પણ હુમબઇજી જેનું નામ ! ગીત આખું પુરૂં નહી થયું ત્યાં સુધી મારી તરફ જોયુંજ નહી, જયારે બધું ખલાસ થયું ત્યારે મારી તરફ ફરયાં.

"મરે કાગરાઓ તો બીલકુલ જાગ્યા નહી જો નસવાનજી. ઉલટા મુવા બધા ઘોંટાવા ગીયા. પણ કપતાનને તો મારો રાગ ઘણોજ ગમ્યો જો. નસલી, જોની કેવો એ છેલ્લે વેર બેસી રહ્યો. એને જો અગતનું કામ નહી નીકરી આયું હોતેની તો હજૂર બીજાં ગીતો મારી પાસે ગવારતે," મમાઈ હરખાઇને બોલ્યાં.

મેં તો ડોકુ ધુણુવ્યું અને કેબીન તરફ ચાલવા માંડયું, આખો દીવસ ફારસ પુરતા નહી થયા હતા તેથી રાતનાબી એક મમાઇએ કરી બતાવ્યો, અને હજી તો બીજા બે દીવસ બાકી છે તેટલામાં કોણુ

જાંણે કેટલા થશે. હુંબી થાકી ગયલો તેથી મમાઇની કેબીનમાં બધું ઠીકઠાક કરી સુવા ગયો. પણ એવન જો મને સખ્ખે સુવા દે તો એવણનું નામ હમબઇજી નહી. અરધો કલાક નહી ગયો હશે કે મમાઇની કેબીનમાંથી ચીચ્યારી સંભળાઇ! હું તુરત દોડયો અને જોયું તો એવણના જમના હાથમાંથી ધર ધર લોહી જાય, અને ડોસાં તો બુમેબુમ પાડે. તુરત સ્ટીમરના ડૉકટરને બોલાવ્યો અને તેને જેમ તેમ કરી લોહી બંધ કરી પાંટો બાંધ્યો. પછી પુછ્યું કે આ કેમ કરતા હાથ કપાયો તો કેહેજે વીજલીનો પંખો હાથે બંધ કરવા ગઇ તે ધાર લાગી, ને પછી ખુબ ફફડયાં કે વીજલીના બનાવતા મરે, ને પંખામાં તે કંઇ છરી મુકવાની હોય કે, વીગેરે, વીગેરે. એવણે એવા પંખા જોયલાજ નહી તે એવો ઘોટાલો કીધો. પછી જેમ તેમ સમજાવી પટાંવી પોઠાડયાં અને હુંબી ઘોંટાવા ગયો. પણ ઉંઘ કોણને આવે? બધા બની ગયલા આજના બનાવોની પલટણ આંખ સામે આવ્યા કીધી, અને પેલો મોટી મુછવાલો ફ્રેન્ચમેન, આટલી બધી તેની સાથની સમાધાની થવા છતાંબી યાદ આવ્યા કીધો ને સ્વપનામાંબી તલવાર લઇ ઉભેલોજ દેખાય!

પ્રકરણ ૬ ઠું.

મુસાફરીનો બીજો દીવસ.

તમે માનતા હોય તો માનજો, પણ મુસાફરીના ચારે ચાર દીવસો કડાકાથી શુરૂ થયાચ અને ધડાકાથીજ પુરા થયાચ. આજેબી સહવારના પોહોરમાં કંઇ અવાજ થયો ને હું એકદમ ઝપકી ઉઠયો, ને વિચારમાં પડયો કે હજી તો પુરા ચારબી વાગ્યા નથી ને એ કોણ ઉઠયું હશે? રખે પેલો કમબખત તલવાર લઈ મારી વાટ જોતો હોય. ચીમાઇને બારણાંમાંથી જોયું તો મમાઇ દેખાયાં એટલે હીંમ્મત આવી, પણ એવણ શું કરતાં હતાં તે સમજ પડી નહી. બધાંએ પોતાની કેબીનના દરવાજા આગળ સાફ કરવા માટે બુટ મુકેલાં તે બધાંને લાત મારતાં મારતાં ડાઇનીંગ સેલુનમાં લઇ જઇ એકઠાં કરતાં હતાં. એ જોઈ મને લાગ્યું કે હવે તો ડોસાંનું છેકજ ચકાસયુંચ.

"એ એમ કાંય કરોચ મમાઇ?" મેં પુછ્યું. "બીજાંઓના બુટ સાથે તમને શું લાગેચ વળગેચ?"

"ઓવાય," મમાઇ બોલ્યાં, "જો ગોવેનો ગવનદર બોલ્યો તે. મુવાં બધાંઓએ બુટ બાહારકાંય મુકયાં હોસે? હું તો બારણું ઠોકીને આપ-વાની ઉતી પણ મારી કેઈ બલાને."

"અરે એ તો સાફ કરવા બુટ બાહાર મુકયાંચ. અંગ્રેજોમાં એવો રીવાજ છે," મેં સમજાવ્યું.

"તે શું આખી રાત બધા ગાંસરાઓ બુટજ સાફ કરયા કરે કે? જા, જા, વરી તું ગોરાંઓમાં ફરેલો ઘણો કની તે બધા રીવાજ સમજીને તુટી પરે. હું કંઈ એવો રીવાજ બીવાજ સમજતી નથી. મને ઠોકર લાગ્યા કરેચ. જો ફરીથી જોવશ તો ઉંચકીને દરીયામાંજ ફેંકી દેવશ. કયાં છે મેં મારી મખમલની સપાટ તો નથી બાહાર મુકી?" મમાઇ બોલ્યાં.

એવાં ભેજાં વગરનાઓ સાથે તકરારમાં ઉતરવું ફોકટ છે, એટલે મેં કંઇ પણ જવાબ આપ્યોજ નહી, અને સમજાવ્યાં કે હજી તો ઘણું સકાળું છે તેથી જઇને જરા સુઈ ઉઠો.

"આ ઓરડીમાં તો મને ગરમી લાગેચ તેથી હું તો ડેકપર જઇ પરૂંચ," એમ બોલી મમાઇએ ચાલતી પકડી.

હવે હું મારી કેબીનમાં જઇ ગગડયો પણ થોડાજ વારમાં મોટે મોટે સહવેનાના રાગડા સમજાયા, અને આસેપાસેની કેબીનમાં ઠોકાઠોક ચાલી રહી. વળી પાછી મને તલવારની ધાસતી લાગી તેથી તુરત મમાઈ પાસે દોડયો ને સમજાવ્યાં કે બધાં સુતેલાં છે, માટે તે લોકની ઉંઘમાં ખલલ ના કરો.

"ઓવાય, તે ચાંદરાત જેવે સપરમે દાહારે સવેનાનું ગીતબી નહી ગાંઉં કે ? ને પાંચ વાગી ગીયા તોબી એ લોક મુવાં ઢોરની કાની ઘોંટલો લેચ તેમાં હું શું કરૂં ?" મમાઇએ બુમ પાડી.

હવે તો હું ઘણોજ કંટાલી ગયલો. એકતો રાતના પાધરી ઉંઘ નહી આવેલી ને સહવારના જરા લેહેકી આવે ત્યારે એવણ મુવાં નડવા લાગ્યાં તેથી મે એક તાલ લગાવી જોઇ.

" તમો બાઈ કાલના પેલા રેશમી કટકાની વાત ભુલી ગયાંચ કે ?" મેં ભરમમાંજ પુછ્યું. "જો હું તમુને કેહુંચ તેમ નહીં કરશો તો આજે ચાંદનને વાસતે તમે સાડી લાયાંચ તેબી કોઇને ભેટ કરી દેવી પડશે જો."

રેશમી સાડીનું નામ સાંભળતાને વાર મમાઇ ચમકયાં ને તુરત અંદર ચાલી ગયાં. બચ્ચા નસાલી! તેંબી ઠીક તાલ લગાવી! તું બી કાંઈ જેવો તેવો કાફર નથી જો! કેબીનમાં ગયા પછી મમાઇ કેહેજે આજે ચાંદરાતનો દાહારો છેં તેથી મને નાહી ધોઇને ભણવા બેસવુંચ તેથી જરા જલદી પાંણી કહડાવી આપજે. મેંબી ઠંડા મીઠાં રાખવા હા પાડીને પાંણીનો બંદોબસ્ત કરવા નીચે દોડયો. પાછો ઉપર આવી

જોવુંચ તો કેબીનમાં મમાઈ મળે નહી. કાન દઈ સાંભળ્યું તો ડેકપરથી કોઇ ઓકતું હોય તેઓ અવાજ આવ્યો અને ત્યાં જઇ જોવુંચ તો હમ. બાઇજી ફરાગાત બની દાતણ કરેચ. પીત પાડયા વગર કાંઇ દાતણ થાય કે ? પગે હાથે લાગી અંગોરવા મોકલ્યાં. મારી તો ખાતરી હતી કે આજેબી ત્યાં કંઇ રકાસ કરશે, પણ ચાંદરાત હતી તેથી કે કોઇ બીજાં કારણથી મમાઈ તો નાહી ધોઈ હસ્તાં હસ્તાં દોઢ કલાકમાં ઉપર આવ્યાં. સપરમો દાહાડો એટલે એસ્કી મેસ્કી સાડી પેહેડી ડેકપર ભણવા આવ્યાં. બાલ હજી ભીણાં હતા તેથી માથું બાનું ખાલી માથાપર નાંખ્યું હતું. પવન ઘણો જોશમાં ફુંકતો હતો તેથી મેં કહ્યું કે કેબીનમાં જઈ ભણો, તો કહેજે મારેથી કંઇ એવી ભઠ્ઠી જેવી ખોલીમાં ભણાય નહી. વળી બાઇસાહેબ ભણે ત્યારે આગળ કોઇથી જવાય નહી–નહી તો એવણનો ધરમ ડુબે. તે વખતે સકાળું હોવાથી ડેકપર સેલરખાવા સીવાય કોઇ હતું નહી, અને તે લોકને તો મમાઈ ટચાકડી ફોડી દુરજ રાખતાં હતાં અને તેવોબી બીચારા "પારડાં" બોલી બાજુજ રહેતા હતા. પણ પછી સાહેબ લોક છુટયા એટલે તેવો કંઇ એવણની ટચાકડીને મચક આપે ! પેલો ટીચકાંબાજ લશકરી અમલદાર એવણની લગોલગથી ચાલી ગયો કે મમાઇએ તેને ગાળે ગાળે ધોઇ નાખ્યો.

"મુવાનો કોણ જાંણે કીયાં દોજખમાં ઠાર થશે. એ કારે મોહોનેનાને લીધે મને વરી નવેસરથી ભણવું પૂરશે," એમ બબડતાં કેબીનમાં ગયાં અને મોઢું હાથ છાંટી પાછાં ડેકપર આવ્યાં.

હવે મહને નાહાવા જવું હતું તેથી મેં જોયું કે એવણ પોતાની કેબીનમાંજ ગગડેલાં હશે તો મને નાહાવાનું સુજ પડશે. તેથી સમજાવ્યાં કે તમે કેબીનમાં જઇ ભણો, પણ એવણ બંદાં માને શાના ? ડેકપર બાહાર મોહોટે મોહોટે ભણે નહી તો પછી ખોદાયજી સાંભળે

કેમ ! મરવા દેઓ, કરી હું તો નાહાવા ગયો અને નાહીને જેવો આવ્યો કે ડૅકપરથી મમાઇની બુમો સાંભળી.

"અરે ઉભી રાખ, એકદમ ઈસ્ટીમબોત, ઉભી રાખ, ઓ મુવા બેહેરા કપતાન, સાંભરેચ કે ?"

હું ગભરાઇને તુરત ડ્રેસીંગ ગાઉન પરજ ડૅકપર દોડયો. મને જોઈ મમાઇ કરગરીને બોલ્યાં, "નસલી દીકરા, દોરતો કે કપતાન પાસે જા ને કેહે કે જરા ઇસ્ટીમબોત થોબારે. મારૂં તદન કોરૂં કકરતું માથુંબાનું હવરેજ ઉડી ગીયું."

અરે તમે મરોરે તમે ! હું તો જાંણું કે કોઈ ડુબી ગયું હશે, ને જોવુચ તો એવણ્ શોભઇતાં માથાંબાનાને વાસતે એવું બુમરાણ કરી મુકયું.

"તમેબી' હમબઈજી બચ્ચાંની કાંની ચેડાં કાહાડોચ જો," મેં ચીરડાઈને કહ્યું, "માથુંબાનું ઉડી ગયું તેમાં એટલા બુમ બરાડા શાના પાડવાના ? મેં તમુને નહી કહ્યું કે પવન ઘણો છે તેથી અંદર જઇને ભણો ? મારૂં નહી માન્યું ત્યારે એવો હાલ થયો."

"જો મુવો પોતાની મમાઇને શીખામણ દેવા આયોચ તે, તુટી પર," એમ કહી કટકા મોરી ઘણાંજ ઠસ્સામાં મમાઈ મારી આગળથી ચાલી ગયાં.

હુંબી હવે મારી કેબીનમાં ડ્રૅસ કરવા ગયો અને પાછો ડૅકપર આવી વીચાર કરતો બેઠો કે આજે સહવારથીજ મમાઇએ કટકા મોરવાના શુરૂ કીધાચ તે આખો દીવસ કોણ જાંણે કેમ જશે, અને રાત પડતાં તો કેટલા છબરડા થશે. છબરડા કંઇ મમાઇજ નહી કરતાં હતાં જો, વાંચનાર. એવણનું લોહી મારી રગોમાંબી થોડું ઘણું દોડે એટલે સેવ-કબી છબરડાનું બીઝનેસ એકલે હાથે કોઇ કોઇ વાર કરતો હતો.

એક વખત હું ખાતો હતો તેટલાં આખી દાળના ઈંડાં આવ્યાં. મીઠું તો, પાસેજ હતું તે થોડું ભભરાવ્યું, પણ મરીની બાટલી જરા દુર

મુકેલી હતી. હવે અંગ્રેજીનું ભાંણુ મને ઘણું તેથી જમવાની ટેબલપર ઝાઝું બોલતોતોજ નહી, ને તેમાંજ આપરી શોભા હતી. પણ આજે એકાએક કીડો ચવડી આવ્યો. મરીને અંગ્રેજીમાં "પૅપર" કહે છે એટલું હું જાણુતો હતો તેથી જે સાહેબની પાસે મરીની બાટલી મુકેલી હતી તેવણુને ઘણીજ સભ્યતાથી મેં કહ્યું, "Please pass me the paper."

"Certainly," પેલાએ હસીને કહ્યું, "Would you like to have the *Times* or the *Daily News*?"

મને તો પહેલાં કંઇ સમજબી નહી પડી કે મેં મરી માંગ્યાં ને એ મને 'Times" ને "Daily News" શાનો આપવા નીકલ્યો. બીજાંઓ એ છબરડો ચેતી જઇ ખડખડ હસવા પડયાં ને મમાઇબી જાણે શું એક સમજીને તુટી પડ્યાં હોય તેમ બીજાં બધાં કરતાં વધારે કળવાઇને હસ્યાં, તે મારે બરડે તો પાણી ઉતરયું.

"I want the paper in the bottle.' મેં પાછું કહ્યું.

"Oh, you want pepper, I suppose," અને એમ કહી મરીની બાટલી મને આપી.

જો કે તે કમબખત જાણુતો હતો કે મને મરીની બાટલી જોઇતી હતી તોબી મારો રકાસ કીધો, ને મને તો એવી ચીડ લાગી કે બધાં મરી એની આંખમાં છાંટું. પણ એવા નાપાકને છેડીને ક્યાં ઉભો રહુ તેથી ચુપજ બેઠો. સત્યાનાસ થાય એ અંગ્રેજી ભાશાબી એવી કફોડી છે જે મને શું ખબર કે મરીને એ ભાશામાં "પૅપ્પર" કહે, ને નહી કે "પેપર", અને તે દીવસ પછીથી એ ગોરાંઓની ટેબલપર અંગ્રેજીમાં છાંટવાનું મેં માડીજ વાલ્યું.

હવે આજેબી મેં એક છબરડો કીધો. હું ડૅકપર બેઠેલો હતો તેટલાં પેલો મોટી મુછવાલો મારો દુશમન ત્યાં આવી લાગ્યો, ને મારી છાતી ધડક ધડક થવા લાગી. પણ સાથે તલવાર નહી હતી એટલે મને

હીંમત આવી. તેથી ત્યાંથી સટકી જવાનો વીચાર કરતો હતો તેટલાં તો તેજ હસતો હસતો "ગુત માની મેઇન ગુત સાર" કરતો મારી પાસે આવી બેઠો. મેંબી જરા મારૂં ફ્રેંચ-ભાષાનું જ્ઞાન એને દેખરાવી ડકરાવી નાખવા તાપમાંજ ફેંક્યું કે "બોંઝુર મોંસ્યોં." તેને તો ડધાઇને બે એક પળ મારી તરફ જોયાજ કીધું ને પછી "કોમા વુ પોરટે વુ" કરી કંઇ બોલ્યો તે હું તરખાયો તો કારણ કે મારી જાણે બલા કે એ "કોમા" ને "પોરટે" શું હશે. એને તો મારી તબીએત વીશે પુછ્યું, પણ મારૂં ફ્રેંચ ભાષાનું જ્ઞાન, પેલાં મમાઇના લીસ્ટમાંજ સમાએલું. પછી મને ચાંઇ પડેલો જોઇ પોતેજ પાછું હસીને પુછ્યું " યુ નો અંડરસ્ટૅન્ડ"તે મેં ના પાડી ત્યારે કેહેવા લાગ્યો કે " વાય યુ સે બોંઝુર, વેન આઇ સેઝ ગુત માની ?"

હુશ્યારી દેખાડવા જતાં સેવકે સજ્જર બાફ્યું ને ખસ્યાંણું લાગ્યું તેથી વાત ફેરવી નાખવા ને પેલો જરા હરખાય કરી બોલ્યો, "યોર વાઇફ સ્પીકસ ઇંગ્લીશ વેરી વૅલ." એ સાંભળતાંને વાર સાહેબના ડોળાજ ફરી ગયા તે જોઈ હું તો ગભરાયો કે એ વળી શું મેં છબરડો કીધો હશે.

" યુ બીલૉંગ ઝી બોમ્બે યુનીવરસીટી ?" પેલાએ મને સવાલ કીધો.

હું તો મનમાંજ બબડ્યો કે હયાં એકતો મૅટ્રીકના વાખા તેમાં વળી યુનીવરસીટીમાં ક્યાં જઈ મરતોતો ને મેં ના પાડી ત્યારે પેટ ધરીને હસવા વાગ્યો, અને ત્યાંથી ચાલી જતાં મહને કેહેય કે " મેઇન વાઇફ ઇઝ ગ્રેજ્યુએટ ઑફ ઝી ઑકસફર્ડ યુનીવરસીટી," અને મેં તો ત્યારેજ જાંણ્યું કે તે બાઇ ઑકસફર્ડ યુનીવરસીટીની ગ્રેજ્યુએટ હતી. અને હવેજ હું સમજ્યો કે મને બનાવવાને ખાતરજ એ મુઇ અંગ્રેજી અચકી અચકીને બોલતી હતી. ખરેખર એ બેઉ ધણી ધણીયાંણી ધણાંજ પાહાવરડાં હતાં જો !

હમારી સ્ટીમર પર બધાં સ્તુવર્ડ જાંગળા હતા પણ એક ચીનોબી હતો, ધણો જુનો અને જાણીતો તેમજ બધાઓનો ધણોજ માંનીતો હતો

હમેશા હસ્તોને હસ્તો તે બધાને ઘણો પસંદ પડતો હતો. કોઈબી કંઇ કામ સોંપે તે ખુશીથી કરતો હતો અને વીશ્વાસુબી ઘણોજ. પોતાની લાંબી ચોટલીમાં ઘણી મગરૂરી લેતો હતો. મમાઇ તો જયારેબી જોય ત્યારે "ચીની મીની ચાંઉ ચાંઉ, અરધી રોટલી ખાંઉ ખાઉ, " કરી બુમ પાડતાં હતાં અને ચીનો કોમપ્લીમેંટ આપી હોય તેમ નમીને સલામ કરતો હતો, મુંવાં કોઇવાર ચીબાવલાં બનતાં હતાં તેથી મને ઘણી ધારતી લાગતી હતી કે રખેને ચોટલી તાણે. મમાઇ પરતો બધો જીવપ્રાણ કાહાડી આપતો હતો, અને એવનને હમેશાં "મીસીબાબા" કરી બોલાવતો હતો. વાહ શું સુદર "મીસીબાબા !" જો આ રૂપસુંદરીને ફ્રૉક પેહડાવી એક હાથમાં દૉલી આપી અને બીજા હાથનો અંગોથો ચુસ્તાં ઉભાં રાખ્યાં હોય તો આ લગભગ ૬૦ વરસનાં "મીસીબાબા" તદન શોભી રેહજો !!

એ ચીનાનું Pigeon English સાંભળવાની બધાંને ઘણીજ ગમત લાગતી હતી. એક વખત હું ડૅકપર ઝુંપતો બેઠેલો હતો અને ચાહ પીવાનો વખત થએલો તેટલાં ચીનો માહરી આગલથી પસાર થતાં બોલ્યો, "તી ફીની." હું ભડકીને ઉઠયો કારણ કે હજુરતો ચાર બરાબર વાગેલા નહી હતા તેટલાં ચાહે પુરી કેમ થાએ. મમાઇની મોહેકાનમાં બરાબર બપોરે ખાધેલું નહી, અને ચાહેની વારજ જોતો હતો તેટલાં તો કહેજે ચાહે પુરી થઇ. હુંતો છલંગ મારી ઉઠયો અને દાઇનીંગ સલુન તરફ દોડયો પણ ત્યાં જઇને જોઉંચતો હજુરતો ચાહેના કપ સાસર મુંકાતા હતાં. મહને સમજ નહી પડી કે ચીના કાકાએ મહને બનાવ્યો કાંય ? જઇને પુછયું તો પાછો હસીને કહેજે, "Yes, tea fini." પછી ધોબીના ગાંસડાએ મારી ભુલ ભાંજી કે ચીનાજી એમ કહેવા માંગતા હતા કે ચાહ તૈયાર છે. સત્યાનાશ ગીયો ready ને બદલે fini બોલ્યા કરે.

પણ એક વખતે એના Pigeon English થી માહરાં હોસકોસ ઉડી ગીયાં. એમજ એક બપોરે ઝુંકતો ડૅકપર બેઠેલો હતો અને મૂમા-



"મીસીબાબા" હમબાઇજી આદરજી સુમારીવાલા (પા ૧૨૨)

ઇબી પાસે ગગરેલાં, તેટલાં માહરી આંખ લાગી અને થોડે વખત ચીકાર ઉંઘાઇ ગીયો. ઉઠીને જોઉંચતો મમાઇનો પતો નહી. મેં ધાર્યું કે દોસાં કેબીનમાં બરડો નાખવા ગેયલાં હશે પણ ચાહેનો વખત થયો તોબી ઘણુ નસલ મલે નહી, તે મહને ચતપત થઇ કે વરી દોસાં રખે છબરડો કરતાં હોય. તેટલાં ચીનાજી મારી પાસેથી પસાર થયા તે મેં પુછયું કે "મી૦ ચીન ચીન, વ્હેર ઇઝ મીસીબાબા ?" તે કહેજે "Missibaba upside down." અરે તારૂં સત્યાનાશ થાય રે તારૂં; એવરી શું અનાનનાં સમાચાર. "Upside down" એટલે શું? મમાઇ માથાંપર ઉભાં રહ્યાંચ કે ? ખરેખર, ચકાસેલાં દોસાં-ઓનું કાંઇજ કેહવાય નહી. બીહતો ધ્રુજતો તુરત કેબીનમાં દોડયો પણ ત્યાંબી મમાઇ નહી મળે ત્યારે મને લાગું કે દોસાંએ કાંઇબી પાછો રકાસ કીધોચ. હાંફતો હુફતો ડાઇનીંગ સલુનમા ગીયો તો મીસી બાબાતો કરારે બેસીને રકાબીમાથી સુરૂપ સુરૂપ ચાહે પીતાં હતાં. ખોદાના શુકરાંનાં કીધાં કે માથાંપર ઉભાં રહી કસરત નહી કરતાં હતાં. "મમાઇ", મે પુછયું, "તમે સારીકાનો તો છેવોની." "તે મહને શું છે," મમાઇએ તણુકો કરી જવાબ આપ્યો. "મુવાં આએ બધાં બેઠેલાં છે તે લોકાને કાચાંને કાચાં ખાઇ જાઉ તેવી છે ઉં." પણ ત્યારે ચીનો Upside down શું બકી મુવો ? બોલાવીને પુછયું કે બા તારી શું કેહવાની મતલબ હતી તો ઠંડે કલેજે કેહેજે મમાઇ ડેંક-પરથી નીચે ગીયાં તેથી એને કહ્યું કે "Missibaba upside down." અરે તારૂં Pigeon English નું સત્યાનાશ થાયરે ! પછી પેટ પકરીને હસ્યો અને મમાઇને સમજાવ્યું ત્યારે એવન એટલું જોરમાં હંસ્યાં કે રકાબીમાંથી ચાહે નીચે પોલાઇ ગેઇ અને ગોરાં સાહેબોનાં નસકોરાં પાછાં ચહડી ગીયાં !.

ચાલો, મમાઈ હવે પાછું બીજું નવું માથુંબાનું બાંધી લટકો મટકો કરતાં બાહાર આવ્યાં. જો કે ચાંદરાત જેવે સપરમે દહાડે કોકે

કુકડનું માથું બાનું ખોહોયું હતું તેથી જરા રંજીદા હતાં પણ વાંક પોતા-નોજ એટલે ઝાઝું તે બાબદ બોલ્યાં નહી. હવે નાસતો ખાવા ગયાં તે એવણને ગમ્યો નહી કારણ જે એવે સપરમે દહાડે સેવ નહો રંધાવેલી.

"તુમ અમેરા દીકરા થયાચ," મમાઇ કેપટનને કેહેવા લાગ્યા, "તે એસાજ મારી ચાકરી કરતા કે? આજ ચાંદરાત હોયા તોબી સેવ દહી કુચ નહી કરાવ્યા? જો મુવા અમ તુમકુ બોલતા કે બુપેરે ધાનદાર ને માછલીકા પાટયા કરાવેગા ને રાતના માવાકી પોરી વગર અમકુ ચલેગાજ નહી. સમજયા કે? તુમ કેહેવેગા તો અમ રાંધનીમેં જાવેગા ને બધી ચીજ પકાવેગા. ને બીજી વાત એસા કેહતા કે કાલે અમેરા ગોસ રોજ છે તે બજારમેંથી ગોસ નહીં મંગાવના બકરાકાબી નહી જો. અમેરા જરથોસ પેગમબરે (તેની પરથી બધી મરી જાંઉ તે) એ દાહારે ગોશ ખાવાકી મના કીયાચ."

હવે કપટાને મારી સામું જોયું ને મેં તુરતજ ઠોકયું કે મમાઇનું પેટ ભરાયલું છે તેથી આજે એવણને ખાવા નહી ગમતું. ચાલો ટુંકમાંજ કાસર પતી, નહી તો ગોશ રોજની પીસમુરી એને સમજાવતાં મારૂં કાતરયું ખસી જતે. પણ મમાઇ કાંઇ એટલું બોલીને.જ ચુપ નહી બેઠાં. એવણે તો કેપટનને જે પોતાનો ધરમ સમજાવવા માંડયોકની તે તેનો છેડોજ નહી આવે ને પોતે નાસ્તો ખાયબી નહી ને તેને બીચારાને ખાવાબી નહી દે. પણ એ બે ને માથું ફોડવા દઇ મેં માહારા પેટનું ટાઢું કીધું.

ફ્રુટમાં આજે કેરી ને કેળાં હતાં. મમાઇ તો કેહેવતોનો ભંડારજ એટલે એ બન્ને ચીજો સાથે આવેલી જોઇ કેપટનને કહેવા લાગ્યાં કે "મુવા તુમકુ ખબર નહી કે, "કેરી ને કેરૂં ને મોતનું તેરૂં." તુમારી માયકુ કયા મારી નાખવા એ બેઉ ચીજ સાથે મુકયા?" મમાઇ તો સુગાયાં એટલે કેળાં નહી લીધાં પણ કેરી લઇ પ્લેટમાં મુકી. આપરે તો મોહોતનેબી ખાઇ જઇએ તેવા, તે બન્ને ફ્રુટ લીધી. કેરીની પ્લેટ

સાથે છરી તેમજ ચમચીબી મુકેલી તે જોઇ મમાઇ ઘણાં અજબ થયલાં લાગ્યાં.

"મરે ચમચી કાંય મુકી હોસે, નસલી?"

"કેરી ખાવા, મમાઇ", મેં કહ્યું, "ગોરાંઓ કેરી ચમચી વડેજ ખાય."

મમાઇએ કાંઇ મારૂં કહેલું માન્યું નહી, તેથી કેપટન કેમ ખાયચ તે જોતાં બેઠાં. તેને તો કેરીની બે ચીર કાપી ને ચમચી વડે ઓખવીને ખાધી પણ ગોટલું તો ખાધા વગરજ પ્લેટમાં રેહેવા દીધું તે જોઇ મમાઇનું ઘણુંજ પાકી ગયું.

"મુવા સુધારાવાલાના જેવા જંગલી લોક થોડાંજ હોસે," મમાઇ બખાલ્યાં. "જે ખાવું જોઇએ તે તો મુવાંઓ ફેંકી દેય, કેરીનો કસ તો ગોટલામાંજ વધારે હોય." એમ બોલી મમાઇએ તો કેરી ઘોળવા માંડી, તે જોઇ મારૂં ઘણું મન થયું કે જરા બખડાઉં પણ હું જાણતો હતો કે બોલવું તદ્દન વ્યર્થ છે તેથી ચુપજ બેઠો. મારી પાસેની પેલી ફ્રેન્ચ મડમ કેરી કાપવાની તઇયારીમાં હતી તેનેબી મમાઇને જોઇ રેહેવાજ દીધી અને બીજાં બધાંબી ડોળાં ફાડી મમાઇ તરફ જોયા કરે, પણ ડોસાંને ભલ તે લોકની દરકાર! એટલે નીચેથી ઉપર જોયા વગર કેરી ઘોળી ચુંસી ગયાં, ને તેબી વળી એવી સીફતથી ચુંસી કે જરાબી હાથ ખરડાયા નહી. અને ગોટલું તો જાણે છરીથી ઓખવી કાહાડયું હોય તેમ સાફ થયલું. તે જોઇ કપટાન હરખાઇ જઇ બોલ્યો "વેરી ગુત માડામ, વેરી ગુત," અને એના મોહોડાંપરથી મને લાગ્યું કે કેરી ખાવાની આ સુફયાણી રીત એને ઘણીજ પસંદ પડી ને હવે પછી એબી એમજ ઘોળીને ખાશે. મારી પાસેવાલી ફ્રેન્ચ ડાકણનેબી એ રીતે કેરી ખાવાનો શોખ થઇ આવ્યો તેથી મને પોતાની ઘોળવા આપી. તે જોઇ મમાઇએ ડોળા ઘુરકયા. એવણના એવા ડોળા પરવડે પણ પેલીના માટી મુવાની તલવારનો ચમકાટ કેમ

દેખી શકાય ? એટલે આપરે તો ફેરી ધોળી પેલી બાઇને આપી ને તેવણે મીઠાસથી "ટેકયું" કહ્યું એટલે મને તો ગીલીગીલી લાગી ને આપરે તો સાતમે આસમાને ચહડી ગયા. પછી મડમ પુછવા લાગી કે હવે એ ફેરીને ખાવી કેમ. મેં કહ્યું કે ઉપરનું ડીચકું કાહાડી નાખો ને બે હાથે દાબો, પણ તે મુઇએ એવી તો જોરમાં દાબી કે બેહુ છેડેથી ધાર છુટી, ને તેણીના બાલ બધા ખરડાઇ ગયા ને નીચલી ધારથી તેણીનો રેશમી પોશાક ખરાબ ગયો. મમાઇ તો પેટ પકડીને હસવા લાગ્યાં તે જોઇ મડમ સાહેબનું ઘણુંજ ગરી ગયું. મનેબી ધુમ હસવું આવ્યું, પણ તલવારના ધાકથી દાબી રાખ્યું. મડમ સાહેબ રકાસ થયલો જોઇ ચાલી ગયાં અને તેવણની પછવાડે તેવણના મરધાજી દોડ્યા, એટલે મને લાગ્યું કે "ડયુએલ" નંબર ટુની નઇયારી ચાલતી હશે. મમાઇનું તો મુવાંનું હસવાનુ પુરૂંજ નહી થાય.

"તેબી નસલી ઠીક બજાવી હં. એ મુઇનો આખો ઘાઘરો ખરડઇ જતે તો હું વધારે ખુશી થતે. ચાંદનની હાય અત્યારથીજ એને નરતી હોય એમ લાગેચ," મમાઇ બોલ્યાં.

કેહેવાની જરૂર નથી કે આ રકાસ પછીથી કોઇબી મડમ સાહેએ ફેરી ધોળીને ખાધી નહી.

હમબાઇજી ૫૦ વરસ કુદાવી ગયેલાં તોબી પહેરવા હોરવાનો ઘણોજ શોખ, અને જો કોઇ એવનનાં પેહરવાસની વખાણ કરે તો ખુશખુશ. રતીમરપરબી નવીનવી સારી વાસકુતો પેહરે, અને અસલી ફ્રાશીનનાં ઘરેણાંઓનો સંગાર કરે. એક વખતે એક મડમે એવનનાં બધાં ઘરેણાંઓ તથા સારીકપડાં જોવા માંગયાં તે મગન મગન થઇ ગીયાં, અને એક બપોરે બધું ગાંસડીમાં બાંધીને લેઇ ગીયાં.. બધાં સુનાનાં ઘરેણાંઓ અને અસળી ફ્રાસીનની જારી સારી કપડાં તે ગાંસડીનું વજણબી ઠીક થયું, અને પોતાથી બરાબર ઉંચકાએબી નહી. આપરે એવનનો ખવાસ જાણીએ તેથી ઉંચકવાની માંગણી વતીક કીધી નહી. ઘણીઓ

ગમે તેમ ઘરમા રાજ કરે પણ કોણુની મકદુરકે એવનની કબાટને કોઇ હાથબી લગાડે? જેમતેમ દાદર ચહડર્યા તેટલાં પેલી મડમનોજ ભરથાર સામો થઇ ગીયો તે તુરતજ દોડતો આયો ને "સી વુ પ્લે માદામ" કરી ગાંસડીને હાથ લગાડયો. બસ થઇજ ચુંકું. "અરે જારે મુવા લુતારા," મમાઇ બાંગ પાડી બોલ્યાં, "સીવવાનુંબી નથી ને ભરવાનું સાથે. મુવા મેરા જીભરાયા નસલીકા વીસવાસ નહી કરેગા તો તુમારા કરેગા? ખબરદાર જે એક આંગલીબી લગાડેકા તો આખોને આખો હાથ તુમારા મુવાકા ભાંગી નાખશ." તેબી બીચારો ખસીઆનો પડી બાજુ ખસી ગીયો. Chivalry બતલાવવા આયો તે ગાલોનો સરપાવ મલ્યો, પણ એ અભાગ્યાને શું ખબરકે એમ Chivalry જે સુમારીમાં બતલાવીએ તો પહેલે હાંડકાં પાંસરાંનો ખુરડો થાય અને પછી જેલની જાત્રાએ જવાએ !

માહારાં મમાઇ જેવો ચટપટયો જીવ ઘણાંજ થોડાંનો હશે. આટલી મોટી ઉમરેબી એવણુની દોડધામ જબરી. મેં ઘણું સમજાવ્યું કે એક બાજુ ગુપચુપ ગગડી રહો, પણ હમબઇજી માને કે? કમ્મરે હાથ દઇ આખી સ્ટીમરે ફરતાં ફરે. નાસ્તા પછી થોડાંક જણાં પાનાં રમવા બેઠાં તો ત્યાં જઇ ડોકું ખોસ્યું ને તે લોકને પાનાં તેમજ જુગારપર લૅકચર આપવા ઉભાં. જો કોઇને બીડી ફુંકતું જોયું તો ધુમાડો અને બીડીથી થતાં નુકશાન વીશે લાંબુ લચ સમજાવશે અને જરથોસ્તી ધર્મપર સુરીયાનું ભાષણ આપશે. એવી રીતે બધી ચીજમાં માથું મારે, પણ હવે તો તે લોકબી સમજી ગયલાં કે ડોસાં ભોલાં છે એટલે હસયા કરતાં હતાં અને કેટલાંક એવણુને ચક્ષકેલાંબી સમજતાં હતાં.

ડેકપર પવન ઘણો હતો તેથી મમાઇ ત્યાંથી જઇ "ડાઇનીંગ સૅલુન" માં સાડી સીવવા બેઠાં અને તેવણુની લગોલગ એક જરમન સાહેબ કંઇ લખવા બેઠો હતો. થોડુંક લખ્યા બાદ ખડીયામાં પેન બોરવા ગયો કે તેની કોણીને મમાઇનો આંચકો લાગો ને આખો ખડીયો

પેલાના કાગળપર ઉંધો વલ્યો. બીચારાએ કેટલી મેહેનતે લખેલું બધું તરબોર થઇ ગયું ને તેનો જીવ નીકલી ગયો. પણ મમાઇએ પાટી પર ધુળ ઘણી છાંટેલી તે એવાઓની કદર કયાંથી કરે? પેલાએ તો ડોળા કાહાડવા માંડયા.


"ડોલા ધરીને ખેંચીજ કાહારસજો! તું નાહે તેટલી સહી અબધરી મંગાવી આપું ને આટલું સરખું પાછું લખતાં તુંને મુવાને શું વાર લાગવાની છે?" મમાઇ બોલ્યાં.

મેં સમજાવી પટાવી ઠડાં પાડયાં ને પેલા જરમનની ઘણી ઘણી માફી ચાહી. એક કલાકબી જો મમાઇ છબરડા વગરનો કાહાડે તો બેહેસ્તી આદરજીતું નામ કેમ રહે? એવણ સીવતાં હતાં તેટલાં દોરાનું કાટલું પડી ગયુ અને ગબડીને ત્યાં જે બીજાં સુગાતરાં સાહેબ મડમો બેઠેલાં હતાં તેવોના પગ પાસે જઈ પડયું. હું તે લેવા જવા ઉઠતો હતો તેટલાં મમાઇએ આગલી જીંદગીમાં કંઇ સવાબના કામ કીધાં હશે, તે એક સાહેબે પોતેજ ઉઠી તે મમાઇને લાવી આપ્યું. મેં જોયું જે મમાઇ "થેંકયુ" કહે તો સારૂં, પણ મમાઇએ તો તેથાબી સરસ રીતે ઉપકાર માન્યો ને બોલ્યાં કે "થેંકયુ ડારલીન." એટલે પેલા સાહેબની મડમ થતીના નેણ ફરી ગયાં, જો કે પેલો તો ખડખડ હસી પડયો.

"જો મુવાનો ઉપકાર માન્યો તો તેની માતી મુછના ડોરા ફરી ગીયા," મમાઇ છેડાયાં. "નસલી, એ મુવાંઓને તો ઠોકરેજ મારવ જોઇએ."

"પણ મમાઇ," મેં પુછયું, "એ ડારલીંગ બોલ તમુને કોણે શીખવ્યો? એ બોલ મેં તમુને આપેલાં લીસ્ટમાં તો નથી."

"બોવાય," મમાઇ બોલ્યાં," તારાં શોભતાં લીસમાં હોય તોજ એ બોલ બોલાયકે? બધાં મુવાં એક બીજાંને જરા જરામાં "ડાર-



"જા, જા, મુવા બેઅદબ, મારી આગલથી એકદમ ચાલીજા, ને તારૂં મોહરૂં કાલું કર. (પા. ૧૨૯)

લીન, દારલીન" કેહયા કરેચ તે હું કાંય નહી બોલું ? શુ કંઇ છેકજ તું મને અનઘર સમજેચ કે ?"

લેઓ, હજી તો મુવાં અનઘડપણાંની હંડે કલેજે વાત કરેચ ! માટી બઇએર એક બીજાને "દારલીંગ" કેહે તો મમાઇએથી તેમજ કેહેવું જોઇએ ! ફરીથી મુવાં બીજી વખત છબરડો નહીં કરે તેથી મેં એવણુને "ડારલીંગ"નો અર્થ સમજાવ્યો, ત્યારે મમાઇ એવાં ખસ્યાણાં પડી ગયાં કે ત્યાંથી ચાલતીજ પકડી ને પાછાં ડેંકપર જઇ ગગ યાં. હજી તો ત્યાં ઠરીને બેઠાં નહી તેટલાં એક Highlander સોલજર પોતાના લશ્કરી પોશાકમાં ડેંકપર આવ્યો. કોણુ જાણે એ આજે ક્યાંથી ફુટી નીકલ્યો કારણુ કે હમે તો એને આટલા દીવસ જોયલોજ નહી. મોહોંડાં અને દેખાવપરથી બહુજ અશરાફ આદમી લાગતો હતો, અને બધાંને હસી હસીને સલામ કરતો હતો, તેજ મુજબ મમાઇની આગળથાબી પસાર થતાં ઘણીજ સભ્યતાથી નમ્યો. પણુ મમાઇ તો તુરત બાંગ મારી ઉઠયાં. "જા જા, મુવા બેઅદબ, મારી આગલથી એકદમ ચાલી જા ને તારૂં મોહોરૂં કાલું કર."

હવે હું બી તેજ વખતે ત્યાં હતો ને મમાઇએ તે બીચારા જેવા સભ્યતાવાલા આદમીને એવો સરપાવ વગર કારણે આપ્યો તે જોઇ મારૂં ઘણુંજ પાકી ગયું ને તેથી ડોસાંનો મેં ઉધરો લીધો.

"શરમ છે હમબાઇજી તમુને, કે એક ગૃહસ્થ તમને નમે તેને વગર કારણે હટધુત કરી કાહાડી મુકોચ. એમ છેડાવાનો કંઇ સબબ સમજાવશો ?"

"તો મુવા તારી આંખ ફુટેલી છે કે ?" મમાઇ છલાંગ મારી ઉઠયાં, "મુવો કેટલો બેઅદબ છે તે તું જોતો નથી ?"

"પણુ મમાઇ, એને શું બેઅદબી કીધી ?"

"કંઇજ નહી, માતર બઇરાંઓની સાંમબે પાટલુન વગર મુવો ફરેચ. મુવા બેશરમે કોણુ જાણે ચોલ્લુંબી પેહેરયુંચ કે નહી."

અરે હમબખ્તજીનું નખ્ખોદ વગેરે ! કોઈ દીવસ Highlander ના ડ્રેસમાં કોઇને જોયલો નહીં તે મુવાં એમજ સમજ્યા કે એ પાટલુન વગર ફરેચ. પછી મે હસીને સમજાવ્યું કે "મમાઇ, એ તો એ લોકના દેશનો પેહરવાસ છે ને ત્યાં એ લોક એમ ટુકાંજ પાટલુન પેહેરે."

"તો તો," મમાઇ બોલ્યાં, "પોતાના દેસમાં ગમે તો મુવાં નાગાંબી ફરે તેની મને શું પરવા છે, પણ દેસ તેવો વેસ કરવોજ જોઇએ. મુવાને મારી આગલ એમ નાગો ફરતાં શરમ નહી આવતી."

"પણ એ કંઇ નાગો નથી ફરતોની મમાઇ," મેં કહયું, "તમે તમારૂંજ હાંક્યાં કરશો કે? એ તો લશકરી અમલદાર છે અને પોતાના દેશના ડ્રેસમાંજ એ હયાંબી ફરેચ."

"તે નસવાનજીને કેઉં જે તમે કાંય પાંત્રીસ રૂપ્યાનો મોઘો દાત કોટ પાટલુન પેહેરીને ફરોચ? તમેબી કાંય નહી સુમારીમાં ફરતાતા તેમ સદરા લેંઘા પર અહીંયાબી ફરતા?" મમાઇએ તાણો મારયો.

મમાઇ તો જાંણે એમ કેહેવા માગેચ કે સુંવાલીમાં રસ્તાપરબી હું સદરા લેંઘાપરજ ફરતોતો! પણ એવણે એક વાતની હઠ પકડી તો પછી ભલું અરબસતાનનું ખચ્ચરબી હઠી ગયું. ખરેખર એવાં અનઘડ સાથેજ મારો આખો ભવ જવાનો. જેવી સરજત!

હવે મમાઇ પોતાની કેબીનમાં ગયાં ને હુંબી જરા બરડો નાખવા ગયે। ને દુવા માગી કે થોડો વારબી એવણ ઘોંટલો લે તો સારૂં, કારણ જે મને એક કુતરાનોજ અવતાર આ મુસાફરીમાં આપ્યો હતો. આખો દીવસ, આય લાવ ને પેલું લાવ, પેલું કર ને ઓલું કર, એમ હોકમ કરયાજ કરે ને મને જરા જંપવા નહી દે. મમાઈ જઇ કેબીનમાં સુતાં ને મેં બી બરડો નાખ્યો. તેટલાં હમારી કેબીનને માથે ડેકપર કોઇ એ સાહેબો જોરમાં પગ અફાળી ચાલતા હતા તેનો અવાજ આંવતો હતો. તે ઠોકાથી માથું ફાટી જવા લાગ્યું. મમાઇની કેબીનની બરાબર ઉપર આવે કે જાણે હાથે કરીને કુદતા હોય તેમ લાગે. મારી તો ખાતરી હતી કે ઓય મમાઇ બાંગ મારશે અને તેમજ થયું.

"નસલી, નસલી, મુવો બેહેરો છે કે?" મમાઇએ બુમેબુમ પાડી. "અરે જરા અહીંયાં આવતો!"

હું તુરત દોડયો. "જોરે, પેલા સલુક વગરનાઓને કેહે કે મારા ઓરડા પર એમ અવાજ નહી કરે. ચાલવું હોય તો બીજી ગમ ચાલે," મમાઇએ હુકમ કીધો.

લેઓ, નરમ ઘી જેવી વાત લાવ્યાં. જાણે આખી સ્ટીમર પોતાની હોય તેમ ડોસાંએ હુકમ કીધો. પણ મેં જોયું કે જો નહી જવશ તો એવણુ પોતે ઉપર જઈ વધુ રકાસ કરશે તેથી "વારૂંજી" કરી તુરત ડેકપર ગયો. તો ત્યાં બે વીકાલ દેખાવના આદમીઓ ચાલતા હતા. તે લોકની અરાસે જવું ને વાઘના પીંજરામાં જવું બરાબર તેથી આપણે તો ડેકના એક ખુણામાં ગગડી રહ્યા. હું જાણું જે મમાઇ કંટાળીને ચોંટલો લેશે પણ હમબઇજી જેવણનું નામ! થોડાજ વારમાં છેડાયલી વાઘણની કાની એવણુ તો ઉપર આવ્યાં ને પેલાઓના આંગપર ધસી ગયાં.

"એ કયા મુવા તુમ લોક કંઈ રાનીકા બાગમે ફીરવાકુ આયાચ કે? મુવા ધપર ધપર ખરી ધુપેરે ચાલતા સાના? નીચે હમ લોક સુવેગા કેસા? બુત કાહાર કે ચાલો, નહી તો અમેરી માફક સપાત પેહેરો. સમજ્યા કે!"

હું નહી ધારતો કે મમાઈ શું બકી ગયાં તે પેલાઓ સમજ્યા હોય. તોબી થોડાવારમાં ચાલવાનું બંધ કીધુ. બા ડોસાંનોબી જબરો ધાક! એવા ધાકથીજ બીચારા બેહેસ્તી આદરજી શેઠબી અધમુવા થઇ ગયા હશે. પછી મમાઈ મને શોધવા લાગ્યાં તે જોઈ હું એવણુની નજર છટકાવી મારી કેબીનમાં જઇ ભરાયો, ને મોહોડાં વેર ચારસો ઓઢી શું એક ઉંઘમાં હોઉં તેમ ઘોરવા માંડયું, કારણ જે હું જાણુતો હતો કે મને ડેકપર નહી જોશે તો જરૂર કેબીનમાં આવવાના ને તેમજ ત્યાં આવ્યાં ને ચીમઇને મને જોઇ બોલવા લાગ્યાં, "મરે, મરે, બીચારો

મારો દીકરો, મારે ખાતર બધો અફરઇ ઉખડ જાયચ.જરા એને આસાએસ મલે તો સારૂં, નહી તો પતકઇ પરશે."

ચાલ, બચ્ચા નસલી, એટલું બી ગનીમત સમજ કે તારી દયા ખાઈ ચાલી ગયાં, કારણ કે ચાહેનો વખત થશે તેટલાં તો પાછું તારૂં અફ-ળાવા ઉખાવાનું શુરૂ થશે.

થોડીક ઉંઘ કાહાડી ઉઠયો ને ચાહેનો વખત થયો, પણ ખુદાની મેહેરબાનીથી એ બધો વખત સમાધાનીથી પસાર થયો. પણ હવે જમવાનો વખત નજદીક આવવા લાગ્યો કે મારા પેટમાં ફાળ પડી.

આજે ચાંદરાત હતી એટલે મમાઇનો ઠઠેરો ભારી હતો, ને ખુબ ભપકો કરી ડેકપર આવ્યાં, કારણ કે એવણનીબી કોઇ વખાંણ કરે તે ઘણું ગમતું હતું. પણ બધાંજ તૈયાર થવા ગયલાં એટલે એવણની વખાંણ કરવા ત્યાં કોઇ હતું નહી તેથી ચાટ પડી નીરાશ થઇ બેઠાં. તેટલાં સામેથી પેલી જાડી જરમન બાઇ આવી લાગી. તેને મમાઇને ભપકો ઘણોજ ગમ્યો તે ટીકી ટીકીને જોયાજ કરે. તેટલાં મમાઇની નજર પેલી બાઈની ટોપી પર પડી જેમાં એક અતી સુંદર પીછાંનું પક્ષી "સ્ટપ્ફડ" કરી મુકેલું હતુ.

"એ કયા તુમેરા સકાર હય," મમાઇ બખાલ્યાં, "તોપીમે પક્ષી કાયકુ પેહેરયા? મુવા તુમતો અબી બુઢા હો ગીયા તોબી એસા એસ-કાત કરતા! બીચારા એ પક્ષીકી હંત્યા તુમેકુ લાગેગાની! પક્ષીકા જીવ કાયકુ લેયા? શુ પરી તુમેરા જીવતરપર, તુમેરા તો દોજખમેજ ઠાર લાગેગા."

પેલી બાઇ મને પુછવા લાગી કે "તારી માય એ બધું શું બોલી ગઈ." તે ટુંકમાંજ મેં જવાબ આપ્યો કે "તારી ટોપી એવણને ઘણીજ ગમી ને તેની વખાંણ કરતાંતાં." ખરૂં કહીને કયાં મરૂં?

ડીનરનો ઘંટ વાગો અને હમે બધાં જમવા ગયાં. આજની વાંણીમાં કટલેસ હતા ને! તેને નકસીના કાગળમાં વીટાલેલા, તે જોઇ મમાઇને ઘણીજ ગમ્મત લાગી, ને મને કેહેવા લાગ્યાં કે "નસલી દીકરા, શું ઉંધો જમાનો આયોચ કે પોતે તો મુવાં અરધાં અરધ નાગાં જમવા બેસેચ પણ વાંણીઓને કપરાં પેહેરાવેચ."

મમાઇના એવા ટાહુકા સમજવાની મને ઘણીજ ગમત પડતી હતી.

બીજી વાંણી માછલી આવી. તે Smoked fish હતી, એમ મીનુંમાં લખ્યું હતું. મમાઇએ તે લીધી તો ખરી પણ મારી પુર ખાતરી હતી કે તે એવણુને ગળે ઉતરવાની નથી, ને પહેલ્લેજ બુકે એવણે તો ગળું તાંણ્યું

"એ મુવા બબરચીએ કેવી ધુખરાવી નાખીચ," મમાઇ બોલ્યાં. "એ મુવાનો પગારજ કાપી લેવો જોઇએ, કે ફરીથી રાંધતી વખત સુધલો રાખે."

"નહીરે મમાઇ," મેં કહ્યું, "એ કંઇ ભુલમાં નથી ધુખરાવી, પણ હાથે કરીને ધુખરાવી નાખીચ કે વધારે લેહઝતદાર બને."

"વરી જાંણી બુજીને કોઇ ધુખરાવી નાખતો હોસે વારૂં? મુવો કેટલો બેદરકાર."

"હારે, મમાઇ" હું પાછો ડાહયો બન્યો. "સાહેબોને મનથી એ ધુખરાવેલી માછલી વધુ લેહેઝતદાર લાગે, ને તે એ લોકને ઘણીજ ગમે."

"તોડું એ મુવાઓનું. કેહેતા તો દીવાના પણ શું સુનતાબી દીવાના કે?" મમાઇ બખાળ્યાં.

ચાલો, ડોહાપણુના દાંણા એવાં જીત્તેલ ને અનઘડો આગલ નાખવા ફોકટ છે, એમ મનસે વમાસી આપણે તો મુગા મુગાએ પાંણીનું ગલાસ ઊંચકયું પણ સ્ટીમરપર પાંણી ઉકાળેલું વાપડતા હોવાથી ધુખરાયલું લાગ્યું તે મોહોડું કુમળાવી પીધા વગર પાછું મુકી દીધું તેં જોઇ મમાઇ

પુછવા લાગ્યાં કે "કેમ મરૂં, તમારાં સુમારાં ઘરાંમાં પાંણી ઉતરતું નથી કે બા?"

"જરા ધુખરાયલું છે," મેં ટુકમાંજ પટાવ્યું.

"તે નસવાનજી શેઠ," મમાઇએ ટણુકો કીધો. "એ તો તમારાં જેવાં ગોરાંઓને વાસતે ખાસ પાણી ધુખરાવતાં હોસે કે વધારે લેજતદાર લાગે, તેથી બધી મરીં જાઉં તે ઘસ ઘસ પી જાઓ."

મને તો એવો ચટકો લાગ્યો કે શુ કહું? પણ એવા મોકા સરના તાણુંથી ચુપજ બેઠો.

ત્રીજી વાંણી ગોસ્તની હતી. તેની સાથે જેલી અને લૅટીસ હતાં તો તે જોઇનેબી મમાઇ સુગાયાં, ને બોલવા લાગ્યાં કે એ સુવાઓના કલેજાં કેવાં કોહેલાં હોસે કે એવી ચીજો ખાયચ. છેલ્લે આઇસ્ક્રીમ આયું ને વાંચનાર જાણે છે તેમ એવણુને તેનો ઘણોજ શોખ હતો એટલે ડબુસા મારી ખાવા ગયાં પણ પેહેલ્લેજ બુકે ફ્ફડી ઉઠ્યાં કારણ જે તેમાં ભારોભાર "વાઇન" નાખેલો હતો.

"મુવા તુમ લોક જબરા છાકતા," મમાઇએ કેપટનને કહ્યું, "એમબીને એમબી દારૂએ નાહીબી કાંય નહી મરતા. તુમારી મુવા લોકકી જાત છાકતી તો ખરી જો."

હું તો ગભરાયો કે દારૂને લીધે મમાઇ મનેબી ખાવા નહી દેશે તેથી મોટા ડબુસા મારી જલદી પુરૂં કરી નાખ્યું. આજનું ડીનર મમાઇને જરાબી પસંદ પડયું નહી અને ચાંદરાત જેવે દાહાડે ભુખે ડોકરાયાં તે ખુબ ખભરયાં. એક તો ભુખાં રેહેવાથી છેડાયલાંજ હતાં તેટલા પેલી જરમન બાઈ સપાટામાં આવી ગઇ તેને સાત પાણીએ ધોઇ નાખી. તે બાઇ આગળ જ્યારે કોફી મુકાઈ ત્યારે તેણીએ તેમાં "લીકર"નું એક ગ્લાસ હોમાવ્યું.

"ઓ વાય," મમાઇ છેડાયાં, "તુમ તો દારૂકી બાટલી તક્યા નીચે લઇનેજ સુતા હોગા, બઇરાં જાત હોયાને એટલા દારૂ પીતા? એ ક્યા તુમારા સકાર."

ભલાં આદમીને દરેક ચીજમાં માથું મારવાની ઘણીજ બુરી ટેવ પડેલી તેથી પોતેબી હાડમાર થાય ને મનેબી સાથે સાથે કરે. હવે મારૂં પાકી ગયું ને મેં બુમ પાડી, " શું જો ડોસાં, દરેક બાબદમાં માથું મારોચ. તેને કારીમાં દારૂ નાખ્યો તેમાં તમારૂં શું નખ્ખોદ ગયું ! મારી ખાતરી છે કે કાલંબો આવે તે પેહેલ્લાં તમે જરૂર પેલી સાડી કાપને પરજેટ કરવાના થયાંચ. "

મેં વળી પાછી સાડીની યાદ આપી તે મુગાં ગગડયાં પણ તેબી બે ત્રણ મીનીટજ. વધારે વાર મોહોડું બંધ રાખે તો ગંધ મારે ! પેલી જરમન ખાધરીબી જાંણે આજે મમાઇનું પાકવવાજ બેઠી હોય તેમ કાફી ખલાસ કીધી કે બીડી ફુંકવા માંડી એટલે હવે તો મમાઇનું તદનજ ગરી ગયું. " સુધરેલીની થતી તું તુટીપર, " એટલુંજ બોલી કટકા મોરી ત્યાંથી ચાલતી પકડી ને હુબી તુરત ઉઠી એવણની પછવાડે ચાલતો થયો કારણ જે મેથી જમવા જેવો પાછો મામલો થયો હતો.

જમીને મમાઇ તુરત ડ્રૂઇંગ રૂમમાં ગયાં. મને તો પાછી ધાસ્તી લાગી કે રખે પોતાના કોયળ જેવા અવાજે લગણના ગીત ગાવાં શુરૂ કરે. એવણની મકસદ તો તેવીજ હતી પણ ચાટ પડી ગયાં ! ત્યાં તો આજે નાહાનો જેવો " ડાન્સ " થવાનો હતો. નાચવાને નામે જ મમાઇને મોટી સુગ હતી ને અધુરાંમાં પુરૂં વળી કેપટને એવણને પોતાની સાથે નાચવા કહ્યું તેથી ડોસાંને જબરૂં અપમાન થયું ને ફફડી ચટકી ત્યાંથી ચાલી ગયાં અને ડેકપર જઇ ગગડયાં. મેં ઘણુંબી સમજાવ્યાં કે કોઇ દીવસ " ડાન્સ " જોયો નથી તેથી બેસો, ઘણી ગમત પડશે. પણ એવણના ધ્યાનમાં ઉતરયું નહી ને મેંબી જવાજ દીધાં અને ત્યાં બેસી આપરે તો બધી રચના જોયાજ કીધી. કોઇ દીવસ " ડાન્સ " જોયલો નહી એટલે મેં ધાર્યું કે આપણાં દેશની ઘુંઘરાવાલીઓની માફક નાચતાં હશે પણ આય તો કેહું તદન જુદીજ જાતનું નાચવાનું હતું. આ નાચમાં તો બધાં પોત પોતાની બઇરીઓ

અદલા બદલી કરે ને ઓલો મીસ્તર પેલાંની બઇરી સાથે, ને પેલો મીસતર ઓલાની બઇરી સાથે. મને તો બા એ ઘણુંજ ગમ્યું અને બેસીને ટગર ટગર જોયાજ કીધું ને જીવ બળીને ખાખ રાખ થઇ ગયો કે મારેથી એ નાચમાં ભાગ નહી લઈ શકાતો. પણ બા હું કંઇ મારી બઇરીને કોઇની સાથે નાચવા બાચવા નહી આપું જો. કોઇ પોતાની બઇરી મને નાચવા આપે તો મારી આંખોપર !

આહાહાહા ! શું તે "ડાન્સ"ની રચના હતી. માટીડાઓ બીજાની બઇરીઓને તેઓની નાજુક કમ્મરમાંથી પકડીને ,નાચે ને બઇરાંઓ નખરાં કરી મંડાય તે દેખાવ હું વીસ્તારી નહી શકતો. અરે નસલી નસલી ! શું તાહારાબી કરમના લેખ હશે કે સુંવાલીની સુસત્પટ જેવીઓ સાથે તુંને તારો ભવ કાહાડવો પડેચ ! પણ હાથ સોસારા ,મારવાથી શું વળયુ દીકરા? નાચ તો જેમ લંબાય તેમ તેમ તેનો બહાર ખીલે. તેઓ કલાક કરતાં પણ વધારે નાચ્યાં હશે પણ કોઇબી થાકેલું જણાયું નહી. હવે તો મારા પગબી તે લોકને જોઇ વવરયા કીધા, પણ બીચારાં એકલા અટુલાજ વવરયા. હું તો "ડાન્સ" જોવામાં એવો લીન થઇ ગયો કે તેટલો વાર મમાઈની હસતીજ ભુલી ગયો અને ત્યાંથી ખસવા ગમેજ નહી. એક કલાક ઉપર વહી ગયો ને જો મમાઇ આગળ નહી જવશ તો જરૂર એવણ બાંગ મારતાં આવશે ને બધાંની સાંમે મને પાંણી ઉતાર કરશે એમ ખ્યાલ કરી અકરવકરે ત્યાંથી ઉઠયો ને મમાઇની શોધમાં ગયો. ડોસાં થોબડામાંજ બેઠેલા હતાં. હું ચોરની માફક જઇ એવણની પાસેજ બાંકપર ગોઠવાયો, ને ચાંદન તેમજ છોકરાંઓ આપણુને જોઇને કેવાં હરખાશે વીગેરે મીઠી મીઠી વાતો કરવા માંડીને એવી મારી ડફાસોથી મમાઈ પીગળ્યાં. આપણે જોયું કે વાદળ વીખેરાતું જાયચ ને સુરજ પ્રકાશવા માંડયોચ એટલે "ડાન્સ" વીશે વાત કરી પુશકળ વર્ખાણ કરવા લાગો, કારણ કે મારો જીવજાન તો બધો હજી ત્યાંજ ભરાયલો હતો. તેથી મમાઇને સાથે

લઇ જવા સમજાવ્યાં. એવણુનુબી પહેલાંથીજ ધચુપચુ મન હતું એટલે ઘણી બોહોસ નહીં કરાવી અને આપણે મગન થતા થતા હમબઇજીને લઇ પાછા ડ્રૉઇગરૂમમાં ગયા. "ડાન્સ" ત્યાં પુર બહારમાં ચાલી રહયો હતો. મમાઇ તો તે દેખાવ જોઇને ફ્સડાઇજ પડયાં ને એવણુના ડોળા નીકલી પડયા. આ વખતે જોડાં બદલાયાં હતાં ને કેપટન પેલી તરતની પરણી આવેલી દુકતી સાથે નાચતો હતો. એ પોરી નાચતી વખતે ઘણીજ સુંદર લાગતી હતી. તેણીનો ધણી પેલાં જાડાં જરમન બોરયાં સાથે નાચતો હતો. એ જોઇ મહને ઘણોજ કચવાટ છુટો કારણ કે પોતાની એવી ખુબસુરત જુવાન બઇરીને મુકીને એવી બુઢી ઍબીયકને શું કામ બગલમાં મારી હશે? બા હું તો કદી એમ નહી કરૂં જો. મમ્માઇની ટૅમ્પરેચર દર પળે ચહડતી હતી ને મને લાગું કે તોફાન ફાટશે તો ખરૂંજ. પણ મારાં કમનસીબે મને એમ નહી આગાહી થઇ કે એ તોફાનના સપાટામાં હુંજ સપડાવશ. એવો ખ્યાલ સેજબી ગયો હતે તો ત્યાંથી પોબારાજ માપી જતે.

એક "ડાન્સ" પુરો થયો ને કેપટન મમાઇ આગળ આવ્યો ને તેવણુની પાસેજ બેઠો. પણ મમાઇએ તો તેને ધકકો મારી ત્યાંથી ઉઠાડી મુકયો.

"નીકલ અહીંથી મુવા બેશરમ," મમાઇએ બાંગ મારી. "તું કપતાનનો થતો તુટી પરે! કયા તુમ અમકુ ઇસ્ટીમબોટમે લાયાચ કે ઘેરવારામેં? મુવા જરા અમ બુઢા મનીખકી તો સરમ કરો. તુમબી હવે મોહતી ઉમરના હોંયા ને તુમારી દીકરી જેવીકે સાથ નાચતા! તુમકુ જરાબી લાજ નહી આવતા? ઇસ્કી બઇરી તીસકી સાથ નાચે ને તીસકી બઇરી ઇસકી સાથ ખીખી ખાખા કરે તે કંઇ સોભતા? અમેરે ગામકે ઘેરવારામેબી એસા તો નહી હોતા. ખરેખર તુમને તો જુલમજ કરયા જો."

ચાલ, નસલી દીકરા, હવે તારી વારી આવી. મમાઇ ડોળા ઘુરકી મારી તરફ ફરયાં.

"તું મરે તું, મને ઓહોસ કરી આય ફજેતાનું ભરેલું દોજખખાનું જોવા લઇ આયો કે ? મુવા ચંડાલ, તારો તો કોન જાણે કાંહાં થાગ થશે ! એવું બધું જોતાં તારી આંખ ફુટી નહી જતી ?"

મારૂં તો ઘણુંજ પાકી ગયું તેથી મેં તરડાઇને જવાબ આપ્યો કે "તેમાં ખોટું શું છે ? એકની બઇરી બીજા સાથે જરા હસે બોલે ને નાચે નહી કે ?"

"તો તમે મરૂં તમારી બઇરીને બીજાંને નાચવા આપસો કે ?" મમાઇએ મારૂં હીર જોવા પુછ્યું.

"જરૂરજ, કાંય નહી આપે ? તે કઇ લઇને નાહાસી—થોડો જવાનો છે જે," મેં જરા અચકાઇને કહ્યું. તે પછી મમાઈ તરફ પીઠ મરડી રીસાઇને બેઠો. તેટલાં તો મમાઇએ "ઓ લેરે, બઇરી નાચવા આપવા નીકરયોચ, લે આય મારૂં જુતું આપજે," એમ બોલી પોતાની સપાટ વડે બધાંના દેખતાં મને મારયો તે બધાં ખડખડ હસી પડયાં. મને તો એવું ભારી પડી ગયું કે ઉભી પુછડીએ નાહાઠો ને મારી કેબીનમાં જઇ ભરાયો ને બારણું એવું ચપટ બંધ કીધું કે મમાઇ મરી જાય તોબી ઉઘાડું નહી. સુંવાલીમાંબી મમાઇનાં ખાસડાં એમ અવાર નવાર ખાતો હતો પણ ગોરાંઓની સ્ટીમરમાંબી એમ ખાવાં પડશે એવી તો મેં કદીબી આશા રાખેલી નહી. મને તો આ બનાવથી એવો ગુસ્સો આવ્યો હતો કે મરતાંબી મમાઇનું મોહોડું નહી જોઉં.



• "ઓ લેરે, બધરી નાચવા આપવા નીકરયોચ, લે આય મારૂં જુતું આપજે," એમ બોલી મમાઇએ પોતાની સપાટવડે બધાંનાં દેખતાં મને મારયો તે બધાં ખડખડ હસી પડ્યાં. (પા. ૧૩૮)

પ્રકરણ ૭ મુ.

મુસાફરીનો ત્રીજો દીવસ.

ગઈ રાતના હમો બધાં સુતા પછી મારો ભેજાને કીડો ચવડી આવ્યો, તે જઇને મમાઇની કેબીનનું બારણું બાહારથી બંધ કરી કુંચી મારી પાસે રાખી. આજે બે ત્રણ રાત થઈ એ મુવાં ડોસાંની મોહોકાણુમાં મને બરાબર ઉંઘ આવી હતી નહી, અને આજે એવણપર મારે ખાંરખી લેવાનો હતો એટલે એવણને કેદ કરી આવ્યો. આશરે ત્રણેક વાગ્યા હશે ને મારાં બારણાને ખરતીક પગનો ધોંચકો લાગ્યો હોય તેમ મને લાગું અને એકદમ ઝપકીને ઉઠયો. મમાઇની કેબીનની અંદરથી અને મારી કેબીનની બાહારથી ધડાકાઓ સમજાય. સમજબી નહી પડે કે એ બધી શું ગડબડ ચાલી રહીચ. પણ જયારે બરાબર આંખ ઉઘડી ને ગઈ રાતનું બધું યાદ આવ્યું ત્યારે તુરત ઉઠયો ને ચાવી લઇ બાહાર દોડયો ને જોઉંચ તો પેલો મોટી મુછવાલો મારી કેબીન આગળજ ઉભેલો. મને જોઇ તે તુરત બોલ્યો કે "યોર મઝર, ઈી ક્રાઈ વેરી મચ." તે સાંભળતાંજ તેનો ઉપકાર માની મમાઇની કેબીન તરફ દોડયો. હવે એવણ જો મને બારણું ઉઘાડતાં જોય તો આખોને આખો ખાઇજ જાય તેથી હળવેથી ચાવી ફેરવી પાછો તુરત મારી કેબીનમાં દોડયો ને ઉંઘાવાનાં ઢોંગ કીધા. મમાઈ તુરતજ મારી પછવાડે કેબીનમાં આવ્યાં ને એવણે મારી સાથે રાતના જે ચાલ ચલાવેલી તેનો પસ્તાવો.કરતાં થોડીવાર ઉભાં. "મરે, મરે, મારો ગાય દીકરો જો," મમાઇએ મારો બરડો પસવારયો. "બીચારાએ મારા ખાસરાંનો મારબી મુગે મોહોને ખમયોચ. મારા એવા મુવા આકરાં જીવે મારો પોરયો ઘણું સોસેચ." આપરે તો ચીંગા મીંગા થઇ પડી રહ્યા, પછી અંતે મમાઇએ ઠોકાને મને ઉઠાડયો. "નસલી, નસલી, દીકરા ઉઠની,

જોની મારી ઓરડીમાં કોઇ ચોર તો નથી ભરાયો ?" મમાઇએ તાલ લગાવી. ચોરનું નામ સમજતાંજ જાંણે હું ભડકી ઉઠયો હોઉં તેમ ઢોંગ કરી કહ્યું, "શું મમાઇ, ચોર, કાંહાં છે ચોર ? લાવો મને પેલી લાકડી આપો." હવે મમાઇ જરા મલકાવા લાગ્યાં, "અરે કઈ નહીરે દીકરા," ડોસાં બોલ્યાં. "ચોર તો મુવો કોઇ દેખાતો નથી પણ કોઇ કારે મોહોનેનાએ બાહારથી મારૂં બારણું બંધ કીધેલું તે હવરેજ હલુસેથી આવી ઉઘારી ગીયો. કોણુ જાંણે કોણુ નાપાક હોસે. હું કયારની બાહાર જવાને વાસતે બેસી રહેલી."

"ઘણુંજ અજબ જેવું, મમાઇ. આપરે સહવારે તલાસ કરશું. તમે હવરે તો સુઇ જાઓ ને ખોદા ખાતર ઘણાં સકારે ન ઉઠતાં," મેં કહ્યું.

"વારૂં મરૂં," કહી મમાઈ ઘોંટાવા ગયાં.

સહવારના નાસતા અગાઉ કાંઈ પણુ જાણુવા જોગ બન્યું નહી એબી મારાં સારાં તકદીરની વાત. નાસ્તા વખતે હું ને મમાઈ બન્ને સાથે જ ગયાં. એવણુ ડાઇનીંગ રૂમમાં દાખલ થવા જતાં હતાં તેટલાં સામેથી સ્ટુવર્ડ બાહાર નીકલવા જતો હતો તે મમાઇને જોઇ સભ્યતાથી અટકી પડયો ને બન્ને જણાં એક બીજાંને પાસ થઇ જવાની ઇશારત કરે ને સ્ટુવર્ડ બોલતો જાય કે "આપરે વુ માદામ, આપરે વું." મમાઇનુ એ સાંભળી ઘણુંજ પાકી ગયું.

"મુવોરે તું, આપરી વહુ, આપરી વહુ, શાનું કરયા કરેચ," મમાઇ બબાલ્યાં. "મુવાની જીભ ધરીને ખેંચી કાંહારસ. મારો નસલી દીકરો પનસે ત્યારે મારી વહુ આવસે જ તો વરી.પણુ ઇસ્તુસાબ,એ તુમેરી મુવાકી વહુ કયાંથી થઇ ? ભસતે ગીયા તુમારી આગરી ખસી બસી 'ગીયા કે ?" એમ બોલી આખરે મમાઇ ઓરડામાં પેઠાં અને હું બી હસતો પુઠે ગયો.

ખોદાના હોકમથી નાસતાપર કાંઇ ઘણાં છબરડા થયા નહી. મમાઇને મુવાંને ઘડીઘડી તપકીર સુંઘવાની આદત હતી, જોકે મેં ઘણું



મમાઇ જ્યારે ખાવાની તેબલપર આવે ત્યારે મોહતો જેવો ૧પકીરનો સહરકો ભરે (પા. ૧૪૧)

સમજાવ્યું કે બેચાર દીવસ ના સુંઘો ને સુંઘવી હોય તો બધાંથી દુર જઈ સુંઘો. પણ મમાઇ કાંઈ માને ? નાસતાની ટેબલપર આવે કે મોટો જેવો સહરકો ભરે ને એવણુ સીવાય બધાં જ્યારે છીંકા છીંક કરે ત્યારે એવણને ઘણીજ ગમ્મત મળે. નાકબી પોતાના રૂમાલે સાફ નહી કરે પણ સરવીએટજ વાપડે ને સરવીયેટ સરી પડયો હોય ત્યારે ખુશખુશાલ ટેબલ કલૉથથીજ નાક લુછે. ઘણુંબી સમજાઉં કે તમારો રૂમાલ વાપરો. પણ બસ બોલે બોલે ને એમજ બોલે કે "પૈસા આપ્યાચ, કંઇ કાકરાં નથી આપ્યા. ટુવાલે મોહોરૂં લુછાય ને નાક કાંય નહી લુછાય ?" પેહેલાં તો લોકો ઘણાંજ સુગાયાં પણ પછી બમીર થઇ ગયાં હતાં.

આજે ફ્રુટમાં અનેનાસ હતાં. મહજેના મોહતાં અને મીઠાં હતાં પણ કમબખતોને કાપતાં નહી આવડેલું તે વચમાનો બરડોબી સાથેજ કાપી નાખેલો. મમાઇને તે સખત હતું તે ખુંટયું.

"એ એસા કોને કાપ્યા ?" મમાઇએ કેપટનને પુછયું. "મુવો બરડો તે કંઈ કાપવાનો હોસે ?"

"વાત હી ઝે ?" કેપટને મને પુછયું.

"ધી બૅક ઑફ ધી પાઇન ઍપ્લ શુડ નૉત બી કટ," મેંબી તાપમાજ ફેક્યું.

"ઝી બૅક, ઝી બૅક ? વાત ઇઝ બૅક ?" કેપટને મને પાછો સવાલ કીધો.


હવે એ કમબખતને સમજાઉં તે શું ! બરડો એટલે અંગ્રેજીમાં "બૅક" એટલું હું જાણતો હતો પણ પાઇનઍપલની બૅક કેમ હોય કરી કેપટન વીચારમાં પડયો. હવે એથી વધારે કેમ સમજાવવું તે મને આવડયું નહીં, એટલે અનેનાસનો બરડો કહાડી દેખાડયું. સારૂં થયું કે એટલામાંજ કાસળપતી નહીં તો વધારે છબરાડો થતે.

નાસ્તા પછીથી કેપટનને ચબી પાડવાનો શોખ થઇ આવ્યો, અને તેબી વળી મમાઇની એખલાનીજ ! મમાઇએ બીચારાને આટલો બધો હડધુત કીધેલો તોબી છેલ્લી પલવેર ભલમનસાઇ દેખાડીજો ! મમાઇને પોતોની

-સખી પડાવવાનો જબરો અભાવ. ત્રીસ વરસ ઉપર એવણુના પેહેલાએ જોર-જુલમથી પડાવેલી પણ તેબી ફાડી ફેંકી દીધેલી. ત્યાર પછી એવણુને ઘણી વખત સખી પડાવવા સમજાવેલાં પણ સાફ નાજ કેહેતાં હતાં તેથી આજે કેપનને કેમ હા કેહેશે તેના વીચારમાં પડયો. કપટાન મમાઈને પુછવા ગયો તે પ્રફડી ચટકી નાજ કહ્યું, પણ તેબી એવો બોહોસીલો કે કલાક વેર તેવણુનું માથું ખાધું, પણ જીદમાં હમબાઈજી ખચ્ચરાન ખચ્ચરની સરોબરી કરે એટલે આખરે કપટાન ઘણોજ નાસીપાસ થઈ, એવણુને સમજાવવા મને કાલાવાલા કરવા લાગ્યો. મનેબી લાગ્યુ કે ખાલી બીચારાને રંજીદા કરેચ તેથી મમાઈને જરા ખખડાવ્યાં. "શું જો મમાઈ, તમેબી ખાલી મચકાયા કરોચ ! એ બીચારાએ આપરી સાથે એટલી બધી સાયકી કીધી તેનો તમે એવો બદલો આપોચ કે ! જોઇએ તો પછી સખી ફાડી નાખજો પણ હવરે તો એને જરા ખુશી કરો."

મમાઇને બીચારાંને થોડીજ ખબર કે એક વખતની પ્લેટ પરથી જેટલી જોઇએ તેટલી સખીઓ કાહાડી શકાય. એવણુ સમજ્યાં કે એક સખી પાડશે તે જોઈને ફાડી નાખશું. તેથા એસ્કી મેસ્કી થઈને બેઠાં. એવણુને ગોઠવીને બેસાડતાં અરધો કલાક ઉપર લાગો પણ તોબી ડોસાં બરાબર બેસી નહી મરે. કોઈ વખત ધડ નાખી દેશેતો કોઇવખતે હાથ ઉંચકશે એમ કોટક કરયા કરે. આખરે માહા મુસ્કેલીએ સીધાં ગગડ્યાં ત્યારે કેપટને બરાબર "પોઝ" આપવા ખાતર મમાઈનું મોહોડું પોતાને હાથે પકડી ઉંચું કીધું. બસ થઈજ ચુકયું !

" અરે તારી દયાનતપર લ્યાનત પરેરે મુવા." ડોસાં ઉશકેરાઇ બોલ્યાં, " એસા તુમ અમેરી સખીં પારતા કે ? પારકી ઓરતકા ગાલકુ હાથ લગાવાકુ તુમ મુવાકુ જરા લાજ કે સરમ નહી આવતા ! તું સખીનો પારતો ધરી પરે, " એમ બોલી કુટકા મોરી મમાઈ ત્યાંથી ગુસ્સાભેર ચાલી ગયાં. બીચારો કેપટન તો પાંણી ઉતાર થઇ ગયો. તેને સમજબી નહી પડી કે મમાઇને ગુસ્સો શાનો લાગ્યો તેથીં બીચારો "વાત



સભી પાડતી વખતે કેપટને બરાબર " પોઝ " આપવા ખાતર મમાઇનું મોહોડું પોતાને હાથે પકડી ઊંચું કીધું (પા. ૧૪૨)

હી ઝે? વાત હી ઝે?" કરયા કરે! પછી મેં કહ્યું કે એવણુની તબ્યત એકદમ બીગડી આવી તેથી ચાલી ગયાં. પણ કેપટનબી ચેતી ગયલો લાગ્યો કે હું એને ઉડાઉંચ, તેથી મારી સબી પાડવા માગી ને આપરે તો ડાહયા ડોહેરા થઇ પાધોટું ઘાલી બેઠા ને તેથી એ બીચારો જરા ખુશી દેખાયો.

હવે હું ડેકપર ગયો ને ત્યાં મમાઇ રોબમાંજ બેઠાં હતાં એટલે આપરે તો "નો નોટીસ" કીધી અને એવણુની સામેજ "સ્મોકીંગ રૂમ" હતો ત્યાં જઈ કાગળ લખવા બેઠો. તેટલાં એક ઘણો રમુજી બનાવ બન્યો. પેલો સોરટયાં જેવો જરમન એવણુ આગળ આવ્યો ને "બોઝુર માદામ" કીધું ને મમાઇએ હંમેશાની રીત પ્રમાણે "બોંસ્યા" કીધું. હવે પેલાને મમાઇ સાથે વાત કરવા ઉલટ છુટી તે કેહેવા લાગ્યો કે "ધી સી ઇઝિ વેરી પલાસીદ, માદામ" (આજે દરયો ઘણો શાંત છે, માદામ) મમાઇની જાંણે બલા કે એ શું કેહેય તેથી જરા ડોકું ધુણવ્યું. પેલાએ કંઇ જવાબ નહી મલેલો જોઇ પાછું કહ્યું કે "ઝી વાતર ઇઝ વેરી ગુત, માદામ." મમાઇએ "વાતર" બોલ સમજ્યો કે તુરત પુછવા લાગ્યાં કે "કયા બોલતા, વાતર?" પેલો બોલ્યો, "આહ, ઉઈ માદામ, આઇ સેઝ ઝી વાતર ઇઝ ગુત, ઝી વાતર."

"ઓ હારે મરૂં," કરી મમાઈ તુરત અંદર દોડયાં ને પેલો જરમન ડઘાઇને ત્યાંજ ઉભો રહયો. મનેબી સમજ નહી પડી કે મમાઇ અંદર શાના દોડયાં. જરા વારમાં તો પાંણીનું એક ગલાસ લાવી પેલા જરમન પાસે દોડયાં અને તેનો બરડો પસવારી કહ્યું, "લે પી આવા પી. અરે કંઇ નહીરે, હું તો તારી મમાઇ જેવી લાગું. સરમાયચ સાનો? પી જા દીકરા, તુંને બીજુંબી જોઇસે તો લાવી આપસ." પેલો તો ચીકાર નાસતો ખાઈ આવેલો ને વરી ટેંમ્પરન્સનો ફ્રેંડ વેરી એટલે નમી નમીને ના પાડે તેમ તેમ મમાઇ બોંહોંસ કરે ને હું હસતો

હસતાં ઠાકી ગયો. હવે મેં જોયું કે મમાઈ પેલાને ચોપડવા માંડશે તેથી બન્નેની એ ગેરસમજુતી દુર કરવા વચમાં પડયો.

"મમાઇ, એ તો તમુને એમ કેહેતો તો કે આજે દરીયો શાંત છે," ને પેલાને મેં કહ્યું કે તું "વાતર વાતર" બોલ્યો તેથી એવણ તારે વાસતે પાણી લઇ આવ્યાં. પછી બન્ને પોતાની મુરખાઈ પર હસી છુટાં પડયાં. પેલી અંગ્રેજીમાં કેહેવત છે કે "A little knowledge is a dangerous thing," તેમજ આજે બન્યું.

બપોરે હું બીલકુલ જમયો નહી કારણ જે મેં એક બાજી રચેલી. તે જો ફતેહમંદ ઉતરશે તો મને પેટ ભરતું ખાવાનું મલશે. હવે તે બાજી એ હતી કે આવતી કાલે બપોરે તો હમે કોલંબે ઉતરશું, અને ડોસાંની મોહોકાંણમાં મેં હજીસુધી "બીફ" કે "હૅમ" કે "બેકન" મોહોડાંપર નહી મુકેલુ ને તે ખાવાને મારો જીવ બધે. તલપાપડ થયા કરે, તેથી આજે સહવારના ઠરાવ કીધો કે બપોરે મમાઇ અલેટાવા જાય ત્યારે મારી કેબીનમાં એ બધું મંગાવી ખાવુ, ને ખાધા પછી જો કંઇ તબયત બીગડી તો આખી એડયાંની બાટલી ધીચવાનેબી હું તઇયાર હતો. નાસ્તા પછી "ધોબીના ગાસડાં" ને બોલાવી તેના હાથમાં એક ચાટલો મુકયો ને અસતમ પસતમ સમજાવી ભણાવી રાખ્યું. જમતી વખત મમાઇને કહ્યું કે આજે મને ભુખ નથી લાગી. પણ તેવ્રુબી વીચારમાં તો પડયાં કે ભેંસની માફક ચમરવાવાલો આજે ખાતો કેમ નથી ને ડોસાંને જરા વેહેમ ગયો, જો કે તે વખતે તો કાંઈ બોલ્યાં નહીં. મમાઇને આજનું ખાવાનુંબી કાંઇ ઝાઝું ગમ્યું નહી. આજે ગોશ્ત સાથે બાફેલા પપેટા હતા ને તે છાલ સાથેજ બાફેલા તેથી મમાઇએ કેપટનના જાલ છોડા કાહાડી નાખ્યાં.

"મુવા તુમેરા બમરચી તો કોઈ જબરા આખે હારેકા નીકરા. મુવાએ પપેતાકા છાલબી નહી છોરયા ? તુમ બેઠા બેઠા છાલ છોરતા તે તીસકુ બોલાવી ખખરાવતા કાયકુ નહી ? મુવા તુમ કપટાન હોયા કે હજામ ?"

કેપટાનના બીચારાના સાંભળતાં સાંભળતાં કાનબી પાકીગયલા હતા ને હુંબી ખરૂં નહી કેહેતાં ઉડાવતો હતો એમ સમજી જવાથી હવે " વાત હી ઝે ?" બોલવાનું થોડું ઘણું મોકુફ કીધું હતું.

મમાઇને ગુર ખાવાનો ઘણોજ શોખ ને આજના ખાણામા ભોગ ચોઘડયે એક ગુર હાથ લાગી એટલે તેને પોતાની પ્લેટમા ઠોકવા માંડી. મેં એ ગુર કાહાડવા એવણુને માટે "ગુરદાની" મંગાવી, પણ તેતો બાઇને ભાવી નહી એટલે માથું ફોડવાજ દીધું. બધાં લોકો હસયા કરે પણ હવે હસવાની કાંઇ નવાઇ નહી હતી; એવું હસવાનું તો સાધારણ થઇ પડયું હતુ. ગુર બરાબર બધી નહી નીકળવાથી ડોસાંએ જોરથી પ્લેટમાં ઠોકી ને ઠોકતાં સમેત પ્લેટના બે ટુકડા કરી નાખ્યા. તે જોઇ કેપટનના ડોળા ચહડી ગયા પણ મમાઇ તો જાંણે પોતાનાજ ઘેરમાં બેઠાં હોય તેમ જરાબી ગભરાયા વગર સ્ટુવડને બીજી પ્લેટ લાવવાનો હોકમ આપ્યો.

" અરે તમે હરવાર્યારે હમબઇજી," મે કહ્યું, " એમ તે કંઇ ગુર ઠોકવાની હોય ?"

" તમે તમારે મુગા મુગા મરી રેહેવ," મમાઇ તણકો કરી બોલ્યાં, "તમુને વચમાં માથું મારવાની કંઇ જરૂર નથી. કપતાન પુછસે ત્યારે હું તેને જવાબ આપસ." એટલે આપરે અસમ ખરા કરી ગીયા.

હવે કરી ચાવલ આવ્યા. ચાવલ તો ગણુત્રીનાજ પ્લેટમાં મુકેલા. મમાઇ તો જોયાજ કરે. પછી મારી તરફ ફરી કેહેવા લાગ્યાં,

" નસલી દીકરા, જરા સેરતો કે જઇને મારી કેબીનમાંથી દુરબીન લઈ આવતો."

મને તો બીલકુલ સમજ નહી પડી કે એવણુ જમતી વખતે દુરબીન શાના મંગાવેચ. પણ મમાઇના ભવાં ઉપસવા માડયાં એટલે હું તો દોડતો જઇ દુરબીન લઇ આવ્યો, ને મમાઇએ તે લઈ પોતાની પ્લેટમાં તેના વડે જોયું ને પછી કેપટન તરફ ફરયાં.

"અંહં, એ તો ચાવલ હય, બરાબર ચૉમ્પન દાંના હમકુ મલયા. અરે તુમ ચાવલકા ખવારતા તુતી પરે. મુવા મખ્ખીચુસ ! અમેરે ગામમે તો લંગરી ભર ભરકે અમ દરરોજ ચાવલ ખાતા ને એ ક્યા તુમ અમેરી મસકેરી બસકેરી કરતા કે ? ઇસ્તુકો બોલો કે એકદમ ખુમચા ભરી ચાવલ લાવે, નહીતો અમેરા બધા પઇસા અમકુ પાછા દેવ."

કપતાન પેલાં ડુરબીનને લીધે કંઇ સેજસાજ સમજી ગયલો લાગો ને મને ઇશારત કરી પુછ્યુ. તે મેં સમજાવ્યું કે મમાઇને ઘણાં સરખા ચાવલ જોઇએચ તેવોજ સ્ટુવર્ડને હુકમ કીધો ને બીજા વધુ ચાવલ મંગાવ્યા. જેવી ડીશ આવી કે દોસાંએ તો પોતાની પ્લેટમાં આખી ખાલી કીધી તોબી ધરાયાં નહી, ને બધાં ડોળા કાડી જોયા કરે ને કપટાનની તો ખાતરી થયલી લાગી કે એ ચાવલનો ડુંગર બધો મમાઇના પેટમાં ગીયોચ એટલે ત્યાંને ત્યાંજ હંમેશના જીઓ કરી જશે. આખી ટેબલપરના બધાંઓએ ચાવલ લીધા તેના કરતાં ડબલ પ્રમાણમાં એવણે લીધા હતા પણ એ બધાંઓને શું ખબર કે સુંવાલી ગામના એવન ચેમ્પ્યન ધાનખાઉ હતાં. પછી કડછો મારી ચાવલપર કરી લીધી ને પેહેલો બુક જેમ તેમ ગળ્યો.

"એ કયા કરી કે ગટરકા પાંણી ? કરીના ખાતા તમે હરવાયારે. મસાલાનું તો નામબી નહી મલે. હું જાંનું કે બીજું બધું તો રહ્યું પણ જરા ચાવલ પેટભરીને ખાવસ. અરે મુવાં તમે ખાતાં ને ખવારતાં."

મમાઇ વરી આજે ભુખ્યાં રહ્યાં એટલે પાછી ટૅમ્પરેચર ચહડી ગઇ તે સમજાવી પટાવી અલેટાવા મોકલ્યાં, કારણજે એવણ પતે તો હું મારી કેબીનમાં જઇ ડુકકરના ગોશતપર હાથ મારૂં કની. એવણ ગયાંને હું મારી કેબીનમાં ગયો ને જોઉંચ તો ત્યાં ખાવાનો ડુંગર પડેલો ! મારાં મોહોડાંમાં તો ધોધમાર પાણી છુટું ને આપરે તો બીછાણાંપર પલાંઠો વાળીને ખાવા બેઠા. ખરેખર શું લેહેજત હતી ! ભલા આદમી મમાઇને

બી શું કહીએ તે વળી ફાટેલી ખરી વગરના જાનવરનું ગોશત ખાવાનું વગેર ફોકટની મના કીધી ! એવા અપવિત્ર વીચારથી કે કોણ જાંણે બીજાં કોઇ કારણથી, પણ સ્ટીમરે એવું તો હેરયું લીધું કે "બીફ" નો આખો ઠાલો જમીનપર મોટા અવાજ સહીત પડયો, ને મમાઇ દોડતાં કે શું થયું તે જોવા મારી કેબીનમાં ધસી આવ્યાં ને અધુરાંમાં પુરૂં મેં બારણાંને ચાવી નહી દીધેલી તે બધું સંતાડી દેવાનોબી વખત નહી મલ્યો. વળી મોહોડાંમાં બીફનો મોટો ડુચો મારેલો તે બોલાયબી નહી. આપણે તો જાંણે પીંજરામાં ઉંદર સપડાઇ ગયો હોય તેમ સપડાઈ ગયા, ને ગુંઠણે પડી માફ માગી. પણ એણી તરફ આદરજીના વીધવા હમબાઇજી હતાં. એવરે તો "ચોર, ચોર," કરી એવું ધુમરાણ કરી મુકયું કે સ્ટીમરપરના લગભગ અર્ધા લોક એકઠાં થયા અને આપણો રકાસ સંપુર્ણ થયો.

"એ દેખો અમેરા ચોર દીકરા," મમાઇ છેડાઇને બધાંઓને કેહેવા લાગ્યાં, "એ મુવાકુ ટેબલપર ખાવાકા નહી મીલતા તે ઓરડામે ભરાકર ચોરી કરી ખાતા. લ્યાનત પરજો એસા દીકરાકુ. ને મુવા ખાતા ક્યા તે દેખા ? વાસ મારતા ગોસ. થુ પરી એવાં દરવનકી ઉપર મુવાકુ અમેરી ચાંદનકા ઘેરમેબી નહી જવા દેવેગા, કોલંબે ઉતરકે સીપાઇકા હાથમેજ દેવેગા, મુવા એસા ચોર ! ને વરી એસા ગોસ ખાકે અમેરા ધરમ ડુબારતા," વીગરે, વીગેરે.

ડોસાં કોણ જાંણે બીજું કેટલું બોલ્યાં હશે. પણ આપરે તો આટલુંજ સાંભળી ત્યાંથી વંજો માપી ગયા.

ચાલોન બીફ ને હુંમનોબી સવાદ ચાખ્યો ને બાકી રહેલો મમાઇના ટપલાનોબી સવાદ ચાખ્યો ! મારી કેબીનમાં બધું અભેખર થયલું એટલે મમાઇએ તો આખી કેબીન ધોવડાવી, અને પાસે જો તરો હતે તો, તેબી ખુબ છંટાવી કેબીનને ચોખ્ખી કરાવતે. દોસાને ઘણુંજ તપી

ગયેલાં જોઇ બે કલાક સુધી તેવણ આગળ ફડકયોજ નહી. આખરે ચાહેનો વખત થયો એટલે પાસે જવું તો પડયું જ.

"જોવો નસવાનજી," મમાઇએ તાપમાંજ બોલવાનું શરૂ કીધું, "તમારી આજની એવી ચાલને વાસતે હું કંઇજ વધારે બોલતી નથી. પણ એટલુંજ કેહુંચ કે જો તમુને મારી સાથે ખાવું પીવું હોય તો જેવાં મુંબાઇ જઇએ કે તમારે ઉદવારે જઇ નાહાન નાહાવું પરસે એ સરત તમુને કબુલ છે? ને નહી તો કે પેલા ઢેરા ભંગ્યાઓ સાથે ખાજો ને જો તમારી ખુસી હોય તો એકુ ભંગીયણનેજ તમારી ભાગીયણમાં બનાવજો."

આપણે તો એટલાથીજ પતેલું જોઇ એ શરત બાખુશી કબુલ કીધી. હું તો એવણથી એવો કંટાળી ગયલો કે તરાનો આખો બાટલોબી પી જવા કહેતે તો તેમબી કરતે!

સ્ટીમરપર બધાં મમાઇને હાથે સપડાયલાં ને કંઇને કંઇ વાતે તે લોકના ઉધરા લેવાયલા, પણ પેલું નવું પરણેલુ જોડું હજી કોરૂં રહી ગયલૂં તેબી આજે મમાઇના સંકચામાં આવી ગયું. ચાહ પી મમાઇ ડેકપર ફરતાં હતાં ત્યાંજ ખુરસીપર પેલો જવાન ફ્રેન્ચ પોરયો બેઠેલો હતો ને તેની પાસે તેની ખુબસુરત બાયડી બેઠેલી હતી. તેવો એક બીજાં સાથે આખો વખત પ્યાર કરયા કરે અને બીજાંઓ જોય તેનીબી કંઇજ દરકાર કરે નહી. મારૂં તો એ જોઇ પાકી ગયું કારણજે મેં તો એવી મોજ કોઇ પણ દીવસ ચાખેલી નહી. મમાઇનીબી તેવો પર નજર પડી પણ પેહેલે તો કંઇ બોલ્યાં નહી પણ જ્યારે ઘણુંજ અતેરૂં થયું ત્યારે ડોળા કકડાવ્યા. પણ જેમ જેમ મમાઇ ડોળા કકડાવે તેમ તેમ પેલાં બન્ને જણાં એવણનું કોહોવરાવે ને એક બીજાંને વધુ હેત કરે એટલે હવે મમાઇથી ખમાઈ શકાયું નહી.

"અરે મુવા જરા તો શરમ પકરો," મમાઇએ બાંગ મારી, "એ કયા તુમેરા સુધરેલા લોકકી રીત કે? ને સબકા દેખતા અયસા કરતે

કરતાં તુમકુ મુછકુ લાજ નહી આવતા? તુમ લોકકુ પ્યાર કરવાકા હોઇગા તો છુપા કે પ્યાર કરો. મુવા અમબી કુચ પ્યાર કરેલા કે નહી ?"

"મમાઇ, વરી તમે કોઇની વચ્ચે મર્યા," મેં ધમકાવ્યાં, "પેલા રેશમી કટકાની મોહોકાણ એટલા વારમાં વીસરી ગયાં કે ?"

"મુવો જરા જરામાં રેશમી કતકો, રેશમી કતકો સાનો કરી મરેચ, ને તેની યાદ આપીને કેહવા સું માગેચ ?" મમાઇ બખાલ્યાં. "જેને એ લીધોચ તે મુઇને તો તે ફુટીજ નીકરસે. કંઇ નહી જે થાય તે, મારે તો આય નાદાન દુક્તાંઓને સીખાંમન આપવીજ જોઇએ. એ લોકતો બસ મુવાં ચરી ગીયાંચ, ચરી. મરે, મારા આદરજીને બેહેસ્ત તે તેવણુ તો એવાં ખેણુકોતક કોઈ દીવસ નહી કરતાતા. પણ આય તો મુવાં બચબચ ચુમીઓ લેઇ જાણે સોલાવાતરની બાટલી ઉઘરી મરેચ એ શુ કંઇ સારૂં લાગેચ કે ?"

મને તો એ સાંભળી ધુમ હસવું આવ્યું. પણ તે લોકને મમાઇની ભલ દરકાર! મમાઇબી હવે તો કંટાળી "મુંવાં જહાનમની ખારમાં કાંય નહી પરતાં" બોલી ત્યાંથી ફફડી ચાલી ગયાં.

આજનું રાતનું ખાંણું સ્ટીમરપર હમારૂં છેલ્લુંજ હતું એટલે મેં ખોદાના શુકરાના કીધા અને તે જલદી ખલાસબી થયું. પણ છબરકા વગરનું તે કંઇ "ડીનર" હોય?

આજે હોટાઇ નવાઇની "ઍસપેરાગસ" હતી તે બધાંએ હોંસે હોંસે લીધી કારણ કે ગોરાંઓને મનસે ઘણી લેઝતદાર.

"એ લાબા લાંબા સાંઠા જેવું શું છે નસલી?" મમાઇએ અજબ થઇ પુછ્યું.

"એ તો આપરે જે સેકટાની સીંગ ખાઇએચની તેવી વેલાતી સીંગ છે," મેં કહ્યું. "ઘણી ફક્કડ હોશેજે કારણજે બધાં હોંસે હોંસે લેચ."

ડોસાંને સેકટાની સીંગનો પાટયો ઘણોજ પસંદ, એટલે "ઍસપેરાગસ" બી દમ બાંધીને લીધી. પણ પેહેલ્લી એક ચુંસવા ગયાં વેટલાંજ "ઓ" કીધું "અરે તમે સેકતાની સીંગના ખાતાં ઘરી પરોરે. મુવાં તમારાં

હોજરાં કોહેલાંજ હોસે જો. અરે કપતાન સાબ, અમેરી સુમારીમે તુમ એક બખત આના. તુમકૂ એસા સીંગકા પાટયા ખવરાવેગા કે તુમ મરેગા તાંહવેર તુમારા મોનાંમે સવાદ રેવેગા. "

ખરેખર તેમાં કશોજ શક નહી. બળીરે એ લોકની "ઍસપેરાગસ" ! એવી તો પીક્કીને કસી તરાંહની કે મેં બી રહેવાજ દીધી પછી ચાવલની સાથે બાફેલાં આલુ આવ્યાં ને તે હમો બન્નેએ સરભર લીધાં. સુવાલીમાં ઓખારી આલુ તો ઘણુંજ ઉકમઇથી ખવાય. હુ તો બા જયારે એડયું પીંઉં ત્યારેજ મમાઈ મોહોડું સમારવાં એક બે આપે.

" મરે એવાં મોંઘા દાંત આલુ તે કંઇ એમ ખાવાના હોસે ? ને એને બાફ્યાં કાંય હોસે ?" મમાઇએ પુછયું. "મુવાં ખરેખર ઘણુંજ જંગલી લોક જો ! "

" અરે જંગલી ને બંગલી, " મેં કહ્યું, " તમે મુર્ગામુર્ગા ચગરોનાં, પેટ ભરવા સાથે કામ. "

હવે એટલાં સરખા આલુથી તે કાંઇ પેટ ભરાય ? અને મમાઇને કકડીને ભુખ લાગેલી. તેટલાં "બીફ" આયુ તે તો જોયુ વટીક નહી. પણ તે જોઇ મારૂં નાખ ખુબ વવરયું પણ એક વખતં બીફનો બરાબર સવાદ ચાખેલો એટલે પાછા તેની અડાસે ગયાજ નહી.

" મરે મને તો ભુખ લાગીચ, " મમાઇ બોલ્યાં, "ને ખાવાનુ તો મારે લાયક કંઇ મલે નહી. જરા જોની બીજી શું શુ' ચીજો છે," એમ કહી મમાઇએ મારી તરફ " મીનુ " ફેંકયું. મેંબી બધુ વાંચ્યું પણ બળા જાણે શું લખ્યુચં તે. એક ડીશ કંઇ "Pom de sure chatian એવે નામની હતી. કંઇ સમજ નહી પડી કે તે શું હશે પણ એટલું તો જાણતો હતો કે Pom એટલે સપરચંદ તેથી ધાર્યું કે સપરચંદમાંથી જ બનાવેલું હશે, અને ખાવા લાયક હશે.

" બીજાું રેહેવા દેવ મમાઇ", મેં કહ્યું. " આય ઘણી મજેની સપરચંદની વાંણી આવેચ તે આપરે પેટ ભરીને ખાઇશું." એમ કહી

તે વાંણીની વાર જોતાં હમો બન્ને બેઠાં પણ છેલ્લી વાંણી આવી તોબી સેપરચંદનું તો ઠેકાંણું મળે નહી. આખરે સ્ટુવર્ડને બોલાવી "મીનું' માં દેખાડયું કે આય વાંણી જોઇએચ તો તે તુરત લઇ આવ્યો ને મમાઇને પેહેલાં દેખાડી. અરે એના "Pom de sure chatian" નું નખ્ખોદ વળે રે! નામ તો એવું મોટું કે બોલતાં ડાચુંબી લચકઇ જાય ને નીકલ્યા ત્યારે સત્યાનાસ ગયા માત્ર તરેલા પપેટા!

"શું તરેલા પપેટા ખવરાવીને મારૂં હોજરૂં ભરેચ કે?" મમાઇએ બાંગ મારી. "મુવા સપરચંદ મંગાવની. તુંબી તારી આઇ બાઇના ડેરા શું બારેચ."

"મમાઇ, તે કંઇ સપરચંદ નહી પણ તરેલા પપેટાજ હતા. એ તો મોટી ભુલ થઇ," મેં કબુલ કીધું.

"મુવો તુંજ સપરચંદ જેવો હંમેસનો રહી ગીયો," મમાઈ છેડાયાં, "એટલું વાચતાંબી નહી આવરતું તો તું બીજું શું કરી મરતો તો." પછી મમાઇએ ફફડીને ઘણાં સરખાં પપેટા લીધા ને બે ત્રણ સામટા મોહોડામાં મુકયા પણ ગરમ ગરમ હતા તેથી મોહોડું દાઝી ગયું એટલે બીજો વધુ સરપાવ મને મલ્યો.

છેલ્લે પેસ્ત્રી આવી ને તેની અંદર કાંઈ ભરેલું હતું પણ સમજ નહી પડે કે શું ભરયુંચ. મમાઇ ભુખાં ડાંસ થયલાં તે એક કેક આખુંને આખું મોઢામાં મુકયું ને અંદર આઈસક્રીમ ભરેલું હોવાથી એવણને જીભમાં આકરૂં આવ્યું તે કેક તુરત થુકી નાખ્યુ.

"જાંણે નાહાસી જતું હોય તેમ આકરાં શાના પડી ગયાં," મેં કહ્યું.

"અરે ચંડાળ, મુગો મર, નહી તો જમતાં જમતાં હમણાં તુંનેજ નહસારી મુકસ. મુવો ક્રસ્ટીમબોતપર સુખ દેખાડવા લાયો. ક્રરીપર દેખારતો" મમાઇ છેડાયાં ને કટકા મોરયા. પણ એવણનાં ઓવરણાં લેવાંને કટકા મોરવા એ બંન્ને આપરે મનથી તો સરખુંજ ને એવું તો જનમથીજ ખમતા આવેલા એટલે તેપર રંજ કરવાની શી જરૂર?

કાલે બપોરે બાર વાગે કોલંબોના બારામાં પોંહોચશું એમ કેપટને કહેલું એટલે મમાઈ પેકપુક કરવામાં પડયાં. ચાલો, સારૂંજ થયું કે એવણ એમ રોકાયાં, નહી તો વળી ડ્રૉઇંગ રૂમમાં રાગડો તાણવા જતે. મમાઇ ગોઠવ ગાઠવ કરતાં હતાં તે અધુરૂં છોડી મારી પાસે આવ્યાં ને મને પોતાની સાથે તેડી લઇ ગયાં. હુ વીચારમાં પડયો કે એવું તે શુ ખાનગી કેહેવાનું હશે કે ખાસ આવી મને તેડી ગયાં. પછી એવણે કંઈ કાગળોનું એક બંદલ મારા હાથમાં મુકયું એટલે હું તો સમજ્યો કે મને કંઇ પેહેડામણી કરેચ.

"દીકરા, આટલું જરા ઠાવું તારી પાસે રાખ. મારો તો મુવો સુધલો નથી," મમાઇ બોલ્યાં.

હવે મેં તે બંડલ ઉખેડીને જોયું તો તેમાંથી મારી અજાયબી વચ્ચે "Menu Cards" નીકળ્યા.

"મમાઇ," મેં કહ્યું, "એને હવે તમે શું કરવાના છેઓ? આપરે ખાધું પીધું, હવે એ બધા ફાડી નાખો. ખાલી કચરો રાખવાની કંઇ જરૂર?"

"અરે ગરંધ્યા," મમાઇ હસીને બોલ્યાં, "આપરે સુમારી પાછાં ફરશું ત્યારે એ કેટલા કામ આવસે. એમાંથી અવાર નવાર નવી નવી વાંનીઓ કરાવસું ને આપરાં સગાં વાહાલાંઓને બોલાવી ખાઇસું."


લેઓ, શું ધારયું? માહારાં બીચારાં ઑલ્યાં મમાઇને એટલો ખ્યાલ નહી આવ્યો કે એ "Menu"માં લખાયલી વાંણીઓના નામ વટીક એ સુંવાલી ગામના ઑમ્યાંઓએ બાપ જનમમાં સાંભળેલાં નહી, અને બીચારાંઓએ ધાનસાખ ને ખીચડી પાટયાના કડછાઓ મારેલા તો આ ડાચું લચકાઇ જાય તેવાં નામની આ વાંણીઓ સુંવાલી ગામમાં રાંધશે કોણ? મમાઇને ત્યાં "ડીનર"પર આવવાવાલાઓબી કેવાં અફલાતુન નર નારીઓ? પાહાલુ પેંડો, ગુસતાદ ગેંડો, જાઇ નોરયન, દીની ડેરકી, વીગેરે, વીગેરે.

આ બધાં નામાકીત શેઠ શેઠાંણીઓ "Evening dress" માં હમારે ત્યાં ખાવા આવશે ત્યારે મમાઇ બધાંને "Menu" આપશે અને તેમાંથી તે લોકો ગમતી વાંણીઓ મંગાવશે અને ખાધા પછી બધાં "ડેન્સ" કરશે અને પ્યાનાફોર્ટપર સીંગસોંગ ચાલશે !

કેમ, પ્રીય વાંચનાર, આ ઉપલો દેખાવ કેવો મોહક લાગે છે ! કેવો સુંદર સ્વપનો ! પણ બા એ સ્વપનોજ રહે તો સારૂં, કારણકે એમ જો ખરેખરૂં બનશે તો હમો સરવેને સાથેજ મૅડ હાઉસમાં જવું પડશે.

હુંબી હવે બધું ઠીકઠાક કરી ૧૦ એક વાગામાં સુઇ ગયો. પા એક કલાક નહી ગયો હશે કે કેબીનની બાહાર કોઇનો દોડવાનો અવાજ સંભળાયો. મારી તો પુર ખાતરી કે છેલ્લી રાતેબી મમાઇ પોતાની કંઈ બાકી રહેલી લાયકી દેખાડતાં હશે. કાન દઇ મેં સાંભળયું તો કોઇનો રડવાનો અવાજ સંભળાયો. ઓજજ્જા ! વળી ડોસાંને શું ઓછુ પડયું એમ વીચારતો ઉઠયો અને જોઉંચ તો "મેડ" પીકકી ફ્રુચ દોડતી હતી ને સ્ટીમરનો ડૉકટરબી દોડધામ કરી રહેલો. કંઈ સમજબી નહીં પડે કે એ છે શું ? આ ગડબડથી મમાઇબી ઉઠ્યાં હતાં તે મને જોઇને કેહેવા લાગ્યાં કે "દીકરા જોની, શું છે ? પેલી મારી સાથે જે મડમનાં બચ્ચાંને કોટી કીધી તેથી મરાયલી તે રડતી હોય તેમ લાગેચ. બીચારી શું કામ રરેચ તે જરા જોઇને મને કેહ." હું તુરત દોડયો અને જોઉંચ તો આબાદ તેજ તીસમારખાં મડમની કેબીન આગળ લોક લોક થઇ ગયલું. ખબ્બર કાહાડતાં માલમ પડયું કે એ બાઈના ૭ મહીનાના દુધમલ બાલકને ઉપળયું થઈ આવ્યું હતું ને ધણુંબી ઉપાયો કરવા છતાં લગભગ આવી રહ્યું હતું. સ્ટીમરનો ડૉકટર ઘણો જુવાન અને બીનઅનુભવી એટલે તેને ઝાઝી આવડ હતી નહી, અને સ્ટીમરમાં કોઇ એવુંબી નહી હતું કે જેને ઉપલ્યાં નો ઇલાજ માલમ હોય. તે બાઇ બીચારી પોતાના બચ્ચાંને ખોળામાં લઇ ફોકે ફોક

રડતી હતી ને તેનો ધણી પાસે ઉભો રહી દચકાં ખાતો હતો. ખરેખર ખુદાનીબી શું કરામત હશે કે ગમે એવા ખરાબ અને ઝાહેલ સ્વભાવનું આદમીબી મોહોત આગળ નરમ થઇ જાયચ. ડૉકટરે બચ્ચાંની નાડ તપાસી કહ્યું કે એક કલાકબી નહી કાહાડશે એટલે માબાપનું રૂદન ઘણુંજ જોસમાં ચાલી રહ્યું, અને તે જોઇ મારી આંખોબી પાંણીથી ભરાઇ ગઇ. મમાઇ આગળ જઇ મેં રડતી આંખોએ સઘળું કહ્યું તે એવણ તો પોતાના પલંગપરથી છલાંગ મારીને ઉઠયાં. "શું, ઉપલ્યું? અરે મને કાંય નહી આટલો વારની તેરી," એમ બોલી મમાઇએ એક પેટી જે બરાબર સીવીને તઇયાર કીધેલી તે મારી પાસે ઉતાવળે ખોલાવી ને તેમાંથી કંઇ કરીયાતાં જેવું કાહાડયું. સુવાલીમાં મમાઇ વઇદ તરીકે જાણીતાં છે ને જયાં જાય ત્યાં પોતાની સાથે એ જોંદુમંતરનો આમુાન રાખતાં હતાં તે લઇ એવણ તો સાડી વગરજ દોડયાં ને બોલતાં ગયાં કે "એ બીચારાં ફુલ જેવાં બચ્ચાંનો જીવ બચાવવોજ જોઇએ." મેં ઘણાંબી વાર્યાં કે વળી તમુને એવા સકારે જોઇ તે તીસમારખાંઓ અપમાન કરશે પણ મારૂં સાંભળવા વગરજ મમાઈ તો બસ જાણે ઉડીજ ગયાં. ભલાં આદમીને કહ્યું કે સાડી જરા દીલ-પર તો નાખી લેઓ, પણ તેટલાં તો ડોસાં ત્યાં પુગીબી ગયાં. હુંબી ધ્રુજતો ઠઠરતો પછવાડે ઘસડાયો કારણ જે મારી ખાતરી હતી કે એ લોકો મમાઇ જેવાં "નીગર" ને પોતાના બચ્ચાને અડકવાબી દેશે નહીં અને તે પરથી એવણ છેડાશે તો તલવાર તો શું પણ પીસ-તોલથીજ આજે બધું કામ ચાલશે અને નસલી બીચારો (જયારે હોય ત્યારે તેને બેહેસ્ત!) ગોલીઓથી વીંધાશે. પણ નહીં! હું મારી એ ધારણામાં ખોટો પડયો. મમાઇ તો બધાંને આંચકો મારી અંદર ધસ્યાં, ડાક્ટરને ધકકો મારી ખસાડી નાંખ્યો અને પેલી મડમ પાસેથી બચ્ચાંને લઇ પોતાના ખોળામાં મુકયું. મડમેબી જોયાજ કીધું ને એક બોલ પણ બોલી નહી. પેલું



"એ જીરે, એ જીરે, બધા મારા જીરે," એમ બોલી મમાયુએ હવે તે બાળકને પાછું તેની માયને સતાધીન કીધું. (પા. ૧૫૫)

પોરચું તો તદનજ આવી રહેલું પણ મમાઇના હાથમાં કંઇ એવી કરામત કે તેવણે લેતાંની સાથેજ જરા સજીવન થયું હોય તેમ હમુને જોવા લાગું. ડોસાંએ તુરત ગરમ પાંણીનું ટબ મંગાવ્યું ને તેમાં પેલું જાદુ મંતર નાખી છોકરાંને નહવાડયું. પછી તેને પાછું બાહાર કાહાડી નુછીનાછી કંઇ પાયું ને પોતાના ખોળામાં ઊંધુ નાખી ઠોકીઠાકીને આખરે તે બચ્ચાંને આય દુન્યામાં પાછાં લઇ આવ્યાં. એક કલાકથીબી વધુ મમાઇએ મેહેનત કીધી ત્યારે આખરે તે બચ્ચું પાછું મોટે મોટે રડવા લાગ્યું તે સાંભળી બધાંના પેટમાં જીવ આવ્યો કે ચાલો પોરચું સજીવન થયું.

"ઓ જીરે, ઓ જીરે, બધા મારા જીરે," એમ બોલી મમાઇએ હવે તે બાળકને પાછું તેની માયને સવાધીન કીધું. પેલી મડમ તો હરખથી ગાંડી જેવી બની ગઇ અને મમાઇને કંઇ દાબીને કોટી કરે તેનો પાર નહી, ને ઉપકાર પર ઉપકાર માને.

"અરે ઇસમે કયા હુવા" મમાઈ પોતાની હંમેશની સાદાઇથી બોલ્યાં. "ખોદા જીવારનારા ઉંતાતે જીવારયા. થોરા કંઇ મેં ઇસકુ જી આપ્યા. કંઈ નહીરે મરૂં, તારૂં ઘેર હંમેસાં ગાજતું વાજતું રેહ," એમ બોલી મમાઇએ ઘણાં હેતથી પેલી મડમનો બરડો પસવારયો.

ધન છે મારાં મમાઇને! જે બાઇએ એવણને હડહડતું અપમાન કીધેલું તેની સાથે એવણ કેટલી માયા મોહોબતથી વરત્યાં! બોલો હવે, હું મારાં મમાઇને ખરાં જીગરથી ચાહુંચ તેમાં કાંઈ નવાઈ?

હવે મમાઇ ત્યાંથી ખુશખુશ થતાં ચાલી ગયાં. સારૂંજ થયું કે સ્ટીમરનો ડૉકટર જ્યારે મમાઈ પોતાનું વઇદું કરવા ગયાં. ત્યારે ત્યાં હતો નહી, નહીતો તેને ગાળે ગાળે ધોઇ નાખ્યો હતે. જેમજેમ બધાં મમાઇની એકે અવાંજે વખાંણ કરે તેમ તેમ મારી છાતી ગજ ખીલે. ચાલો, મમાઇનો ત્રણ દીવસનો બધો છબરડો આજ રાતના બનાવથી સરચામ ધોવાઇ ગયો. કેપટનબી મમાઇની એવી હુશયારી જોઇ બધો એવણપરથી ઓવરાઇ પોવરાઇ ગયો.

હવે હું મારી કેબીનમાં જવા નીકળ્યો તેટલાં પેલાં પોરયાંના બાપે આવી મને એવી તો જોરમાં "શેકહૅન્ડ" કીધી કે આઠ દીવસવેર મારો હાથ કળ્યા કીધો. પછી મને કેહેવા લાગ્યો કે "યોર મધર ઇઝ એ બ્રીક, માઇ બૉય, શી ઇઝ એ રીયલ બ્રીક." મેં તે વખતે તો "થેંક્યું" કરી કહ્યું પણ બાહાર નીકલતાં હું વીચાર કરવા લાગ્યો કે જો સત્યાનાસનો ગીયો કેટલો નગુણો છે. બીચારાં મારાં મમાઇએ એનાં મરતાં દુકતાંને સજીવન કીધું તેવણુનેજ એ "બ્રીક" એટલે ઇંટરડી કેહેચ! મને તે વખતે ઘણોજ ગુસ્સો આવ્યો કારણ જે અંગ્રેજી "ઇડયમ્સ" કોણ કોણાં કાકાએ મને શીખવેલા? ખરેખર અંગ્રેજી "ઇડયમ્સ" કોઈ કોઈ એવા તો કઢંગા આવેચ કે ભલા દાનાવનેબી ચક્કરમાં લાવી ઇડયટ બનાવે, ત્યારે મારા જેવાના શું આશરા!!

પ્રકરણ આઠમું.

મુસાફરીનો અંત.

દાદાર અહુરમઝદના હઝારો હઝાર શુકરાના કરતો હું સહવારે ઉઠયો, કારણ આજે હમારી મુસાફરીનો અંત આવવાનો હતો અને બપોરે બાર વાગે તો કોલંબે ઉતરી પડવાના. છેલ્લા ત્રણ ચાર દીવસના બની ગયલા બનાવોનો વીચાર કરતાંજ મને તો ધ્રુજરી છુટતી હતી પણ ગઇ રાતના યાદગાર બનાવ પછી મને તે વહી ગયલી બાબદો માટે હવે શરમાવાનું કારણ હતું નહી અને મમાઇતો હવે તીસમારખાં સાહેબ મડમોમાં ઘણાંજ પલોટાઈ ગયાં હતાં અને તે જોઇ મને ઘણોજ સંતોષ થયો. જે લોકો ગઇ રાતના એ બનાવ વીશે નહી જાંણતાં હતાં તે લોકને પણ સહવારના પોહોરમાં ખબર પડી અને નવેસરથી મારાં મમાઇની વાહવાહ થઇ રહી, ને બધા સાહેબો જેવો મને આટલા દીવસ નંબર વન ઇડયટ સમજતા હતા તેવો હવે મારી તરફથી માનથી જોવા લાગ્યા ને તેથી હવે માહારેથી થોડું ઘણું ઉંચું જોવાઇ શકાયું. પણ દલગીરીની વાત એટલીજ હતી કે પેલાં પોરયાંને ઉપરયું છેક છેલ્લી રાતના થયું. પેહેલ્લીજ રાતના થતે તો મારી કેટલી કીંમ્મત વધતે ને ચાર દીવસ જે હાડમારી ભોગવી તે નહીજ ભોગવતે !

મમાઇ ઠઠેરો કરી નાસ્તાની વખતે બાહાર ડૅકપર આવ્યાં ને બધાં એવણને મુબારકબાદી આપવા દોડી આવ્યાં. પેલાં મડમબી મમાઇની વાટ જોતી ડૅકપર બેસી રહેલી ને તેબી એવણને આવતાં જોઇ પોતાના બચ્ચાંઓ સાથે હરખભેર તેવો આગળ દોડી ને પોતાના નાહાના બાળકને મમાઇના ખોળામાં મુકયું. પછી પોતાની મોટી બુચીને કહ્યું કે "ગો ઍન્ડ કીસ આંની, એલસી ડારલીંગ !" તે સાંભળતાંજ ઍલસીમાય હસતાં હસતાં આયાં ને પોતાના પારસી "આંની" ને

કીસ કીધી. મમાઇભી ઘણાં ખુશખુશ થઇ ગયાં અને ઘણુંજ હેતથી પેલાં બચ્ચાઓ સાથે રમ્યાં. આપરેભી બેઠા બેઠા બધો તમાશો જોયા કીધો. ખરેખર દુન્યાં ગરજનીજ છે. જે બાઇને એ ગોરાઓ ધીકકારતાં હતાં ને જેણે અડકવાભી એ લોક આંચકી ખાતાં હતાં, તેજ બાઇપર આજે આય કેવાં ઘરાંપરાં ! જે નીરદોષ બચ્ચું મમાઈ સાથે રમવા ગયું હતું અને જેને તેની માએ ધમકાવીને બોલાવી લીધું હતું તેજ બચ્ચું પોતાની માયના કેહેવાથી આજે મમાઇને કીસ કરતું ગયું અને મમાઇ તેના "ગ્રાંની" વટીક થયાં ! ! ખરેખર, આય આપમતલબી દોરંગી દુન્યાંનું ચક્કર કેમ ફરે છે !

હવે પેલી મડમ પોતાના બચ્ચાંઓને મમાઇ આગલ મુકી પોતાની કેબીનમાં ગઇ અને એક દાબડી લઇ આવી તેમાંથી એક અતી સુંદર મોતીનો બ્રોચ કાહાડી મમાઇને તે લેવાની બોહોંસ કરવા લાગી.

"ઓ નારે મરૂં", મમાઇ બોલ્યાં. "એ કાંઇ મને હવે શોભે કે ! એ તો અખખઇ રહી તુ પેહેર ને ઘણી બચ્ચાંનું ઘણું સુખ જો."

પેલી બાઈતો પગે ને હાથે લાગે અને તેણીનો ધણીભી કાલાવાલા કરે.

"ઓવાય મરે," મમાઇ પાછા બોલ્યાં, "મેં એવું તે શું મોટું કામ કીધુચ જે તમે લોક મને એવી કીમતી પરજેત આપોચ. આય ફુલ જેવાં બચ્ચાંની જરા માવજત કીધી તેમાં શું થયું ? એ તો મારે મનસે મારા નસલીનુંજ બચ્ચું."

અરરર ! વળી મુવાં મમાઇએ અભાડો બાજ્યો પણ સારૂંજ થયું કે ધણીધણીયાંણી કોઇ કાંઇ સમજયાં નહી. પછી બન્ને જણાં મને કેહેવા લાગ્યાં કે મમાઇને કોઇભી રીતે એ પ્રેઝંટ લેવા સમજાવો, એવણનું હેશાંન હમે કદી ભુલશું નહીં. આ નજીવી ભેટ એક યાદદાસ્ત તરીકેજ હમે આપેચ અને એવણ જો નહિજ કબુલ રાખશે તો હમે ઘણાંજ દલગીર થઇશું, વીગેરે, વીગેરે. મેંભી જોયું કે બીચારાં બન્ને ઘણાંજ દલગીર થાયચ તેથી મેં મમાઇને પટાવ્યાં ને કહ્યું કે એ લેશો તો પેલા

રેશમી કટકાનોબી ખંગ વળી રેહેશે. માહ મેહેનતે આખરે ડોસાં કબુલ થર્યાં એટલે મડમે પેલો બ્રોચ પોતાને હાથે મમાઇને પેહેડાવ્યો, અને એક કીસ કીધી. તે વખતે પેલી બાઇની તેમજ મમાઇની બન્નેની આંખોમાં હરખના આંસુ હતાં.

આ દુન્યાંના લોકો ગમે એવાં એકમેકથી વેગલાં રેહેવા માગે પણ ખોદાઈ નજરમાં તો બદ્ધાં એકજ છે. સાહેબ મડમો ગમે તેવાં બીજાસી દેખાયને આપણી સાથે ધીક્કારથી કોઇ વાર વરતે, તોબી એ લોકનું દીલ મોટે ભાગે સારૂંજ હોયચ, અને જયારે તક મલેચ ત્યારે તેનો પુરાવોબી આપવાને ચુકતાં નથી. ભલાં આદમીઓ જો હંમેશ આપણી સાથે માયા મોહોબતથી વરતે તો બન્ને દેશોને કેટલો ફાયદો થાય.. પણ બા જવા દોની, વધુ લખીશ તો કેહેશો જે નસલી ફીલસુફ બન્યો. એકતો ચાળણીમાં જેટલું પાંણી રહે તેટલી મારાંમાં ફીલસુફી !

હવે મમાઈ પેલો બ્રોચ લઇ કાંઇ બેસી નહી રહ્યાં. તુરત પોતાની કેબીનમાં ગયાં અને ચાંદનની છોકરી માટ એક જોડી સોનાની બાંગડી સાથે લાવેલાં તે ઝડપથી લઇ આવી પેલી ઍલસી બુચીને પેહડાવી ઓવરણાં લઇ તેને ગોદમાં પ્રભી. તે જોઇ પેલી મડમ તો બધી થોડી થોડી થઇ ગઇ. તેટલાં સારૂંજ થયું કે નાસતાનો ઘંટ વાગ્યો, નહી તો મમાઇ મુર્વાં આસતે આસતે બધું જ પેટીમાંથી લાવી પેલાં પોરયાંઓપર ખાલી કરતે ને ચાંદનને તેના પોરયાં લટકી ગર્યાં હતે.

છેલ્લોજ નાસતો અને છેલ્લોજ છબરડો !

આજે જરા દરીયો તોફાની હતો, એટલે સ્ટીમર ઘણી "રોલ" કરતી હતીઃ અને ધાસતી લાગી ક રખે મમાઈ છેલ્લી ઘડીએ સીક પડી જાય, પણ સારે નસીબે તેવું કાંઇજ બન્યું નહી. પણ એવણને બદલે જો સુંવાળીની કોઇ નાજુક સુસવાટ મારી સાથે આવી હતે તો તેની બરદાસ્ત કરતાં હું મરવાજ પડતે. પણ મમાઇતો ઘણાં હીમતવાલાં

હતાં એટલે એવી ફીકર કરવાની જરૂર નહી રહી. સ્ટીમર "રોલ" થતી હોવાથી નાસતા વખતે ટેબલપર બધું બાંધીને મુકવું પડેલું કે ગબડી નહી જાય.

"ઓવાય નસલી," મમાઇ અજબ થઇ બોલ્યાં. "એ સું કોતક. બધું બાંધી ઝુંધી સાના મુવાચ? શું આપુનેબી બાંધસે કે?"

"નહીરે મમાઇ," મેં કહ્યું, "એ તો સ્ટીમર ઘણી ડોલા ખાયચ ને બધું ગબડી નહી પડે તેથી બાંધ્યુંચ. તમેબી જરા તપાસીને બેસજો." હજી તો મારો એ વાક્ય પુરો નહી થાય તેટલાં તો મમાઇ ખુરસી-પરથી ગબડી પડયાં.

"ઓ કોઇ પકરોરે," મમાઇએ બુમ પાડી, ને હજી તો હું પકડવા જાઉં તેટલાં તો ભોંય માપી. કેપટને બીચારાએ તુરત ઉઠી હાથ આપ્યો પણ તેને હરકાટી કાહાડયો.

"જા મુવા બેસરમ," ડોસાં બોલ્યાં "તુમારા વગર ઇસ્તીમબોત કુચ બરાબર ચાલેગા? અમેરે ગામમે કહેવત છે કે "ઘણી વગરના ઢોર સુનાં" તેથી તુમ જો ઇદર બેસી ખીખી ખાખા કરેગા તો-ઇસ્તીમ બોત કેસા બરાબર ચાલેગા? જાવ, એકદમ ઉપર જાવ ને બરાબર ચલાવ.

મમાઇ તો બીચારાં એમજ સમજતાં હતાં કે કેપટન વગર બોટ બરાબર ચાલેજ નહીં. સારૂં થયું કે કંઇ મોટું તોફાન નહી નડયું, નહીતો કોણ જાણે કેપટનનને કેમ ધોઇ નાખતે. સ્ટીમર એટલી તો "રોલ" થતી હતી કે બીચારા "વેટરો"થી ભોણું બરાબર પીરસાતું હતું નહીં. હવે મમાઇ જેવણ ભોંયપર આરીયાં થઇ ગયાં હતાં તેવણ ઉઠીને ઉભાં થયાં કે ધોબીનો ગાંસડો એવણ સાથ અચાનક અઠડી પડયો. એ બીચારાનો એમાં બીલકુલ વાંક નહી, પણ ડોસાં સાથ અઠડયો એજ એક જબુન ગુનાહ થયો.

"કયા મુવા તુમ આંધરા છે કે?" મમાઈ બખારયાં, "કોઇ બાઇ મનીખકા દીલકુ કેસા અથરતા? હાથ ધરી ભાંજી ડાલેગા."

"મમાઇ, એ બીચારો તેમાં શું કરે?" મેં કહ્યું, "દરીયો તોફાની છે એટલે કોઇથીબી સીધું ચલાય નહી."

"તોફાની બોફાની કંઇ હું સમજતી નથી," મમાઇ ઉશકેરાયાં. "એ મુવો બીજાંને મુકીને મારી સાથેજ કાંય અથરયો હોસે ! એ કારે મોહનેનાની દયાનતજ ખરાબ."

લેઓ ! ૨૦ વરસનો નીરદોષ પોરયો ૬૦ વરસના ડોસાં સાથ અચાનક અહડયો તો તેની દયાનત ખરાબ હોવીજ જોઇએ !! આપરે તો વધુ તનપાંચ કીધીજ નહી. છેલ્લો દીવસબી પુરો પાધરો જાય એમ મને લાગું નહી. એટલું જ ઇચ્છયું કે બધું જરા સામાધાનીથી પસાર થાય તો બસ. નાસતાપર કંઇ જાંણુવા જોગ બન્યું નહી, માત્ર એટ-લુંજ કે સ્ટીંરમના આંચકાથી મમાઇ માછલી ખાતાં હતાં તે ભોંયપર પડી ગઇ તે એવણે ચપદઇ ઉંચકી દપદઇ ખાઇ ગયાં. બધાંએ નસકોરાં ચહડાવ્યાં ને મારૂંબી પાકી આવ્યું.

"મમાઇ, તમે ભોંયપર પડેલી ચીજ ખાઈ ગયાં તે બધાંની સાંમે ઘણુંજ ખરાબ લાગેચ. ગોરાંઓ કદીબી એમ નહી કરે. શું તમુને બીજી માછલી નહી મલતીતી કે?" હું છેડાયો.

"ઓ લેવરે, પંતુજી પાછા મને સીખવવા આયા," મમાઇ બોલ્યાં. "પણ પંતુજીને જનાવવાની રજા લેઉંચ કે અન્ને કદીબી બગારીયે નહી. ને એ તમારાં ગોરાંઓ ભોંયપર પરેલું નહી ખાય પણ કાચાંને કાચાં કુતરાં બીલારાંજ ખાઈ જાય."

આપરે વધુ બોલવાનું મોકુફજ કીધું કારણજે નહીતો એવણુ મનેજ કાચોંને કાચો ખાઇ જતે !

હુરરે ! આખરે કોલંબોનો સુંદર કીનારો દેખાયો ને હવે બે એક કલાકમાં મારી બતંબેની ટેપ પુરી થશે. મારો તો હરખનો કંઈ પાર રહ્યો નહી. બધાંને મલી ભેટી લીધું, અને મમાઇએ કરેલા ઘોટાળા-

ઓની યાદથી દરેકની માફી ચાહી. તેટલાં પેલી જુવાન ફ્રેન્ચ સુંદરી એખલી બેસી વાંચતી મારી નજરે પડી, અને અજબ થયો કે તેણીનો મજનુન આજે પાસે કેમ નહી હતો. ખરેખર આજે તો તેણી એક પરસ્તાનની પરી કરતાંબી વધુ સુંદર લાગતી હતી. મેં તો થોડોવાર ત્યાં ઉભો રહી દુરથીજ તેણીને વખાંણી. ઘણું મન થયું કે જઇને તેને મળી આંઉં, પણ તેટલાં તેણીનો ધણી યા તો મમાઇ આવી જાય તો ફજેતો થાય કરી બીધો. પણ તેણીની ખુબસુરતીથી એવો તીર લાગેલો કે નહીંજ થોબાયું ને અંતે તેણી પાસે ગયો. છાતી તો ધકક ધડક થાય પણ જેવું તેણીએ હસી મને શેકહૅન્ડ કરવા પોતાનો હાથ આપ્યો કે હું મને પોતાનેબી ભુલી ગયો ને ધડકવાનુંબી બંધ થયું. આહ! શું સુંદર તે હાથ હતો! નરમ તો એવો કે ચાંદરાતનો માવોબી તેની આગલ હુટી જાય, ને ગોરોબી એવો કે દુધનેબી ટકકર મારે! અરે, નસલી દીકરા, તુંને કયારે એવુ બગલું મલશે! પણ અફસોસ, સુંવાળીમાં બગળાંની હસ્તીજ કયાં છે?

તે પોરીએ તો ખુબ એલાર પેલારની ભાંગી તુટી અંગ્રેજીમાં વાત ચલાવી ને એવા મીઠાસથી હસે કે હું તો જીવતાં જીવત બેહેસ્તમાંજ ગયો. પાંચજ મીનીટ વાત કીધી હશે તેટલાં તો મારાં એ સુખમાં ખલલ કરવા હમબઇજી આવી લાગ્યાં. પેલી પોરીને મારી સાથે હસતી જોઇ કે એવણુને ભુત ભરાયો.

"અરે વારે વા નસવાનજી, તમે તો જબરા મવાલી નીકલ્યા દેખું!" મમાઇ બોલ્યાં. "બીજાંની બઇરી સાથે ખીખી ખાખા કરતાં તમુને લાજ કે સરમ નહી આવતી? ઉભો રેહ, હમના જઇને એ ચોટલા-બરીના ધણીને કેહુંચ કે તારો આટો લસન કરી નાખે."

અરર! નખોદના ગાલ્લાં. તેને બેને જઇને કેહેશે તો તેતો જરૂર આજે મારો ખુરદો કરવાનો, એમ વીચાર કરૂંચ તેટલાં તો મમાઇ પેલી બીચારી તરફ ફરયાં ને તેનો ઉધરો લેવાનું શરૂ કીધું.

"તુમેરી જેવી નફ્ટ છોકરી મેં કદી નહી દેખયા. અસતો વાહાલાં મુઈ અબીજ પનયા ને મારા કાચા કુંવારા છોકરાકી સાથ નખરા કરતા? તુમારા જેસા બધરાં જો દુન્યામે નહી હોયગા તો મેરા બેટા જેવા ગધેરાઓ વરસો સુધી કુંવારા નહી રેગા. કયા તુમ અમેરા દીકરાકુ પસરાવનેકુ આયા? આટલા દાહારા તુમારે માટીકી સાંમબે કેમ નહી ઇસકી સાથ બાત કરયા? મુઇ લુચ્ચી. ચાલો નસવાનજી, એકદમ અહીંથી ચાલી જાવ!"

કમાનડર-ઇન-ચીફનો હોકમ થયો એટલે કવીક-માર્ચ. તેટલાં પેલી પરીએ "આદયુ" કરી મારી તરફ હાથ લંબાવ્યો ને હું તેને "શેક હેન્ડસ" કરવા પાસે ગયો તેટલાં મમાઇ પાછા ભુંડની માફક છેડાયાં. "અરે એડ્યું બી નહી ને કાપરેલબી નહી. પારકા મરદકુ સેકીન કરતાં તુમેરા હાથ ભાંગી નહી જાતા?" એમ બોલી તુરત મારી તરફ ફરયાં. 'એ સુવા રાંની મરઘાની માફક ઉભો રહીને જોયા શું કરેચ? કેમ, તારા ગુરા હયાંજ ચીટકઈ ગીયાચ કે? ચાલી જા એકદમ હયાંથી."

ખરેખર, ગુરાજ નહી ચીટકી ગયલા પણ મારૂં આખું દીલ ચાક ચાક થઇ ગયલું. મારે ખાતર બીચારી તે પરી જેવી છોકરીને મમાઇ ખાઇ ગયાં તેથી મને ઘણુંજ દુઃખ લાગ્યું પણ શું કરૂં, તદન લાચાર થઈ ગયો, ને ત્યાંથી ચાલી જવા સીવાય બીજો છુટકોજ નહી હતો કારણ જે બીજા બધા દીવસો કરતાં ડોસાંની ટેમ્પરેચર આજે હદથી જયાદા ચહડી ગયલી, તેથી એ સુંદર બાનુ તેમજ તેણીની સાથે ઉત્તમ સુખમાં ગુજારેલી ફકત પાંચજ મીનીટનો ખ્યાલ કરતો એક સરદ હાય મારી અને મમાઇને સેસ ભરતો ત્યાંથી ચાલતો થયો.

છેક જતી વખતેબી એક મોટો છબરડો મારી સરજતમાં લખાયલો હશે તે થયો. હું કોલબાનો કીનારો ડેકપર બેસી ઘણી આતુરતાથી જોતો હતો, તેટલાં પેલો સુરયાં જેવો જરમન મારી પાસે આવી બેઠો,

એ સાહેબ મારી ડાયરીમાં ઝાઝા બીરાજવા પામ્યા નથી કારણ જે ઘણાંજ એક મારગી હતા, ને એવણુને હસતા જોવાની તો હમને ઘણીજ નવાઇ હતી. તેથી જયારે એવણ હસતા હસતા મારી પાસે આવી બેઠા ત્યારે મેં મારી આંખો ચોળી, કારણ કે મને તો તે સ્વપના જેવું લાગ્યું. તેવણે આવતાંની સાથેજ જરથોસ્તી ધરમની વાત ચલાવી અને બોલ્યો કે તમારા ધરમને માટે મને ઘણું ઉંચું મત છે પણ તે વીશે હું ઝાઝુ જાણતો નથી તેથી મને તમે જરા સમજાવશો તો ઉપકાર થશે. હું તો તે સાંભળી પહેલ્લે ફીકકો ફ્ચ પડી ગયો કારણ કે "કેમના મઝદાઉ"થી તે "જશમે અવંઘે મઝદ" વેર પોપટની માફક પરપર ભણી જવા સીવાય જરથોશતી ધરમ તેમજ તેના ભણતર વીગેરેનો અર્થ તેમજ તેમાં સમાયલી ખુબીઓ વીશે મને તો કશીજ સુધ્ધી હતી નહી. પણ મેં જોયું કે આપણું પોતાનું અજ્ઞાનપણું બીજાંઓને દેખાડવું તેના જેવી મુરખાઇ બીજી કોઇજ નહી, અને આયબી બીચારો કોઇ અણઘડ જેવો લાગેચ એટલે એને જુઠું સાચ્ચું સમજાવી જતાં વાર કેટલો? તેથી આપણે તો જે ફેંકવા માડયું કની તેનો છેડોજ નહી આવે! આખી "કેમના મઝદાઉ" વીજળીની ઝડપે ભણી ગયો ને તે તો ડોળા ફાડી જોયાજ કરે. તે પુરૂં થયુ પછી કેહેવા લાગ્યો કે હવે એનો માયનો સમજાવ. અરરરર! માયનો કોણુને આવડે ને બાપનો સાથે? પણ મેં જોયું કે હું એ બાબદમાં કાંણો છેઉં તો એ તો તદનજ આંધળો છે એટલે એને રસ્તો દેખાડતાં વાર શી? આપણે તો લગભગ પોણી "ખોરદેહ અવસ્તા"નો માએનો અરધાં કલાકમાં સમજાવી દીધો ને જરા જરામાં વચમાં માહાન પ્રોફેસર જેવું ડાચું કરી "મનશ્નની, ગવશ્નની, કુનશ્નની" લાવ્યા કરયે ને કોઇ કોઇ વખત તો "હુમત, હુખ્ત, હુવરેસ્ત" બી બબડું કે જેથી મારો એવો જરથોસ્તી ધરમના જ્ઞાન પરનો કાણુ જોઈ પેલો અંજાઇ જાયુ. તે સાહેબ મારી આય બધી હુસ્યારીથી ખુશ થયલો લાગ્યો, ને જરા જરામાં "ટેકયુ"

કરયાં કરે. આપણેબી મનમાં મગન મગન અને અજબ અજબ થયા કરયે કે આજે એમ એકદમ મારાંમાં ધરમનું એવું ગ્નાન કયાંથી આવી ગયું પણ તેટલાં મમાઇ યાદ આવી ગયાં કે હમણાં જો પાસે હતે તો અવળે હાથના ઓવરણાંથી મને વધાવી લેતે. હવે પેલો જરમન મને લાંજ બેસવા કહી પોતાની કેબીનમાં ગયો અને ત્યાંથી એક મોટું દલદાર પુસ્તક લઈ આવ્યો અને મને તે દેખાડી કેહેવા લાગ્યો કે તમે જે કાંઇ મને સમજાવ્યું તેના કરતાં મોટે ભાગે આય લખનાર ઉલટુંજ કેહેચ. મેં તે ચોંપડી હાથમાં લીધી પણ જરમન ભાષામાં લખ-યલી હતી એટલે પેલાને પાછી આપી ને મેં સવાલ કીધો કે બા એનો લખનાર કોણ છે? તો કેહેજે કોઇ જાણીતો જરમન પ્રોફેસર છે. મેં કહ્યું કે હું પારસી બચ્ચો છું એટલે જરથોસ્તી ધરમ વીશે હું વધારે જાણું કે આ લખનાર? હવે પેલા જરમનેબી તે કબુલ કીધું કે મારી તકરાર વજુદભરી હતી અને હુંજ ખરો હતો તે સાંભળી મને હીમ્મત આવી તેથી મેં કહ્યું કે "ધેટ રાઇટર મસ્ત બી એ ફુલ" અને એ સાંભળી તે જરમને ઉઠી ઘણોજ વાંકો વળી મને નમન કીધું ને હસીને "ટેંક્યુ" કરી ચાલતી પકડી. મને તે વખતે સમજ નહી પડી કે એ એટલો બધો નમ્યો કાંય હશે, પણ મેં ધાર્યું કે એને સમજાવવા પાછળ મેં આટલી બધી મેહેનત લીધી તેથી લાયકી દેખાડી હશે.

કેમ બચ્ચા નસલી! કેવી ચપલાઇ તેં આજે દેખાડી? શું સીફતથી પેલાં ચુસ્યાંને તેં આંજી નાખયો. અરે દીકરા, તું જો માત્ર મેટ્રીકજ થયો હતે તો કમાલ કરતે ને ભલભલા "એમ. એ" ને બાજુએ બેસાડતે... અરે પણ તારૂં ખચ્ચર થાયરે તારૂં નસલી! તેં તો જબરો આરો બાક્યો! તે વખતે તો મને સેહેજબી ખ્યાલ નહી ગયો કે પેલું ચુસ્યું એટલું પાહાવરદું હશે. જતી વખતે જેમ બધાંને "શેક હેન્ડ" કીધી તેમ એનેબી કરવા ગયો. તેને ઉઠી હાથ લાંબો કીધો અને મને કેહેવા લાગ્યો કે "ટેંક્યુ વેરી મોચ ફોર ધી ઇનફોરમેશ્યોં; ધીસ ઇઝ મેઇન

કારત " એમ બોલી પોતાનો કાર્ડ મને આપ્યો. તે જોઇ મેંબી ભપકામાં મારો કાર્ડ કેસ કાહાડી, મારો ફાંકડો પણ નામ સાથનો એકબી પુછડાં વગરનો કાર્ડ કાહાડી તેને આપ્યો. જતાં જતાં પેલાના કાર્ડપરનું નામ વાંચ્યું તો યા ખોદા ! જાંણે વીજળીનો એક ઝટકો લાગ્યો હોય તેમ મારી આંખે ચીત્રો આવી ગઇ અને બરડાપરથી ધોધમાર નદી વેહ ! અરે, એ ચુસ્યું તો કેથો દુન્યાંની પ્રખ્યાતી પામેલો જરમન " સાવાં " (Savant) નીકલ્યો ! તેને જરથોસ્તી ધરમનો આજે વરસો થયાં ઉંડો અભ્યાસ કીધો હતો અને આપણાં દેશમાં ઘણાં જાણવા લાયક લૅકચરો આપ્યાં હતાં. તેવા માહાન સ્કૉલરની સામે મેં શું અભાડો બાળયો. અરે, ચપલાઇનો દેખાડતો તું મરેરે નસલી ! વળી અધુરાંમાં પુરૂં પેલી ચોપડીનો લખનારબી કેથો એજ ! અને તેને મેં મુરખ કહયો ! હવે મને સમજ પડી કે જ્યારે હું એમ બોલ્યો હતો ત્યારે એ એટલો બધો નમ્યો કાંય ! જોયું, એ કમબખતે કેવી લાયકી દેખાડી તે ! અરે, નસલી, નસલી, ! તારો આય છબરડો તો મમાઇએ કીધેલા દરેક છબરડાને બાજુએ બેસાડે જો. મને જે ઘણું ચચરયા કીધું તે એજ કે મેં એને મારો કાર્ડ આપ્યો હતો તેથી ધાસ્તી લાગ્યા કીધી કે રખે એ બીજી ચૉપડી લખે ત્યારે તેમાં મારી હસી કરે. ખરેખર, એ ચુસ્યાંને બનાવવા જતાં હુંજ કેવો પેહેલ્લાં નંબરનો ગધેડો બન્યો !

આખરે સ્ટીમરે ૧૨ વાગે લંગર નાખ્યું. મમાઇતો ધરયાં ધરાય નહી. બસ કુદીજ પડવા માગે ને બધાંને દુરબીનમાંથી જોવા કેહે કે ચાંદન દેખાયચ કે. જાંણે સ્ટીમરપરના બધાં એવણુની ચાંદનને ઓળખતાં હોય તેમ ઉભાં ઉભાં બાપ્યા કરે. આખરે મેં " હા " થોકયું ત્યારે જરા ધીરાં પડયાં. હવે હું કેબીનમાંથી બધો સામાન કહડાવવા ગયો ને જોઉંચ તો મમાઇનું બીછાંણું એવણુ લાવ્યાં હતાં તેના કરતાં ઘણું વધારે ફરખે બનેલું. દરીયાની હવાથી તો એમ નહી થયું

હોય ? મને વેહેમ ગયો તેથી ઉઘડાવ્યું ને જોઉંચ તો ડોસાંએ અંદર સ્ટીમરનો તકયો, ચાદર, દીલતુછનું, તુવાલ વગેરે બધું દાબેલું.

" મમાઇ, આય તો તમે ચોરી કીધેલી કેહેવાય," મેં ચીરડાઇ કહ્યું.

" એ લેઓરે " મમાઇ બોલ્યાં, " મુવો ચોરોનો સરદાર બોલ્યો તે સાંભળોરે. આપરે પઇસા આપાય કે મસકેરી કીધીચ ! પેલી મુઇ નારંગી સંતારીને લઇ ગયલી તે ચોરી નહી કેહેવાય ને મમાઇએ બે ચાર ફાર્તા તુર્તા કપડાં લીધાં તે ચોરી થઇ ગઇ ! મુવો નાક ચાંપીને મુગો મુગો બેસી ક્યૂંય નહી રહેતો ?"

આપરે તે વખતે તો મુગાજ રહ્યા પણ જેવાં મમાઇ બાહાર ગયાં કે બધું સ્ટીમરને લગતું બીસતરામાંથી કાહાડી નાખ્યું, નહીંતો કોલંબેને બદલે જરૂર હમો બન્ને બટંબેજ જતે.

રામ રામ ! છેલ્લી સલામ ! મમાઈ બધાંને સલામ કરે, ને હું બધાંની માફ માગું. સારૂં થયું કે પેલું ચુરચું બાહાર હતું નહી, નહીંતો હું તો દરીયામાંજ નખાવતે. મમાઇને " શેકહૅન્ડ " કરતાં કેપટન સાહેબની આંખોમાં પાણી ભરાઈ આવ્યાં. ખરેખર એ બીચારાએ હમો સાથે જેટલી ભલાઈ ને લાયકી કીધીચ, તેટલી ઘણાં થોડાંજ કરશે. પેલી મડમેબી ઘણાં હેતથી હમોને " ગુડ બાય " કીધી અને તેના પોરયાંઓ તો બસ ગ્રાનીને વળગીજ પડ્યાં અને હમો કીનારે જવા સ્ટીમરમાંથી બોટમાં ગોઠવાયાં અને જ્યાં વેર તે સ્ટીમર હમારી નજરે પડતી રહી ત્યાંવેર રૂમાલ ઉડારીયા કીધા.

ચાલો વાંચનાર, સાહેબજી ! મેં તો પકકો ઠરાવ આ મુસાફરી પછી કીધો છે કે બટંબે દેશનીકાલ જવું પણ ફરીથી મમાઇ સાથે ફરરટ કલાસમાં કોલંબે નહી આવવું ! સાહેબજી.

સમાપ્ત.

શુદ્ધિપત્ર.

(મુખ્ય ભૂલોનું)

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૨	૧૫	રહુડું	રહુવડું
૩૭	૪	હું સરકોળી જાણુતી ને તારીખી નહી	હું સરકોળી જાણુતી નથી ને તારીખી
૩૯	૬	દીની દેરફીએ	નજી પોટફીએ
૫૨	૮	જોયો હોય હતો નહી	જોયો હતો નહી
૫૨	૯	જોયો તો	જોયો હોય તો
૫૪	૧૩	નીચકાંઓ	તીચકાંઓ
૫૮	૩	આપ્યાય	આપ્યાચ
૬૨	૧૬	તભાત	રીતભાત
૮૫	૨૧	ગયો હતી	ગયો હતો
૮૮	૪	તમારઘ	તમાર્રા
૧૩૩	૧૫	બેહઝતદાર	લેહઝતદાર